

# જૈન પૌરાણિક લઘુકથાઓ

## (ભાગ–૫)

–: પ્રકાશક :–
શ્રી દિગંબર જૈન
સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ,
સોનગઢ-૩૬૪૨૫૦ (જિ. ભાવનગર)



શાસનનાયક ભગવાન શ્રી મહાવીરસ્વામી

ભગવાનશ્રીકુંદકુંદ-કહાન જૈનશાસ્ત્રમાળા, પુષ્પ-૨૫૭

ૐ

નમઃ સદ્ગુરુવે।

સુવર્ણપુરીના શ્રી પરમાગમમંદિરની દિવાલોના ચિત્રોમાંથી
નિજાત્માવલંબી જ્ઞાની ધર્માત્માઓના જીવન ઉપર આધારિત

# જૈન પૌરાણિક લઘુકથાઓ

## (ભાગ-૫)

-: પ્રકાશક :-

**શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ,**

સોનગઢ-૩૬૪૨૫૦ (જિ. ભાવનગર)

website :www.kanjiswami.org
Email : contact@kanjiswami.org

પ્રથમ આવૃત્તિ    પ્રત : ૧૫૦૦    વિ.સં. ૨૦૭૩    ઈ.સ. ૨૦૧૭

જૈન પૌરાણિક લઘુકથાઓ ભાગ–૫ (ગુજરાતી)ના

**સ્થાયી પ્રકાશન પુરસ્કર્તા**

**બ્ર. કોકિલાબેન તથા રૂપાબેન ખારા**

**સોનગઢ**

જૈન પૌરાણિક લઘુકથાઓ ભાગ–૫ (ગુજરાતી)ના

**સ્થાયી કિંમત ઘટાડનાર પુરસ્કર્તા**

**શ્રી ઘાટકોપર દિગંબર જૈન મુમુક્ષુ મંડળ**

**ઘાટકોપર–મુંબઈ**

કિંમત રૂા. ૩૦ =૦૦


मुद्रक :
स्मृति ऑफसेट
सोनगढ-३६४२५० (सौराष्ट्र)



ભરતક્ષેત્રના મહાસમર્થ આચાર્ય ભગવાન શ્રી કુંદકુંદાચાર્યદેવ



આચાર્ય ભગવાન શ્રી અમૃતચંદ્રાચાર્યદેવ



મુનિરાજ શ્રી પદ્મપ્રભમલધારિદેવ







પંચ પરમાગમ જિનવાણી માતા













ભગવાન શ્રી કુંદકુંદાચાર્ય ચરણચિહ્ન

શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ, સોનગઢ - ૩૬૪૨૫૦




Shri Digambar Jain Swadhyay Mandir Trust, Songadh - 364250

# પ્રકાશકીય નિવેદન

પરમોપકારી, અધ્યાત્મયુગસ્રષ્ટા, આત્માનુભવી સત્પુરુષ પૂજ્ય સદ્‌ગુરુદેવશ્રી કાનજીસ્વામીએ પોતાની સ્વાનુભવરસભીની વાણીમાં જિનેન્દ્રકથિત ચારે અનુયોગોના સુમેળપૂર્વક અધ્યાત્મરસગર્ભિત દ્રવ્યદષ્ટિપ્રધાન ઉપદેશગંગા વહાવી છે, જેમાં સ્નાન કરીને ભરતક્ષેત્રના લાખો ભવ્ય જીવો પોતાનું આત્મહિત સાધવા ઉત્સુક બન્યા અને. આ જ કારણે સોનગઢ એક અધ્યાત્મ અતિશયક્ષેત્ર સુવર્ણપુરીરૂપે વિશ્વપ્રસિદ્ધ તીર્થધામ બની ગયું છે. પૂજ્ય ગુરુદેવશ્રીના જ પ્રભાવના ઉદયથી સુવર્ણપુરીમાં સ્વાધ્યાયમંદિર, જિનમંદિર, સમવસરણ મંદિર, માનસ્તંભ, પરમાગમમંદિર, નંદીશ્વર જિનાલય વગેરે ભવ્ય જિનાલયોની સુંદર રચના થઈ છે.

પૂજ્ય ગુરુદેવશ્રીનાં અનન્ય ભક્ત સ્વાનુભવવિભૂષિત પૂજ્ય બહેનશ્રી ચંપાબેનને મુનિભગવંતો તથા આત્મજ્ઞાની મહાપુરુષોના જીવન પ્રત્યે અત્યંત અર્પણતા હતી. તેથી તેઓ ઉક્ત મહાપુરુષોના જીવનથી પોતાના જીવનમાં સંવેગ-વૈરાગ્યભાવને વૃદ્ધિગત કરતાં રહેતાં હતાં. તેઓ મહિલાસભામાં બધાયને આગમોક્ત આત્મજ્ઞાની ધર્માત્મા મહાપુરુષો અને સતીઓના જીવનના પ્રસંગ ઘણા જ અધ્યાત્મ રંગથી ભીંજાયેલા હૃદયથી બતાવતા હતા. તે પ્રસંગોમાંથી કેટલાંક પ્રસંગો એવા હતા કે જેથી નિરૂપરાગ આત્મમયદશારૂપ મોક્ષમાર્ગનું મહત્ત્વ આત્માર્થીઓને આવે, એવા પ્રસંગોચિત કથાઓ આધારિત ચિત્રો ઉપરોક્ત આયતનોમાં પૂજ્ય બહેનશ્રીએ મુખ્યરૂપે પોતાના પ્રથમાનુયોગના શાસ્ત્રજ્ઞાનના આધારે ઉત્કીર્ણ તથા ચિત્રાંકન કરાવ્યા હતા. જેમાં નિર્ગ્રંથ મુનિ ભગવંતોનાં દર્શન મુમુક્ષુઓને થઈ શકે એવાં જ દશ્યો આ ચિત્રોમાં મુખ્યરૂપે લેવામાં આવ્યા છે. જેમાં તેમની સંવેગાદિ ભાવનાઓથી, આયતનોની શોભા ઘણી જ વધી ગઈ છે. તેમજ આ આયતનોમાં દર્શન કરવાવાળા ભાવિકજનોને વિવિધ પુરાણ આધારિત કથાઓથી પોતાના સંવેગાદિ ભાવનાઓને વધારવાનો લાભ પ્રાપ્ત થયો છે.

કેટલાક મુમુક્ષુઓની ભાવનાને લક્ષ્યમાં લઈને સોનગઢથી પ્રકાશિત હિન્દી આત્મધર્મમાં પૂજ્ય બહેનશ્રીના અંતરમાં વર્તતા આગમોક્ત વીતરાગી મહાપુરુષો પ્રત્યેના અહોભાવ, શ્રદ્ધા ભક્તિ વગેરે જોઈ, મુમુક્ષુઓના અંતરમાં પણ આવા ભાવો જાગૃત થાય તે હેતુથી તે ચિત્રોના આધારે આચાર્ય ભગવંત રચિત પુરાણોમાંથી બાલવિભાગમાં તે કથાઓ આપી હતી. ભવ્ય સાધકજીવોની આ કથાઓ વાંચતાં કેટલાક મુમુક્ષુઓએ આ

કથાઓ પુસ્તકરૂપે પ્રકાશિત કરવાની માંગણી કરી હતી. જેના ફળ સ્વરૂપે સુવર્ણપુરીના સ્વાધ્યાયમંદિરમાં આલેખિત સાત ચિત્રોની કથાઓના આધારે **''જૈન પૌરાણિક લઘુકથાઓ ભાગ-૧''** તથા શ્રી સીમંધરસ્વામી જિનમંદિર અંકિત પૌરાણિક ચિત્રોના આધારે **''જૈન પૌરાણિક લઘુકથાઓ ભાગ-૨''** નામના રંગીન પુસ્તકો પ્રકાશિત કરવામાં આવ્યાં તે જ પ્રમાણે શ્રી પ્રવચનમંડપમાં આલેખિત ચિત્રોમાંથી શુદ્ધાત્મદ્રવ્યમાં પ્રતિબદ્ધ રહેતા જ્ઞાની ભગવંતો ક્યા પ્રકારે સહજ ઉપસર્ગવિજયી હોય છે તે ધર્માત્માઓ સંબંધિત પુસ્તક **''જૈન પૌરાણિક લઘુકથાઓ ભાગ-૩''**રૂપે પ્રકાશિત થઈ ચૂકી છે. પ્રવચનમંડપના 'ઉપસર્ગવિજયી' સાત ચિત્રો (ભાગ-૩) સિવાયના બાકીના અન્ય ચિત્રોના આધારે **''જૈન પૌરાણિક લઘુકથાઓ ભાગ-૪''**રૂપે પ્રકાશિત થઈ ચૂકી છે. આ જ પ્રમાણે પરમાગમમંદિરમાં બનેલ ચિત્રોના આધારે **''જૈન પૌરાણિક લઘુકથાઓ ભાગ-૫''**રૂપે પ્રકાશિત થઈ રહી છે.

આગળ જતાં પંચમેરુ-નંદીશ્વર જિનાલયમાં આલેખિત ચિત્રોના આધારે આવા જ પુસ્તકો પ્રકાશિત કરવાની શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ, સોનગઢની ભાવના છે.

આ પુસ્તકમાં જરૂરિયાત પ્રમાણે મૂળ કથાની હકીકત અને હાર્દને યથાવત રાખી આગમાનુસાર ભાષામાં સામાન્ય સુધારો કર્યો છે.

આ પુસ્તક તૈયાર કરવામાં બા.બ્ર. શ્રી વ્રજલાલભાઈ શાહે(વઢવાણ) ઉપયોગી માર્ગદર્શન આપ્યું છે તેથી અમે તેમનો અંતઃકરણથી આભાર માનીએ છીએ. આ પુસ્તકના સુંદર ચિત્રો શ્રી જયદેવભાઈ અગ્રાવતે બનાવ્યા છે અને પુસ્તકનું સુંદર મુદ્રણ સ્મૃતિ ઑફસેટ દ્વારા કરવામાં આવ્યું છે. તે સર્વેના અમે આભારી છીએ.

આ પુસ્તકમાં પરમાગમમંદિરના ચિત્રોની કથાઓ સંક્ષિપ્ત સ્વરૂપમાં આપવામાં આવે છે. વિશેષ અભ્યાસ માટે જિજ્ઞાસુઓએ જૈનધર્મના પ્રથમાનુયોગનો અભ્યાસ કરવો જરૂરી છે. આશા છે કે મુમુક્ષુ સમાજને આ સચિત્ર પુસ્તક પુરાણપુરુષો પ્રતિના પોતાની સમર્પણતામય ભક્તિ—આદરરૂપ સહજ જીવન ઘડવામાં તેમજ પોતાના સંવેગાદિ ભાવોને બળવત્તર કરવામાં કાર્યકારી થશે.

પૂજ્ય ગુરુદેવશ્રીની ૧૨૮મી
જન્મજયંતી
સોનગઢ (સૌરાષ્ટ્ર)
તા. ૨૮-૦૪-૨૦૧૭

સાહિત્યપ્રકાશનસમિતિ
**શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ,**
સોનગઢ-૩૬૪૨૫૦ (સૌરાષ્ટ્ર)

# સુવર્ણપુરીનું શ્રી મહાવીર-કુંદકુંદ પરમાગમ મંદિર




ભારતવર્ષના જૈન તીર્થોની યાત્રાઓ, નવાં નવાં જિનમંદિરોનું નિર્માણ, પંચકલ્યાણક પ્રતિષ્ઠાઓ અને તે સુવર્ણ-અવસરે જિનધર્મપ્રભાવક પૂજ્ય ગુરુદેવશ્રીનો અસાધારણ પ્રવચનો વગેરે દ્વારા તેમનો લોકોત્તર પ્રભાવનાયોગ આખા ભારતવર્ષમાં ઝળકી ઊઠ્યો હતો. જેથી સુવર્ણપુરીમાં ચારે ખૂણેથી મુમુક્ષુ ભક્તોની રોજબરોજની વણથંભી વણઝાર વધતી ગઈ. સ્વાધ્યાયમંદિર પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રવચનકક્ષ માટે નાનું પડવા લાગ્યું તેથી રોજબરોજ માટે એક મોટા પ્રવચનકક્ષની જરૂરીયાત અનુભવાવા લાગી.

તેવામાં મલાડમાં ભગવાન શ્રી આદિનાથ દિગંબર જિનમંદિર તથા ઘાટકોપરમાં ભગવાન શ્રી નેમિનાથ દિગંબર જિનમંદિરની પ્રતિષ્ઠા મહોત્સવ પ્રસંગે વિ.સં. ૨૦૨૫ (ઈ.સ. ૧૯૬૯)માં પૂજ્ય ગુરુદેવશ્રી મુંબઈ પધાર્યા હતા. રત્નચિંતામણિસ્વરૂપ ગુરુદેવશ્રીનો ૮૦મો જન્મોત્સવ મુંબઈમાં ભવ્યતાપૂર્વક

ઊજવાયો. તે સમયે વધતા મુમુક્ષુઓની સંખ્યાને લક્ષ્યમાં રાખીને સુવર્ણપુરીમાં ૮૦ ફૂટ ઉન્નત એક વિશાળ પ્રવચન કક્ષ સહિત એક ભવ્ય પરમાગમમંદિર નિર્માણ કરવાનો નિર્ણય થયો. તેમાં પ્રવચન કક્ષ (૮૦'x૬૦') ધવલ આરસશિલાપટ પર ભગવાન કુંકદુંદાચાર્ય પ્રણીત અને પૂજ્ય ગુરુદેવશ્રીનાં પરમ પ્રિય એવા શ્રી સમયસાર આદિ પરમાગમો (ટીકા સહિત) ઉત્કીર્ણ કરાવીને પરમાગમમંદિરની વિશાળ દિવાલો વિભૂષિત કરવાનું આયોજન થયું. ભક્તોને ભાવના થઈ કે, જેમના દિવ્યધ્વનિમાંથી ગુરુ પરંપરાએ પ્રવાહિત થયેલ અધ્યાત્મોપદેશ શ્રી કુંદકુંદાચાર્યદેવે સૂત્રબદ્ધ કર્યો છે તે, પરમાગમના મૂળ કર્તા ભગવાન મહાવીરસ્વામીનાં ભવ્ય વિશાળ જિનબિંબ પણ આ પરમાગમમંદિર વિષે બિરાજમાન કરવાં.

અહા! ભગવાન શ્રી સીમંધરસ્વામીના સમવસરણમાં જેમનાં સાક્ષાત્ દર્શન થયેલાં, જેમના અધ્યાત્મોપદેશનો પોતાની સાધનાપરિણતિને અનંત અનંત ઉપકાર છે અને જેમના પ્રત્યે ઉપકૃતભાવભીની દાસાનુદાસત્વ-પરિણતિ પોતાના જીવનમાં



વણાઈ ગઈ છે એવા પરમોપકારી મહાઋષીશ્વર ભગવાન શ્રી કુંદકુંદ આચાર્યદેવનાં પરમાગમો ધવલ શિલાઓ પર ટંકોત્કીર્ણ થતાં જોઈને પૂજ્ય ગુરુદેવશ્રી અને ભગવતી માતા ચંપાબેનના આનંદની તો શી વાત!

પરમાગમ કોતરવાની વિધિનો પણ એક ઈતિહાસ છે. ૪૪૮ (૪ X ૨ ફૂટના) શિલાપટ પર શ્રી સમયસાર, પ્રવચનસાર, પંચાસ્તિકાયસંગ્રહ, નિયમસાર (એ ચાર શાસ્ત્રો ટીકા સહિત)


અને અષ્ટપાહુડની મૂળ ગાથાઓ—એ પાંચેય પરમાગમોનો સુંદર રીતે સમાવેશ કરવો તે, ગણતરીની ખૂબ ચોકસાઈ માગે એવું અઘરું કામ હતું. શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટના વર્તમાન પ્રમુખ શ્રી હસમુખભાઈ વોરા ટ્રસ્ટ વતી અક્ષર કોતરવાનું મશીન ઈટાલીથી લઈ આવ્યા. મશીન આવી જવાથી તેના દ્વારા અક્ષર કોતરવાનું કાર્ય શરૂ થયું. ૪૪૮ શીલાપટમાંથી ૨૦ શીલાપટ આદરણીય પંડિતરત્ન શ્રી હિંમતભાઈ જે. શાહના નિર્દેશનથી હાથેથી ઉત્કીર્ણ કરવામાં આવ્યા હતા. બાકીના ૪૨૮ શીલાપટમાં વર્તમાન પ્રમુખ હસમુખભાઈ વોરાના નિર્દેશનથી મશીન દ્વારા ઉત્કીર્ણ કરાવવામાં આવ્યા અને સ્પ્રે મશીન દ્વારા અક્ષરોમાં લાલ-લીલો રંગ પૂરવામાં આવ્યો હતો.

બીજાં મંદિરોનાં તથા પરમાગમમંદિરનાં દ્વારો અને વાતાયાનોની ઉપર જે મહાવીરાદિ તીર્થંકર ભગવંતો તથા સિદ્ધક્ષેત્રોની ભવ્ય ચિત્રાવલી છે. શ્રી કુંદકુંદાચાર્ય, અમૃતચંદ્રાચાર્ય અને પદ્મપ્રભમલધારી મુનિવરના વિશાળ મનોજ્ઞ ભવ્ય ચિત્રો તો દર્શકોના મન હરી લે છે!

પ્રતિષ્ઠા મહોત્સવની તૈયારી થવા માંડી પરમ પૂજ્ય ભગવાન શ્રી મહાવીરસ્વામીના ૨૫૦૦મા વર્ષના નિર્વાણમહોત્સવના પ્રતીકરૂપે વીર નિ.સં. ૨૫૦૦, વિ.સં. ૨૦૩૦ (ઈ.સ. ૧૯૭૪), ફાગણ સુદ ૧૩ના શુભ દિને પ્રતિષ્ઠા કરવાનું મંગળ મુહૂર્ત આવ્યું. ભવ્ય વિશાળ નિમંત્રણપત્રિકા તૈયાર થઈ ગઈ. કંકોતરી લખવાનો મંગલ સમારંભ થયો.

કંકુ છાંટી કંકોતરી મોકલો,
પ્રભુજીનાં ભક્તો આવે સહુ ભાવે, મંગળ ગીત ગાવે,
પ્રતિષ્ઠા મૂરત ઢૂંકડાં,
રૂડા રત્ને જડિત પ્રભુજીના માંડવા,
હીરા મોતી માણેકના શણગાર, ઘૂઘરીના ઘમકાર,
મૂરત આવ્યાં ઢૂંકડાં....
—એ મધુરા સૂરો ગાજતા થઈ ગયા.

પંચ કલ્યાણક પ્રતિષ્ઠા મહોત્સવ ખૂબ જ આનંદપૂર્વક અને પ્રભાવક રીતે ઉજવાયો. અનંત મહિમાવંત પૂજ્ય ગુરુદેવશ્રીની વાણીનો અનુપમ લાભ લેવા માટે બહારગામથી ૨૬૦૦૦ થી અધિક ભક્તો આવ્યા હતા. તે વખતે ગુજરાત રાજ્યમાં




રાજકીય વાતાવરણ ડહોળાયેલું હોવા છતાં પૂજ્ય ગુરુદેવશ્રીના પુનિત પ્રતાપે ઉત્સવ નિર્વિઘ્નપણે ખૂબ જ આનંદોલ્લાસ સહ સંપન્ન થયો હતો. દરેક માસના સુદ તેરસે પરમાગમમંદિરમાં સમૂહપૂજા-ભક્તિનો ક્રમ શરૂ થયો. પ્રશમમૂર્તિ ધન્યાવતાર પૂજ્ય બહેનશ્રીના હૃદયમાંથી વહેલા મહાવીરભક્તિના મીઠા સૂરો ગુંજવા લાગ્યા.

મારા મંદિરિયામાં ત્રિશલાનંદ પધારિયા રે,
મારા હૈડામાંહી હર્ષ અતિ ઊભરાય,
રૂડા શ્રુતમંદિરિયે વીરપ્રભુજી પધારિયા રે...મારા૦

# અનુક્રમણિકા


શ્રી મહાવીર-કુંદકુંદ પરમાગમ મંદિર ........ ૮
ધર્મપ્રભાવક પૂજ્ય શ્રી કહાનગુરુદેવ........ ૧૩
શ્રી રાજગૃહી સિદ્ધક્ષેત્રના પંચશૈલ (બિહાર) ૧૫
સિંહને સમ્યગ્દર્શન .......................... ૨૮
ભગવાન શ્રી મહાવીરસ્વામીનો જીવ પૂર્વે આઠમા ભવમાં કનકોજ્જ્વલ વિદ્યાધર ૨૯
ભગવાન શ્રી મહાવીરસ્વામીનો જીવ પૂર્વે ચોથો ભવ પ્રિયમિત્ર ............. ૩૪
ભગવાન શ્રી મહાવીરસ્વામીનું 'સન્મતિ' નામ ........................ ૪૨
ભગવાન શ્રી મહાવીરસ્વામીની બાળપણમાં વીરતા ................... ૪૩
સતી ચંદના દ્વારા ભગવાન શ્રી મહાવીરસ્વામીને આહારદાન .... ૪૫
શ્રી વર્ધમાન મુનિરાજ સ્મશાનમાં ધ્યાનસ્થ . ૪૬
ભગવાન શ્રી મહાવીરસ્વામી જ્ઞાનકલ્યાણક ૪૮
શ્રી સિદ્ધવરકૂટ તીર્થક્ષેત્ર ..................... ૪૯
શ્રી કૈલાસ પર્વત ............................. ૫૫
શ્રી ગિરનાર સિદ્ધક્ષેત્ર (સૌરાષ્ટ્ર) ........... ૬૧
શ્રી પદ્મપ્રભ જિનેન્દ્રદેવનું દીક્ષા કલ્યાણક .. ૬૬
શ્રી ચન્દ્રપ્રભસ્વામી જિનેન્દ્ર દીક્ષા કલ્યાણક ૭૧
શ્રી પાર્શ્વનાથ ભગવાનનો દીક્ષા કલ્યાણક .. ૭૯
સમસ્ત આચાર્ય પરંપરા ..................... ૯૫
દેવો દ્વારા વીસ વિહરમાન તીર્થંકરોના દર્શન ૯૭
શ્રી અજિતનાથ ભગવાન—દીક્ષા કલ્યાણક ૧૦૦
પાવાપુરી તીર્થક્ષેત્ર—જલમંદિર ............ ૧૦૬
શ્રી સમ્મેદશિખર સિદ્ધક્ષેત્ર ................ ૧૦૯
સીમંધર ભગવાનની સભામાં ભગવાન શ્રી કુંદકુંદાચાર્યદેવ અને ગુણવાન રાજકુમાર ........................... ૧૧૫
શ્રી ઋષભદેવ તીર્થંકર પૂર્વે પાંચમા ભવમાં શ્રીધર નામના દેવ .................. ૧૧૬
શ્રી ઋષભદેવ ભગવાનનો પ્રથમ પૂર્વભવ સર્વાર્થસિદ્ધિના અહમિંદ્ર ........... ૧૨૩
ભગવાન શ્રી ઋષભદેવનો વૈરાગ્ય ........ ૧૨૫
ભગવાન શ્રી ઋષભદેવનું વનમાં ધ્યાન ... ૧૩૩
નમિ—વિનમિની ભગવાન શ્રી ઋષભદેવની પાસે યાચના ........................ ૧૩૭
શત્રુંજય સિદ્ધક્ષેત્ર .......................... ૧૪૦
પાવાગઢ સિદ્ધક્ષેત્ર ......................... ૧૪૩
શ્રી ગજપંથા સિદ્ધક્ષેત્ર (મહારાષ્ટ્ર) ....... ૧૪૬
શ્રી ચંપાપુરી—મંદારગિરિ .................. ૧૪૯
શ્રી સોનાગિરિજી તીર્થક્ષેત્ર ................ ૧૬૧
માંગી—તુંગીગિરિ તીર્થક્ષેત્ર................ ૧૬૭
મુક્તાગિરિ (મેંઢાગિરિ) સિદ્ધક્ષેત્ર......... ૧૭૧
ચૂલગિરિ-સિદ્ધક્ષેત્ર ........................ ૧૭૪
ચોથા ભવે પૂર્વ દૃઢ પ્રતિજ્ઞક ભગવાન શ્રી નેમિનાથનો જીવ ............... ૧૭૭
ભગવાન શ્રી નેમિનાથના જીવ દ્વારા પૂર્વે ચોથા ભવમાં સમાધિમરણ .... ૧૮૦
ભગવાન શ્રી નેમિનાથનો વૈરાગ્ય ......... ૧૮૪
શ્રી નેમિનાથ ભગવાનનું અન્ય રાજાઓની સાથે ધ્યાન ............. ૧૯૧
ભગવાન શ્રી ધર્મનાથની પૂર્વે બીજા ભવમાં દીક્ષા ......................... ૧૯૪
શ્રી શ્રેયાંસનાથના દીક્ષા કલ્યાણક ......... ૧૯૭

# ધર્મપ્રભાવક પૂજ્ય શ્રી કહાનગુરુદેવ



પૂજ્ય ગુરુદેવશ્રીનું બે હાથીઓ દ્વારા સ્વાગત

ભરતક્ષેત્રની આ ચોવીસીના ચરમ તીર્થંકર ભગવાન શ્રી મહાવીરસ્વામી દ્વારા સમુપદિષ્ટ તથા ભગવાનશ્રી કુંદકુંદાચાર્યદેવ આદિ નિર્ગ્રંથ સંતો દ્વારા સુરક્ષિત, તર્કશુદ્ધ, અબાધિત સુવિજ્ઞાન–સિદ્ધાંતોની કસોટીમાં પાર ઉતરી શકે એવો અધ્યાત્મરસપ્રમુખ વીતરાગ જૈનધર્મ કાળદોષથી અધ્યાત્મ વૈજ્ઞાનિક ભૂમિકા પરથી ખસી રૂઢિચુસ્ત સાંપ્રદાયિકતા અને ક્રિયાકાંડમાં અટવાઈ ગયો હતો; એવા આ યુગમાં–ઈસુની વીસમી શતાબ્દીમાં–ભારતવર્ષના મહાન પુણ્યોદયથી જે મહાપુરુષે અવતાર લઈને આત્મસાધનાના અધ્યાત્મપંથને પ્રજ્વલિત કર્યો, સાંપ્રદાયિક રૂપ ઝંઝાવાતમાંથી જેમણે લાખો જીવોને શુદ્ધ આત્મા સમજવાની જિજ્ઞાસા જગાડી, એક

નવા મુમુક્ષુસમાજનું સર્જન કર્યું, પોતાની સ્વાનુભવસમૃદ્ધ ભેદજ્ઞાનકળાથી જિનશાસનના સૂક્ષ્મ રહસ્યોની સ્પષ્ટતા કરીને જેમણે 'તારામાં જ બધું ભર્યું છે' એવું પોતે પ્રગટ કરીને, પ્રત્યેક જીવની શક્તિરૂપ પ્રભુતાનો જગતમાં ઢંઢેરો પીટીને તથા જીવની એવી શક્તિરૂપ પ્રભુતાના શ્રદ્ધાન–તે સમ્યગ્દર્શન, જ્ઞાન તે સમ્યગ્જ્ઞાન, તે રૂપ પરિણતિ–તે સમ્યક્ચારિત્ર–ઇત્યાદિ પ્રકારથી મોક્ષમાર્ગના ઉપાયનો પરમાર્થ ખોલીને, ઈત્યાદિ અનેક પ્રકારથી ભારતવર્ષના ધર્મપિપાસુ જીવો પર અનંત અનંત ઉપકાર કર્યો છે—એવા અધ્યાત્મ યુગસૃષ્ટા પરમકૃપાળુ પરમ પૂજ્ય સદ્‌ગુરુદેવ શ્રી કાનજીસ્વામીએ ૧૯૪૬ (ઈ.સ. ૧૮૯૦) માં અવતાર લઈને ભારતભૂમિને જ નહીં પરંતુ વિશ્વના બધા મુમુક્ષુ જીવો પર અનંત અનંત ઉપકાર કર્યો છે.

એવા કહાનગુરુદેવને–આ પરમાગમ મંદિરમાં પ્રવેશતાં જ બે શુભ હાથીઓ પુષ્પમાળ દ્વારા–અભિવાદન કરતાં ચિત્ર દર્શાવ્યા છે. અર્થાત્ હે પ્રભો! અમે આપનો ઉપદેશ પરમાગમમંદિરના કક્ષમાં ચાતકવત્ ભાવથી પ્રવચન સાંભળવા આતુર છીએ. તથા ભક્તિ પુષ્પમાળથી આપનું અભિવાદન કરીએ છીએ.

(એવા મહાન વ્યક્તિત્વના ધારક પરમકૃપાળુ કહાનગુરુદેવનો પૂર્ણ જીવન પરિચય સંક્ષેપમાં જૈન પૌરાણિક લઘુકથા (ભા. ૪ પૃ ૧૪૩) પર આપેલ છે. આ જીવનચરિત્ર વિસ્તારથી જાણવું હોય તો 'સ્વર્ણભાનુ ભરતે ઊગ્યો રે...' જોઈને પાઠક ત્યાંથી તેને જાણી પોતાના આત્મહિત માટે તેમની મહિમા પોતાના હૃદયમાં ધારણ કરે અને પોતાનું જીવન તેમના ચરણોમાં સર્વ સમર્પિતભાવે–દાસાનુદાસત્વ ભાવે સમર્પિત કરે એવી ભાવના.)

# શ્રી રાજગૃહી સિદ્ધક્ષેત્રના પંચશૈલ (બિહાર)



રાજગૃહી સહસ્રો વર્ષોથી વિખ્યાત તીર્થક્ષેત્ર છે.

આ ક્ષેત્રમાં અનેક પૌરાણિક ઘટનાઓ બની છે. તેમાંથી કેટલીક ઘટનાઓનો અહીં ઉલ્લેખ કરવામાં આવ્યો છે, જેથી તે તીર્થની મહત્તા પાઠક સમજી શકે.

● અહીંયા વીસમા તીર્થંકર ભગવાન શ્રી મુનિસુવ્રતનાથના ગર્ભ–જન્મ–દીક્ષા અને કેવળજ્ઞાન—આ ચાર કલ્યાણક થયાં છે. મુનિસુવ્રતનાથ ભગવાનના જન્મના સંબંધમાં तिलोयपण्णति ગ્રંથમાં નિમ્નલિખિત સૂચનાઓ પ્રાપ્ત થાય છે.

रायगिहे मुणिसुव्वयदेवो पउमासुमित्तरराएहिं
अस्सजुदवारसीए सिदपक्खे सवणमे जादो।।४।५४५।।

અર્થાત્ ભગવાન મુનિસુવ્રતનાથ રાજગૃહી નગરમાં, માતા પદ્મા અને પિતા સુમિત્ર રાજાને ત્યાં આસો શુક્લ દ્વાદશીના દિને શ્રવણ નક્ષત્રમાં જન્મ્યા હતા.

● રાજા સુમિત્ર રાજગૃહના નરેશ હતા. હરિવંશના શિરોમણિ હતા અને કાશ્યપગોત્રી હતા. (તે પણ આ જ નગરમાં થયા હતા.)

કુમાર મુનિસુવ્રત જ્યારે યુવાન થયા ત્યારે પિતાએ ત્રણ જ્ઞાનધારી પોતાના પુત્રનો રાજ્યાભિષેક કર્યો. રાજ્ય–શાસન કરતાં મુનિસુવ્રત રાજાને ઘણો કાળ વ્યતીત થઈ ગયો. એક દિવસ વર્ષાઋતુમાં ઘનઘોર વાદળાં ઘેરાઈ ગયા અને ઘણો અવાજ થઈ રહ્યો હતો.

એવા મસ્તીના સમયે 'યાગ' નામના હાથીએ આહાર બંધ કરી દીધો. રાજા મુનિસુવ્રત અવધિજ્ઞાન દ્વારા હાથીની વિચારધારા જાણતા હતા. તેમણે હાથીના પૂર્વજન્મના વૃત્તાંત દ્વારા હાથીની વર્તમાન વિચારધારા જણાવી, પરંતુ આથી તેમના પોતાના મન ઉપર જ અદ્ભુત પ્રભાવ પડ્યો. તેમના મનમાં સંસાર, શરીર અને ઇંદ્રિય ભોગો પ્રતિ વૈરાગ્ય જાગ્યો. તેમણે યુવરાજ 'વિજય'નો રાજ્યાભિષેક કરીને તેને રાજ્ય સોંપી દીધું. પોતે રાજપાટ તથા ઘર–બાર છોડી 'દેવ' શિબિકામાં વનગમન કર્યું. ત્યાં તેમણે 'ॐ नमः सिद्धेभ्यः' કહીને કેશલોચ કર્યો તથા મુનિદીક્ષા અંગીકાર કરી.

દીક્ષિત થતાં જ ભગવાનને મનઃપર્યયજ્ઞાન ઉત્પન્ન થયું, એ રીતે તેઓ મતિજ્ઞાન, શ્રુતજ્ઞાન, અવધિજ્ઞાન અને મનઃપર્યયજ્ઞાન–એમ ચાર જ્ઞાનના ધારક બન્યા અને આત્મિક સાધનામાં લીન થઈ ગયા. એકવાર રાજગૃહી નગરીમાં પારણા નિમિત્તે પધાર્યા. વૃષભસેન રાજાએ તેમને શુદ્ધ આહારદાન આપ્યું. [1]તપશ્ચરણ કરતાં કરતાં અગિયાર માસ વ્યતીત થઈ ગયા પછી ભગવાન પુનઃ પોતાના દીક્ષાવનમાં પહોંચ્યા. ત્યાં એક ચંપક વૃક્ષ નીચે સ્થિર થઈ બે દિવસ ઉત્તમ ધ્યાનમાં લીન થયા. તેમનાં ઘાતિકર્મોનાં બંધન તૂટી ગયાં અને તેમને કેવળજ્ઞાનની પ્રાપ્તિ થઈ. આ રીતે રાજગૃહી નગરીમાં ભગવાન શ્રી મુનિસુવ્રતનાથના ચાર કલ્યાણકો થયાં.


● ભગવાન મહાવીરની પ્રથમ દિવ્યધ્વનિ અહીંયા જ ખરી હોવાથી ભગવાન મહાવીરના શાસન–તીર્થનો અહીંથી જ પ્રારંભ થયો.

આ ક્ષેત્ર સિદ્ધક્ષેત્ર અથવા નિર્વાણક્ષેત્ર પણ છે. અહીંના પાંચ પહાડો પરથી અનેક મુનિઓની મુક્તિ થઈ છે. અતઃ સિદ્ધક્ષેત્રોમાં આ તીર્થની ગણના થાય છે. આ સિદ્ધક્ષેત્ર પૌરાણિક ક્ષેત્ર હોવાના ઘણા પ્રમાણ છે તેમાંના કેટલાંક પ્રમાણ નીચે મુજબ છે—

● એકવાર હેમાંગદ દેશમાં રાજપુર નગરના સુરમલય ઉદ્યાનમાં [2]ભગવાન મહાવીર પધાર્યા. રાજપુરનરેશ જીવંધરકુમાર ભગવાનનું આગમન સાંભળી હર્ષિત થયા. તેઓ ભગવાનનાં દર્શનાર્થે ઉદ્યાનમાં પહોંચ્યા. ભગવાનનો ઉપદેશ સાંભળી તેમના મનમાં વૈરાગ્યની ભાવના જાગૃત થઈ ગઈ. તેઓ સમવસરણમાંથી રાજમહેલમાં પહોંચ્યા અને મહારાણી ગંધર્વદત્તાના પુત્ર વસુંધરકુમારને વિધિપૂર્વક

---

૧. તપશ્ચરણ  ૨. પારણા નિમિત્તે



ભગવાન મહાવીરના સમવસરણમાં જીવંધર આદિ રાજાઓની દીક્ષા


રાણીનો સતી ચંદનાથી આર્યિકાવ્રતનો અંગીકાર

રાજ્ય સોંપી દીધું. પછી બધાની અનુમતિ લઈ જીવંધર નરેશે નંદાઢ્ય આદિ ભાઈઓ અને સંબંધીઓ સાથે સમસ્ત પરિગ્રહનો ત્યાગ કરી મુનિદીક્ષા ગ્રહણ કરી. જીવંધર મહારાજની માતા અને સ્વર્ગીય સત્યન્ધર મહારાજની મહાદેવી વિજયા તથા અન્ય રાણીઓએ મહાસતી ચંદના અર્જિકા સમીપ ઉત્કૃષ્ટ સંયમ લઈ લીધો.

● કાળક્રમે મહાવીર પ્રભુ વિહાર કરતાં રાજગૃહીમાં પધાર્યા. મુનિરાજ જીવંધર પણ ભગવાનના સંઘમાં સાથે હતા. ત્યારે તેઓ શ્રુતકેવળી હતા. તેમણે ઘોર તપ કર્યું અને ચાર ઘાતિયાકર્મોનો નાશ કરી કેવળજ્ઞાન પ્રાપ્ત કર્યું. થોડા સમય સુધી તેમણે ભગવાનની સાથે વિહાર કર્યો.

● જ્યારે ભગવાન શ્રી મહાવીર પાવા(પુરી)માં પહોંચ્યા અને ત્યાં યોગનિરોધ કરી નિર્વાણ પામ્યા ત્યારે કેવળી ભગવાન જીવંધરસ્વામી રાજગૃહીના વિપુલાચલ પર બિરાજિત હતા તેઓએ ત્યાં જ યોગનિરોધ કરી શેષ સમસ્ત કર્મોનો નાશ કર્યો અને અંતમાં અવિનાશી સુખદાયક મુક્તિ પ્રાપ્ત કરી.

● એક દિવસ રાજગૃહીના રાજા શ્રેણિક વિપુલાચલ પર બિરાજમાન ભગવાન મહાવીરસ્વામીના દર્શનાર્થે ગયા. જતી વખતે તેમણે એક વૃક્ષની નીચે



રાજા શ્રેણિક દ્વારા મુનિરાજને સ્થિતિકરણ પ્રાપ્ત થવાથી કેવળજ્ઞાન પ્રાપ્ત

શિલાતલ પર બિરાજમાન 'ધર્મરુચિ' નામના મુનિરાજને જોયા. શ્રેણિક રાજાએ તેમને વંદના કરી. પરંતુ મુનિરાજની મુખમુદ્રા કાંઈક વિકૃત થઈ રહી હતી એટલે શ્રેણિકને કાંઈક શંકા પડી. તેમણે ભગવાન પાસે જઈ, દર્શન કરી અને શ્રી ગૌતમ ગણધરને પૂછ્યું— પ્રભો ! મેં એક તપસ્વી મુનિના હમણાં દર્શન કર્યા–તેઓ કોણ છે તે જાણવાની મારા મનમાં જિજ્ઞાસા છે.

આ પ્રશ્ન સાંભળી શ્રી ગૌતમ ગણધરે કહ્યું—ચંપાનગરીમાં રાજા શ્વેતવાહન રાજ્ય કરતા હતા. ભગવાનનો ઉપદેશ સાંભળી તેમને વૈરાગ્ય થયો અને પોતાના પુત્રનો રાજ્યાભિષેક કરી મુનિદીક્ષા ગ્રહણ કરી. તેમનો ધર્મપ્રેમ જોઈ લોકોએ તેમનું નામ 'ધર્મરુચિ' રાખ્યું. આજે એકમાસના ઉપવાસ પછી નગરમાં ભિક્ષા માટે ગયા હતા. ત્યાં ત્રણ મનુષ્ય તેમની પાસે આવ્યા. તેમાં એક વ્યક્તિ જે લક્ષણશાસ્ત્રનો જાણકાર હતો તેણે કહ્યું–આ મુનિરાજના લક્ષણ તો રાજા જેવા છે પરંતુ આ ભિક્ષા માટે ભટકી રહ્યા છે. ત્યારે બીજી વ્યક્તિએ કહ્યું કે—આ વાસ્તવમાં રાજા જ હતા પરંતુ તેમને વૈરાગ્ય આવ્યો અને રાજ્યનો ભાર બાળક–પુત્રને સોંપી મુનિ થઈ ગયા છે.

આ સાંભળી ત્રીજા વ્યક્તિએ કહ્યું કે—આમના તપથી શું લાભ છે ? એમણે એવા લોકવ્યવહારથી શૂન્ય એવા બાળકને રાજ્યભાર સોંપી દીધો અને સ્વયં પોતાની સ્વાર્થસ્થિતિમાં લીન છે. બિચારા બાળકને મંત્રી આદિએ બંધનોમાં બાંધી દીધો છે અને રાજ્યને બધા મળીને લૂંટી રહ્યા છે. "શ્રેણિક ! ત્રીજા વ્યક્તિની વાત સાંભળી તે મુનિરાજના મનમાં રાગદ્વેષનું ભયાનક તોફાન ચાલી રહ્યું છે. જો આગળ અંતમુહૂર્ત સુધી આવી સ્થિતિ રહી તો તે નરકાયુના બંધને યોગ્ય બની જશે. માટે હે રાજન્ ! તું જઈને મુનિરાજને સમજાવ કે પાપધ્યાન છોડી દે. તેમનું સ્થિતિકરણ થઈ જશે તો તેમનું કલ્યાણ પણ થશે. શ્રી ગૌતમ ગણધરના વચન સાંભળી મહારાજ શ્રેણિક તે મુનિરાજ પાસે ગયા અને બધી રીતે પ્રતિબોધ્યા. મુનિરાજ પણ વિચારીને આત્મધ્યાનમાં લીન થઈ ગયા. શુક્લધ્યાન દ્વારા ઘાતિયા કર્મોનો નાશ કરી કેવળજ્ઞાન પ્રાપ્ત કર્યું અને અંતે નિર્વાણ પામ્યા.


● રાજગૃહી નગરીમાં અર્હદાસ શેઠના પુત્ર જંબૂકુમારે સુધર્માસ્વામી પાસે રાજગૃહીના વિપુલાચલ પર્વત પર દીક્ષા લીધી. તે પર્વત પર સુધર્માસ્વામીએ કેવળજ્ઞાન પ્રાપ્ત કર્યું. જંબૂસ્વામીએ પણ અહીં કેવળજ્ઞાન પ્રાપ્ત કર્યું.

(વિશેષ કથા જાણવા માટે 'શ્રી મહાવીરસ્વામીની આચાર્યપરંપરા' પૃ. ૨૨ વાંચો).

● ઉજ્જયિની નગરીના રાજા ધૃતિષેણ હતા. તેમની રાણીનું નામ અમલયતી હતું. તેમને ચંડપ્રજ્ઞ નામનો પુત્ર હતો. રાજાએ ચંડપ્રજ્ઞની શિક્ષાહેતુ વિન્યાતટવાસી કાલસંદીપ નામના વિદ્વાનને નિયુક્ત કરી દીધા, જે અઢાર ભાષાઓના જ્ઞાતા હતા. ગુરુએ પોતાના રાજકુમાર શિષ્યને બધી ભાષા શિખવાડી. શિષ્યે સત્તર લિપિ તો શીખી લીધી. પરંતુ યવનલિપિ ન શીખી શક્યા. એકવાર ગુરુને ક્રોધ આવ્યો. તેમણે ચંડપ્રજ્ઞના માથામાં લાત મારી. ત્યારે રાજકુમારને પણ ક્રોધ આવ્યો અને કહ્યું–તેં મારા માથામાં લાત મારી છે. રાજા બનીશ ત્યારે કુહાડીથી તારા પગ કાપીશ. ગુરુએ કહ્યું–કુમાર! રાજા બનીશ ત્યારે તું મારા ચરણનું પટ્ટબંધન કરીશ.

થોડા સમય પછી કાલસંદીપે મુનિ શ્રુતસાગર પાસે મુનિ દીક્ષા લઈ લીધી. એક વાર એક યવનનરેશે રાજા ચંડપ્રજ્ઞને યવનલિપિમાં પત્ર લખ્યો પરંતુ ઉજ્જયિનીમાં યવનલિપિ સમજવાવાળું કોઈ નહોતું. ત્યારે રાજાએ તે પત્ર વાંચ્યો અને એનો અર્થ સમજી લીધો. રાજાએ દૂતને આજ્ઞા કરી કે તમે વિન્યાતટ પર જઈ મારા ગુરુ કાલસંદીપ મુનિને લઈ આવો. દૂત ગયા અને અનુનય–વિનય કરી કાલસંદીપ મુનિને લઈ આવ્યા. જ્યારે કાલસંદીપ આવ્યા તો રાજાએ ભક્તિવશ ગુરુના ચરણોમાં કુંકુમની અર્ચના કરી. તેમના બન્ને ચરણોમાં ગાજા–વાજા અને વૈભવની સાથે અષ્ટાપદ–મય પટ્ટ બાંધ્યો, સુગંધિત પુષ્પ ચડાવ્યાં અને તેમની પૂજા કરી. ત્યારબાદ મન વચન કાયાથી તેમના ચરણોમાં નમોઽસ્તુ કરી બોલ્યા–ભગવન્ મને દીક્ષા દેવાની કૃપા કરો. ત્યારે ગુરુએ તેને મુનિદીક્ષા આપી અને તેમનું નામ 'શ્વેતસંદીવ' રાખ્યું.

એકવાર ગુરુ પોતાના શિષ્ય સાથે વિહાર કરતાં રાજગૃહી પહોંચ્યા. ત્યારે વિપુલાચલ પર્વત પર ભગવાન શ્રી મહાવીરસ્વામીનું સમવસરણ આવ્યું હતું. ગુરુ અને શિષ્ય વિપુલાચલ પર દર્શનાર્થે પહોંચ્યા. સમવસરણની બહાર રાજા શ્રેણિક મળી ગયા. તે શ્વેતસંદીવને જોઈને બોલ્યા—નાથ! આપે કોની પાસે દીક્ષા લીધી છે? શ્વેતસંદીવે કહ્યું—રાજન્! મારા ગુરુ તો શ્રી મહાવીરભગવાન છે. તેમના સિવાય મારા ગુરુ બીજા કોઈ કેવી રીતે બની શકે? આટલું કહેતાં તેમનું કુન્દ જેવું ધવલ શરીર બળેલા અંગારા સમાન થઈ ગયું. આ જોઈ શ્વેતસંદીવને ખૂબ જ આશ્ચર્ય થયું. તે શ્રી ગૌતમ ગણધર પાસે ગયા. તેમણે કહ્યું—ગુરુનિન્હવના મહાનદોષના કારણે તારો વર્ણ કૃષ્ણ થઈ ગયો છે. તું જઈને ગુરુ પાસે પ્રાયશ્ચિત




(૧) શ્વેતવર્ણ મુનિ શ્વેતસંદીવથી રાજાનો વાર્તાલાપ (૨) શ્યામવર્ગણ મુનિ ગૌતમ ગણધરને પૂછે છે
(૩) શ્યામવર્ણ શ્વેતસંદીવ મુનિનું ગુરુ પાસે પ્રાયશ્ચિત્ત અને મોક્ષ પ્રાપ્તિ

માગ. તે ગુરુ પાસે ગયા અને શુદ્ધ હૃદયથી પ્રાયશ્ચિત્ત લીધું અને ઘોર તપ કર્યું. ફલતઃ શ્વેતસંદીવને કેવળજ્ઞાન થયું અને અંતમાં નિર્વાણપદ પામ્યા.

● મગધમાં સુપ્રતિષ્ઠિત નગર હતું. નગરની બહાર ઉદ્યાનમાં સાગરસેન મુનિ રોકાયા હતા. એક શિયાળ તેમને ખાવા ગયું. મુનિએ નિકટ ભવ્ય જાણી તેને ઉપદેશ આપ્યો અને કહ્યું—તું રાત્રિભોજન ત્યાગનો નિયમ લે, તારું કલ્યાણ થઈ જશે. શિયાળે નિયમ લઈ લીધો. એક દિવસની વાત છે. ગરમીના દિવસ હતા. શિયાળને તરસ લાગી. એક વાવડીમાં પાણી પીવા ઉતર્યું. ત્યાં અંધકાર જોઈ એમ થયું કે રાત થઈ ગઈ છે, તે પાછું આવ્યું બહાર પ્રકાશ જોયો તો તે ફરી નીચે ઉતર્યું અને અંધારું જોઈ રાત સમજી પાછું આવ્યું. આમ કરતાં કરતાં તેના પ્રાણ છૂટી ગયા.



(૧) ધ્યાનસ્થ મુનિ ઉપર શિયાળનું આક્રમણ
(૨) મુનિરાજના ઉપદેશથી શિયાળના પરિણામ શાંત

તે શિયાળ મરીને તે જ નગરમાં ધનમિત્ર શેઠના ઘરમાં પુત્ર થયો. શેઠના ઘરે તેનું 'પ્રીતિકર' નામ રાખવામાં આવ્યું. શેઠના ઘરમાં ધનની કોઈ ખામી ન હતી. મોટાં થઈને તેણે પણ ઘણી કમાણી કરી. એક વાર મુનિના ઉપદેશથી વૈરાગ્ય આવ્યો. તે વિપુલાચલ પર ભગવાન શ્રી મહાવીરસ્વામીના શરણે ગયો અને દીક્ષા લીધી. પછી તેમણે ઘોર તપસ્યા કરી અને ઘાતિકર્મોનો નાશ કરી કેવળજ્ઞાન પ્રાપ્ત કર્યું. અંતમાં શેષ અઘાતિ કર્મોનો નાશ કરી, પરમ નિર્વાણ પદ પ્રાપ્ત કર્યું.

● પાટલીપુત્ર નગરનો રાજા વિશાખ હતો. વિશાખા તેની રાણી હતી અને વૈશાખ નામનો એક પુત્ર હતો. વૈશાખ જ્યારે મોટો થયો ત્યારે તેના લગ્ન કનકશ્રી નામની રાજકુમારી સાથે થયાં. એક દિવસે મુનિદત્ત મુનિ આહાર માટે રાજમહેલમાં આવ્યા. વૈશાખે નવધા ભક્તિથી તેમનો પ્રતિગ્રહ કર્યો અને આહારદાન આપ્યું. આહાર લીધા પછી મુનિરાજે વિહાર કર્યો ત્યારે રાજકુમાર પણ પોતાની પત્નીને પૂછીને તેમની સાથે ગયા. પણ પછી પાછા ન આવ્યા. તેમણે મુનિદીક્ષા લઈ લીધી. કનકશ્રી પોતાના પતિના વિયોગમાં તડપતી રહી. તે આર્તવેદનામાં મરી અને વ્યંતરી થઈ.

વૈશાખ મુનિરાજ માસોપવાસ કરીને જ્યારે પારણા માટે જાય ત્યારે તે વ્યંતરી



મુનિરાજ ઉપર વ્યંતરનો ઉપસર્ગ જોઈ ચેલણા દ્વારા વસ્ત્રની આડશ કરતાં નિર્વિઘ્ન આહારદાન

આહારના સમયે ઉપસર્ગ કરતી હતી અને આહારમાં અંતરાય કરતી હતી. એક દિવસ વિહાર કરતાં તેઓ રાજગૃહી નગરીમાં પધાર્યા અને પારણા માટે નીકળ્યા.

રાણી ચેલણાએ તેમનું પડગાહન કર્યું અને જ્યારે તેઓ આહાર ગ્રહણ કરવા લાગ્યા ત્યારે વ્યન્તરીએ ઉપસર્ગ આપવાનું શરૂ કરી દીધું. રાણીએ ઉપસર્ગ સમજી વસ્ત્રની આડશ કરી દીધી અને નિરંતરાય આહાર થયો.


મુનિરાજ વૈશાખ, વિપુલાચલગિરિ પર જઈને ધ્યાનારૂઢ થઈ ગયા અને ઘાતિકર્મોનો નાશ કરીને કેવળજ્ઞાન પ્રાપ્ત કર્યું. પશ્ચાત્ રાજગૃહી નગરીથી શેષ કર્મોનો નાશ કરી મુક્તિને વર્યા.



● રાજગૃહી નગરીમાં જિનદત્ત નામના શેઠ–તેમને ધ્યાનથી પ્રાપ્ત આકાશગામિની વિદ્યા દ્વારા આકાશમાર્ગેથી મેરુ પર્વતાદિ સ્થિત અકૃત્રિમ જિનાલયના દર્શન–પૂજન કરવા જતા હતા. તે પ્રમાણે અંજનચોર પણ ત્યાં જઈ શક્યો. (આ કથા માટે જૈન પૌરાણિક કથા ભા. ૪ વાંચો.)

● આ નગરીના પાંચ શૈલમાંથી પાંડુક પર્વત પરથી ગંધમાદન મુનિ મોક્ષે ગયા.

ભગવાન શ્રી મહાવીરસ્વામીના નવ ગણધરો તેમના જીવનકાળમાં તથા ઈન્દ્રભૂતિ[1] અને સુધર્મસ્વામી શ્રી મહાવીરસ્વામી ભગવાન પછી રાજગૃહી નગરીથી મુક્તિને પામ્યા હતા.



● આ નગરીના વિપુલાચલ પર્વત પર ઈન્દ્રભૂતિ અને તેમના ભાઈઓ તથા ૫૦૦ શિષ્યો સહિત ભગવાન શ્રી મહાવીરસ્વામીના શિષ્ય થયા અને શ્રી ગૌતમ મુખ્ય ગણધર બન્યા. અને બીજા અગિયાર ગણધર પણ અહીં જ બન્યા. (વિશેષ જાણવા માટે જુઓ મહાવીરની આચાર્ય પરંપરા પૃષ્ઠ નં. ૧૭)

● સુકોશલમુનિ (કથા માટે જુઓ જૈન પૌરાણિક કથા ભા. ૩ પૃ. ૭૦)ના ઉપસર્ગની ઘટના અહીં ઘટી તેમ કહેવાય છે.

૧. ક્યાંક ઈન્દ્રભૂતિ ગણધર ગુણાવાથી મુક્તિ પામ્યા છે તેમ આવે છે તો ક્યાંક વિપુલાચલથી મુક્તિપ્રાપ્તિનો ઉલ્લેખ આવે છે.

● ભગવાન શ્રી મહાવીરસ્વામીના દર્શનાર્થે જતો દેડકો હાથીના પગ નીચે આવીને, મરીને સ્વર્ગમાં જાય છે. આ ઘટના રાજગૃહીની છે.

● ચિલાતીપુત્રની મુનિપણાની ઉપસર્ગની ઘટના અહીં જ વૈભારગિરિ પર બની છે.

● ચેલણાપુત્ર વારિષેણની મુક્તિ અને તેમના શિષ્ય પુષ્પડાલની મુક્તિ પણ અહીંથી જ થઈ હતી.

● રાજા શ્રેણિકની રાજધાની આ જ નગરી હતી. અહીંયાં રાણી ચેલણાએ કેટલાંક જિનમંદિર બંધાવ્યા છે. યશોધર મુનિરાજે શ્રેણિક દ્વારા કરેલા ઉપસર્ગ પર વિજય અહીં જ પ્રાપ્ત કર્યો હતો. (વિશેષ માટે જુઓ જૈન પૌરાણિક કથા ભા. ૩)

આ રીતે રાજગૃહી નગરીમાં ઘણી પૌરાણિક ઘટનાઓ ઘટી છે તેથી આ એક પૌરાણિક તીર્થક્ષેત્ર, સિદ્ધક્ષેત્ર છે. તે ઉપરાંત જૈનોની શ્રદ્ધાનું કેન્દ્ર હોવાથી અતિ મહત્ત્વપૂર્ણ યાત્રાસ્થળ છે તથા દર્શનીય પણ છે.

આ નગરીનું પ્રાચીન નામ ગિરિવ્રજ હતું. બોલચાલની ભાષામાં પહાડોનાં નામ વિપુલાચલ, રત્નગિરિ, ઉદયગિરિ, સ્વર્ણગિરિ, વૈભારગિરિ છે. તદુપરાંત તેમનાં ક્ષિતપ્રતિષ્ઠ, વસુમતિ, ચણકપુર, કુશાગ્રપુર, પંચશૈલ નામ ઈતિહાસમાં છે. પૂર્વમાં અન્ય રાજાઓના આતંકથી આ નગરી ઘેરાયેલ હતી. પછી શ્રેણિક (બિંબિસાર)ના શાસનમાં આ નગરી મુક્ત થઈને નવી રાજગૃહી નગરીના રૂપમાં વસી છે. બૌદ્ધગ્રન્થોમાં પણ રાજગૃહી નગરીના વિષે ઘણું મળે છે. શ્રેણિક રાજા પછી પણ કેટલાંક વર્ષો સુધી રાજગૃહી નગરીની ગૌરવગાથા ચાલુ હતી.

આ જે પાંચ પર્વત છે તેના વિવિધ નામો પણ છે પરંતુ જૈનમાં ઋષભગિરિ, વૈભારગિરિ, વિપુલાગિરિ છિન્ન અને પાંડુ એવા નામ ષટ્ખંડાગમમાં છે.

પૂર્વદિશામાં ચોરસ આકારવાળો ઋષભગિરિ, દક્ષિણદિશામાં વૈભારગિરિ નૈઋત્યદિશામાં ત્રિકોણ આકારવાળો વિપુલાચલ તથા પશ્ચિમ વાયવ્ય અને સૌમ્ય દિશામાં ધનુષ આકારનો 'છિન્ન' પર્વત છે. ઈશાન દિશામાં પાંડુ નામનો પર્વત છે. આ બધા પર્વત કુશના અગ્રભાગથી ઢંકાયેલ છે.

નગરની વચ્ચે સરસ્વતી નદી છે. દક્ષિણમાં બાણગંગા નદી છે. આ નગરીનું

રાજનૈતિક મહત્ત્વ હવે રહ્યું નથી. પરંતુ ધાર્મિક મહત્ત્વ ઘણું છે જે પુરાણોમાં બતાવ્યું છે, તે સંક્ષિપ્તમાં સમજાવ્યું છે.

અહીંયા તળેટીમાં બે જિનમંદિર છે. જે સ્ટેશનથી બે ફલાંગ દૂર છે. ધર્મશાળાથી થોડે દૂર વિપુલાચલ પર્વત છે. રસ્તામાં છ ગરમ પાણીના કુંડ છે. કહેવાય છે કે પૂર્વમાં એક ઘણી મોટી પ્રાચીન ભગવાન શ્રી મહાવીરસ્વામીની દિગંબર પ્રતિમા હતી જે બાર યોજન દૂરથી બધે દેખાતી હતી. અત્યારે અહીંયા ભગવાન શ્રી મહાવીરસ્વામીના સમવસરણની રચના છે. બીજા રત્નાગિરિ પહાડ પર દિગંબર જૈન મંદિર છે. ત્રીજા ઉદયગિરિ પર્વત ઉપર પણ દિગંબર જિનમંદિર છે.

મણિયારનો મઠ—આ પ્રાચીન જિનમંદિરનું નામ છે. અહીંયા પાસે જ શ્રેણિકરાજાનું બંદીગૃહ છે.

ચોથો પર્વત શ્રવણગિરિ અથવા સોનાગિરિ છે. ત્યાં ત્રણ દિગંબર મંદિર છે. આ પર્વતના દક્ષિણી ઢાળ પર એક પશ્ચિમ અને એક પૂર્વ એમ બે ગુફાઓ છે. જ્યાંથી વરદત્ત આચાર્ય મુક્તિ પામ્યા. તે ગુફાઓમાં જિનપ્રતિમાઓ પણ છે.

પાંચમો પર્વત વૈભારગિરિ છે. અહીં સપ્તવર્ણી અકૃત્રિમ ગુફા છે. પહાડની પૂર્વી ઢાળ પર જરાસંઘની બેઠક છે. પર્વતથી ઉતરીને જાપાની મંદિરની સામે સડકની ડાબી બાજુ ભગવાન શ્રી મહાવીરસ્વામીના પ્રાચીન ચરણ છે.

અહીંયા કેટલાક ઐતિહાસિક દર્શનીય સ્થળ પણ છે.

આ રીતે આ સિદ્ધક્ષેત્ર અતિ દર્શનીય–પૂજનીય છે.

આ તીર્થક્ષેત્રની પૂ. ગુરુદેવશ્રીએ (વિ.સં. ૨૦૧૩) ઈ.સ. ૧૯૫૭ અને (વિ.સં. ૨૦૨૩) ઈ.સ. ૧૯૬૭માં એમ બે વાર સસંઘ યાત્રા કરી હતી તેના સંસ્મરણો 'તીર્થયાત્રા' પુસ્તકમાં જોઈ શકાશે.


## મહાવીરસ્વામી ભગવાનની [1]પૂર્વ ભવાવલી

| પૂર્વભવ ક્રમ | ભવ |
|---|---|
| ૩૨ | અનાદિથી ભવોભવ ભટકતા મહાવીર ભગવાનનો જીવ 'પુરુરવા' ભીલ થાય છે. (આ ભવમાં સાગરસેન મુનિરાજની ઘણા ભાવથી ભક્તિ કરી અને બાર વ્રતોનું પાલન કર્યું.) |
| ૩૧ | સૌધર્મ સ્વર્ગમાં મહાઋદ્ધિધારી દેવ (આ ભવમાં હમેશા ભગવાનની ભક્તિ કરતો હતો.) |
| ૩૦ | ભરત ચક્રવર્તીનો પુત્ર મરીચિકુમાર |
| ૨૯ | બ્રહ્મસ્વર્ગમાં દેવ |
| ૨૮ | જટિલ નામક બ્રાહ્મણ પુત્ર |
| ૨૭ | સૌધર્મ સ્વર્ગમાં દેવ |
| ૨૬ | પુષ્યમિત્ર બ્રાહ્મણ પુત્ર |
| ૨૫ | સૌધર્મ સ્વર્ગમાં દેવ |
| ૨૪ | અગ્નિસહ બ્રાહ્મણ પુત્ર |
| ૨૩ | સાત સાગરની આયુવાળો દેવ |
| ૨૨ | અગ્નિમિત્ર બ્રાહ્મણ પુત્ર |
| ૨૧ | માહેન્દ્ર સ્વર્ગમાં દેવ |
| ૨૦ | ભારદ્વાજ બ્રાહ્મણ પુત્ર |
| ૧૯ | માહેન્દ્ર સ્વર્ગમાં દેવ |
| | ---- અનેક ત્રસ-સ્થાવર યોનિઓમાં અસંખ્યાત વર્ષ ભ્રમણ કરતો થકો ---- |
| ૧૮ | સ્થાવર નામક બ્રાહ્મણ પુત્ર |
| ૧૭ | માહેન્દ્ર સ્વર્ગમાં દેવ |
| ૧૬ | વિશ્વનંદી નામક પ્રસિદ્ધ પરાક્રમધારી રાજપુત્ર (આ ભવમાં મુનિ થઈ નિદાન બાંધે છે.) |
| ૧૫ | મહાશુક્ર સ્વર્ગમાં દેવ |
| ૧૪ | ત્રિપૃષ્ટ નારાયણ |
| ૧૩ | સાતમી નરકનો નારકી |
| ૧૨ | સિંહ |
| ૧૧ | પ્રથમ નરકનો નારકી |
| ૧૦ | સિંહ (આ ભવમાં નિર્મળ સમ્યક્ત્વની પ્રાપ્તિ) |
| ૯ | સિંહકેતુ દેવ |
| ૮ | કનકોજ્જ્વલ નામક વિદ્યાધર |
| ૭ | સપ્તમ સ્વર્ગમાં દેવ |
| ૬ | હરિષેણ નામક રાજપુત્ર |
| ૫ | મહાશુક્ર સ્વર્ગમાં દેવ |
| ૪ | પ્રિયમિત્ર નામના રાજપુત્ર |
| ૩ | સહસ્રાર સ્વર્ગમાં દેવ |
| ૨ | નંદન નામક સજ્જન પુત્ર |
| ૧ | અચ્યુત સ્વર્ગમાં અહમિન્દ્ર |
| | આ વર્તમાન ચોવીસીના અંતિમ તીર્થંકર ભગવાન મહાવીર |

---

૧. અન્ય શાસ્ત્રોમાં આ નામોમાં ક્યાંક કાંઈક-કાંઈક ફેર આવે છે. અહીં આ નામો ઉત્તરપુરાણ આધારે લેવામાં આવ્યા છે.

# સિંહને સમ્યગ્દર્શન




પૂર્વ દસમાં ભવમાં ભગવાન મહાવીરનો જીવ સિંહ જ્યારે શિકાર કરે છે ત્યારે બે ચારણઋદ્ધિધારી મુનિનું આગમન અને તેમનો ઉપદેશ સાંભળતો સિંહ

ભગવાન શ્રી મહાવીરસ્વામીનો જીવ પૂર્વે દસમાં ભવમાં સિંહ હતો. એક સમયે શિકાર કરી રહ્યો હતો ત્યારે બે ચારણઋદ્ધિધારી મુનિરાજ આકાશમાર્ગે ઉતરીને તેને ધર્મનો ઉપદેશ આપે છે અને કહે છે કે “અરે સિંહ ! તું દસમાં ભવે તીર્થંકર થવાવાળો છો.” સિંહને જાતિસ્મરણ થાય છે અને આંખમાંથી આંસુની ધાર વહે છે અને તે સમ્યગ્દર્શન પ્રાપ્ત કરી નિરાહારવ્રત અંગીકાર કરી વૈમાનિક દેવ થાય છે.

# ભગવાન શ્રી મહાવીરસ્વામીનો જીવ પૂર્વે આઠમા ભવમાં કનકોજ્જ્વલ વિદ્યાધર

ભગવાન શ્રી મહાવીરસ્વામીનો જીવ પૂર્વે દશમા સિંહના ભવમાં સમ્યક્ત્વ સહ સંયમાસંયમ ધારણ કરી સિંહકેતુ નામના દેવ (નવમો ભવ) થયા. ત્યાં ઉપપાદ શય્યાની ઉપર અલ્પકાળમાં નવયૌવન મંડિત સંપૂર્ણ શરીરને પ્રાપ્ત કરી અને અવધિજ્ઞાનથી પૂર્વભવમાં પાલન કરેલાં વ્રતજનિત ફળનું અને પ્રશંસનીય ધર્મનું મહાત્મ્ય જાણીને, તેમણે ધર્મમાં પોતાની બુદ્ધિને વધારે દઢ કરી.

ત્યારબાદ ચૈત્યાલયમાં જઈને તેમણે અરિહંતોની ભક્તિથી, દિવ્ય અષ્ટવિધ દ્રવ્યથી મણિમયી મૂર્તિઓનું મહાપૂજન કર્યું. પુનઃ સર્વ અભ્યુદયની સિદ્ધિ માટે તેમણે મનુષ્યલોક અને નંદીશ્વર આદિ દ્વીપોમાં સ્થિત પ્રતિમાઓનું તથા જિનેન્દ્રો અને શ્રી ગણધરાદિ મુનીન્દ્રોનું પૂજન કરીને, પ્રણામ કરીને, હર્ષ સાથે જીવાદિ સુતત્ત્વોનો



મહાવીરસ્વામી પૂર્વ ૯માં સિંહકેતુ દેવના ભવમાં શાશ્વત જિનમંદિરોની વંદના કરે છે

ઉપદેશ સાંભળી અનેક પ્રકારે પુણ્યોપાર્જન કરી પાછા પોતાના સ્થાન પર આવી પોતાના પુણ્યથી ઉત્પન્ન થયેલ મહાદેવીઓના અને વિમાન વગેરે સર્વ લક્ષ્મીનો સ્વીકાર કર્યો.

આ રીતે પોતાની ઉત્તમચેષ્ટાથી જિનપ્રતિમાપૂજન, ધર્મશ્રવણાદિ દ્વારા, અનેક પ્રકારનું પુણ્ય ઉપાર્જન કરતાં કરતાં સ્વર્ગમાં સમય વ્યતીત કરવા લાગ્યા.


તેમનું દિવ્ય શરીર સાત હાથ ઉન્નત હતું. તેમના નેત્ર નિમેષ-ઉન્મેષથી રહિત હતાં, તે પ્રથમ રત્નપ્રભા પૃથ્વીના અંતસુધીનું અવધિજ્ઞાન અને તત્પ્રમાણે વિક્રિયા કરવાની શક્તિથી યુક્ત હતા. બે હજાર વર્ષ વ્યતીત થયા પછી મનથી અમૃત આહાર કરતા હતા. ત્રીસ દિવસ પછી એકવાર શ્વાસ લેતા હતા અને દિવ્યાંગનાઓના રૂપ, વિલાસ અને નૃત્યને જોતાં, દેવ–ભવન, ઉદ્યાન અને પર્વતાદિ ઉપર પોતાની દેવીઓ સાથે ક્રીડા કરતાં, અસંખ્ય દ્વીપો અને પર્વતો પર સ્વયં પોતાની ઈચ્છાનુસાર વિભૂતિની સાથે વિહાર કરતા રહેતા હતા. તે સર્વ દુઃખોથી રહિત અને પ્રસ્વેદ, રક્ત માંસાદિ સર્વ ધાતુઓથી રહિત શરીરવાળા સમસ્ત સુખરૂપ અમૃત–સાગરમાં નિમગ્ન રહેતા હતા. તેમનું આયુષ્ય બે સાગરોપમનું હતું. આ રીતે પૂર્વ આચરિત ચારિત્રથી ઉપાર્જિત અનેક પ્રકારના ભોગ ભોગવતાં તે દેવ વ્યતીત થઈ રહેલ કાળને યાદ નહીં કરીને આનંદથી સ્વર્ગમાં રહેવા લાગ્યા.

ત્યારબાદ પૂર્વ ધાતકીખંડના પૂર્વવિદેહમાં મંગલાવતી નામનો મંગલકારક દેશ છે, તેની મધ્યમાં ૫૦ યોજન ઊંચો વિજ્યાર્દ્ધ પર્વત છે તે કૂટ, જિનાલય, વનશ્રેણી અને નગર આદિથી શોભાયમાન છે. આ પર્વતની ઉત્તરશ્રેણીમાં કનકપ્રભ નામનું એક નગર છે, જે સુવર્ણમય પ્રાકાર, પ્રતોલી અને જિનાલયોથી શોભિત છે. તેનો સ્વામી કનકપુંખ નામનો એક વિદ્યાનરેશ હતો. તેની સુવર્ણ સમાન ઉજ્જ્વલ દેહકાન્તિને ધારણ કરવાવાળી કનકમાલા નામની પ્રિયા હતી. તે બન્નેને તે સિંહકેતુદેવ (ભગવાન મહાવીરસ્વામીનો જીવ)–સૌધર્મ સ્વર્ગથી ચ્યુત થઈને, પુણ્યથી, સ્વર્ણકાંતિના ધારક કનકોજ્જ્વલ નામનો પુત્ર થયો.

તેમના જન્મ સમયે તેમના પિતાએ સર્વપ્રથમ જિનાલયમાં પંચકલ્યાણકોના ભોક્તા તીર્થંકરદેવોના કલ્યાણવર્ધક મહાભિષેકપૂર્વક મહાપૂજન કરીને, ઉત્તમ દાન અને માનાદિથી બંધુઓ, દીનજનો, બંદીગણોને તૃપ્ત કરીને ગીત, નૃત્ય, વાજીંત્રો

આદિથી તેમનો જન્મ-મહોત્સવ કર્યો. સકળ જનોને પ્રિય તે સુંદર બાળક પોતાને યોગ્ય સુલભ ચેષ્ટા દ્વારા દુગ્ધપાન, અન્નાહાર અને વસ્ત્રાભૂષણાદિ પ્રાપ્ત કરીને ચંદ્રની જેમ ક્રમથી વૃદ્ધિ પામી, અનેક શાસ્ત્રો ભણી, સમસ્ત કળાઓ શીખી, રૂપ, લાવણ્ય, કાંતિ આદિ ગુણો દ્વારા દેવની જેમ શોભી રહ્યા હતા.


ત્યારપછી યૌવન અવસ્થામાં તેના પિતાએ ગૃહસ્થધર્મની પ્રાપ્તિ માટે હર્ષથી વિધિપૂર્વક કનકવતી નામની કન્યા સાથે કનકોજ્જવલના વિવાહ કર્યા. એક દિવસ એ પોતાની પત્ની સાથે ક્રીડા કરવા અને જિનપ્રતિમાઓનાં પૂજન–વંદન કરવા માટે મહામેરુ પર્વત પર ગયા. ત્યાં અવધિજ્ઞાનરૂપ નેત્રના ધારક આકાશગામી આદિ અનેક ઋદ્ધિઓથી વિભૂષિત ઉત્તમ મુનિરાજને જોઈને, ત્રણ પ્રદક્ષિણા કરી અને મસ્તકથી નમસ્કાર કરી ધર્મ–પ્રાપ્તિ માટે ધર્મના ઈચ્છુક થઈને તેઓએ ધર્મનું સ્વરૂપ પૂછ્યું—હે ભગવન્! મને ધર્મનું સ્વરૂપ કહો જેનાથી શિવપદની પ્રાપ્તિ થાય!


રાજા–રાણીનો મુનિની પાસે ઉપદેશ ગ્રહણ

તે વચન સાંભળી યોગીશ્વરે તેમને અભીષ્ટ વચન આ પ્રકારે કહ્યાં—હે ચતુર! હું ધર્મનું સ્વરૂપ કહું છું–તમે એકાગ્રચિત્તથી સાંભળો. જે સંસારસમુદ્રમાં પતિત ભવ્યોનો ઉદ્ધાર કરી, ત્રણ જગતના રાજ્ય સ્વરૂપ શિવાલયમાં પહોંચાડે છે, તેને પરમાર્થથી ધર્મ જાણો. જેના કારણે આ લોકમાં પ્રાણીઓને સેંકડો મનોરથોના સહજ આગમનરૂપ અભ્યુદય પ્રાપ્ત થાય છે. પાપજનિત દુઃખ આદિ વિલીન થઈ જાય છે અને ત્રણ લોકમાં કીર્તિ ફેલાય છે તથા પરલોકમાં જેના દ્વારા દેવેન્દ્ર આદિની વિભૂતિઓ, સર્વાર્થસિદ્ધિ, તીર્થંકર, ચક્રવર્તી અને બળદેવ આદિ પદ પ્રાપ્ત થાય છે, તેને તમે સુખોનો ભંડાર, કેવળી ભાષિત ધર્મ જાણો. આ ધર્મ નિજ આત્માના શ્રદ્ધાન, જ્ઞાનમયી અહિંસા લક્ષણવાળો છે, સારરૂપ છે અને નિષ્પાપ છે. તેના સિવાય કોઈ બીજો ધર્મ સત્ય નથી.

તે ધર્મ અહિંસા, સત્ય, અચૌર્ય, બ્રહ્મચર્ય અને પરિગ્રહત્યાગ રૂપ છે. ઈર્યા, ભાષા, એષણા, આદાન નિક્ષેપણ અને વ્યુત્સર્ગસમિતિરૂપ છે તથા મનોગુપ્તિ, કાયગુપ્તિ, વચનગુપ્તિરૂપ છે. રાગથી દૂર રહેતા જ્ઞાનીજન આ તેર (૧૩) પ્રકારથી તે જ ધર્મની સાધના કરે છે તથા સર્વ મૂળગુણોથી, ક્ષમાદિ દસ લક્ષણોથી, મોહ અને ઇન્દ્રિય ચોરોને જીતીને તે પરમ ધર્મ પ્રાપ્ત કરી શકાય છે. હે ધીમાન્! તમારે આ મુનિવિષયક ધર્મનું અનુષ્ઠાન કરવું જોઈએ. હે ભવ્ય બાલ્યકાળ હોવા છતાં તમે કામાદિ શત્રુઓનો, તપરૂપી ખડ્ગથી શીઘ્ર નાશ કરી, પોતાના ચિત્તમાં તે ધર્મને ધારણ કરો અને પોતાને ધર્મથી અલંકૃત કરો. ધર્મ માટે ઘર આદિ છોડી દ્યો. ધર્મ સિવાય કોઈ આચરણ ન કરો, ધર્મને શરણે જાઓ, ધર્મમાં જ સતત સંલગ્ન રહો અને હંમેશા પ્રાર્થના કરો કે હે ધર્મ! તું મારી રક્ષા કર. આ વિષયમાં વધારે શું કહેવું. તમે મોહમહાભટને મારીને સર્વ પ્રયત્નથી મુક્તિ પ્રાપ્ત કરવા શીઘ્ર ઉત્તમધર્મ સ્વીકાર કરો.

આ રીતે મુનિરાજના તથ્યપૂર્ણ, સદ્ધર્મસૂચક, વાક્ય સાંભળી સંસાર, શરીર અને સ્ત્રી આદિથી વૈરાગ્ય પામી કનકોજ્જ્વલ વિચારવા લાગ્યા—અહો, પરહિતના ઈચ્છુક આ મુનિરાજ, મારા હિતના કારણભૂત આ વચનો કહી રહ્યા છે, માટે હું મુક્તિ માટે શીઘ્ર જ સારભૂત તપને ગ્રહણ કરું છું, કેમ કે મનુષ્યને મૃત્યુ ક્યારે આવે તે ખબર નથી. આ યમરાજ ગર્ભસ્થો અને તત્કાળ જન્મેલા બાળકોને પણ મારી નાખે છે. આ યમ, અહમિંદ્ર અને દેવેન્દ્ર આદિને પણ સમય આવ્યે મારી નાખે છે તો અમારા જેવા દીન પુરુષોની તો શું આશા થાય! 'અમે વૃદ્ધાવસ્થામાં ધર્મ કરશું' એવું સમજીને જે શઠપુરુષ યથાસમય ધર્મ નથી કરતા તે પાપોદયથી ક્ષણભરમાં યમના મોઢામાં કોળિયો બની જાય છે. માટે ચતુરજનોએ પોતાના મરણની પ્રતિસમય આશંકા કરી બધી અવસ્થાઓમાં નિરંતર ધર્મ કરવો જોઈએ અને ધર્મસેવનમાં પ્રમાદ ન કરવો જોઈએ. આવું હૃદયમાં વિચારી બુદ્ધિમાન કનકોજ્જ્વલ વિદ્યાધરે બાહ્ય અને અભ્યંતર બન્ને પ્રકારના પરિગ્રહને છોડી અને સાધુ ચરણોની આરાધના કરી, મન વચન કાયની શુદ્ધિપૂર્વક, ત્રણ લોકમાં પૂજ્ય સ્વર્ગ અને મુક્તિના સુખોની જનની એવી સારભૂત જિનદીક્ષા મુક્તિ માટે ગ્રહણ કરી.



વિદ્યાધર કનકોજ્જ્વલનું મુનિરાજ પાસે દીક્ષા ગ્રહણ અને રાણીનું આર્યિકાવ્રત ગ્રહણ

તત્પશ્ચાત્ તે જ્ઞાની કનકોજ્વલ મુનિ આર્ત–રૌદ્રધ્યાન અને દુર્લેશ્યાને છોડી ધર્મધ્યાન અને શુક્લલેશ્યા ધારણ કરતાં વિકથાલાપ અને નિરર્થક વાતચીતને છોડી, ઉત્તમ ધર્મકથા કરતાં, સિદ્ધાન્તશાસ્ત્રો ભણતાં, સજ્જનોને ધર્મનો ઉપદેશ આપતાં સરાગ સ્થાન અને સરાગી પુરુષનો સંગ છોડી ધ્યાનની સિદ્ધિ માટે ગુફા, વન, સ્મશાન પર્વત આદિ નિર્જન સ્થાનમાં રહેતા હતા. અટવી, ગ્રામ, દેશાદિકમાં મમત્વરહિત ચિત્ત થઈ, વિહાર કરતા થકા કર્મોનો નાશ કરવા માટે અત્યંત ઉગ્ર બાર પ્રકારનું તપ કરવા લાગ્યા. અને અંતે સમાધિ લઈ ચાર પ્રકારના આહાર અને પોતાના શરીર આદિમાં મમતાનો ત્યાગ કરી, તે મુનિરાજે અતિધૈર્ય સાથે ભૂખતરસ આદિ પરિષહોને જીતીને તથા મુક્તિલક્ષ્મીના સાધનમાં રત, પોતાનું વીર્ય પ્રગટ કરી, સમાધિ દ્વારા આરાધના કરી, નિર્વિકલ્પ થઈ, તે યતિરાજે ધર્મધ્યાનપૂર્વક પ્રાણ છોડ્યા. તપશ્ચરણ અને વ્રત પાલનથી ઉપાર્જિત પુણ્ય દ્વારા, લાન્તવ (ભગવાન મહાવીરનો પૂર્વ ૭મો ભવ) નામના સ્વર્ગમાં અનેક કલ્યાણયુક્ત વિભૂતિના ધારક મહર્દ્ધિક દેવ થયા.

# ભગવાન શ્રી મહાવીરસ્વામીનો જીવ પૂર્વે ચોથો ભવ પ્રિયમિત્ર

ભગવાન શ્રી મહાવીરસ્વામી આઠમા ભવમાં કનકોજ્જ્વલ વિદ્યાધર રાજા હતાં. ત્યાં સંયમ ધારણ કરી સાતમા સ્વર્ગમાં દેવ થયાં. ત્યાં તત્કાલ ઉત્પન્ન થયેલ પોતાના અવધિજ્ઞાનથી પૂર્વભવમાં કરેલા તપનું ફળ જાણીને, તે દેવ ધર્મમાં દૃઢચિત્ત થઈ અને શ્રી ધર્મની સિદ્ધિ માટે ત્રણ લોકમાં સ્થિત શ્રી જિનેન્દ્રની પ્રતિમાઓનો તથા અર્હન્તો, ગણધરો અને મુનિરાજોના નિત્ય પૂજન—નમન કરતા થકા ઉત્કૃષ્ટ પુણ્ય ઉપાર્જન કરવા લાગ્યા. ત્યાં તેમનું તેર સાગરોપમનું આયુષ્ય હતું. પાંચ હાથ ઊંચું શરીર હતું. તેર હજાર વર્ષોમાં એકવાર અમૃત આહારનું સેવન કરતા હતા. સાડા છ માસ વીતતા શ્વાસોચ્છ્વાસ લેતા હતા. તેમનું સુગંધિત શરીર હતું. નીચે ત્રીજી પૃથ્વી સુધી વ્યાપ્ત અવધિજ્ઞાન અને તેટલી જ વિક્રિયા કરવાની શક્તિથી સંપન્ન હતા. સપ્ત ધાતુ, મલ-મૂત્ર, પ્રસ્વેદ આદિથી રહિત દિવ્ય શરીરના ધારક હતા. મહાન સમ્યગ્દૃષ્ટિ, શુભ ધ્યાન અને જિનપૂજનમાં રત રહેતા હતા. સુખકારક નૃત્ય, ગીત અને મધુર વાજિંત્રો દ્વારા દેવીઓ સાથે નિરંતર મહાન ભોગોને ભોગવતા થકા ચારિત્રની ભાવના કરતા થકા સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાનરૂપી રત્નોથી મંડિત તથા દેવો દ્વારા સેવિત દેવરાજ સુખરૂપી અમૃત સાગરમાં મગ્ન રહેતા થકા આનંદથી રહેવા લાગ્યા.

ત્યારપછી આ જંબૂદ્વીપના કોશલ નામના દેશમાં અયોધ્યા નામની રમણીક નગરી છે, જે સજ્જનોથી ભરેલી છે પુણ્યોદયથી તે નગરીનો સ્વામી વજ્રસેન રાજા હતો. શીલવાન શીલવતી નામની તેની રાણી હતી. તે બન્નેના પુણ્યોદયથી, સ્વર્ગથી ચ્યુત થઈ, ભગવાન શ્રી મહાવીરસ્વામીનો જીવ પૂર્વે છઠ્ઠા ભવમાં 'હરિષેણ' નામનો પુત્ર થયો. રાજાએ પોતાના બંધુજનો સાથે મોટી વિભૂતિથી તેમનો જન્મ મહોત્સવ તથા અન્ય માંગલિક વિધિ-વિધાન કર્યા. ક્રમશઃ ભોગોપભોગ દ્વારા બુદ્ધિમતાથી યુક્ત તેમને કુમારાવસ્થાની પ્રાપ્તિ કરી ધર્માદિ પુરુષાર્થોની સિદ્ધિ માટે શસ્ત્રવિદ્યા સાથે જૈન સિદ્ધાંતના સારભૂત તત્ત્વાર્થને ભણીને રૂપ, લાવણ્ય, તેજ, શરીરની કાંતિ અને દીપ્તિ

વગેરે સદ્‌ગુણો દ્વારા જનતાને આનંદિત કરવા લાગ્યા. દિવ્ય વસ્ત્રાભરણ વગેરે વેષભૂષાથી દેવ જેવી શોભાને પ્રાપ્ત થયા.

એકવાર હરિષેણ રાજાને વૈરાગ્ય પ્રાપ્ત થવાથી શ્રુતસાગર મુનિરાજ પાસે મુનિદીક્ષા અંગીકાર કરી. ત્યારબાદ તેઓ મુક્તિની દેવાવાળી દર્શન, જ્ઞાન, ચારિત્ર અને તપ આ ચારેય આરાધનાઓનું સારી રીતે આરાધન કરી અને તપરૂપી અગ્નિથી પોતાના શરીરને સૂકવવા લાગ્યા. સર્વ પ્રકારની સમાધિ સાથે પ્રાણોને છોડી મહાશુક્ર નામના સ્વર્ગમાં મહર્ધિક દેવ (ભગવાન મહાવીરનો પૂર્વ પાંચમો ભવ) થયા.


ત્યારબાદ ઉત્તમ ધાતકીખંડદ્વીપના પૂર્વ-ભાગવર્તી પૂર્વ વિદેહમાં પુષ્કલાવતી નામનો દેશ છે. ત્યાં ઋદ્ધિ સિદ્ધિથી ભરપૂર પુંડરિકીણી નગરી છે. જે વિશાળ, શાશ્વતી દિવ્ય અને ચક્રવર્તી દ્વારા ભોગ્ય છે. તે નગરીના સ્વામી સુમિત્ર નામના અતિ પુણ્યવાન રાજા હતા. તેમની વ્રત–ભૂષિત સુવ્રતા નામની સુંદર રાણી હતી. તે બન્નેને મહાશુક્ર વિમાનથી આવેલ દેવ દિવ્યલક્ષણવાળા જગત્પ્રિય ભગવાન શ્રી મહાવીરસ્વામીનો જીવ ચોથા પૂર્વ ભવમાં પ્રિયમિત્ર નામનો પુત્ર થયો. જન્મ થતાં તેમના પિતાએ અનેક વિભૂતિ સાથે સર્વપ્રથમ જિનાલયમાં જઈને સમસ્ત અભ્યુદય સુખોને દેવાવાળી મહાભિષેકપૂર્વક ઉત્તમ પૂજા કરી. ત્યારબાદ બંધુજનોને, અનાથ અને બંદીલોકોને દાન આપી ત્રણ પ્રકારના વાજા સાથે ધ્વજા આદિ ફરકાવી પુત્રનો જન્મોત્સવ મનાવ્યો.

તે બાળક સમસ્ત જનતાને આનંદને વધારતો થકો, અતિશય સુંદરરૂપથી યોગ્ય દુગ્ધપાન, અન્નાહાર આદિ વસ્તુઓથી કીર્તિ, કાન્તિ અને શરીરના ભૂષણોથી બીજના ચંદ્રમા સમાન વૃદ્ધિગત થઈ દેવકુમારની જેમ અત્યંત શોભાને પ્રાપ્ત થયા. જૈન અધ્યાપક પાસે પ્રિયમિત્રે ધર્મ અને અર્થની સિદ્ધિ માટે ધર્મ અને અર્થને પ્રગટ કરવાવાળી સારભૂત વિદ્યાને પોતાની ઉત્તમબુદ્ધિથી શીખ્યા. યૌવન અવસ્થામાં મહામંડલેશ્વરની રાજ્યલક્ષ્મીથી યુક્ત પિતાના પદને પામીને તે ઉત્તમ સુખને ભોગવવા લાગ્યા. ત્યારબાદ તેમને અદ્‌ભુત પુણ્યથી સ્વયં જ ચક્ર આદિ ચૌદ રત્નો અને ઉત્કૃષ્ટ નવનિધિઓ ક્રમથી પ્રગટ થઈ. પુનઃ ષડંગ સેનાથી વેષ્ટિત ભારે વિભૂતિ સાથે ષટ્‌ખંડ ભૂભાગ ઉપર પરિભ્રમણ કરીને મનુષ્ય અને વિદ્યાધરોના સ્વામી પર આક્રમણ કરી ચક્ર આદિ સાધનોથી તેમને જીત્યા તથા મગધ આદિ વ્યંતરદેવોને પોતાની મહિમાથી ક્રીડા માત્રમાં પોતાના વશમાં કરી લીધા. આ રીતે તે ચક્રવર્તીએ

તે લોકો પાસેથી કન્યા આદિ રત્નો અને અન્ય સારભૂત વસ્તુઓ લઈને ઉત્કૃષ્ટ લક્ષ્મીથી અલંકૃત બની દેવેન્દ્ર સમાન લીલાથી સ્વર્ગપુરી જેવી પોતાની નગરીમાં વિદ્યાધર ઈન્દ્રો અને વ્યન્તરેંદ્રો સાથે પ્રવેશ કર્યો.


આ પ્રિયમિત્ર ચક્રવર્તીને પરમ પુણ્યથી વિદ્યાધર અને ભૂમિગોચરી રાજાઓથી ઉત્પન્ન થયેલ રૂપ અને લાવણ્યની ખાણ એવી છન્નુ હજાર રાણીઓ હતી. બત્રીસ હજાર આજ્ઞાકારી મુકુટબદ્ધ રાજાઓ પોતાના મસ્તકોથી તેમના ચરણોમાં નમસ્કાર કરતા હતા. ઉન્નત અને મનોહર ચોરાસી લાખ હાથી, ચોરાસી લાખ રથ અને અઢાર કરોડ ઘોડા હતાં. ચોરાસી કરોડ શીઘ્રગામી પગે ચાલનાર સૈનિકો હતા. મનુષ્ય, વિદ્યાધર અને દેવો દ્વારા પૂજિત ચરણોની સોળ હજાર ગણબદ્ધદેવ, અઢાર હજાર મ્લેચ્છ રાજા સેવા કરતા હતા. તે ચક્રવર્તીના સેનાપતિ, સ્થપતિ, ગૃહપતિ, પટરાણી, પુરોહિત, ગજ, અશ્વ, દંડ, ચક્ર, ચર્મ, કાંકિણી, મણિ, છત્ર અને ખડ્ગ—આ ચૌદ રત્નો હતાં. જે રાજ્યસુખ અને ભોગ આપવાવાળા હતા તથા દેવોથી રક્ષિત હતાં. પુણ્યોદયથી તે ચક્રવર્તીના ઘરમાં દેવો દ્વારા સંરક્ષિત પદ્મ, કાલ, મહાકાલ, સર્વરત્ન, પાંડુક, નૈસર્પ, માણવ, શંખ અને પિંગલ—આ નવ નિધિઓ હતી. જે હંમેશા અક્ષયરૂપથી ભોગોપભોગની વસ્તુઓની પૂર્તિ કરતી હતી. તે ચક્રવર્તીને છન્નુ કરોડ ગામ, દેશ, ખેટ, નગર આદિ હતાં. ચક્રવર્તીને યોગ્ય રાજપ્રાસાદ, આયુધ અને શરીરના ભોગ આદિ વિભૂતિઓ હતી. આ રીતે પુણ્યના પ્રભાવથી ષટ્ખંડોમાં ઉત્પન્ન થયેલ સુખોની ખાણરૂપ સર્વ આગમોક્ત ઉત્કૃષ્ટ વિભૂતિ તે ચક્રવર્તીની હતી. આ ઉપર્યુક્ત તથા અન્ય પણ ઉત્તમ લક્ષ્મીને પામી દેવ અને મનુષ્યોથી પૂજિત તે ચક્રવર્તી દશાંગભોગ વસ્તુઓને અને ઉત્કૃષ્ટ સુખને ભોગવતા હતા.

ધર્મથી સર્વ અર્થની સારી રીતે સિદ્ધિ થાય છે. અર્થથી મહાન કામસુખ પ્રાપ્ત થાય છે અને તેના ત્યાગથી સજ્જનોને મુક્તિ પ્રાપ્ત થાય છે. એમ સમજી તે બુદ્ધિમાન ચક્રવર્તી મન, વચન કાયાથી સ્વયં જ નિત્ય ઉત્તમ ધર્મ કરતા હતા તથા પ્રેરણા આપી બીજાને ઉત્તમ ધર્મનું આચરણ કરાવતા હતા. તે ચક્રવર્તી પોતાના સમ્યગ્દર્શનની વિશુદ્ધિને કારણે નિઃશંકિત આદિ ગુણોના સમુદાયને વધારવા લાગ્યા. શ્રાવકોના વ્રતોનું નિરતિચાર પાલન કરવા લાગ્યા. તેઓ માસના ચારેય પર્વોમાં પાપવિનાશક, પોષધોપવાસને સદા આરંભરહિત અને અનેક શુભધ્યાનમાં તત્પર બની મુક્તિની પ્રાપ્તિ માટે મુનિની જેમ જ ક્રિયાઓ કરવા લાગ્યા.



પ્રિયમિત્ર ચક્રવર્તી દ્વારા ચૈત્યાલયમાં પૂજન-ભક્તિ

સ્વર્ણરત્નોથી ઘણા ઊંચા જિનાલયોનું નિર્માણ કરી તથા જિનમૂર્તિઓનું નિર્માણ કરાવી અને ભક્તિથી તેની પ્રતિષ્ઠા કરાવે જતા હતા. પોતાના ઘરમાં ચૈત્યાલય અને જિનમંદિરમાં બિરાજિત પ્રતિમાઓનું પ્રતિદિન ઉત્કૃષ્ટ સામગ્રીથી તેમના ગુણ પ્રાપ્ત કરવા માટે પૂજન કરતા હતા. મુનિઓ માટે આત્મહિતાર્થ, ભક્તિથી વિધિપૂર્વક કીર્તિ, પુણ્ય અને મહાભોગપ્રદ પ્રાસુક દાન આપતા હતા. તે



પ્રિયમિત્ર ચક્રવર્તી દ્વારા મુનિરાજને નવધા ભક્તિસાથે આહારદાન

ધર્મબુદ્ધિવાળા ચક્રવર્તી, પ્રતિમાઓની, નિર્વાણભૂમિઓની, અને તેમના પ્રતિમાઓની, ગણધર અને યોગીજનોની વંદના–પૂજન અને ભક્તિ કરવા યાત્રા કરવા જતા હતા. તે બુદ્ધિમાન તીર્થંકરદેવ અને ગણધરોની દિવ્યધ્વનિથી સ્વજનોની સાથે અંગ અને પૂર્વોને સાંભળતા હતા. તેઓ સામયિકને પ્રાપ્ત કરી દિન–રાતમાં કરેલાં અશુભ કાર્યોને પોતાની નિંદા–ગર્હણા આદિ કરી નિત્ય કર્મોને ખપાવતા હતા. ઈત્યાદિ શુભ આચારો દ્વારા સદા સ્વયં ધર્મ કરતા હતા, ઉપદેશ આપી પોતાના ભૃત્યો, સ્વજનો અને રાજાઓને પણ તે ધર્મકાર્યોમાં સંલગ્ન કરતા હતા. સમસ્ત રાજાઓની મધ્યમાં પોતાની પુણ્ય ચેષ્ટાઓથી ધર્મમૂર્તિ જેવી શોભાને પ્રાપ્ત થયા. જેમ દેવોની મધ્યમાં જિનદેવ શોભે છે તેવા શોભતા હતાં.

ત્યારબાદ એક દિવસ તે ચક્રવર્તી પોતાના પરિવાર સાથે ઘણી વિભૂતિથી હર્ષિત થતા થકા શ્રી ક્ષેમંકર જિનેશ્વરની વંદના કરવા ગયા. ત્યાં જિનેન્દ્ર દેવને ત્રણ પ્રદક્ષિણા કરી મસ્તકથી નમસ્કાર કરી અને ભક્તિથી દિવ્ય પૂજન–દ્રવ્ય દ્વારા–પૂજા કરી. મનુષ્યોના કોઠામાં જઈને બેઠા. ત્યારે જિનેશ્વરદેવે તેમના હિતને માટે દિવ્યધ્વનિ દ્વારા ધર્મનો ઉપદેશ આપ્યો.

ભગવાને કહ્યું—આયુષ્ય, શરીર, ભોગ રાજ્યલક્ષ્મી અને ઇંદ્રિયોના સુખ ઈત્યાદી બધી સંસારની વસ્તુઓ વિજળી સમાન ચંચળ, અનિત્ય સમજી જ્ઞાનીઓએ અચલ મોક્ષની આરાધના કરવી જોઈએ. મૃત્યુ, રોગ, ક્લેશ અને દુઃખાદિથી પ્રાણીને શરણભૂત, ધર્મ વિના કોઈ નથી. આવું સમજીને દુઃખોનો ક્ષય કરવા માટે, અહો ભવ્યજીવો! તમારે ધર્મ કરવો જોઈએ. આ ઘોર સંસાર સાગર સર્વ દુઃખોનો ભંડાર છે. એવું સમજી તેનો અંત કરવા માટે મહાન રત્નત્રયધર્મનું સેવન કરવું જોઈએ. જન્મ, મરણ અને જરા આદિ અવસ્થાઓમાં પોતાને એકલો સમજી એકત્વની પ્રાપ્તિ માટે એક માત્ર જિનેન્દ્રદેવનું અથવા પોતાના આત્માનું ધ્યાન ધરવું જોઈએ. પોતાના આત્માને શરીરાદિકથી ભિન્ન જાણી નિશ્ચયથી આત્મસિદ્ધિ માટે મરણાદિના સમયે શાંતભાવથી શરીરાદિકનો લક્ષ્ય છોડી સ્વહિતનું જ આચરણ કરવું જોઈએ. આ શરીર સાતધાતુમય છે, નિંદ્ય છે, પૂતિગંધવાળું છે અને યમનું ઘર છે. આવું જોઈને જ્ઞાનીજન ધર્મનું આચરણ કેમ ન કરે?

કર્મોના આસ્રવથી જીવોનું સંસાર સાગરમાં પતન થાય છે એમ જાણી આસ્રવની હાનિ માટે જ્ઞાનીજનોએ દીક્ષા ગ્રહવી જોઈએ. સંવર દ્વારા સંતજનોને મુક્તિની શીઘ્ર પ્રાપ્તિ થાય છે—એમ સમજી ગૃહસ્થાશ્રમ છોડી મુક્તિ માટે પ્રયત્ન કરવો જોઈએ. જ્યારે તપ દ્વારા બધા કર્મોની નિર્જરા થઈ જાય છે ત્યારે સજ્જનોને મુક્તિરમાની પ્રાપ્તિ થાય છે. આવું જાણી બધાએ નિર્દોષ તપ કરવું જોઈએ. પરમાર્થથી આ ત્રણ જગતને દુઃખોથી ભરેલ જાણી અને મોક્ષને અનંત સુખ દેવાવાળું સમજી તેની પ્રાપ્તિ માટે હે ભવ્યો! સંયમને ધારણ કરો. આ સંસારમાં મનુષ્યજન્મ, ઉત્તમ કુળ, આરોગ્ય, પૂર્ણ આયુ, ઉત્તમ બુદ્ધિ, સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન અને સંયમ આદિને ઉત્તરોત્તર દુર્લભ જાણી જ્ઞાનીઓએ આત્મહિતમાં સમ્યક્ પ્રકારે પ્રયત્ન કરવો જોઈએ. શ્રી કેવળી પ્રણીત ધર્મ જ જગતમાં શ્રી અને સુખનો ભંડાર છે અને સંસારના દુઃખોનો વિનાશક છે. આ ધર્મ સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રના યોગથી અને ક્ષમા વગેરે દસ ધર્મોથી પ્રાપ્ત થાય છે. તેથી મુમુક્ષુજનોએ શિવપ્રાપ્તિ માટે મોહ સંતાનનો નાશ કરી તે ધર્મનું સેવન કરવું જોઈએ. સુખીજનોએ પોતાના સુખની વૃદ્ધિ માટે તથા દુઃખીજનોએ પોતાના દુઃખના નાશ માટે તથા સર્વ સાધારણ લોકોએ બન્ને કાર્યો માટે બધી રીતે ધર્મ કરવો જોઈએ. સંસારમાં તે પુરુષ પંડિત છે, તે બુદ્ધિમાન છે, તે જગત્પૂજ્ય છે જે મહાપુરુષોને માનનીય છે, તે સુખનો ભાગી થાય છે અને જે પોતાને આશ્રિત સેંકડો અન્યકાર્યને છોડી પ્રયત્નપૂર્વક નિર્મળ આચરણ દ્વારા એક ધર્મને જ આચરે છે. એમ સમજી, પોતાનું આયુષ્ય અને ત્રણ જગતને ક્ષણભંગુર માની શરીરને સર્પના રાફડા જેવું માની વિમાસણ વિનાના થઈને ધર્મ કરવો જોઈએ.


આ રીતે શ્રી ક્ષેમંકર તીર્થંકરની દિવ્યધ્વનિથી ચક્રવર્તી ત્રણ જગતને અનિત્ય જાણી અને પોતાના શરીર રાજ્યાદિથી વિરક્ત થઈ આ પ્રમાણે વિચાર કરવા લાગ્યા કે—અહો! મેં જડાત્માએ જગતમાં સારભૂત બધા ભોગ ભોગવ્યા છે તોપણ તેનાથી મારા ઈન્દ્રિયસુખમાં જરાપણ તૃપ્તિ નથી થઈ. જે વિષયાસક્ત ભોગોના સેવનમાં તૃષ્ણાના નાશની ઈચ્છા કરે છે, તે મૂર્ખ તેલથી અગ્નિને શાંત કરવા માગે છે. જેમ જેમ ઈચ્છિત ભોગ સંપદાઓ મનુષ્યોની સમીપ આવે છે તેમ તેમ તેની આશાઓ ત્રણ જગતમાં ફેલાય તેટલી વધે છે. જે શરીરથી ભોગ ભોગવવામાં

આવે છે તે સાક્ષાત્ દુર્ગન્ધવાળું, નિઃસાર, વિષ્ટા, કૃમિ અને મળનું ઘર જ દેખાય છે. જે સંસારમાં આ શરીર ગ્રહણ કરવામાં આવે છે તે સમસ્ત દુઃખોની ખાણરૂપ, પરાધીન અને દુર્વિપાકરૂપ દેખાય છે. તે રાજ્ય નિશ્ચયથી ધૂળ જેવું છે અને બધા પાપોનું કારણ છે. તે સુંદર સ્ત્રીઓ પાપની ખાણ છે. તે સર્વ બંધુજન બંધન જેવા છે. આ લક્ષ્મી વેશ્યા જેવી જ્ઞાનીઓ દ્વારા નિંદ્ય છે. આ વિષયોનું સુખ વિષ જેવું કડવું છે અને સંસારમાં ઉત્પન્ન થયેલ બધી વસ્તુઓ ક્ષણભંગુર છે. અધિક શું કહેવું? રત્નત્રયધર્મ વિના ત્રણ જગતમાં સાર અને હિતકારી કાંઈ જ નથી. માટે હવે હું દુઃખમય આ મોહજાળને જ્ઞાનરૂપી ખડ્ગથી કાપી પોતાની મુક્તિ માટે જગત્પૂજ્ય જિનદીક્ષા ગ્રહણ કરું છું. મારા વિષયાસક્તના આટલા દિવસ અહીં સંયમ વિના વ્યર્થ ચાલ્યા ગયા.

હવે સમય ગુમાવવાથી શું લાભ? એમ વિચારી 'સર્વમિત્ર' નામના પુત્રને રાજ્યભાર સોંપી, નવનિધિ અને ચૌદ રત્નોની સાથે બધી જ રાજ્યલક્ષ્મીને તૃણ આદિની જેમ છોડી, મિથ્યાત્વ વિગેરે બધા જ આંતરિક પરિગ્રહોને ત્યાગી મુક્તિની પ્રાપ્તિ માટે મુક્તિકારિણી, ત્રણ લોકમાં દેવ, તિર્યંચને પણ અપ્રાપ્ય એવી આર્હતી જિનમુદ્રાને સંવેગ—વૈરાગ્ય વગેરે ગુણોથી યુક્ત એક હજાર રાજાઓ સાથે નરાધિપ પ્રિયમિત્ર ચક્રવર્તીએ શીઘ્ર દીક્ષા ગ્રહણ કરી.

ત્યારબાદ તે પ્રિયમિત્ર મુનિરાજ પ્રમાદ રહિત થઈને પૂર્ણ શક્તિથી બંને પ્રકારના ઘોર તપ અને સારભૂત ધ્યાન અધ્યયન કરતા થકા, મૂળ અને ઉત્તરગુણોનું સમ્યક્ પાલન કરતા થકા, મનને જીતીને ત્રિકાળ યોગને પ્રાપ્ત થઈ, ત્રણ ગુપ્તિઓથી સુગુપ્ત અને નિરાસ્રવ થઈને વિહાર કરતા થકા નિર્જન અટવી, ગિરિગુફા આદિમાં નિવાસ કરતાં, પક્ષ—માસોપવાસ આદિ કરીને પારણા સમયે કૃત—કારિત—અનુમોદિત આદિ દોષોનો ત્યાગી, ઉદિષ્ટ, શુદ્ધ આહાર, સંયમની રક્ષાહેતુએ લેતા હતા. દેવ, મનુષ્ય, પૂજિત, જૈન શાસનની પ્રભાવના, તપ, સિદ્ધાન્ત અને ધર્મનો ઉપદેશ આપતાં તે સદ્—ભવ્યવત્સલ મુનિચર્યાનું પાલન કરતાં વિચરવા લાગ્યા. પરમ આચારો દ્વારા નિર્દોષ સંયમને ઉત્તમ પ્રકારથી મરણાંત પાલન કરતાં, અતતઃ સમાધિની સિદ્ધિ માટે ચારેય પ્રકારના આહારનો ત્યાગ કરી, પરમાર્થને મનમાં


ફ્રા-૪૪



પ્રિયમિત્ર ચક્રવર્તીનું એક હજાર રાજાઓ સાથે દીક્ષા

લાવી શ્રી પ્રિયમિત્ર યોગીરાજે યોગ–નિગ્રહ કરી તપ માટે પોતાના મહાન પરાક્રમને ઉત્તમ પ્રકારથી વ્યક્ત કરી ક્ષુધા–પિપાસા વગેરે બાવીસ પરિષહ સહન કરી, મુક્તિની માતા સ્વરૂપ ચારેય આરાધનાઓને સમ્યક્ પ્રકારે આરાધી નિજધ્યાનમાં તત્પર તે શ્રી પ્રિયમિત્ર નામના મુનીન્દ્રએ અતિ પ્રયત્નપૂર્વક, પ્રાણત્યાગી તે તપશ્ચરણાદિ ઉપાર્જિત પુણ્યોદયથી સહસ્રાર સ્વર્ગમાં મહાસૂર્યપ્રભ (ભગવાન મહાવીરનો પૂર્વ ત્રીજો ભવ) નામના દેવ થયા.

# ભગવાન શ્રી મહાવીરસ્વામીનું 'સન્મતિ' નામ



સંજય અને વિજય નામના બે ચારણ મુનિનું બાલ વર્ધમાનનું દર્શન કરતા શંકાનું સમાધાન

શ્રી પાર્શ્વનાથ તીર્થંકર પશ્ચાત્ ૨૫૦ વર્ષ વીતી ગયા પછી શ્રી મહાવીરસ્વામી ભગવાન થયા. તેમનો ગર્ભ અને જન્મકલ્યાણક દેવો દ્વારા અતિ ધામધૂમથી ઊજવવામાં આવ્યો. તેમના જન્મ સમયે જગતના સર્વજીવોને શાતા થઈ ગઈ હતી. તેમનું આયુષ્ય બોંતેર વર્ષથી થોડું ઓછું હતું તેઓ સાત હાથ ઊંચા હતા અને બધી રીતના લક્ષણોથી સુશોભિત હતાં. પ્રસ્વેદ રહિત વગેરે દસ ગુણ જન્મથી હતાં.

એકવાર સંજય અને વિજય નામના બે ચારણમુનિઓને કોઈ શંકા ઉત્પન્ન થઈ, ત્યારે તેઓ ભગવાનની સમીપ ગયા અને તેમના દૂરથી દર્શનમાત્રથી જ શંકાનિવારણ થઈ ગયું. તેથી તેમણે ભક્તિથી કહ્યું કે આ બાળક સન્મતિ તીર્થંકર થવાવાળો છે એટલે કે તેઓએ તેમનું 'સન્મતિ' નામ રાખ્યું.


વીરપ્રભુનું 'સન્મતિ' નામ સાર્થક હતું. તેમના દર્શનમાત્રથી શંકાઓનું નિવારણ થઈ જતું હતું.

# ભગવાન શ્રી મહાવીરસ્વામીની બાળપણમાં વીરતા

એકવાર સૌધર્મ ઈન્દ્રની સભામાં દેવગણ, ભગવાન મહાવીર્યશાળી હોવાની ચર્ચા પરસ્પર કરતા હતા કે જુઓ, વીર જિનેશ્વર જે અત્યારે કુમારપદથી ભૂષિત છે, તે ક્રીડામાં આસક્ત છે તો પણ ઘણા ધીર–વીર શૂરોમાં અગ્રણી, અમાપ પરાક્રમી, દિવ્યરૂપધારી અનેક અસાધારણ ગુણોના ભંડાર, આસન્ન ભવ્ય છે. દેવોની આ વાર્તા સાંભળી, 'સંગમ' નામનો દેવ સ્વર્ગમાંથી તેમની પરીક્ષા કરવા મહાવનમાં આવ્યો.

ત્યાં બાળક વીર–જિન સુંદર કેશોના ધારણ કરનાર, સમાન ઉંમરવાળા અનેક રાજકુમારો સહિત આનંદથી વૃક્ષ પર ચડી રમત કરી રહ્યા હતા. પ્રભુના પ્રકાશમાન આકારને તે દેવે જોયો અને તેમને ડરાવવા માટે તેણે ક્રૂર કાળા સર્પનું રૂપ ધારણ કર્યું. વૃક્ષના મૂળથી લઈને સ્કંધ સુધી વીંટાઈ ગયો. તે કાળા સર્પને વૃક્ષ પર વીંટળાતા જોઈને, તેના ભયથી અતિ વિહ્વળ બની, બધા સાથીઓ ડાળીઓ પરથી કૂદી કૂદીને દૂર ભાગી ગયા. પરન્તુ ધીર–વીર, નિર્ભય, નિશંક, વીરકુમાર તો સેંકડો લપલપાતી જિહ્વાવાળા, ભીષણ રૂપના ધારક તે સાપ પર ચડીને માતાની શય્યાની જેમ ક્રીડા કરવા લાગ્યા. અમાપ મહાબળી પ્રભુએ તે સર્પને તૃણ સમાન તુચ્છ ગણ્યો.


વીરકુમારના અતુલ ધૈર્યને જોઈને આશ્ચર્યચકિત હૃદયવાળો તે દેવ પ્રગટ થઈને તેના ઉત્તમ ગુણોની આ પ્રમાણે સ્તુતિ કરવા લાગ્યો—હે દેવ! આપ ત્રણ લોકના સ્વામી છો. આપ જ મહાધીર–વીર છો આપ જ સર્વ કર્મશત્રુઓનો નાશ કરનાર છો અને જગતના સજ્જનોના રક્ષક છો. ચંદ્રિકાની જેમ અતિનિર્મળ, મહાપરાક્રમાદિ ગુણોથી ઉત્પન્ન થયેલી આપની કીર્તિ ભવ્ય પુરુષો દ્વારા અનિવાર્યરૂપે સર્વત્ર વ્યાપ્ત છે. હે દેવ! સંસારમાં આપની ધીરતા પરમ શ્રેષ્ઠ છે. આપના નામનું સ્મરણ કરવા માત્રથી પુરુષોને સર્વ અર્થની સિદ્ધિ આપનાર ધૈર્ય શીઘ્ર પ્રાપ્ત થાય છે.



સાપનું રૂપ લઈને બાળ વર્ધમાનની પરીક્ષા કરતો દેવ

માટે હે નાથ! આપને નમસ્કાર છે. દિવ્યમૂર્તિના ધારક આપને નમસ્કાર છે. સિદ્ધિવધૂના સ્વામી આપને નમસ્કાર છે. મહાન વીરપ્રભુ, આપને મારા નમસ્કાર છે. આ રીતે સ્તુતિ કરીને અને જગદ્‌ગુરુ 'મહાવીર' સાર્થક નામ રાખી વારંવાર નમસ્કાર કરી તે દેવ ત્યાંથી ચાલ્યો ગયો.

# સતી ચંદના દ્વારા ભગવાન શ્રી મહાવીરસ્વામીને આહારદાન



ભગવાન મહાવીરને આહારદાન દેવાની ભાવનાથી સતી ચંદનાની બેડીઓ ટૂટી જવી, સ્વરૂપવાન થવું, ભગવાનને આહારદાન અને દેવો દ્વારા પંચાશ્ચર્ય

વૃષભદત્તની પત્ની સુભદ્રા શેઠાણીએ સતી ચંદનાને સાંકળથી બાંધી રાખી હતી. અને માટીના પાત્રમાં કાંજી મિશ્રિત કોદરાનું ભોજન આપતી હતી. એકવાર ભગવાન મહાવીર મુનિદશામાં નગરીમાં પધારતાં ચંદનાને આહારદાનની ઉત્કૃષ્ટ ભાવના થઈ તેથી તેના સર્વબંધન તૂટી ગયા. નવ પ્રકારની પુણ્યનિધિ પ્રગટ થઈ. ચંદનાએ ભગવાનને પડ્ગાહન કરી આહારદાન આપ્યું. દેવવૃંદે પંચાશ્ચર્યની વૃષ્ટિ કરી. અંતતઃ ચંદના અર્જિકા બની. ભગવાન મહાવીરના સમવસરણમાં ચંદના વગેરે છત્રીસ હજાર આર્જિકાઓ હતી.

(આ વિષયની વિસ્તૃત કથા માટે “જૈન પૌરાણિક લઘુકથા ભાગ ૪” પાનું ૯૫ થી ૧૦૦ સુધી વાંચો.)

# શ્રી વર્ધમાન મુનિરાજ સ્મશાનમાં ધ્યાનસ્થ

ભગવાન શ્રી મહાવીરસ્વામીના ૩૦ વર્ષની કુમારાવસ્થા વીત્યા પછી ભગવતી જિનદીક્ષા ધારણ કરી. ત્યારબાદ શિષ્યોનું પુણ્ય વધારવાવાળા તે ભગવાન એકાન્તસ્થાનમાં વિધિપૂર્વક તપ કરવાની ઈચ્છાથી નીકળ્યા. જે વિષયોરૂપી વૃક્ષોથી સંકીર્ણ છે, ઇંદ્રિયોરૂપી વ્યાઘ્રોથી ઘેરાયેલ છે, પરિષહરૂપી મહાભયંકર બધા પ્રકારના દુષ્ટ જીવોથી સહિત છે, કષાયરૂપી મદોન્મત્ત હાથીઓના સેંકડો સમૂહોથી વ્યાપ્ત છે, મોઢું ફાડેલ યમરાજરૂપી અનંત અજગરોથી ભયંકર છે, ચાર પ્રકારના ઉપસર્ગરૂપી દુષ્ટ સિંહોથી કઠોર છે અને વિઘ્નોરૂપી ચોરોથી ઘેરાયેલ છે. એવા સંસારરૂપી વનને ભગવાને છોડી દીધું.

જે સજ્જનોં દ્વારા સેવન કરવા યોગ્ય છે. જેમાં બાધારહિત સુખ ભરેલું છે અને ઉત્તમ મનુષ્યોથી વ્યાપ્ત છે, વિસ્તીર્ણ છે અને અનેક પ્રકારના ઉપદ્રવોથી રહિત છે, એવા તપોવનમાં સંસારરૂપી વનને ત્યાગી તપ હેતુ પ્રવેશ કર્યો. તે ભગવાને મહાવ્રતરૂપી સામન્તો સહિત, સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન, સમ્યક્ચારિત્રરૂપી પ્રગટ થયેલ ત્રણ રત્નોથી, અતિ બળવાન, શીલરૂપી આયુધ લઈને, ગુણોના સમૂહનું કવચ પહેરી, શુદ્ધતારૂપી માર્ગ પર ચાલી, ઉત્તમ ભાવનાઓની સહાયતા લઈ મુનિપણામાં પ્રવેશ કર્યો. જ્યાં નિઃશંક રહીને તેમણે અનેક યોગોની પ્રવૃત્તિ કરી અને એકાન્ત સ્થાનમાં સ્થિત થઈ વારંવાર દસ પ્રકારના ધર્મનું ચિંતવન કર્યું.

ત્યારપછી–એક દિવસ અતિશય ધીર વીર શ્રી વર્દ્ધમાન ભગવાન ઉજ્જયિનીના અતિમુક્તક નામના સ્મશાનમાં પ્રતિમાયોગયુક્ત બિરાજીત હતા. તેમને જોઈને મહાદેવ નામના રુદ્રે પોતાની દુષ્ટતાથી તેમના ધૈર્યની પરીક્ષા કરવાની ઈચ્છા કરી. તેમણે રાત્રિના સમયે અનેક મોટા મોટા વૈતાલોનું રૂપ બનાવી ઉપસર્ગ કર્યો. જે તીક્ષ્ણ હથિયાર વડે ચામડી કાપીને ઉદરમાં પ્રવેશ કરવા ઈચ્છતા હતા. ખુલ્લા મોઢાથી અત્યંત ભયંકર દેખાતા હતા. તથા તેઓ અનેક રાગોથી નાચી રહ્યા હતા અને કઠોર શબ્દો, અટ્ટહાસ અને વિકરાળ દૃષ્ટિથી ડરાવતા હતા. તે રુદ્રે સર્પ,



સ્મશાનમાં ધ્યાનમગ્ન વર્ધમાન મુનિરાજ ઉપર મહાદેવ નામના રુદ્રનો ઉપસર્ગ

હાથી, સિંહ, અગ્નિ અને વાયુ સાથે ભીલોની સેના બનાવી ઉપસર્ગ કર્યો.

આ રીતે એક પાપને જ ઉપાર્જિત કરવામાં નિપુણ તે રુદ્રે પોતાની વિદ્યાના પ્રભાવથી કરેલાં અનેક ભયંકર ઉપસર્ગોથી ભગવાનને સમાધિથી વિચલિત કરવાનો પ્રયત્ન કર્યો, પરંતુ તે તેમાં સમર્થ ન થઈ શક્યો. ત્યારે એમણે (રુદ્રે) ભગવાનને 'મહતિ' અને 'મહાવીર' એવા બે નામ રાખી અનેક પ્રકારે સ્તુતિ કરી. પાર્વતી સાથે નૃત્ય કર્યું. બધા પ્રકારના માત્સર્યભાવ છોડી તે ત્યાંથી ચાલ્યો ગયો.

# ભગવાન શ્રી મહાવીરસ્વામી જ્ઞાનકલ્યાણક



આ બાજુ જગતબંધુ ભગવાન વર્દ્ધમાને ત્રીસ વર્ષનો કુમારકાળ પૂર્ણ કરી છદ્મસ્થ અવસ્થાના બાર વર્ષ વ્યતીત કર્યા. એક દિવસ તેઓ જૃમ્ભિક ગ્રામની સમીપ ઋજુકુલા નદીના કિનારે મનોહર નામના વનની મધ્યમાં રત્નમયી એક મોટી શિલા પર શાલવૃક્ષની નીચે બેલાનો નિયમ લઈને પ્રતિમાયોગ રૂપે બિરાજિત થયા. વૈશાખ શુક્લા દશમીના દિને બપોરે હસ્ત અને ઉત્તરા ફાલ્ગુની નક્ષત્રોની વચ્ચે ચંદ્રમા આવવાથી પરિણામોની વિશુદ્ધિ વધારતા તે ક્ષપકશ્રેણી પર આરૂઢ થયા.

તે સમયે તેમણે શુક્લધ્યાન દ્વારા ચારેય ઘાતિકર્મોનો નાશ કરી અનંતચતુષ્ટય પ્રગટ કર્યું. ચોત્રીસ અતિશયોથી સુશોભિત બની તે સ્વયં મહિમાવંત બની ગયા. હવે તેઓ સયોગકેવળી ગુણસ્થાનના ધારક બની ગયા. સયોગ કેવળી ગુણસ્થાન ધારણ કરી નિજ અને પરનું પ્રયોજન સિદ્ધ કરવા લાગ્યા. પરમૌદારિક શરીરધારી થઈ આકાશરૂપી આંગણામાં સુશોભિત થયા. તે સમયે સૌધર્મ સ્વર્ગના ઈન્દ્ર ચારે પ્રકારના દેવો સાથે આવ્યા અને જ્ઞાનકલ્યાણક સંબંધી પૂજાની સમસ્તવિધિ પૂર્ણ કરી. પુણ્યરૂપ પરમૌદારિક શરીરની પૂજા અને સમવસરણની રચના વગેરે અતિશયોથી સંપન્ન શ્રી વર્દ્ધમાન સ્વામી અરિહંત પરમેષ્ઠીરૂપે પ્રસિદ્ધ થયા અને પરમાત્મપદને પ્રાપ્ત થયા.

પરમેષ્ઠી બનીને દિવ્યધ્વનિ દ્વારા અસંખ્યાત જીવોને ભયંકર ભવાર્ણવથી પાર થવાનો માર્ગ બતાડતા અનેક દેશોમાં વિહાર કર્યો.

# શ્રી સિદ્ધવરકૂટ તીર્થક્ષેત્ર



પૂજ્ય ગુરુદેવશ્રીની સિદ્ધવરકૂટની સસંઘ યાત્રા

આ એક સિદ્ધક્ષેત્ર (તીર્થક્ષેત્ર) છે. એવું નિર્વાણકાંડમાં ભગવાન શ્રી કુંદકુંદાચાર્યે કહ્યું છે. રેવાનદીના કિનારે પશ્ચિમ દિશામાં સિદ્ધવરકૂટ છે. ત્યાંથી બે ચક્રવર્તી, દસ કામકુમાર અને સાડા ત્રણ ક્રોડ મુનિવર મુક્તિ પધાર્યા છે.

'કૂટ' શબ્દથી એમ સૂચિત થાય છે કે આ ક્ષેત્ર પર્વત ઉપર છે. તેથી 'સિદ્ધકૂટ' અથવા 'સિદ્ધવરકૂટ' કહેવાય છે. આ પર્વતને 'વૈભારગિરિ' કહેવાય છે. તેની કૂટ પર આ ક્ષેત્ર છે. અહીંની તળેટી તથા શિખર ઉપર બન્ને સ્થાનોથી મુનિવરો મોક્ષ પધાર્યા છે.

અહીંથી બે ચક્રવર્તી જે મોક્ષ ગયા છે તેના વિષે જુદા જુદા આચાર્યોના જુદા-જુદા મત છે. તેમાં ઉત્તરપુરાણના રચયિતા શ્રી ગુણભદ્ર આચાર્યદેવ અનુસાર

'મઘવા' અને 'સનત્કુમાર' બે ચક્રવર્તી અહીંથી મોક્ષ પધાર્યા છે. અહીંથી ક્યા દસ કામકુમાર મોક્ષ ગયા તેનો ઉલ્લેખ ક્યાંય મળતો નથી.


કોઈ લોકોએ અહીંથી મુક્તિ પ્રાપ્ત દસ કામકુમારોના નામ આ રીતે આપ્યા છે—સનત્કુમાર, વત્સરાજ, કનકપ્રભ, મેઘપ્રભ, વિજયરાજ, શ્રીચંદ, નલરાજ, બલરાજ, [૧]વસુદેવ અને જીવંધર.

નિર્વાણકાંડમાં સિદ્ધવરકૂટનું નામ હોવા છતાં સંસ્કૃત નિર્વાણભક્તિમાં તેનું નામ નથી, પણ ત્યાં વિંધ્યાચલને જ સિદ્ધવરકૂટ સ્વીકારેલ છે. આ રીતે રેવાનદીના બન્ને તટો પરથી રાવણના પુત્ર સહિત પાંચ કરોડ મુનિ મુક્તિ ગયા છે. અતઃ નિર્વાણકાંડની બે ગાથાઓ સ્પષ્ટ છે કે [૨]રેવાનદીના બન્ને તટ પરથી સાડા પાંચ કરોડ મુનિ મોક્ષે ગયા છે, જેમાં રેવાનદીના પશ્ચિમ કિનારેથી સાડા ત્રણ ક્રોડ મુનિ મુક્તિ ગયા છે અને પૂર્વ કિનારેથી બે કરોડ મુનિ મોક્ષ પધાર્યા છે.

સિદ્ધવરકૂટ ક્ષેત્ર રેવાનદીના પશ્ચિમી તટ પર અવસ્થિત હતું. આ સિવાય કોઈ સૂચના કોઈ ગ્રંથમાં મળતી નથી. એવું લાગે છે કે શતાબ્દીઓથી આ તીર્થ અજ્ઞાતદશામાં પડ્યું હતું. સંભવતઃ કોઈ યાત્રી પણ અહીં આવતા ન હતા. ઉપેક્ષાના કારણે અહીંના મંદિરો જીર્ણ–શીર્ણ થઈ ધરાશયી થવા લાગ્યા. કોઈ ધર્માંધ શાસકે મંદિરો નષ્ટ કર્યાં તે પણ સંભવિત છે. તેથી જનતા ઉપર એટલો ભયાનક અત્યાચાર કર્યા હોય કે તેમના હૃદયમાં આતંક વ્યાપી ગયો હોય અને ભયના કારણે અહીંની યાત્રા બંધ કરી દીધી હોય. ધીરે ધીરે જનતા આ ક્ષેત્રનું નામ અને સ્થાનાદિ વિષે પણ ભૂલી ગઈ.

આ ક્ષેત્ર પ્રકાશમાં કેમ આવ્યું તેનો પણ રોચક ઈતિહાસ છે. કાર્તિક કૃષ્ણા ચૌદશ, સંવત્ ૧૯૩૫ના દિને ઈન્દોર પટ્ટના ભટ્ટારક મહેન્દ્રકીર્તિજીને સ્વપ્ન આવ્યું, જેમાં તેમણે સિદ્ધવરકૂટ ક્ષેત્રના દર્શન કર્યા. સ્વપ્નમાં જોયેલા સ્થાનની શોધમાં ભટ્ટારકજી બીજે દિવસ ચાલી નીકળ્યા. રેવાનદીના કિનારે પહોંચી શોધવા લાગ્યા. તેઓ કેટલાંક લોકો સાથે રેવાનદીના તટવર્તી વનની અંદર શોધ કરતા હતા, પરંતુ જે દૃશ્ય તેમણે જોયું હતું તે ક્યાંય ન મળ્યું. શોધ ઘણા દિવસો સુધી ચાલી.

૧. આ નામ શંકાસ્પદ લાગે છે. ૨. રેવાનદીને વર્તમાનમાં નર્મદા નદી કહે છે.




ભટ્ટારક મહેન્દ્રકીર્તિનું સ્વપ્ન અનુસાર રેવાનદીના કિનારાની આજુ બાજુ શોધવું,
ચંદ્રપ્રભ આદિ પ્રતિમા અને મંદિરોના જીર્ણ અવશેષ મળવા

એક દિવસ તે જ જંગલમાં ભગવાન શ્રી ચંદ્રપ્રભની અતિ મનોજ્ઞ મૂર્તિ મળી. આ મૂર્તિની પ્રતિષ્ઠા રાણા ઉદયસિંહના રાજ્યકાળમાં શ્રી વિશાલકીર્તિ સ્વામી પ્રતિષ્ઠાચાર્ય દ્વારા કરાવવામાં આવી હતી. એક બીજી પ્રતિમા ભગવાન શ્રી આદિનાથની મળી જે ભટ્ટારક સોમસેન દ્વારા શાહ માણિકચંદ હેમદત્તના પુત્ર ધર્મદાસે પ્રતિષ્ઠિત કરાવી હતી.

મૂર્તિ પ્રાપ્ત થતાં આશા થઈ કે અહીંયા કોઈ જિનમંદિર પહેલા હશે. આગળ વધતાં એક જીર્ણ–શીર્ણ પરંતુ વિશાલ જિનમંદિર મળ્યું. તેના દ્વારના સિરદલ પર દિગંબર તીર્થંકર ભગવાનની પ્રતિમા બનેલી હતી. બીજા પણ બે ત્રણ જૈનમંદિર ભગ્નાવશેષ દશામાં મળ્યા. જોકે કોઈ શિલાલેખ અથવા પુરાતત્ત્વ સંબંધી પુરાવાઓ પ્રાપ્ત ન થયા, જેનાથી સિદ્ધ થાય કે આ સ્થાન વાસ્તવમાં સિદ્ધવરકૂટ છે, ભટ્ટારકજીએ પોતાના સ્વપ્નમાં જોયેલા સ્થાનક અને આ સ્થાનકની સમાનતા જોતાં માની લીધું કે આ તે જ સિદ્ધવરકૂટ ક્ષેત્ર છે, છતાં પોતાની ધારણાની પુષ્ટિ કરવી અગત્યની સમજી વિ.સં. ૧૯૪૦માં શ્રી ચારુકીર્તિ પંડિતાચાર્ય અને શ્રી સૂરસેન પટ્ટાચાર્યને આ સ્થાનનું નિરીક્ષણ કરી ભટ્ટારકજીની ધારણાની પુષ્ટિ કરી. ત્યારથી આ ક્ષેત્ર સિદ્ધવરકૂટના રૂપમાં માન્ય બની ગયું.

(આ ક્ષેત્રની નિકટમાં ૐકારેશ્વર મંદિર છે. તેનો આકાર લગભગ ૐ જેવો છે. સંભવતઃ એટલે જ તેને ઓંકારેશ્વર કહેવાય છે. આ [૧]માંધાતા ટાપુ પર છે, જે નર્મદા અને કાવેરીની વચ્ચે છે. માંધાતા એક નાની પહાડી છે જે એક વર્ગમાઈલમાં છે. આ મંદિર વર્તમાનમાં હિન્દુઓના અધિકારમાં છે. આ સૂક્ષ્મ નિરીક્ષણ કરવાથી એવું લાગે છે કે આ મંદિર મૂળમાં જૈનોનું હશે. અમુક સ્થાપત્ય વિશેષજ્ઞોએ એવું અનુમાન લગાડ્યું છે કે—ઓંકારેશ્વર મંદિર, કોલ્હાપુરના અંબિકા મંદિર અને અજમેરની ખ્વાજા સાહેબની દરગાહ—ત્રણેયની રચનાશૈલીમાં ઘણી સમાનતા છે. સંભવ છે કે ત્રણેયની રચના શૈલીનો મૂળ પ્રેરણાસ્રોત એક જ હોય અને તે સ્રોત જૈનધર્મ હોય.)

ઓંકારેશ્વર મંદિરના જેણે દર્શન કર્યા છે એવા કેટલાંક વિદ્વાનોની ધારણા છે કે સિદ્ધવરકૂટ આ ૐકારેશ્વર પર્વત પર હોવું જોઈએ. તેમના મતમાં સિદ્ધવરકૂટ નામનું કોઈ ક્ષેત્ર નથી. આ પર્વત ઉપરના કૂટને સિદ્ધવરકૂટ કહેવામાં

૧. માન્ધાતા= પહાડીનું નામ જેના ઉપર ઓમકારેશ્વર મંદિર છે.

આવે છે. અહીંનું દૃશ્ય ખૂબ સુંદર છે. આ પહાડીની એક બાજુ કાવેરી નદી વહે છે, તો બીજી તરફ નર્મદા, ૐકારેશ્વર ત્રણમાળનું મંદિર છે. તેની પાસે એક છત્રી બની છે જેમાં કાળભૈરવ વાસ કરે છે, તેમના માટે પોતાનું જીવન અર્પણ કરવાનું વિધાન છે મુક્તિકામી હિન્દુ લોકોની ધારણા છે કે આ છત્રીથી છલાંગ મારી (પહાડીના) નીચેના પત્થર પર પડે તો મુક્તિ મળે છે. આ વિશ્વાસ સાથે અનેક વ્યક્તિ અહીંથી મુક્તિની દુરાશામાં મૃત્યુને ભેટે છે. પરંતુ અંગ્રેજ શાસનમાં કાનૂન દ્વારા આ આત્મહત્યાને નિષિદ્ધ કરાર આપવામાં આવેલ છે.

સાડા પાંચ કરોડ મુનિવરોને અહીંથી મુક્તિ મળી, માટે અહીંથી મુક્તિ મળે છે એવી ધારણા થવી સ્વાભાવિક છે, પરંતુ રત્નત્રયરૂપ ધર્મની વાત ભૂલાઈ ગઈ અને પત્થરમાં શિર ફોડવાથી મુક્તિ થાય તેવું માની લીધું છે. અહીંથી સાડા પાંચ કરોડ મુનિવરોને મુક્તિ મળી તે આત્મહત્યાથી નહીં, પણ તેઓ દ્વારા સંપૂર્ણ આરંભ–પરિગ્રહનો ત્યાગ કરી સમ્યક્ તપસ્યા દ્વારા કર્મોના નાશથી મળી.

પ્રાચીનકાળથી જે અહીં મુક્તિ પ્રાપ્તિની ધારણા ચાલે છે તે પણ એક તથ્ય છે, કે જે આપણને એ સ્વીકારવા પ્રેરિત કરે છે કે આ જ સ્થાન સિદ્ધવરકૂટ છે. વર્તમાનમાં જે ક્ષેત્ર છે તે ૐકારેશ્વરથી નિકટ જ છે. હિન્દુ પુરાણોમાં ૐકારેશ્વરને બાર જ્યોતિર્લિંગમાંથી એક માનવામાં આવેલ છે. ૐકારેશ્વરમંદિર જે પહાડી પર છે ત્યાં પ્રાચીન મંદિરના ભગ્નાવશેષ પડેલ છે. જે પુરાતત્ત્વ વિભાગ અંતર્ગત છે. જો અહીંયા ખોદકામ કરવામાં આવે તો અહીં જૈન કલાવશેષ પ્રચુર પરિમાણમાં મળવાની શક્યતા છે.

જોકે અહીં ચૌદ ધર્મશાળાઓ છે. અહીં ઈન્દોર, ખંડવા અથવા સનાવદથી જવાય છે. મુક્તાગિરિથી ખંડવા થઈને પણ જવાય છે. આ ક્ષેત્ર પર મંદિર, ધર્મશાળાઓનું કાર્યાલય એક જ સ્થાન પર છે. અહીંયા મધ્યમાં ત્રણ શિખરી મંદિર છે. ક્ષેત્રની નિકટ નર્મદા અને કાવેરી નદી વહે છે.

આ મુનિવરોની તપસ્યાનું પાવનક્ષેત્ર છે. આ ક્ષેત્રની પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામીએ વિ.સં. ૨૦૧૩ (ઈ.સ. ૧૯૫૭) સસંઘ ભક્તિભાવ સહિત યાત્રા-વંદના કરી હતી.

# શ્રી કૈલાસ પર્વત



● નિર્વાણ ભક્તિમાં આવે છે કે શ્રી ઋષભદેવ ભગવાન કૈલાસ પર્વત પરથી મોક્ષ પધાર્યા.

● અષ્ટાપદનું બીજું નામ કૈલાસ છે. અહીંયા ભગવાન શ્રી ઋષભદેવે ૧૦૦૦ રાજાઓ સાથે યોગનિરોધ કર્યો અને અંતે મોક્ષે ગયા.


● તેમના સિવાય કેટલાક મહાપુરુષોએ અહીં દીક્ષા લીધી અને મોક્ષ ગયા. તેમાંના કેટલાંક નામો નીચે પ્રમાણે છે—

● બાહુબલી મુનીન્દ્ર, મહારાજા ભરત, શ્રી ઋષભસેન આદિ ગણધર અહીંથી મોક્ષે ગયા છે.

● ભરત ચક્રવર્તીએ અહીંયા ચાર સિંહનિષદ્યા બનાવી જેમાં સિદ્ધ પ્રતિમાઓ બિરાજિત કરાવી તે સિવાય તેમણે ચોવીસ તીર્થંકરો અને પોતાના ભાઈઓની પ્રતિમા પણ બિરાજમાન કરાવી. તેમણે અહીં ચોવીસ તીર્થંકરો અને ૯૯ ભાઈઓના સ્તૂપ પણ કરાવ્યા હતા.

● અયોધ્યાનગરીના રાજા ત્રિંદશજયની રાણી ઈન્દુરેખા હતી. તેમને જિતશત્રુ નામનો પુત્ર હતો. જિતશત્રુ સાથે પોદનપુર નરેશ વ્યાનંદની પુત્રી વિજયાના લગ્ન


ચક્રવર્તીના રાજકુમારો.
ચક્રવર્તીની રાણીઓ.



કૈલાસ પર્વત ઉપર ધ્યાનસ્થ બાલી મુનિરાજ ઉપરથી, આકાશમાં જતા રાવણના વિમાનનું રોકાવું.

થયા હતા. દ્વિતીય તીર્થંકર શ્રી અજિતનાથ તેમના જ કુળદીપક પુત્ર હતા. ભગવાનના પિતામહ ત્રિદશજયે મુનિદીક્ષા લીધી અને કૈલાસ પર્વત પરથી મોક્ષ પધાર્યા.

● સગર ચક્રવર્તીના ઉત્તરાધિકારી ભગીરથ નરેશે કૈલાસ પર જઈને મુનિદીક્ષા લીધી અને ગંગાતટ પર તપ કરી મુક્ત થયાં.

● અષ્ટાપદ પર્વતથી વ્યાલ, મહાવ્યાલ, અચ્છેદ્ય, અવેદ્ય, નાગકુમારમુનિ મુક્તિ પધાર્યા. હરિષેણ ચક્રવર્તીનો પુત્ર હરિવાહન હતો. તેમણે કૈલાસપર્વત પર દીક્ષા લીધી અને ત્યાંથી નિર્વાણ પામ્યા.

● ઈન્દ્રે અષ્ટાપદ પર રત્નત્રયના પ્રતીક ત્રણ સ્તૂપ બનાવ્યા.

● ભગવાન ઋષભદેવ મોક્ષ ગયા પછી તેમની સમાધિ દેવોએ પૂર્વદિશામાં બનાવી. ભગવાન સાથે જે મુનિ મોક્ષે ગયા જે ઈક્ષ્વાકુવંશી હતા તેની સમાધિ દક્ષિણ દિશામાં અને શેષ મુનિઓની સમાધિ પશ્ચિમમાં બનાવી હતી. પશ્ચાત્ ત્રણેય દિશાઓમાં સમાધિઓના સ્થાન પર દેવોએ ત્રણ સ્તૂપની રચના કરી.

● અનેક જૈન ગ્રંથોમાં ઉલ્લેખ મળે છે કે કૈલાસ પર ભરત ચક્રવર્તી તથા અન્ય અનેક રાજાઓએ રત્નપ્રતિમાઓ સ્થાપિત કરાવી હતી.

● રાજા સગરે પોતાના પુત્રોને આજ્ઞા કરી કે ભરત ચક્રવર્તીએ કૈલાસ પર્વત પર મહારત્નોથી ત્રણ ચોવીશીના બોતેર અરિહંતોના બિંબ ભરાવ્યા છે. તમે લોકો તે પર્વતની ચારે તરફ ગંગા નદીથી તેની (પ્રદક્ષિણા) ખાઈ બનાવી દો. તે રાજપુત્રોએ પિતાની આજ્ઞાનુસાર દંડરત્નથી શીઘ્ર તે કામ કરી દીધું.

● આ ઘટના પછી ભરત ચક્રવર્તી દ્વારા કૈલાસ પર્વત પર રચેલ જિનમંદિરોનો ઉલ્લેખ 'બાલી' મુનિના પ્રસંગમાં આવે છે. એકવાર લંકાપતિ દશાનન નિત્યાલોક નગરના નરેશ નિત્યલોકની પુત્રી રત્નાવલીના વિવાહ કરી આકાશમાર્ગે જઈ રહ્યા હતા. પરંતુ કૈલાસ પર્વત પર ઉડતી વખતે તેમનું પુષ્પક વિમાન સહસા અટકી ગયું. દશાનને વિમાન અટકવાનું કારણ જાણવાની ઈચ્છા કરી અને તેમણે અમાત્ય મારીચને કહ્યું—દેવ, કૈલાસપર્વત ઉપર એક મુનિરાજ પ્રતિમાયોગ ધરી બિરાજિત છે. તે ઘોર તપસ્વી લાગે છે. તેથી વિમાન તેનું અતિક્રમણ કરી નહીં જાય. દશાનને તે પર્વત પર ઉતરી મુનિરાજના દર્શન કર્યા, પરંતુ જોતાં જ ઓળખી ગયાં

કે આ 'બાલી' છે. તેની સાથે પોતાના પૂર્વ સંઘર્ષનું સ્મરણ કરી તે ઘણા ક્રોધમાં આવી ગયો અને બોલ્યા—અરે દુર્બુદ્ધિ! તું મોટું તપ કરી રહ્યો છો તે અભિમાનથી મારું વિમાન રોકી લીધું, હું તારા અહંકારને હમણાં નષ્ટ કરી દઉં છું. તું જે કૈલાસ પર્વત પર બેઠો છે તેને ઉખાડીને તારી સાથે સમુદ્રમાં ફેંકુ છું. તેમ કહી દશાનને જેવી પોતાની ભુજાઓથી વિદ્યાબળની સહાયતાથી કૈલાસને ઉપાડવાનું શરૂ કર્યું કે મુનિરાજ બાલીએ અવધિજ્ઞાનથી દશાનનના આ દુષ્કૃત્યને જાણી લીધું.

ત્યારે તેઓ વિચાર કરવા લાગ્યા—ભરત ચક્રવર્તીએ અનેક પ્રકારનાં સર્વ રત્નમયી ઊંચા ઊંચા જિનમંદિરો બંધાવ્યા છે. ભક્તિભર્યા સુર અને અસુર તેની પ્રતિદિન પૂજા–ભક્તિ કરે છે, માટે આ પર્વતના વિચલિત થઈ જવાથી ક્યાંક તે જિનમંદિરો નષ્ટ ન થઈ જાય.


એવા વિચારથી મુનિરાજે પર્વતને પોતાના પગના અંગુઠાથી દબાવ્યો. દશાનન દબાઈ ગયો અને બહુ જ રોવા લાગ્યો. ત્યારથી એનું નામ રાવણ પડી ગયું. ત્યારે દયાવશ અંગુઠો ઢીલો કર્યો અને રાવણ પર્વત નીચેથી નીકળી નિરભિમાન થઈ મુનિરાજની સ્તુતિ કરવા લાગ્યો. મહામુનિ બાલી ઘોર તપસ્યા કરી કૈલાસપર્વત પરથી મુક્તિ પધાર્યા.

● અંજના અને પવનંજયના લગ્ન આ પહાડ પર થયા હતા.

● વિદ્યાધરો પણ કૈલાસ–યાત્રા હેતુ અહીં આવતા હતા તેવો પુરાણમાં ઉલ્લેખ છે.

● કૈલાસની આકૃતિ એવા લિંગાકારની છે કે જાણે ષોડશ દલવાળા કમળની મધ્યમાં ઊભું હોય! તે ષોડશ દળવાળા શિખરોમાં આગળના બે શ્રૃંગ ઝૂકીને લાંબા થઈ ગયા છે. આ જ ભાગમાંથી કૈલાસનું જળ ગૌરીકુંડમાં પડે છે.

● કૈલાસ આ પર્વતોમાં સૌથી ઊંચો છે તેનો રંગ કસોટી પત્થર જેવો છે. પરંતુ બરફથી ઢંકાયેલ રહેવાથી તેનો વર્ણ રજત જેવો દેખાય છે. બીજા શ્રૃંગ કાચા લાલ મટમેલા પત્થરના છે. કૈલાસના શિખરની ઊંચાઈ સમુદ્રતળથી ૧૯૦૦૦ ફુટ છે. પહોળાઈ દોઢ માઈલની છે જે ચડવામાં ઘણી જ આકરી છે.




(૨) પૂર્વ વેરવશ બાલી મુનિરાજને પાડવા રાવણ દ્વારા પર્વત હલાવતો જોઈ બાલી મુનિરાજનું રત્નોની ચોવીશી હેતુ અંગૂઠો દબાવતાં રાવણનું રડવું અને મુનિથી ક્ષમા યાચના

કૈલાસને ધ્યાનથી જોતાં એક આશ્ચર્યજનક વાત ખ્યાલમાં આવે છે. તે કૈલાસ પર્વત શિખરનાં ચારે ખૂણામાં એવી મંદિરાકૃતિ બનેલ છે જે અનેક મંદિરોના શિખરો પર ચારે તરફ બનેલી હોય છે.

તિબેટ તરફથી આ પર્વત ઢાળવાળો છે. તે બાજુ તિબેટીઓના અનેક મંદિરો બનેલા છે. અનેક તિબેટીઓ તો તેની બત્રીસ માઈલની પરિક્રમા દંડવત્ પ્રણિપાત કરી કરે છે. લિંગપૂજા શબ્દનું પ્રચલન તિબેટથી જ થયેલ છે. તિબેટી ભાષામાં લિંગનો અર્થ ક્ષેત્ર યા તીર્થ છે. અતઃ લિંગપૂજાનો અર્થ તીર્થપૂજા થયો.

આખો કૈલાસ પર્વત હિમાચ્છાદિત હોવાથી હિમવાન પર્વત કહેવાય છે. તે પરથી કેટલાંક લોકોની માન્યતા છે કે આ તે જ હિમવાન પહાડ છે જ્યાં પદ્મ સરોવર છે. જેમાંથી વર્તમાનમાં ગંગા આદિ નદી નીકળે છે, પરંતુ આ માન્યતા યોગ્ય લાગતી નથી, કેમકે શાસ્ત્ર પ્રમાણે હિમવાન પર્વતના પૂર્વ–પશ્ચિમનો અંત લવણ સમુદ્રના તટ પર છે જે અહીંયા દેખાતો નથી.

● આ પર્વતને અષ્ટાપદ અને કૈલાસ અથવા ધવલગિરિ બરફથી આચ્છાદિત ધવલરૂપ આ પર્વત હોવાથી આ ધવલગિરિ કહેવામાં આવે છે.

● આજકાલ ૠષિકેષ, જોષીમઠ, બદરીનાથ, કેદારનાથ, ગંગોત્રી, જમનોત્રી અને કૈલાસ આદિ આ આઠ ક્ષેત્રવાળો પ્રદેશ જ અષ્ટાપદ કહેવાય છે. અહીંયા એક પર્વતની શ્રૃંખલા ફેલાયેલી છે. આ પ્રાચીન જૈન તીર્થંકર પ્રતિમા સહ તીર્થ છે જે વચલાકાળમાં બૌદ્ધો દ્વારા અને પ્રવર્તમાન હિન્દુઓના કબ્જામાં છે. આ આખો ઈતિહાસ ઘણો લાંબો છે. ઈતિહાસરસિકો દ્વારા વાંચવાયોગ્ય છે, જેમાંથી ખ્યાલ આવે કે આ કઈ રીતે રત્નપ્રતિમાઓ, ભગવાન શ્રી ૠષભદેવની પ્રતિમા આદિ દિગંબર તીર્થરૂપ આ પર્વત છે. આમ આ એક દિગંબર તીર્થ છે તથા સિદ્ધક્ષેત્ર છે.

અહીં જવા માટે રેલ, બસ, ચાલીને ત્રિમિશ્ર પદ્ધતિનો સહારો લેવો પડે છે. ત્યારે જ બધા ક્ષેત્રના યથાર્થતઃ દર્શન થઈ શકે છે. પ્રાયઃ બધા તીર્થ પર પ્રક્ષાલનના સમયે દિગંબર પ્રતિમાના દર્શન થઈ શકે છે.

# શ્રી ગિરનાર સિદ્ધક્ષેત્ર (સૌરાષ્ટ્ર)



● જે ક્ષેત્ર પરથી તીર્થંકરોનું એક પણ કલ્યાણક થાય તેને આગમાનુસાર 'ક્ષેત્રમંગલ' માનવામાં આવે છે તો અહીંયા (ગિરનાર)થી તો ભગવાન શ્રી અરિષ્ટનેમિના તપ, જ્ઞાન અને નિર્વાણ એવા ત્રણ ત્રણ કલ્યાણક થયાં છે તેથી આ ક્ષેત્ર 'મંગલસ્વરૂપ' તો છે જ તદુપરાંત આ ક્ષેત્ર તીર્થભૂમિ અને સિદ્ધક્ષેત્ર છે.

● આ ગિરનારગિરિ, રૈવતગિરિ અને ઉર્જયન્તગિરિના નામથી પ્રસિદ્ધ છે.

● આ ક્ષેત્ર પર ઘણી કલ્યાણકારી ઘટનાઓ બની છે તેમાંથી કેટલીક નીચે પ્રમાણે છે—

● ભગવાન શ્રી નેમિનાથનો દીક્ષા કલ્યાણક અને છપ્પન દિવસ પછી જ્ઞાનકલ્યાણક આ ગિરનારગિરિના સહસ્રામ્રવનમાં થયેલ છે. ત્યાં ઈન્દ્રે તથા અસંખ્ય દેવોએ કેવળજ્ઞાનની પૂજા આદિ કરીને કેવળજ્ઞાન મહોત્સવ મનાવ્યો હતો. તે કેવળજ્ઞાન અવસ્થામાં ૬૯૯ વર્ષ ૧૦ માસ ૪ દિવસ રહ્યાં હતા.

● ભગવાનનો અંતિમ ઉપદેશ આ જ પર્વત પર થયો હતો.

● આ જ ક્ષેત્ર પરથી કરોડો મુનિઓએ મુક્તિ પ્રાપ્ત કરી. આ સંબંધમાં આગમમાં બે ઉલ્લેખ આવે છે. (૧) આ ૭૭૨ ક્રોડ મુનિઓની નિર્વાણસ્થળી છે.

(૨) અહીંથી ૭૨ કરોડ ૭૦૦ મુનિરાજ મોક્ષ પધાર્યા. અધિકાંશ સ્થળો પર ૭૨ કરોડ ૭૦૦ મુનિરાજના મોક્ષગમનની વાત મળતી હોવાથી આ સંખ્યા યોગ્ય લાગે છે.

● અહીંથી સમુદ્રવિજય આદિ ૯ ભાઈ, દેવકીના યુગલિયા છ પુત્ર, શંબુકુમાર, પ્રદ્યુમ્નકુમાર, અનિરૂદ્ધકુમારાદિ ૭૨ કરોડ ૭૦૦ મુનિરાજ મોક્ષ પધાર્યા છે. તેમાંથી જાંબવતીના પુત્ર શંબુકુમાર ત્રીજી ટૂકેથી, અનિરૂદ્ધકુમાર બીજી ટૂકેથી અને પ્રદ્યુમ્નકુમાર ચોથી ટૂકેથી મોક્ષ પધાર્યા છે. આ ત્રણેય જગ્યાએ તેમના ચરણચિહ્ન ઉત્કીર્ણ કરવામાં આવ્યા છે.

● શ્રી ગજસુકુમાર મુનિ પર પણ ઉપસર્ગ અહીં જ થયો હતો. તેમના ઉપસર્ગનો અને અંતઃકૃતકેવળી થવાના સમાચાર યાદવોએ સાંભળ્યા તો વસુદેવને છોડી સમુદ્રવિજય આદિ રાજાઓએ દીક્ષા લઈ લીધી. શીવાદેવી વગેરે માતાઓ દેવકી અને રોહિણીને છોડી વસુદેવની અન્ય સ્ત્રીઓ અને કૃષ્ણની પુત્રીઓએ અર્જીકા વ્રત ગ્રહણ કર્યું.



● ભગવાન શ્રી નેમિનાથ જે સ્થાનેથી મોક્ષ પધાર્યા ત્યાં ઈન્દ્રે વજ્રથી સિદ્ધશિલાનું નિર્માણ કર્યું અને ચરણચિહ્ન ઉત્કીર્ણ કર્યા.


● અહીં ઈન્દ્ર દ્વારા ભક્તિવશ ભગવાનના ચરણચિહ્ન અંકિત કરવા સિવાય ભક્તિવશ ઈન્દ્રે ભગવાનની ભવ્યમૂર્તિની પણ સ્થાપના કરી હતી. આ મૂર્તિની વિદ્યમાનતા વિક્રમની ૧૪–૧૫ શતાબ્દી સુધી હતી.

● અહીં અંબિકાદેવીનું મંદિર છે, જે વર્તમાનમાં હિન્દુઓના કબજામાં છે. પરંતુ ઐતિહાસિક પ્રમાણોથી જણાય છે કે આ મંદિર મૂલતઃ દિગંબરનું હતું.

ભગવાન શ્રી કુંદકુંદાચાર્ય યાત્રા (ગિરનાર યાત્રા) હેતુ અહીં પધાર્યા ત્યારે શ્વેતાંબર સાધુઓ સાથે ચર્ચામાં જીત થઈ અને તેમાં અંબિકાદેવીએ મદદ કરી હતી.

આ અંબિકાદેવીએ દિગંબર જૈનોને શા માટે મદદ કરી? તેની કથાથી ખબર પડે છે કે પૂર્વભવમાં બ્રાહ્મણ હોવા છતાં મુનિરાજનું પડગાહન કર્યું તે કારણે તેના બ્રાહ્મણ પતિએ તેને માર માર્યો તેથી તે તેના પુત્રો સાથે ગિરનાર પર આવી ગઈ. પછી તેના પુણ્યોદયથી કંઈક દૈવી ઘટના જોઈ ગામના લોકો અને તેના પતિ તેને દેવીરૂપે જોવા લાગ્યા. તેને પોતાની ભૂલ સમજાઈ. તેથી તેનો પતિ તે બ્રાહ્મણીને લેવા આવ્યો. તે પતિને આવતા જોઈ ગભરાઈ ગઈ અને પર્વત પરથી લપસી પડીને દેવી થઈ. અને હંમેશા શ્રી નેમિનાથ ભગવાન અને દિગંબર ધર્મની ભાવનાવાળાઓને મદદ કરતી રહી.

● ચતુર્થ શ્રુતકેવળી ગોવર્ધનસ્વામી અને પંચમ શ્રુતકેવળી ભદ્રબાહુસ્વામી ગિરનારની યાત્રા હેતુ અહીં પધાર્યા હતા. ભગવાન ધરસેનાચાર્યે આ જ ગિરનારની ચંદ્રગુફામાં ભગવાન શ્રી પુષ્પદંત અને ભૂતબલિ મુનિરાજની પરીક્ષા લીધી અને ષટ્ખંડાગમનો ઉપદેશ આપ્યો. તે ઉપરાંત હરિવંશપુરાણના રચયિતા આચાર્ય શ્રી જિનસેનસ્વામી યાત્રાહેતુ અહીં પધાર્યા હતા. તે સમયે હરિવંશપુરાણની રચના થઈ.



શ્રી પુષ્પદંત અને ભૂતબલિ મુનિરાજને ષટ્ખંડાગમનું જ્ઞાન આપતા શ્રી ધરસેનાચાર્યદેવ

● અહીં અનેક શિલાલેખો છે જેનાથી ભગવાન શ્રી નેમિનાથ, તેમનું નિર્વાણ, એમના ત્રિકલ્યાણકોના આ પર્વત પર (ગિરનાર-રૈવતગિરિ-ઉર્જયન્ત) થવાનું પ્રમાણ મળે છે.

● આ ક્ષેત્ર પ્રાચીનકાળથી દિગંબર જૈનોનું છે. ગિરનાર પર ઈ.સ. ૧૧–૧૨મી શતાબ્દી પૂર્વની કોઈ શ્વેતામ્બર પ્રતિમાઓ નથી. ઈ.સ. પૂર્વ ૩૦૦ની આસપાસ જયારે અહીં બાર વર્ષનો દુઃકાળ પડ્યો, ત્યારપછી દિગંબર મુનિઓનું દક્ષિણથી આ બાજુ આવવાનું બન્યું તો ગુરુ દ્વારા સમજાવવાથી કેટલાકે તો દિગંબરી દીક્ષા લઈ લીધી. પરંતુ અમુક ન પણ માન્યા અને તેમના માનનારાઓએ શ્વેતાંબર વેષને જ માનવાનું ચાલુ રાખ્યું. પરંતુ તે ૧૧–૧૨મી શતાબ્દી સુધી ગિરનાર તીર્થક્ષેત્રે આવે તો દિગંબર પ્રતિમા છે તેની જ પૂજા કરતા હતા. ૧૧–૧૨મી શતાબ્દી પછી શ્વેતામ્બર સમાજે અહીં શ્વેતામ્બર મંદિર બનાવ્યું.

● અહીં પાંચ ટૂક છે. સહસ્રાવન જવાનો રસ્તો પહેલી ટૂકથી છે અહીંયા ભગવાન શ્રી નેમિનાથનું દીક્ષાકલ્યાણક થયું હોવાથી અહીં તેમના ચરણચિહ્ન બનાવેલ છે.

અહીં બધે પાકા પગથિયાં બનાવ્યાં છે. કુલ પગથિયા ૯૯૯૯ છે. પહેલી ટૂક સુધી ૪૪૦૦, બીજી સુધી ૪૦૦ ત્રીજી સુધી ૭૦૦, ત્રીજીથી પાંચમી ટૂક ૨૫૦૦ અને સહસ્રાવનમાં જવા માટે ૧૯૯૯ પગથિયા છે. ચોથી ટૂક જવા પગથિયાની વ્યવસ્થા નથી. પથ્થર પર ચડીને જવું પડે છે.

તળેટી મંદિર અને ધર્મશાળાની પાસેથી જ પહાડ પર જવાનો રસ્તો (દાદરા) છે. પહેલી ટૂક પર ધર્મશાળા, મંદિર પાસે રાજુલ ગુફા છે. અહીં ચૌદ ઈંચ લાંબા શ્રી કુંદકુંદાચાર્યનાં ચરણ છે.

રાખેંગાર દુર્ગના દરવાજા પાસે ભગવાન શ્રી નેમિનાથનું દર્શનીય મંદિર છે. જે પહેલાં દિગંબર હતું પછી શ્વેતાંબરોએ આભરણયુક્ત કરી દીધું છે. બીજી ટૂક પર અનિરૂદ્ધકુમારે તપ કર્યું અને નિર્વાણ પામ્યા. અહીં નાની છત્રીમાં અનિરૂદ્ધકુમારનાં ચરણચિહ્ન છે.


ત્રીજી ટૂક પર શમ્બુકુમારના તપ અને નિર્વાણ પ્રાપ્તિના નિમિત્તે ચરણચિહ્ન છે.

ચોથી ટૂક પર પ્રદ્યુમ્નકુમારના મોક્ષકલ્યાણક હેતુ ચરણચિહ્ન છે.

પાંચમી ટૂક પર ભગવાન નેમિનાથના ચરણચિહ્ન છે. તેની પાછળ નેમિનાથ ભગવાનની દિગંબર પ્રતિમા બિરાજમાન છે. (હાલમાં વૈષ્ણવ લોકો તેને દત્તાત્રેય માને છે.)

તળેટી મંદિર ધર્મશાળા સિવાય ઉપરકોટ વિસ્તારમાં દિગંબર ધર્મશાળા અને જિનમંદિર છે.

અહીં અમદાવાદ, રાજકોટ, ભાવનગરથી બસ દ્વારા અથવા રેલ દ્વારા આવી શકાય છે.




પૂજ્ય ગુરુદેવશ્રીની સસંઘ ગિરનારજી તીર્થયાત્રા

આ તીર્થની પૂજ્ય સદ્ગુરુદેવશ્રી કાનજીસ્વામીએ વિ.સં. ૧૯૯૬(ઈ.સ. ૧૯૪૦)માં તથા વિ.સં. ૨૦૩૦ (ઈ.સ. ૧૯૭૪)માં સસંઘ ભક્તિભાવથી વંદના–યાત્રા કરી હતી.

# શ્રી પદ્મપ્રભ જિનેન્દ્રદેવનું દીક્ષા કલ્યાણક

ધાતકીખંડ દ્વીપના પૂર્વ વિદેહક્ષેત્રમાં સીતાનદીના દક્ષિણ તટ પર વત્સ દેશ છે. ત્યાં સુસીમા નગરમાં મહારાજા અપરાજિત રાજ્ય કરતા હતા. મહારાજા અપરાજિત વાસ્તવમાં અપરાજિત હતા કેમકે શત્રુ ક્યારેય તેમને જીતી શકતા ન હતા અને તેઓએ તેમના અંતરંગ અને બહિરંગ શત્રુઓને જીતી લીધા હતા. તે રાજા કુટિલ મનુષ્યોને પોતાના પરાક્રમથી જીતી લેતા હતા. માટે બાહુબળથી સુશોભિત તે રાજાની સપ્તાંગ સેના કેવળ બાહ્ય આડંબર માત્ર હતી. તેનું રાજ્ય બીજા દ્વારા ઘર્ષણીય–તિરસ્કાર કરવા યોગ્ય ન હતું. આ પ્રકારે અનેક ભવોમાં ઉપાર્જિત પુણ્યકર્મના ઉદયથી પ્રાપ્ત અનેક સહૃદયી મિત્રોમાં વહેંચાયેલા તે રાજ્યનો તેમણે ચિરકાલ સુધી ઉપભોગ કર્યો.



જંગલમાં અપરાજિત રાજા દ્વારા મુનિદીક્ષા

ત્યારબાદ વિચાર કરવા લાગ્યા કે આ સંસારમાં સમસ્ત પર્યાયો ક્ષણભંગુર છે. સુખ પર્યાય દ્વારા ભોગવવામાં આવે છે અને કારણનો વિનાશ થવાથી કાર્યની સ્થિતિ કેવી રીતે થઈ શકે? આ પ્રકારે ૠજુસુત્રનયથી બધા પદાર્થોને ક્ષણભંગુર સ્મરણ કરતા થકા તે સમયે પોતાના આત્માને વશ કરવા માટે તેમણે 'સુમિત્ર' નામના પુત્રને રાજ્ય આપ્યું અને વનમાં જઈને શ્રી પિહિતાશ્રવ જિનેન્દ્રને દીક્ષાગુરુ

બનાવ્યા. અગિયાર અંગનું અધ્યયન કરી સોલહકારણ ભાવનાઓ ભાવીને તીર્થંકર પ્રકૃતિનો બંધ કર્યો.

આયુષ્યના અંતમાં સમાધિમરણ દ્વારા શરીર છોડી અત્યંત રમણીય ઉર્ધ્વગ્રવેયકના પ્રીતિંકર વિમાનમાં અહમિન્દ્ર થયા. એકત્રીસ સાગર તેમનું આયુષ્ય હતું. બે હાથ ઊંચુ શરીર અને શુક્લ લેશ્યા હતી. ૪૬૫ દિવસમાં શ્વાસોચ્છ્વાસ ગ્રહણ કરતા હતા. એકત્રીસ હજાર વર્ષ પછી માનસિક આહારથી સંતુષ્ટ થતા હતા. પોતાના તેજ બળ અને અવધિજ્ઞાનથી સાતમી પૃથ્વીને વ્યાપ્ત કરતા હતા અને ત્યાં સુધી તેમની વિક્રિયાઋદ્ધિ હતી. આ રીતે અહમિન્દ્ર સંબંધી સુખ તેમને પ્રાપ્ત હતું. આયુના અંતે ત્યાંથી ચ્યવી પૃથ્વી પર અવતાર લેવા તે ઉદ્યત થયા.




તે સમયે જમ્બૂદ્વીપની કૌશામ્બી નગરીમાં ઈક્ષ્વાકુવંશી કાશ્યપગોત્રી 'ધરણ' નામનો એક મોટો રાજા હતો. તેની સુસીમા નામની રાણી હતી. જે રત્નવૃષ્ટિ આદિ અતિશયોથી સમ્માનિત હતી. મહા વદ છઠના દિને સવારે જ્યારે ચિત્રા નક્ષત્ર અને ચંદ્રમાનો સંયોગ થઈ રહ્યો હતો ત્યારે રાણી સુસીમાએ હાથી આદિ સોળ સ્વપ્ના જોયા પછી મુખમાં પ્રવેશ કરતો એક હાથી જોયો. પતિ દ્વારા સ્વપ્નોનું ફળ જાણી તેઓ હર્ષિત થયા.

કાર્તિક માસની કૃષ્ણપક્ષ તેરસના દિને ત્વષ્ટયોગમાં તેણે લાલ કમળની કલિકા સમાન કાંતિવાળા અપરાજિત પુત્રને જન્મ આપ્યો. તેને પુત્રનો જન્મ થતાં ગુણોની ઉત્પત્તિ થઈ. દોષસમૂહનો નાશ અને હર્ષથી સમસ્ત પ્રાણીઓનો શોક શાંત થઈ ગયો. સ્વર્ગ અને મોક્ષનો માર્ગ ચલાવવાવાળા ભગવાને જન્મ થતાં મોહરૂપી શત્રુને કાંતિરહિત કરી દીધા. તે વખતે ઈન્દ્રોએ મેરૂ પર્વત પર લઈ જઈને ક્ષીરસાગરના જળથી તેમનો અભિષેક કર્યો અને હર્ષ સહ તેમનું નામ 'પદ્મપ્રભ' રાખી સ્તુતિ કરી, વંદના કરી. ત્યારપછી અતિ કાંતિમાન જિન—બાળકને પાછા લાવી માતાના ખોળામાં મૂક્યા. હર્ષવિભોર બની નૃત્ય કર્યું અને પછી સ્વર્ગ તરફ પ્રસ્થાન કર્યું.

ભગવાન શ્રી પદ્મપ્રભના શરીરની જેવી સુંદરતા હતી તેવી સુંદરતા ન તો શરીરસહિત કામદેવમાં હતી, ન કોઈ મનુષ્યમાં. યથાર્થમાં તેમની સુંદરતાનું વર્ણન જ ન થઈ શકે. જ્યારે શ્રી સુમતિનાથ ભગવાનના તીર્થ પરંપરાને નેવું હજાર ક્રોડ સાગર વીતી ગયા ત્યારે ભગવાન પદ્મપ્રભ જન્મ્યા હતા. ત્રીસ લાખ પૂર્વ તેમનું આયુષ્ય હતું. ૨૫૦ ધનુષ ઊંચું શરીર હતું. તેમના આયુષ્યનો એક ચતુર્થાંશ (૧/૪) ભાગ વીતી ગયો ત્યારે તેમણે એક છત્ર રાજ્ય પ્રાપ્ત કર્યું, તેમનું તે રાજ્ય વંશ પરંપરાથી ચાલ્યું આવતું હતું. તે ઠીક છે કેમકે સજ્જન મનુષ્ય તે રાજ્યની ઈચ્છા નથી કરતા, જે અન્ય પ્રકારે પ્રાપ્ત થાય છે. જ્યારે ભગવાન શ્રી પદ્મપ્રભને રાજ્યપટ્ટ બાંધવામાં આવ્યો ત્યારે બધાને એવો હર્ષ થયો કે જાણે મને જ રાજ્યપટ્ટ બાંધવામાં આવ્યો હોય. તેમના દેશોમાં આઠ મહાભય સમૂહ નષ્ટ થઈ ગયા અને બધી સંપદાઓ પ્રાપ્ત થઈ ગઈ.


આ રીતે જ્યારે ભગવાન શ્રી પદ્મપ્રભને રાજ્ય પ્રાપ્ત થયું તો સંસાર જાણે સુતો હતો તે જાગી ગયો. તે ઠીક જ છે, કેમકે રાજાઓનું રાજ્ય તે જ છે, જે પ્રજાને




મહેલના દરવાજા ઉપર બાંધેલો હાથી જોઈને વૈરાગ્યવંત થતા રાજા પદ્મપ્રભ

સુખ દેવાવાળું હોય. જ્યારે તેમનું આયુ સોળ પૂર્વાંગ કમ એક લાખ પૂર્વનું જ રહ્યું ત્યારે કોઈ સમયે દરવાજા પર બાંધેલ હાથીની દશા સાંભળવાથી પોતાના પૂર્વભવનું જ્ઞાન થયું અને તત્ત્વોનું સ્વરૂપ જાણવાવાળા તે સંસારને ધિક્કારવા લાગ્યા. તે પાપ તથા દુઃખોને દેવાવાળા કામભોગોથી વિરક્ત થઈ ગયા. તે વિચારવા લાગ્યા કે આ સંસારમાં એવો કયો પદાર્થ છે જે મેં ન જોયો હોય, અડ્યો ન હોય કે સુંઘ્યો ન હોય, સાંભળ્યો ન હોય અને ખાધો ન હોય જેનાથી તે નવા જેવા લાગે છે. આ જીવ પોતાના પૂર્વભવોમાં જે પદાર્થોનો અનંતવાર ઉપભોગ કરી ચૂક્યો છે, તેમને જ વારંવાર ભોગવે છે તેથી અભિલાષારૂપ સાગરની વચ્ચે પડેલ આ જીવને શું કહેવાય? ઘાતિયા કર્મોના નષ્ટ થવાથી જેના કેવળજ્ઞાનરૂપી ઉપયોગમાં જ્યાં સુધી આખોએ સંસાર ન ઝળકે ત્યાંસુધી મિથ્યાત્વ આદિથી દૂષિત ઈન્દ્રિયોંથી તે તૃપ્ત થતો નથી. આ શરીર રોગરૂપી સર્પોના રાફડો છે તથા આ જીવ જોઈ રહ્યો છે કે અમારા ઈષ્ટજન, આ રોગરૂપી સાંપોથી ડસાઈને નષ્ટ થઈ રહ્યા છે. તો પણ આ શરીરમાં અવિનાશી મોહ કરી રહ્યા છે, આ મોટું આશ્ચર્ય છે. શું આજ સુધી કોઈ જીવે આયુષ્ય સાથે શાશ્વત સહવાસ કર્યો છે? અર્થાત્ નથી કર્યો.

જે હિંસાદી પાંચ પાપોને ધર્મ માને છે અને ઈન્દ્રિય તથા પદાર્થના સંબંધથી થવાવાળા સુખને સુખ માને છે. તે વિપરીતદર્શી મનુષ્યોને આ સંસાર રુચે છે, સારો લાગે છે. જેનાથી પાપ અને પુણ્ય બન્નેનો નાશ થઈ જાય છે, વિદ્વાનોએ સદા તેનું ધ્યાન રાખવું જોઈએ. તેનું જ આચરણ કરવું જોઈએ અને તેનું જ અધ્યયન કરવું જોઈએ. આ રીતે સંસાર શરીર અને ભોગ—આ ત્રણેયથી જેમને મુનિદશા થવાયોગ્ય વૈરાગ્ય થયો છે અને આત્મ પરિણતિની પ્રચુર નિર્મળતારૂપ આત્મજ્ઞાન જેને ઉત્પન્ન થયું છે, ઉપરાંત લોકાન્તિક દેવોએ જેમનો ઉત્સાહ વધાર્યો છે અને ચતુર્નિકાય દેવોએ જેનો દીક્ષાકલ્યાણકનો અભિષેકોત્સવ કર્યો છે એવા શ્રી પદ્મપ્રભ ભગવાન 'નિવૃત્તિ' નામની પાલખી પર આરૂઢ થઈને મનોહર નામના વનમાં ગયા. ત્યાં બેલાનો નિયમ લઈને કાર્તિક કૃષ્ણ



પદ્મપ્રભ ભગવાનનું દીક્ષા હેતુ વનગમન




ભગવાન શ્રી પદ્મપ્રભનો દીક્ષા કલ્યાણક મહોત્સવ

તેરસના દિવસે સાંજના સમયે ચિત્રા નક્ષત્રમાં એક હજાર રાજાઓ સાથે દીક્ષા ગ્રહણ કરી લીધી. જેમને મનઃપર્યયજ્ઞાન ઉત્પન્ન થયું એવા વિદ્વાનોમાં શ્રેષ્ઠ શ્રી પદ્મપ્રભસ્વામીએ બીજે દિવસે આહાર માટે વર્દ્ધમાન નામના નગરમાં પ્રવેશ કર્યો. શુક્લકાન્તિના ધારક રાજા સોમદત્તે તેમને દાન આપી પંચાશ્ચર્ય ઉત્પન્ન કર્યા તે ઠીક જ છે કેમ કે પાત્રદાનથી શું નથી થતું? શુભ આસ્રવોથી પુણ્યનો સંચય અને ગુપ્તિ, સમિતિ, ધર્મ, અનુપ્રેક્ષા, પરિષહ, જપ તથા ચારિત્ર—આ છ ઉપાયોથી કર્મ સમૂહનો સંવર અને તપ દ્વારા નિર્જરા કરતા તેમણે છદ્મસ્થ અવસ્થાના છ માસ મૌન લઈને વ્યતીત કર્યા. ત્યારબાદ ક્ષપકશ્રેણી પર આરૂઢ થઈ ચાર ઘાતીયા કર્મોનો નાશ કર્યો તથા ચૈત્ર શુક્લ પૂર્ણિમાને દિવસે જ્યારે સૂર્ય બપોર પછી નીચે ઢળી ચૂક્યો હતો ત્યારે ચિત્રા નક્ષત્રમાં ભગવાને કલ્યાણકારી કેવળજ્ઞાન પ્રાપ્ત કર્યું. તે જ સમયે ઈન્દ્રોએ આવીને તેમની પૂજા કરી.

# શ્રી ચન્દ્રપ્રભસ્વામી જિનેન્દ્ર દીક્ષા કલ્યાણક

આ જંબૂદ્વીપના ભરતક્ષેત્રમાં એક ચન્દ્રપુર નામનું નગર હતું. તેમાં ઈક્ષ્વાકુવંશી કાશ્યપગોત્રી તથા આશ્ચર્યકારી વૈભવ ધારણ કરવાવાળા મહાસેન નામના રાજા રાજ્ય કરતા હતા. તેમની મહાદેવીનું નામ લક્ષ્મણા હતું. લક્ષ્મણાને પોતાના ઘરના આંગણામાં દેવો દ્વારા વરસાવેલ રત્નોની ધારા પ્રાપ્ત થઈ હતી. શ્રી, હ્રીં આદિ દેવીઓ સદા તેમની પાસે રહેતી હતી. દેવોપનીત વસ્ત્ર, માળા, લેપ તથા શય્યા આદિ સુખોનો સમુચિત ઉપભોગ કરવાવાળી રાણી ચૈત્રકૃષ્ણ પંચમીના દિને પાછલી રાત્રિમાં સોળ સ્વપ્ન જોઈ સંતોષ પામી.

સૂર્યોદયના સમયે ઊઠીને સુંદર વસ્ત્રાભરણ પહેરેલા અને પ્રસન્નમુખ થઈને સિંહાસન પર બેઠેલા પોતાના પતિને બધા સ્વપ્નની વાત કરી. રાજા મહાસેને પણ



પ્રધાન સહિતની સભામાં રાજાને સ્વપ્નનું ફળ પૂછતી રાણી

અવધિજ્ઞાન દ્વારા તે જ સ્વપ્નોના ફળ જાણીને રાણીને દરેકનું ફળ પ્રમોદપૂર્વક સમજાવ્યું. જે સાંભળી રાણી અતિ પ્રસન્ન થયાં. શ્રી, હ્રીં, ધૃતિ, કીર્તિ, આદિ દેવીઓ તેમની (માતાની) કાંતિ, લજ્જા, ધૈર્ય, કીર્તિ, બુદ્ધિ, સૌભાગ્ય સંપતિને વધારતી હતી. આ રીતે કેટલાયે દિવસ વ્યતીત થયા પછી, પોષ કૃષ્ણ એકાદશીના દિને શક્રયોગમાં દેવપૂજિત, અચિંત્ય પ્રભાના ધારક અને ત્રણ જ્ઞાનથી સંપન્ન અહમિંદ્રે પુત્રરૂપે જન્મ લીધો.




તે જ સમયે ઈન્દ્રે આવીને મહામેરુના શિખર પર વિદ્યમાન સિંહાસન પર તે જિન–બાળકને બિરાજમાન કર્યા. ક્ષીરસાગરના જળથી તેમનો અભિષેક કર્યો. સર્વ પ્રકારના આભૂષણોથી ભૂષિત કર્યા. ત્રણ લોકના રાજ્યની કંઠી બાંધી અને ફરી પ્રસન્નતાથી હજાર નેત્ર કરી પ્રભુને નીરખ્યા. તેમનો જન્મ થતાં સમસ્ત પૃથ્વીમંડળનો સમૂહ અથવા નીલ–કમળોનો સમૂહ અત્યંત વિકસિત થઈ ગયો. તેથી ઈન્દ્રે વ્યવહારની પ્રસિદ્ધિ માટે 'ચન્દ્રપ્રભ' એવું સાર્થક નામ રાખ્યું. ઈન્દ્રે આ ત્રિલોકીનાથને માતા-પિતાને સોંપી દીધા. ત્યાર પછી તેમની આગળ 'આનંદ' નામનું નાટક કર્યું. તમે ભોગોપભોગની યોગ્ય વસ્તુઓ દ્વારા ભગવાનની સેવા કરો આ રીતે કુબેરને સંદેશ આપી ઈન્દ્ર પોતાને સ્થાને ચાલ્યા ગયા. જોકે વિદ્વાન લોકો સ્ત્રીપર્યાયને નિંદ્ય કહે છે, તો પણ લોકોને કલ્યાણ કરવાવાળા જગત્પતિ ભગવાનને ધારણ કરનાર તે લક્ષ્મણા રાણી (ભગવાનની માતા) ઘણી જ પુણ્યવંતી અને પવિત્ર છે. આ રીતે દેવ લોકોએ તેમની સ્તુતિ કરી મહાન ફળ પ્રાપ્ત કર્યું તથા આ પ્રકારની સ્ત્રી–પર્યાય શ્રેષ્ઠ છે એવો દેવોએ પણ સ્વીકાર કર્યો.

ભગવાન શ્રી સુપાર્શ્વનાથના મોક્ષગમન પછી જ્યારે નવસો ક્રોડ સાગરનું અંતર વીતી ગયું ત્યારે ભગવાન શ્રી ચંદ્રપ્રભ જિનેન્દ્રનો જન્મ થયો. તેમનું આયુષ્ય પણ આ અંતરમાં સમ્મિલિત છે. દસ લાખ પૂર્વનું તેમનું આયુષ્ય હતું. એક સો

પચાસ ધનુષ ઊંચુ શરીર હતું. દ્વિતીયાના ચંદ્રની જેમ વધી રહ્યા હતા. સમસ્ત સંસાર તેમની સ્તુતિ કરતો હતો. હે સ્વામિન્! આપ અહીં આવો' એમ કુતૂહલવશ કોઈ દેવી તેમને બોલાવતી હતી. તે તેમના ફેલાયેલા હાથોમાં કમળ જેવી પોતાની હથેળીઓ મૂકી દેતાં હતાં. ત્યારે વિનાકારણે પ્રગટ થયેલ મંદ હાસ્ય તેમના મુખકમળ પર ખીલી ઉઠતું હતું. તે ક્યારેક મણિજડિત પૃથ્વી પર ડગમગતા પગ મૂકતા હતા.

આ રીતે તે અવસ્થાને યોગ્ય ભોળી શુદ્ધ ચેષ્ટાઓમાં બાલ્યકાળ વીતાવી તેમણે સુખાભિલાષી મનુષ્ય દ્વારા ઈચ્છિત કુમાર અવસ્થાને પ્રાપ્ત કરી. તે સમયે ત્યાંના લોકોમાં કૌતુકવશ આ રીતે વાતચીત થતી હતી કે, આપણને તો એવું લાગે છે કે વિધાતાએ તેમનું શરીર અમૃતથી જ બનાવ્યું છે. તેમનું શરીર શુક્લ હતું. અને ભાવ પણ ઉજ્જવળ હતા. તેમના શરીરની કાંતિ એવી સુશોભિત હતી કે જાણે સૂર્ય અને ચંદ્રમાની મળેલી કાંતિ હોય! માટે તો તેમની પાસે નિરંતર કમલ અને કુમુદ બન્ને જ ખીલેલાં હતાં. તેમના ગુણ નિર્મળ હતાં. તેમનાથી જે લક્ષ્મી અને કીર્તિ ઉત્પન્ન થઈ હતી તે નિર્મળ જ હતી. તેઓ ઘણી વિભૂતિથી સંપન્ન હતા, તેઓ સ્નાનાદિક માંગલિક કાર્યોથી વિભૂષિત અને અલંકારોથી સુશોભિત હતા એવા અતિશય કુશળ ભગવાન ક્યારેક વીણા વગાડતા હતા, મૃદંગ આદિ વાદ્યો સાથે ગીત ગાતા હતા, ક્યારેક કુબેર દ્વારા લાવેલા આભૂષણ અને વસ્ત્રાદિ જોતા હતા, ક્યારેક વાદી–પ્રતિવાદીઓ દ્વારા ઉપસ્થાપિત પક્ષ આદિની પરીક્ષા કરતા હતા, ક્યારેક કુતૂહલવશ જે ભવ્યજીવો તેમના દર્શનાર્થે આવ્યા હોય તેમને દર્શન આપતા હતા. આ રીતે આનંદસહ પોતાનો સમય વ્યતીત કરતા હતા.

જયારે ભગવાન કુમાર અવસ્થામાં હતા ત્યારથી ધર્મ આદિ ગુણોની વૃદ્ધિ થઈ ગઈ હતી. પાપ આદિનો ક્ષય થઈ ગયો હતો પછી સંયમ ધારણ કરે ત્યારની તો વાત જ શી! આ રીતે બે લાખ પચાસ હજાર પૂર્વ વ્યતીત થયા પછી રાજ્યાભિષેક થયો, ત્યારબાદ તેઓ ઘણા જ સુંદર અને હર્ષિત લાગતા હતા. આ શ્રી ચંદ્રપ્રભ ભગવાનનું તેજ હતું કે જે ત્રણ લોકની રક્ષા કરતું હતું. જેના જન્મ પહેલાં જ ઈન્દ્ર આદિ દેવ કિંકરતા સ્વીકાર કરી લે છે. એવા અન્ય ઐશ્વર્ય આદિથી ઘેરાયેલ આ શ્રી ચંદ્રપ્રભ ભગવાનને કોની ઉપમા આપી શકાય?




આભૂષણયુક્ત રાજા ચંદ્રપ્રભુનું દર્પણમાં મુખ જોતા વૈરાગ્ય

આ રીતે સામ્રાજ્ય સંપદાનો ઉપભોગ કરતા જ્યારે તેમના છ લાખ પચાસ હજાર પૂર્વ અને ચોવીસ પૂર્વાંગ સુખપૂર્વક ક્ષણમાત્રની જેમ વ્યતીત થઈ ગયો ત્યારે તે એક દિવસ આભૂષણ ધારણ કરી ઘરના દર્પણમાં મુખકમળ જોઈ રહ્યાં હતાં, ત્યારે મુખ પર સ્થિત કોઈ વસ્તુને વૈરાગ્યનું કારણ નિશ્ચિત કરી વિચારવા લાગ્યા– કે આ શરીર નશ્વર છે તથા તેનાથી જે પ્રીતિ કરવામાં આવે છે તે પણ આના જેવી જ દુઃખદાયી છે. તે સુખ જ કેવું કે જે પોતાના આત્મામાં ઉત્પન્ન ન થાય? તે લક્ષ્મી શું કે જે ચંચળ છે. તે યૌવન જ શું કે જે નષ્ટ થવાવાળું છે? તે આયુષ્ય શું કે જે અવધિપ્રમાણે રહે અને પુરું થઈ જાય. જેનો આગળ વિયોગ થવાનો છે એવા બંધુજનોની સાથે સમાગમ શું કામનો? હું તે જ છું, પદાર્થ તે જ છે, ઇંદ્રિયો પણ તે જ છે, પ્રીતિ અને સહાનુભૂતિ પણ તે જ છે, પ્રવૃત્તિ પણ તે જ છે, પરંતુ આ સંસારની ભૂમિમાં બધું વારંવાર બદલાયા કરે છે. આ સંસારમાં અત્યાર સુધી શું થયું છે અને હવે શું થવાનું છે તે મને ખબર છે છતાં વારંવાર મોહમાં જોડાઈ જાઉં છું તે આશ્ચર્ય છે. હું આજ સુધી અનિત્ય પદાર્થોને નિત્ય સમજતો હતો. દુઃખને સુખ સમજી સ્મરણ કરતો રહ્યો. અપવિત્ર પદાર્થોને પવિત્ર માનતો હતો અને પરને આત્મા સમજતો હતો.


આ રીતે અજ્ઞાનથી આક્રાન્ત થયેલો આ જીવ, જેનો અંત અત્યંત મુશ્કેલ છે, એવા સંસારરૂપી સાગરમાં ચાર પ્રકારના વિશાળ દુઃખ તથા ભયંકર રોગોના કારણે ચિરકાળથી દુઃખી થઈ રહ્યો છે. આ રીતે [૧]કાળલબ્ધિને પામી સંસારનો માર્ગ છોડવાની ઇચ્છાથી તે લાંબા પુણ્યકર્મ દ્વારા વ્યાકુળ થઈ ગયા. આગળ થવાવાળા કેવળજ્ઞાનાદિ ગુણોથી મારે સમૃદ્ધ થવું જોઈએ એમ વિચારતાં તેઓએ દૂતીની જેમ સદ્‌બુદ્ધિ સાથે સમાગમ કર્યો. મોક્ષ પ્રાપ્ત કરવાવાળી તેમની સદ્‌બુદ્ધિ પોતાની મેળે જ દીક્ષા લક્ષ્મીને વરી હતી. આ રીતે જેણે મુનિપણા યોગ્ય આત્મતત્ત્વ સમજી લીધું છે. એવા ભગવાન શ્રી ચંદ્રપ્રભ પાસે લૌકાંતિક દેવ આવ્યા અને યથાયોગ્ય સ્તુતિ કરી બ્રહ્મસ્વર્ગ પાછા ગયા.

ત્યારપછી મહારાજ શ્રી ચન્દ્રપ્રભ પણ વરચંદ્ર નામના પુત્રનો રાજ્યાભિષેક કરી દેવો દ્વારા કરાયેલ દીક્ષાકલ્યાણકની પૂજાને પ્રાપ્ત થયા. મનુષ્યોં અને દેવો દ્વારા

૧. કાળલબ્ધિ : કાળલબ્ધિ તથા હોનહાર તે કોઈ વસ્તુ નથી. જે કાળમાં કાર્ય બને છે તે કાળલબ્ધિ અને જે કાર્ય થયું તે હોનહાર. (મોક્ષમાર્ગપ્રકાશક)



ઉપાડેલ વિમલા નામની પાલખી પર આરૂઢ થઈ સર્વર્તુક વનમાં ગયા. ત્યાં તેમણે બે દિવસના ઉપવાસનો નિયમ લઈને પોષ કૃષ્ણ અગિયારસના દિને અનુરાધા નક્ષત્રમાં એક હજાર રાજાઓ સાથે નિર્ગ્રંથ દીક્ષા ધારણ કરી. દીક્ષા



મુનિરાજ ચન્દ્રપ્રભનું આહાર માટે ગમન અને રાજા સોમપ્રભને ત્યાં આહારદાન અને પંચાશ્ચર્ય

લેતાં જ મનઃપર્યયજ્ઞાન પ્રગટ થયું. બીજે દિવસે તે ચર્યા માટે નલિન નામના નગરમાં ગયા. ત્યાં ગૌરવર્ણવાળા સોમદત્ત રાજાએ તેમને નવધા ભક્તિપૂર્વક ઉત્તમ આહાર આપીને, દાનથી સંતુષ્ટ થયેલ દેવો દ્વારા વર્ષાવેલ રત્નવૃષ્ટિ આદિ પંચાશ્ચાર્ય પ્રાપ્ત કર્યાં. ભગવાન અહિંસા આદિ પાંચ મહાવ્રતોને ધારણ કરતા હતા. ઈર્યા આદિ પાંચ સમિતિઓનું પાલન કરતા હતા. મન, વચન, કાયાની નિરર્થક પ્રવૃત્તિરૂપ ત્રણ દંડોનો ત્યાગ કરતા હતા. તેમણે કષાયરૂપી શત્રુઓનો નિગ્રહ કર્યો હતો. તેમની

વિશુદ્ધતા નિરંતર વધતી હતી. તેઓ ત્રણ ગુપ્તિથી યુક્ત હતા. શીલ સહિત હતા. ગુણી હતા, અંતરંગ અને બહિરંગ બન્ને તપોથી શોભિત હતા. ઉત્તમ ક્ષમા આદિ દસ ધર્મોમાં સ્થિત રહેતા હતા. સમસ્ત પરિષહ સહન કરતા હતા. આ શરીરાદિ પદાર્થ અનિત્ય છે, અશુચિ છે અને દુઃખરૂપ છે એવું વારંવાર સ્મરણ કરતા હતા. સમસ્ત પદાર્થોમાં માધ્યસ્થભાવ રાખી તેઓ પરમયોગને પામ્યા હતા.

આ રીતે જિન–કલ્પ મુદ્રા દ્વારા ત્રણ મહિના વીતાવી તેઓ દીક્ષાવનમાં નાગવૃક્ષની નીચે બે દિવસનો નિયમ લઈ સ્થિત થયા. તે ફાલ્ગુન કૃષ્ણ સપ્તમીના સાંજનો સમય હતો. તે દિવસે અનુરાધા નક્ષત્રનો ઉદય હતો. સમ્યગ્દર્શનને ઘાતવાવાળી પ્રકૃતિઓનો તો તેમણે પહેલાં જ ક્ષય કર્યો હતો. હવે અધઃકરણ, અપૂર્વકરણ, અનિવૃત્તિકરણરૂપ ત્રણ પરિણામોના સંયોગથી ક્ષપક શ્રેણીમાં આરૂઢ થયા ત્યાં દ્રવ્ય અને ભાવ બન્ને રૂપથી ચોથું સૂક્ષ્મસાંપરાય ચારિત્ર પ્રગટ થઈ ગયું ત્યાં તેમણે પ્રથમ શુક્લધ્યાનના પ્રભાવથી મોહરૂપી શત્રુને નષ્ટ કરી દીધો તે સમયે ચાર જ્ઞાનોથી દેદીપ્યમાન શ્રી ચન્દ્રપ્રભ ભગવાન અત્યંત સુશોભિત થઈ રહ્યા હતા.

બારમા ગુણસ્થાનના અંતમાં તેમણે દ્વિતીય શુક્લધ્યાનના પ્રભાવથી મોહાતિરિક્ત ત્રણ ઘાતીયા કર્મોનો ક્ષય કર્યો. ઉપયોગ જીવનો ખાસ ગુણ છે કેમકે તે જીવ સિવાય બીજામાં નથી હોતો. જ્ઞાનાવરણ, દર્શનાવરણ, મોહ અને અંતરાય કર્મ જીવના ઉપયોગ ગુણનો ઘાત કરે છે માટે ઘાતીયા કહેવાય છે. તે ભગવાને ઘાતી કર્મોનો નાશ થયો હતો અને અઘાતીયા કર્મોની પણ કેટલી પ્રકૃતિઓનો નાશ થયો હતો તે પ્રમાણે અંતિમ યથાખ્યાત ચારિત્ર પ્રાપ્ત કરી, સમ્યક્ત્વ ક્ષાયિક જ્ઞાન, દર્શન તથા દાનાદિ પાંચ લબ્ધિયો પામી શરીર સહિત સયોગ કેવળી જિનેન્દ્ર બની ગયા.

# ભગવાન પાર્શ્વનાથ અને કમઠની ભવાવલી

રાજા અરવિંદ

| ભવ નં. | મંત્રી (બંને ભાઈ) મરુભૂતિ | | મંત્રી કમઠ |
|---|---|---|---|
| ૯ | (બંને ભાઈ) મંત્રી મરુભૂતિ | કમઠ ક્રોધથી મરુભૂતિને મારી નાખે છે. | મંત્રી કમઠ |
| ૮ | વજ્રઘોષ હાથી (આ ભવમાં સમ્યક્ત્વ, વ્રતાદિ અંગીકાર) | પૂર્વભવના વેરથી સાપ હાથીને કરડે છે જેથી હાથી મરી જાય છે | કુક્કુટ સાપ |
| ૭ | સહસ્રાર સ્વર્ગમાં દેવ | | ધૂમપ્રભા નરકમાં નારકી |
| ૬ | રશ્મિવેગ વિદ્યાધર | પૂર્વ વેરથી રશ્મિવેગ મુનિરાજને અજગર ખાઈ જાય છે. | અજગર |
| ૫ | અચ્યુત સ્વર્ગમાં ઈન્દ્ર | | છઠ્ઠી નરકનો નારકી |
| ૪ | વજ્રનાભિ ચક્રવર્તી અંતમાં મુનિરાજ | ભીલ દ્વારા મુનિરાજ ઉપર ઉપસર્ગ | કુરંગ નામનો ભીલ |
| ૩ | મધ્યમ ગ્રૈવેયકમાં અહમિન્દ્ર | | નરકનો નારકી |
| ૨ | આનંદ નામના મંડલેશ્વર રાજા (આ ભવમાં સોલહકારણ ભાવના ભાવીની તીર્થંકર પ્રકૃતિનો બંધ કરે છે) | પૂર્વ ભવના વેરના કારણે સિંહ મુનિરાજને ખાઈ જાય છે. | સિંહ |
| ૧ | પ્રાણત સ્વર્ગમાં ઈન્દ્ર | | પાંચમી નરકનો નારકી |
| ૦ | પાર્શ્વનાથ તીર્થંકર | મહિપાલ પંચાગ્નિ તપ કરે છે. પાર્શ્વકુમાર દ્વારા જીવહિંસા બાબત સમજાવવું. નાગ-નાગણીને સંબોધવું. શાંત પરિણામથી નાગ-નાગણીનો દેહત્યાગ | મહિપાલ નામના રાજા જે પાર્શ્વપ્રભુના નાના થાય છે |
| | | | શમ્બર નામનો જ્યોતિષી દેવ |
| | પાર્શ્વનાથ મુનિરાજ ધ્યાનમાં | સર્પ—ધરણેન્દ્ર, સર્પિણી—પદ્માવતી: પાર્શ્વપ્રભુનો ઉપસર્ગ નિવારણ કરે છે. | પાર્શ્વનાથ મુનિરાજ ઉપર ઉપસર્ગ |

# શ્રી પાર્શ્વનાથ ભગવાનનો દીક્ષા કલ્યાણક


આ જમ્બૂદ્વીપના દક્ષિણ ભરતક્ષેત્રમાં એક સુરમ્ય નામનો મોટો દેશ છે. તેમાં વિસ્તૃત પોદનપુર નામનું નગર છે. તે નગરમાં પરાક્રમ આદિથી પ્રસિદ્ધ અરવિંદ નામનો રાજા રાજ્ય કરતો હતો. તેનાથી પ્રજા એવી સંતુષ્ટ હતી, જેવી કે પ્રજાપતિ ભગવાન શ્રી આદિનાથને પામીને અસંતુષ્ટ હતી. તે નગરમાં વેદ શાસ્ત્રોનો જાણકાર એક વિશ્વભૂતિ નામનો બ્રાહ્મણ રહેતો હતો. તેને પ્રસન્ન કરવાવાળી બીજી શ્રુતિ જેવી અનુંધરી નામની તેની બ્રાહ્મણી હતી. તેમને કમઠ અને મરુભૂતિ નામના બે પુત્રો હતા જે વિષ અને અમૃતથી બનાવ્યા હોય તેવા હતા અથવા પાપ અને ધર્મ જેવા લાગતા હતા. કમઠની સ્ત્રીનું નામ વરૂણા હતું અને મરુભૂતિની સ્ત્રીનું નામ વસુંધરી હતું. કમઠ અને મરુભૂતિ બન્ને રાજાના મંત્રી હતાં તેમાં નાનો મરુભૂતિ નીતિનો સારો જાણકાર હતો. નીચ અને દુરાચારી કમઠે વસુંધરીના નિમિત્તે સદાચારી અને સજ્જનોને પ્રિય મરુભૂતિને મારી નાખ્યો.



કમઠ (મોટાભાઈ) દ્વારા મંત્રી મરુભૂતિ (નાનાભાઈ)ને મારી નાખવો.

મરુભૂતિ મરીને મલય દેશના કુબ્જક નામના સલ્લકીના મોટા વનમાં વજ્રઘોષ નામનો હાથી થયો. વરૂણા તે જ વનમાં મરીને હાથણી થઈ અને વજ્રઘોષ સાથે ક્રીડા કરવા લાગી. આ રીતે બન્નેનો સમય પ્રીતિપૂર્વક વ્યતીત થઈ રહ્યો હતો.


એક વાર રાજા અરવિંદે વિરક્ત થઈ રાજ્ય છોડી અને સંયમ ધારણ કરી, આખા સંઘ સાથે વંદના કરવા સમ્મેદશિખર તરફ પ્રયાણ કર્યું. ચાલતાં ચાલતાં તેઓ તે જ વનમાં પહોંચ્યા અને સામાયિકનો સમય થયો હોવાથી પ્રતિમાયોગ લઈ



ગર્જના કરતા હાથીનું ધ્યાન કરતા મુનિરાજના શરીર ઉપર વત્સનું ચિહ્ન જોતા એકાએક ઊભા રહી જવું.

બિરાજમાન થયા. આ તો યોગ્ય જ છે કારણ કે તેજસ્વી મનુષ્ય પોતાના નિયમનું જરાપણ ઉલ્લંઘન કરતો નથી. તેમને જોઈને જેના બન્ને કપોલો અને લલાટથી મદ ઝરતું હતું, તેવો તે મદોન્મત્ત મહાહાથી, તે પ્રતિમાયોગ ધારક અરવિંદ મહામુનિરાજને મારવા ઉદ્યત થયો. પરંતુ તેના વક્ષઃસ્થળ પર જે વત્સનું ચિહ્ન હતું, તેને જોઈને તેના હૃદયમાં પોતાનો પૂર્વભવનો સંબંધ સાક્ષાત્ દેખાવા લાગ્યો. મુનિરાજ સાથે પૂર્વભવનો સ્નેહ હોવાના કારણે તે મહા હાથી ચુપચાપ ઊભો રહી ગયો, તે ઠીક છે કેમકે તિર્યંચ પણ બંધુજનોમાં મૈત્રીભાવનું પાલન કરે છે.

તે હાથીએ મુનિરાજ પાસેથી હેતુપૂર્વક ધર્મનું સ્વરૂપ સારી રીતે સમજી પ્રોષધોપવાસ આદિ શ્રાવકનાં વ્રત ગ્રહણ કર્યાં. તે સમયે તે હાથી પાપથી ડરી, બીજા હાથીઓ દ્વારા તોડેલી વૃક્ષની શાખાઓ અને સૂક્કા પાન ખાવા લાગ્યો. પત્થર ઉપર પડવાથી અથવા હાથીઓના સમૂહના સંઘટનથી જે પાણી પ્રાસુક થઈ જતું હતું, તે જ પીતો હતો. પ્રોષધોપવાસ પછી પારણું કરતો હતો. આ રીતે ચિરકાલ સુધી તપસ્યા કરતો તે બળવાન હાથી અત્યંત દુર્બળ થઈ ગયો. એક દિવસ તે પાણી પીવા




હાથીનું નદીના કીચડમાં ફસાવું અને ભયંકર સર્પ કુક્કટ દ્વારા કરડવું.

માટે વેગવતી નદીના દ્રહમાં ગયો ત્યાં તે કાદવમાં પડી ગયો. જોકે તેણે કાદવમાંથી નીકળવા ઘણો પ્રયત્ન કર્યો પરંતુ સમર્થ ન થયો. ત્યાં જ દુચાચારી કમઠનો જીવ મરીને કુક્કુટ સર્પ થયો હતો. તે પૂર્વ પર્યાયના વેરના કારણે હાથીને કરડ્યો, જેથી હાથી મરી અને સહસ્રાર સ્વર્ગમાં સોળ સાગરની આયુષ્યવાળો દેવ થયો.

યથાયોગ્ય રીતે ત્યાંના ભોગ ભોગવી તે આયુષ્યના અંતમાં ત્યાંથી ચ્યુત થયો અને આ જમ્બૂદ્વીપના પૂર્વ વિદેહક્ષેત્રમાં જે પુષ્કલાવતી દેશ છે, તેના વિજયાર્દ્ધ પર્વત

પર વિદ્યમાન ત્રિલોકોત્તમ નામના નગરમાં ત્યાંના રાજા વિદ્યુદ્ગતિ અને રાણી વિદ્યુન્માલીનો રશ્મિવેગ નામનો પુત્ર થયો. જેને સંસારની અવધિ પુરી થવા આવી છે એવા તે બુદ્ધિમાન રશ્મિવેગે સંપૂર્ણ યૌવનમાં જ શ્રી સમાધિગુપ્ત મુનિરાજ પાસે દીક્ષા લીધી તથા સર્વતોભદ્ર આદિ શ્રેષ્ઠ ઉપવાસ ધારણ કર્યા એક દિવસ તે




ધ્યાન કરતા મુનિરાજને ગળી જતો અજગર

હિમગિરિ પર્વતની ગુફામાં યોગ ધારણ કરી બિરાજિત હતાં. એટલામાં, જે કુક્કુટ સર્પ વજ્રઘોષ હાથીને કરડ્યો હતો, તે જ પાપી ધૂમપ્રભા નરકના દુઃખ ભોગવીને નીકળ્યો અને ત્યાં જ અજગર થયો. તે મુનિરાજને જોતાંવેત જ અજગર ક્રોધિત થયો અને તેમને ગળી ગયો. જેથી તે મુનિરાજ અચ્યુત સ્વર્ગના પુષ્કર વિમાનમાં બાવીસ સાગરના આયુષ્યવાળા દેવ થયા.

ત્યાંનું આયુષ્ય પુરું કરી તે પુણ્યાત્મા, જંબૂદ્વીપના પશ્ચિમ વિદેહક્ષેત્રમાં પદ્મ નામના દેશમાં અશ્વપુર નગરમાં ત્યાંના રાજા વજ્રવીર્ય અને રાણી વિજ્યાના

વજ્રનાભિ નામના પુત્ર થયા. પુણ્ય દ્વારા રક્ષિત બનેલ વજ્રનાભિ, ચક્રવર્તીની અખંડ લક્ષ્મીનો ઉપભોગ કરીને પણ સંતુષ્ટ ન થયા તેથી મોક્ષલક્ષ્મીના ઉપભોગ માટે ઉદ્યમી થયા. તેમણે શ્રી ક્ષેમંકર ભટ્ટારકના મુખકમળથી નીકળેલ ધર્મરૂપી અમૃતરસનું પાન કરી, અન્ય સમસ્ત રસોની ઈચ્છા છોડી અને પુત્રને રાજ્ય સોંપી અનેક રાજાઓ સાથે સમસ્ત જીવો પર અનુકંપા કરવાવાળા સંયમને સારી રીતે ધારણ કર્યો.

કમઠનો જીવ જે પહેલાં અજગર થયો હતો તે મરીને છઠ્ઠા નરકમાં ઉત્પન્ન થયો અને ત્યાં બાવીસ સાગર સુધી અત્યંત દુઃખ ભોગવ્યા. ચિરકાળ પછી ત્યાંથી નીકળી કુરંગ નામનો ભીલ થયો. તે ભીલ તે વનમાં ઉત્પન્ન થયેલાં સમસ્ત જીવોને ધ્રુજાવી દેતો હતો. એકવાર શરીર સંબંધી બળથી શોભાયમાન તથા શરીરનો સ્નેહ છોડવાવાળા તપસ્વી ચક્રવર્તી વજ્રનાભિ આર્તધ્યાન છોડી તે વનમાં આતાપન યોગથી બિરાજીત હતા. તેમને જોતાં જ જેને વેર જાગી ઉઠ્યું અને પાપી ભીલે તે મુનિરાજ પર કાયર જનો દ્વારા અસહ્યનીય અનેક પ્રકારના ઉપસર્ગ કર્યા. ઉક્ત મુનિરાજનો




ધ્યાન કરતા મુનિરાજ ઉપર ભીલ દ્વારા ઉપસર્ગ

જીવ ધર્મધ્યાનમાં પ્રવેશ કરી, સારી રીતે આરાધના કરી સુભદ્ર નામના મધ્યમ ગ્રૈવેયકના મધ્ય વિમાનમાં સમ્યગ્દર્શનના ધારક શ્રેષ્ઠ અહમિંદ્ર થયા.

ત્યાં તે સત્યાવીસ સાગરના આયુષ્ય સુધી દિવ્ય ભોગ ભોગવતા હતા. આયુષ્યના અંતે ત્યાંથી ચ્યુત થઈ આ જમ્બૂદ્વીપના કૌશલદેશ સંબંધી અયોધ્યા-નગરમાં કાશ્યપગોત્રી ઈક્ષ્વાકુવંશી રાજા વજબાહુ અને રાણી પ્રભંકરીનો આનંદ નામનો પ્રિય પુત્ર થયો. મોટો થઈને તે મહાવૈભવનો ધારક મંડલેશ્વર રાજા થયો. એક દિવસ તેણે પોતાની સ્વામિહિત નામના મહામંત્રીના કહેવાથી વસંતઋતુમાં અષ્ટાહ્નિકાની પૂજા કરાવી. તે જોવા માટે શ્રી વિપુલમતિ નામના મુનિરાજ ત્યાં પધાર્યા.

આનંદે તેમની ખૂબ જ વિનયપૂર્વક વંદના કરી તથા તેમણે બધા જીવોને સુખ દેવાવાળા સમીચીન ધર્મનું સ્વરૂપ સાંભળ્યું. ત્યારબાદ આનંદે કહ્યું કે હે ભગવાન્! મને કાંઈક આશંકા છે તો તે આપનાથી સમજવા માંગું છું. તેણે પૂછ્યું કે ભગવાનની પ્રતિમા તો અચેતન છે અને જિનેન્દ્ર મંદિર પણ અચેતન છે. તેમાં સારું ખરાબ કરવાની શક્તિ નથી, તો તેની પૂજા કરવાથી ભક્તજનોને પુણ્યરૂપફળ કેવી રીતે પ્રદાન કરે છે? તેના ઉત્તરમાં મુનિરાજે હેતુસહિત નિમ્ન વચન કહ્યાં—હે રાજન્! સાંભળ. જો કે શ્રી જિનેન્દ્ર ભગવાનની પ્રતિમા અને જિનેન્દ્ર મંદિર અચેતન છે, તો પણ ભવ્યજીવોને પુણ્યબંધનું જ કારણ છે. યથાર્થમાં પુણ્યબંધ પરિણામોથી થાય છે. તે પરિણામોની ઉત્પત્તિમાં શ્રી જિનેન્દ્ર પ્રતિમા તથા મંદિર નિમિત્તરૂપ કારણ થાય છે. જિનેન્દ્ર ભગવાન રાગાદિ દોષોથી રહિત છે. શસ્ત્ર અને આભૂષણ આદિથી વિમુખ છે. તેમના મુખની શોભા પ્રસન્ન ચંદ્રમા જેવી નિર્મળ છે, લોક—અલોકને જાણવાવાળા છે. કૃતકૃત્ય છે. જટા આદિથી રહિત છે તથા પરમાત્મા છે. માટે તેના મંદિરો અને તેની પ્રતિમાઓના દર્શન કરવાવાળા લોકોને શુભ પરિણામોની જેવી પ્રકૃષ્ટતા થાય છે એવી અન્ય કારણોમાં નથી થઈ શકતી, કેમકે સમસ્ત કાર્યોની ઉત્પત્તિ અંતરંગ અને બહિરંગ બન્ને કારણોથી થાય છે, માટે શ્રી જિનેન્દ્ર ભગવાનની પ્રતિમા પુણ્યબંધના કારણભૂત શુભ પરિણામોનું કારણ છે. આ વાત સારી રીતે સમજવા યોગ્ય છે.

આ જ ઉપદેશના સમયે ઉક્ત મુનિરાજે ત્રણ લોક સંબંધી ચૈત્યાલયોના આકાર આદિનું વર્ણન કરવાની ઈચ્છા કરી અને સૌથી પહેલાં તેમણે સૂર્યના

વિમાનમાં સ્થિત જિનેન્દ્ર મંદિરની વિભૂતિનું સારી રીતે વર્ણન કર્યું. આ અસાધારણ વિભૂતિને સાંભળી રાજા આનંદને ઘણી જ શ્રદ્ધા થઈ. તે સમયથી પ્રતિદિન પ્રાતઃ અને સાંજના સમયે બન્ને હાથ જોડી મુકુટ નમાવી સૂર્યના વિમાનમાં સ્થિત જિન



સુવર્ણના સૂર્યવિમાનમાં જિનમંદિર બનાવડાવી રાજાનું ભક્તિપૂર્વક પૂજન કરવું

પ્રતિમાઓની સ્તુતિ કરવા લાગ્યા, એટલું જ નહીં તેમણે કારીગરો દ્વારા મણિ અને સોનાનું એક સૂર્યવિમાન કરાવ્યું અને તેની અંદર ફેલાતી કાન્તિ-ધારક જિનમંદિર કરાવ્યું. ત્યારબાદ તેમણે શાસ્ત્રોક્ત વિધિથી ભક્તિપૂર્વક અષ્ટાહ્નિકાની પૂજા કરી. ચતુર્મુખ, રથાવર્ત, સૌથી મોટી સર્વતોભદ્ર અને ગરીબોને કિમિચ્છક દાન આપવાની કલ્પવૃક્ષ પૂજા કરી. તે રીતે તે રાજાને સૂર્યની પૂજા કરતા જોઈ તેમની પ્રમાણિકતાથી, બીજા લોકો પણ સ્વયં ભક્તિપૂર્વક સૂર્યમંડળની સ્તુતિ કરવા લાગ્યા. આચાર્ય કહે છે કે આ લોકમાં ત્યારથી સૂર્યની ઉપાસના શરૂ થઈ ગઈ.

અથાનન્તર—એક દિવસ રાજા આનંદે યૌવન ઈચ્છવાવાળા લોકોના હૃદયને ભગ્ન કરનાર સફેદ વાળ પોતાના શિર પર જોયા. આ નિમિત્તથી વૈરાગ્ય ઉત્પન્ન થઈ ગયો. વિરક્ત થતાં તેમણે મોટા પુત્રને અભિષેકપૂર્વક પોતાનું રાજ્ય આપી દીધું, અને શ્રી સમુદ્રગુપ્ત મુનિરાજ પાસે રાજસી ભાવનો ત્યાગ કરી અનેક રાજાઓ સાથે નિઃસ્પૃહ તપ ધારણ કર્યું. શુભ લેશ્યા દ્વારા ચારેય આરાધનાની વિશુદ્ધતા પ્રાપ્ત કરી, અગિયાર અંગનું અધ્યયન કર્યું. તીર્થંકર નામકર્મના બંધમાં કારણભૂત સોલહ કારણ

ભાવનાઓનું ચિંતવન કર્યું. શાસ્ત્રાનુસાર સોલહ કારણ ભાવનાઓનું ચિંતવન કરી તીર્થંકર નામક પુણ્યપ્રકૃતિનો બંધ કર્યો, અને ચિરકાળ સુધી ઘોર તપશ્ચરણ કર્યું. આયુષ્યના અંતમાં જેનો અંતરાત્મા અત્યંત શાંત થઈ ગયો, જે ધીર વીર છે, ધર્મધ્યાનને આધીન છે અને આકુળતારહિત છે એવા તે શ્રી આનંદમુનિ પ્રાયોપગમન સંન્યાસ લઈને ક્ષીરવનમાં પ્રતિમાયોગથી બિરાજીત થયા. પૂર્વજન્મનો પાપી કમઠનો જીવ નરકથી નીકળી તે વનમાં સિંહ થયો હતો, તેણે આવીને તે મુનિનો કંઠ પકડી લીધો. આ રીતે સિંહનો ઉપસર્ગ સહન કરીને ચાર આરાધનારૂપી ધનને ધારણ




ધ્યાનસ્થ મુનિરાજને ખાતો ભયંકર સિંહ

કરવાવાળા તે મુનિ પ્રાણરહિત થઈ અચ્યુત સ્વર્ગના પ્રાણત વિમાનમાં ઈન્દ્ર થયા. બીજી બાજુ સિંહ પાપના ફળરૂપે ફરીથી પાંચમી નરકમાં ગયો.

અચ્યુત સ્વર્ગમાં તેમનું વીસ સાગરનું આયુષ્ય હતું. સાડા ત્રણ હાથ ઊંચું શરીર હતું. શુક્લ લેશ્યા હતી. તે દસ માસ પછી શ્વાસ લેતા હતા. વીસ હજાર વર્ષ

પછી માનસિક અમૃતાહાર ગ્રહણ કરતા હતા. તેમને માનસિક સ્ત્રીપ્રવિચાર હતો. પાંચમી પૃથ્વી સુધી અવધિજ્ઞાનનો વિષય હતો. તેટલા દૂર સુધી જ તેમનું કાંતિ અને બળ હતું. બધી ઋદ્ધિયોના ધારક સામાનિક આદિ દેવ તેમની પૂજા કરતા હતા, અને તેઓ ઈચ્છાનુસાર કામપ્રદાન કરવાવાળી અનેક દેવીઓ દ્વારા ઉત્પાદિત સુખની ખાણ હતા. આ રીતે બધા વિષય–ભોગ પ્રાપ્ત કરી તેઓ નિરંતર તેનો અનુભવ કરતા હતા. જે સમયે તેમના આયુષ્યના અંતિમ છ માસ બાકી રહ્યા ત્યારે તેઓ આ પૃથ્વી ઉપર આવવા સન્મુખ થયા.

તે સમયે આ જમ્બૂદ્વીપના ભરતક્ષેત્ર સંબંધી કાશી દેશમાં બનારસ નામનું નગર હતું. તેમાં કાશ્યપગોત્રી રાજા અશ્વસેન રાજ્ય કરતા હતા. તેમની રાણીનું નામ વામા હતું. દેવોએ રત્નની ધારા વર્ષાવી તેમની પૂજા કરી હતી. રાણી વામાદેવીએ વૈશાખ કૃષ્ણા દ્વિતીયાના દિવસે પ્રાતઃકાળના સમયે વિશાખા નક્ષત્રમાં સોળ શુભ સ્વપ્ન જોયાં, અને ત્યાર પછી પોતાના મુખકમળમાં એક હાથી પ્રવેશતા જોયો. પ્રાતઃકાળ મંગલાભિષેકથી સંતુષ્ટ થઈ તથા વસ્ત્રાભરણ પહેરીને તે રાજાની સમીપ ગયા અને રાત્રિમાં જોયેલા સ્વપ્ન યથાક્રમ કહેવા લાગ્યા. મહારાજ અશ્વસેન અવધિજ્ઞાની હતા. સ્વપ્ન સાંભળી ક્રમપૂર્વક આ રીતે ફળ કહેવા લાગ્યા—હાથીના સ્વપ્નથી પુત્ર થશે. બળદ જોવાથી તે ત્રણ લોકનો સ્વામી થશે. સિંહ જોવાથી તે અનંતવીર્યનો ધારક હશે. લક્ષ્મીનો અભિષેક જોવાથી તેને મેરુપર્વત પર અભિષેકની પ્રાપ્તિ થશે. બે માળાઓ જોવાથી તે ગૃહસ્થધર્મ અને મુનિધર્મરૂપ તીર્થની પ્રવૃત્તિ કરવાવાળો હશે. ચંદ્રમંડળ જોવાથી તે ત્રણ લોકનો ચંદ્રમા બનશે. સૂર્ય જોવાથી તેજસ્વી બનશે. મીનયુગલ જોવાથી તે સુખી થશે. કળશ જોવાથી નિધિઓનો સ્વામી બનશે. સરોવર જોવાથી સમસ્ત લક્ષણયુક્ત બનશે. સમુદ્ર જોવાથી સર્વજ્ઞ બનશે. સિંહાસન જોવાથી બધા લોકો દ્વારા પૂજનીય બનશે. વિમાન જોવાથી સ્વર્ગમાંથી અવતરશે. નિર્ધૂમ અગ્નિ જોવાથી પાપોને બાળનાર હશે. હે કૃષોધરિ! મુખકમળમાં હાથીનો પ્રવેશ જોવાથી સૂચિત થાય છે કે દેવો દ્વારા પૂજિત થવાવાળો આ પુત્ર આજ તારા ઉદરમાં આવી બિરાજમાન થયો છે.

આ રીતે મૃગનયની, પતિથી સ્વપ્નોનું ફળ સાંભળી ખૂબ જ સંતુષ્ટ થઈ. તે જ સમયે બધા ઈન્દ્રોએ આવી ઘણા હર્ષથી સ્વર્ગાવતરણની વેળાએ ભગવાનના માતા–પિતાનો કલ્યાણાભિષેક કરી ઉત્સવ મનાવ્યો. તે વખતે રાજા અશ્વસેનનું રાજમંદિર

પોતાની સંપદા દ્વારા સ્વર્ગલોકનું પણ ઉલ્લંઘન કરતું હતું, તે ઠીક જ છે, કેમ કે પુણ્યાત્મા જીવોનો સમાગમ ક્યું કલ્યાણ નથી કરતો? અર્થાત્ બધુંજ કલ્યાણ કરે છે.

નવ માસ પૂર્ણ થયા પછી પોષકૃષ્ણ અગિયારસના દિવસે અનિલયોગમાં તે પુત્રનો જન્મ થયો. તે સમયે પોતાનું આસન કંપાયમાન થવાથી સૌધર્મ આદિ બધા ઈન્દ્રોએ તીર્થંકર ભગવાનના જન્મના સમાચાર જાણી લીધા અને સુમેરુ પર્વતના શિખર પર બધાએ આવી તેમના જન્મ—કલ્યાણકની પૂજા કરી. 'પાર્શ્વનાથ' નામ રાખ્યું અને પછી માતા—પિતાને સમર્પિત કરી દીધા. શ્રી નેમિનાથ ભગવાનને ત્યાશી હજાર સાતસો પચાસ વર્ષ વીતી ગયા પછી મૃત્યુને જીતવાવાળા ભગવાન શ્રી પાર્શ્વનાથ ઉત્પન્ન થયા. તેમનું આયુષ્ય સો વર્ષનું હતું તે પૂર્વના અંતરાલમાં સમ્મિલીત હતું. તેમના શરીરની કાંતિ નાના છોડ જેવી લીલા રંગની હતી. સમસ્ત લક્ષણોથી શોભિત હતા. નવ હાથ ઊંચું તેમનું શરીર હતું. તેઓ લક્ષ્મીવાન હતા અને ઉગ્રવંશમાં ઉત્પન્ન થયા હતા.

સોળ વર્ષ બાદ જ્યારે ભગવાન નવયૌવનથી યુક્ત થયા ત્યારે કોઈ વાર



કુમાર પાર્શ્વનાથ પોતાના મિત્રો સહિત. પંચાગ્નિ તપ કરતો તપસ્વી દ્વારા લાકડા કાપતા તેમાં સર્પના ટુકડા જોઈ તપસ્વી અને સર્પને ઉપદેશ

ક્રીડા કરવા માટે પોતાની સેના તથા મિત્ર સુભોમકુમાર સાથે વનમાં ગયા. ત્યાં કમઠનો જીવ પાંચમી નરકનાં દુઃખો ભોગવીને આશ્રમના વનમાં પાર્શ્વકુમારના માતાના પિતા મહીપાલ નગરનાં રાજા મહિપાલ પોતાની રાણીના વિયોગમાં તપસ્વી બની તપ કરી રહ્યો હતો. તે પંચાગ્નિની વચ્ચે બેઠો તપશ્ચરણ કરતો હતો. દેવો દ્વારા પૂજિત ભગવાન શ્રી પાર્શ્વનાથ તેમના સમીપ જઈને તેમને નમસ્કાર કર્યા વિના ઊભા રહ્યાં. તે જોઈને તે ખોટા સાધુ વગર વિચાર્યે ક્રોધયુક્ત થઈ ગયા, તે મનમાં વિચારવા લાગ્યા કે "હું કુલીન છું" ઉચ્ચ કુલમાં જન્મ્યો છું, તપોવૃદ્ધ છું—તપથી મોટો છું અને આની માતાનો પિતા છું, છતાં આ અજ્ઞાની કુમાર અહંકારથી વિહ્વળ થઈ મને નમસ્કાર કર્યા વિના જ ઊભો છે. આવા વિચારથી તે અજ્ઞાની બહુ જ ક્ષોભિત થયો અને બુઝાતી (ઠરતી) અગ્નિમાં નાખવા ત્યાં પડેલ લાકડાને તોડવા પોતાની મજબૂત ફરસી ઉપાડી કે તરત જ અવધિજ્ઞાની ભગવાન શ્રી પાર્શ્વનાથે 'આને કાપો નહીં આમાં જીવ છે' એવું કહીને ના પાડી' છતાં તેણે લાકડું કાપી જ નાખ્યું.

આ કાર્યથી તે લાકડાની અંદર રહેવાવાળા સર્પ અને સર્પિણીના બબ્બે ટુકડા થઈ ગયા. આ જોઈ સુભૌમકુમાર કહેવા લાગ્યા કે 'તમે હું ગુરુ છું, તપસ્વી છું' એમ સમજી અતિ અહંકાર કરી રહ્યા છો પણ તમે નથી જાણતા કે આ કુતપથી પાપાસ્રવ જ થાય. આ જ્ઞાન તપથી તમને આ લોકમાં દુઃખ અને પરલોકમાં પણ દુઃખ પ્રાપ્ત થશે. સુભૌમકુમારના આ વચનો સાંભળી તે તપસ્વી વધારે ક્રોધિત થયો.


તે ક્રોધમાં કહેવા લાગ્યા કે 'હું પ્રભુ છું' તું મારું શું કરી શકે છે' આ પ્રકારની અવજ્ઞાથી મારા તપનું માહાત્મ્ય જાણ્યા વિના તું આવું શું બકે છે? પંચાગ્નિની વચ્ચે વાયુભક્ષણ કરીને જ જીવિત રહેવું, ઉપર હાથ ઊંચા કરી ચિરકાળ સુધી એક પગ ઉપર જ ઉભા રહેવું અને ઉપવાસ કરી પોતાની મેળે પડેલ પાંદડા આદિથી પારણા કરવા, આ રીતે શરીરને સંતાપિત કરવાવાળા તપસ્વીઓના તપ બહુ કઠિન છે. આ તપસ્યાથી અધિક બીજી કોઈ તપસ્યા હોઈ શકે નહીં. એ તપસ્વીનાં આવા વચનો સાંભળી પાર્શ્વકુમાર હસીને કહેવા લાગ્યા કે 'હું ન તો આપને ગુરુ માનું છું અને ન તો આપનો તિરસ્કાર કરી શકું છું,

પરંતુ જે આપ્ત તથા આગમ આદિને છોડી મિથ્યાત્વ અને ક્રોધાદિ ચાર કષાયોને વશીભૂત થઈ પૃથ્વીકાયાદિ છ કાયના જીવોની હિંસામાં મન, વચન, કાયા અને કૃત, કારિત, અનુમોદનાથી પ્રવૃત્તિ કરે છે અને આ રીતે અનાપ્તે કહેલ મતનો આશ્રય લઈને નિર્વાણની પ્રાર્થના કરે છે–મોક્ષ પ્રાપ્ત કરવા ઈચ્છે છે, તે તેમની ઈચ્છા ચોખા પામવાની ઈચ્છાથી ફોતરાં ખાંડવા જેવી છે અથવા જળને વલોવીને ઘી પ્રાપ્ત કરવાની ઈચ્છા જેવું છે, અથવા અંધપાષાણના સમૂહને સળગાવી સુવર્ણની પ્રાપ્તિ કરવા જેવી છે. અથવા જેવી રીતે 'અંધ મનુષ્ય દાવાનળથી ડરીને ભાગીને અગ્નિમાં પડે તેના જેવું છે, જ્ઞાનહીન મનુષ્યનો કાયક્લેશ ભાવી દુઃખનું કારણ છે. આ વાત હું આપની ઉપર અતિ સ્નેહના કારણે કહું છું.

આ રીતે પાર્શ્વકુમારે કહેલ વચન વિપરીત બુદ્ધિવાળા તાપસે સમજી તો લીધા, પરંતુ પૂર્વ વૈરના સંસ્કાર હોવાથી અથવા પોતાના પક્ષનો અનુરાગના કારણે અથવા દુઃખમય સંસારમાં ભ્રમણના કારણે, અથવા સ્વભાવથી જ અત્યંત દુષ્ટ હોવાના કારણે, તેણે સ્વીકાર ન કર્યો. ઊલટું આ પાર્શ્વકુમાર અહંકારી બનીને મારો આ રીતે તિરસ્કાર કરે છે, એમ વિચારી તે કુમાર પાર્શ્વનાથ પર અધિક ક્રોધ કરવા લાગ્યો. એ જ શલ્યથી તે મરીને શંબર નામનો જ્યોતિષી દેવ થયો. તે ઠીક જ છે, કેમકે ક્રોધી મનુષ્યોની તપથી એવી જ ગતિ થાય છે.

આ બાજુ સર્પ અને સર્પિણી કુમારના ઉપદેશથી શાંતભાવ પ્રાપ્ત કરી, મરીને અત્યંત અધિક લક્ષ્મીને ધારણ કરવાવાળા ધરણેંદ્રદેવ અને પદ્માવતીદેવી થયાં.

ત્યારપછી ભગવાન શ્રી પાર્શ્વનાથના જીવની ત્રીસ વર્ષ પ્રમાણ કુમારાવસ્થા વ્યતીત થઈ ગઈ ત્યારે એક દિવસ અયોધ્યાના રાજા જયસેને ભગલી દેશમાં ઉત્પન્ન થયેલ ઘોડા ઈત્યાદિ ભેટની સાથે પોતાનો દૂત ભગવાન શ્રી પાર્શ્વનાથની સમીપ મોકલ્યો. ભગવાન પાર્શ્વનાથે ભેટ લઈને તે શ્રેષ્ઠ દૂતનું હર્ષપૂર્વક ઘણું સન્માન કર્યું અને અયોધ્યાની વિભૂતિ પૂછી. તેના ઉત્તરમાં દૂતે સૌથી પહેલાં વૃષભદેવનું વર્ણન કર્યું, અને ત્યારપછી અયોધ્યાનગરના હાલ કહ્યા, તે ઠીક જ છે, કેમ કે બુદ્ધિમાન લોકો અનુક્રમ જાણે છે.





અયોધ્યા નગરીનો દૂત ઘોડા આદિ ભેટ લઈને રાજા પાર્શ્વનાથ પાસે આવે છે ને રાજા વિચારમગ્ન

દૂતના વચન સાંભળી ભગવાન વિચારવા લાગ્યા, કે મને તીર્થંકર નામકર્મનો બંધ થયો છે એનાથી શું લાભ થયો? ભગવાન શ્રી ઋષભદેવને ધન્ય છે કે જેમણે મોક્ષ પ્રાપ્ત કરી લીધો. એવો વિચાર કરતાં જ તેમણે પોતાના અતીત ભવોની પરંપરાનો સાક્ષાત્કાર થયો—પાછલા બધા ભવો જોયા. મતિજ્ઞાનાવરણ કર્મના વધતા જતા ક્ષયોપશમના વૈભવથી તેમને જાતિસ્મરણજ્ઞાન પ્રાપ્ત થયું અને લૌકાન્તિક દેવોએ આવી એમને સંબોધિત કર્યાં. તે જ સમયે ઈન્દ્રો આદિ દેવોએ આવી પ્રસિદ્ધ દીક્ષા કલ્યાણકનો અભિષેક આદિ મહોત્સવ મનાવ્યો. ત્યારપછી ભગવાન વિશ્વાસ કરવા યોગ્ય યુક્તિયુક્ત વચનો દ્વારા ભાઈ–બંધુઓને વિદાય કરી વિમલા નામની પાલખી પર આરૂઢ થઈ અશ્વવનમાં પહોંચ્યા. ત્યાં અતિશય ધીર–વીર ભગવાન તેલાનો નિયમ લઈને એક મોટી શિલાતલ ઉપર ઉત્તરાભિમુખ થઈ પર્યંકાસનમાં બિરાજીત થયા. આ રીતે પોષ કૃષ્ણ એકાદશીને દિને પ્રાતઃકાળના સમયે તેમણે સિદ્ધ ભગવાનને નમસ્કાર કરી, ત્રણસો રાજાઓ સાથે દીક્ષારૂપી લક્ષ્મી અંગીકાર કરી લીધી.

તે દીક્ષારૂપી લક્ષ્મી શું હતી? માનો, કાર્ય સિદ્ધિ કરવાવાળી મુક્તિરૂપી કન્યાની માનનીય દૂતી હતી. ભગવાને પંચ–મુષ્ઠી દ્વારા ઉખેડીને જે કેશ દૂર ફેંકી દીધા હતાં, તે ઈન્દ્રે લઈને પૂજા કરી તથા ઘણા આદરથી લઈ જઈને ક્ષીરસમુદ્રમાં પધરાવી દીધા. જેમણે દીક્ષા ગ્રહણ સમયે સામાયિક ચારિત્ર લીધું છે અને વિશુદ્ધતાના કારણે પ્રાપ્ત થયેલ ચતુર્થ મનઃપર્યયજ્ઞાનથી દેદીપ્યમાન છે એવા ભગવાન પારણાના દિવસે આહાર લેવા માટે ગુલ્મખેટ નગરમાં ગયાં. ત્યાં શ્યામવર્ણવાળા ધન્ય નામના રાજાએ અષ્ટ મંગળ દ્રવ્યો દ્વારા પડગાહન કરીને શુદ્ધ આહાર દીધો. આહાર દાન આપી તે ક્રિયાને યોગ્ય ઉત્તમ ફળ રાજાએ પ્રાપ્ત કર્યું.

ત્યારબાદ જે વનમાં દીક્ષા લીધી હતી તે જ વનમાં જઈને તે દેવદાર નામના એક મોટા વૃક્ષ નીચે બિરાજમાન થયાં. ત્યાં તેલાનો નિયમ લેવાથી તેમની વિશુદ્ધતા વધી રહી હતી, તેમના સંસારનો અંત નિકટ આવી ચૂક્યો હતો. તેમની વિશુદ્ધતારૂપી શક્તિ ઉત્તરોત્તર વધતી જતી હતી. આ રીતે તે સાત દિવસનો યોગ લઈને ધર્મધ્યાન વધારતા બિરાજમાન હતા. આ સમયે કમઠનો જીવ શંબર નામનો અસુર



ધ્યાનસ્થ પાર્શ્વનાથ ઉપર દેવવિમાનનું રોકાવું

દેવ દ્વારા મુનિરાજ ઉપર પત્થર, વર્ષા દ્વારા ભયંકર ઉપસર્ગ

આકાશમાર્ગથી જઈ રહ્યો હતો, કે અચાનક તેનું વિમાન અટકી ગયું. જ્યારે તેણે વિભંગ અવધિજ્ઞાનથી તેનું કારણ જોયું તો તેને પોતાના પૂર્વભવના બધા વેર–બંધન દેખાવા લાગ્યા. પછી ક્રોધવશ તેણે મહાગર્જના કરી અને મહાવૃષ્ટિ શરૂ કરી દીધી.



ધરણેન્દ્ર દ્વારા ભગવાન પાર્શ્વનાથ ઉપર ફેંકાતા પત્થર આદિ ઉપસર્ગનું નિવારણ

આ રીતે યમરાજના જેવા અતિશય દુષ્ટ તે દુર્બુદ્ધિએ સાત દિવસ સુધી લગાતાર ભિન્ન ભિન્ન પ્રકારના મહાઉપસર્ગ કર્યા. એટલે સુધી કે નાના મોટા પહાડ પણ લાવીને તેમની પાસે પછાડ્યા. અવધિજ્ઞાનથી તે ઉપસર્ગ જાણીને ધરણેંદ્રદેવ પોતાની દેવીની સાથે પૃથ્વીતળથી બહાર નીકળ્યા, તે સમયે ધરણેંદ્રદેવ જેની ઉપર રત્ન ચમકી રહ્યાં હતાં એવી ફેણથી સુશોભિત હતા. ધરણેંદ્રે ભગવાનને બધી તરફથી વીંટળાઈને તેમને ફેણ ઉપર ઉપાડી લીધા અને તેમની દેવી વજ્રમય છત્ર ખેંચીને ઊભી રહી ગઈ. આચાર્ય કહે છે કે જુઓ—સ્વભાવથી જ ક્રૂર કહેવાતા સર્પ–સર્પિણીએ પોતા પર કરેલ ઉપકાર યાદ રાખ્યો તે તો ઠીક છે, કેમ કે દયાળુ પુરુષ પોતા પર કરેલા ઉપકારને ક્યારે ભૂલતા નથી.

ત્યારપછી ભગવાનના ધ્યાનના પ્રભાવથી તેમનું મોહનીય કર્મ ક્ષીણ થઈ ગયું, તેથી વેરી કમઠનો બધો ઉપસર્ગ દૂર થઈ ગયો. મુનિરાજ શ્રી પાર્શ્વનાથે દ્વિતીય શુક્લધ્યાન દ્વારા અવશિષ્ટ ત્રણ ઘાતીયા કર્મોને પણ જીતી લીધા તેથી તેમને ચૈત્રકૃષ્ણ ચતુર્દશીના દિને, પ્રાતઃકાળના સમયે, વિશાખા નક્ષત્રમાં, લોક અલોકને પ્રકાશિત કરતું કેવળજ્ઞાન પ્રાપ્ત થયું. તે કારણે તેમનો ઘણો અભ્યુદય થયો. તે જ સમયે ઈન્દ્રોએ કેવળજ્ઞાનની પૂજા કરી. શંબર નામનો જ્યોતિષ દેવ પણ કાળલબ્ધિ પામી શાંત થઈ ગયો અને તેણે સમ્યગ્દર્શન સંબંધી વિશુદ્ધતા પ્રાપ્ત કરી. આ જોઈ, તે વનમાં રહેવાવાળા સાતસો તપસ્વીઓએ મિથ્યાદર્શન છોડી સંયમ ધારણ કર્યો. બધા શુદ્ધ સમ્યગ્દષ્ટિ થઈ ગયા અને ઘણા આદર સાથે પ્રદક્ષિણા દઈ ભગવાન શ્રી પાર્શ્વનાથના ચરણોમાં નમસ્કાર કરવા લાગ્યા. આચાર્ય કહે છે કે પાપી કમઠના જીવને ક્યાં નિષ્કારણ વેર અને ક્યાં આવી શાંતિ. જ્ઞાનીઓએ સાચે જ કીધું છે કે મહાપુરુષોની સાથે મિત્રતા તો દૂર રહો શત્રુતા પણ શુદ્ધિનું કારણ થાય છે.


# સમસ્ત આચાર્ય પરંપરા

ભગવાન શ્રી મહાવીરસ્વામીના નિર્વાણ પછી લગભગ ૬૮૩ વર્ષ સુધી તો અંગ, પૂર્વ અને અંગ–પૂર્વાંશનો જ્ઞાનપ્રવાહ ક્રમશઃ ક્ષીણ થતો હોવા છતાં અવિરતરૂપે ચાલી રહ્યો હતો. ત્યાં સુધી શ્રુત પ્રવાહની મૌખિક પરંપરા જ હતી. તત્પશ્ચાત્ જ્ઞાન વિશેષ વિશેષ ક્ષીણ થતું જતું હોવાથી ગ્રંથ લખવાની પરંપરા શરૂ થઈ.

ત્યારપછી કેટલાક મહાસમર્થ શ્રુતધર આચાર્યો ભગવંત ગુણધરસ્વામી, ભગવંત ધરસેનાચાર્ય, પુષ્પદંત, ભૂતબલિ, કુંદકુંદસ્વામી, સમન્તભદ્રસ્વામી આદિ આચાર્યોને આચાર્ય પરંપરાથી મળેલ જે શ્રુતજ્ઞાન, તેનાથી તેમણે ષટ્ખંડાગમ, કષાયપાહુડ, સમયસાર, પ્રવચનસાર, નિયમસાર, પંચાસ્તિકાયસંગ્રહ, તત્ત્વાર્થસૂત્ર, આપ્તમીમાંસા, સમાધિતંત્ર, ઈષ્ટોપદેશ આદિ વિવિધ ગ્રંથોની રચના કરીને તે શ્રુતજ્ઞાનને ચેતનવંત બનાવ્યું. ત્યારપછી કેટલાક સારસ્વતાચાર્ય થયાં, જેમણે શ્રુતપરંપરામાં મળેલ શ્રુતજ્ઞાનને પોતાના આત્મજ્ઞાન અને અંતરંગ વિશુદ્ધિના બળથી મૌલિકગ્રંથ અને ટીકા ગ્રંથોને લખી જિનધર્મને સરળ અને વિશુદ્ધરૂપથી સુદઢ કર્યો.

આ રીતે ભગવાન શ્રી મહાવીરસ્વામી દ્વારા પ્રવાહિત જ્ઞાન ધીરે ધીરે ક્ષીણતા તરફ વ્હેતું ગયું. એવી પરંપરાથી પ્રવાહિત શ્રુતજ્ઞાન લગભગ ૨૫૦૦ વર્ષ સુધી ચાલ્યું. ભગવાન શ્રી મહાવીર પછી ૨૫૦૦ વર્ષોમાં તે જ્ઞાનગંગાએ ઘણા ઉતાર–ચડાવ જોયા હતા. ૨૫૦૦મી શતાબ્દીમાં તો ભગવાન શ્રી મહાવીરના શાસનનું મૂળભૂત અંગ અધ્યાત્મજ્ઞાન લુપ્તપ્રાયઃ થઈ ગયું હતું. તેના જ અંતર્ગત વીર નિ. ૨૪૧૬ (વિ.સં. ૧૯૪૬ / ઈ.સ. ૧૮૯૦)માં પરમકૃપાળુ સદ્ગુરુદેવશ્રી કાનજીસ્વામીનો જન્મ થયો. તેમણે પૂર્વમાં વિદેહક્ષેત્રના ભગવાન સીમંધરસ્વામીથી પ્રાપ્ત દેશનાના સંસ્કાર અને વર્તમાનમાં ગ્રંથાધિરાજ સમયસારથી નિજ આત્મ-સાક્ષાત્કાર કર્યો. એટલું જ નહિ, ઉક્ત દિગંબર પરંપરામાં થયેલ બધા આચાર્યોના ગ્રંથોનું રસાસ્વાદન કરી તેમણે પોતાની આત્મપરિણતિને વિશેષ નિર્મળ બનાવી.

તેઓશ્રી તે આચાર્ય ભગવંતો પર એટલા સમર્પિત હતાં કે તેઓ હંમેશાં કહેતાં હતાં કે ‘અમે તો તેમના દાસાનુદાસ છીએ.’ તદુપરાંત કેટલીક વાર એવું પણ બહુમાનપૂર્વક કહેતાં હતાં કે “ક્યારે એવા ભાગ્ય હોય કે આવા ભાવલિંગી સંત મળે





તો અમે એના ચરણોમાં જ રહીએ.'' પૂજ્ય સદ્‌ગુરુદેવશ્રી કાનજીસ્વામી તો નિરંતર એવા ભાવલિંગી સંતોના જ શાસ્ત્ર વાંચતાં હતાં. અને પ્રવચનમાં જે પણ કહેતા તે આચાર્યોના શાસ્ત્રમાં લખેલ શબ્દોના જ ભાવ ખોલતા હતા. તેઓ શ્રોતાઓને પણ કહેતા હતા કે તેઓ પણ તે શાસ્ત્ર લઈને મિલાન કરે, કે ક્યા શબ્દનો ક્યો અર્થ થઈ રહ્યો છે?

કોઈને કોઈ શંકા હોય તો શીઘ્ર અન્ય શાસ્ત્ર ખોલીને તેનો આધાર બતાવતા હતા.

આ રીતે પૂજ્ય સદ્‌ગુરુદેવશ્રી ભગવાન શ્રી મહાવીરસ્વામીની પરંપરામાં થયેલ ભગવાન શ્રી કુંદકુંદાચાર્ય આદિ બધા ભાવલિંગી વીતરાગી આચાર્ય ભગવંતોને ઘણા ભક્તિભાવથી સમર્પિત હૃદયવંત હતાં.

# દેવો દ્વારા વીસ વિહરમાન તીર્થંકરોના દર્શન




દિવ્યજ્ઞાનનેત્રધારક શ્રી જિનેન્દ્ર ભગવાનના જ્ઞાનદર્પણમાં સમસ્ત લોકાલોક ઝળકી રહ્યા છે. તેમના જ્ઞાનાનુસાર અરૂપી આકાશના જે મધ્યભાગમાં જીવ–પુદ્‌ગલાદિ છ જાતિના દ્રવ્ય જોવામાં આવે છે, તેને લોક કહે છે અન્ય દશોદિશામાં રહેલ આકાશ માત્રને અલોકાકાશ કહે છે.

અન્ય પ્રકારે કહીએ તો જ્યાં જીવ પોતાના શુભ–અશુભ અને શુદ્ધ પરિણામોનું ફળ ભોગવે છે એવા સ્થાનને લોક કહીએ છીએ. આ લોક નીચે રાખેલ અર્ધા મૃદંગ પર આખું મૃદંગ રાખવામાં આવે એવી આકૃતિ ધારક છે, અથવા પગ ફેલાવી કમ્મર પર બન્ને હાથ રાખી ઊભેલા પુરુષ જેવો આકારે છે. આ રચના કોઈએ બનાવી નથી, તેથી તેને શાશ્વતી રચના અથવા અકૃત્રિમ રચના પણ કહેવામાં આવે છે.

તેના વચ્ચે મધ્યભાગમાં લાંબી–પહોળી એક રાજુ અને ઊંચાઈ ચૌદ રાજુ પરિમાણવાળા ભાગને ત્રસ–નાડી કહેવાય છે. આ ભાગમાં ત્રસ જીવ વસે છે, પરંતુ સ્થાવર જીવ લોકના બધા સ્થાનોમાં વસે છે.

આ રચનાના બિલ્કુલ મધ્યભાગને 'મધ્યલોક' કહે છે. (જ્યાં વર્તમાનમાં આપણે રહીએ છીએ) મધ્યલોકમાં મનુષ્ય અને તિર્યંચજીવોને પોતાના મધ્યમ શુભ–અશુભ પરિણામના ફળરૂપે મધ્યમ ઈન્દ્રિય–સુખ ભોગવવાનાં સ્થાન છે. જોકે અહીંયા મધ્યમ પુણ્યને ભોગવવાના સ્થાનરૂપ વ્યંતરદેવોના સ્થાન પણ હોય છે. પરંતુ મુખ્યપણે



મનુષ્ય—તિર્યંચોના સ્થાનની અપેક્ષા અહીં મનુષ્ય, તિર્યંચ વસે છે. મધ્યલોકની ચિત્રા પૃથ્વીની ઉપર સુદર્શન મેરુ પર્વત સુધી ૯૯૦૦૦ યોજન ઊંચાઈવાળો મધ્યલોક છે. મધ્યલોકની લંબાઈ—પહોળાઈ ક્રમશઃ એક રાજુ અને સાત રાજુ છે.

મધ્યલોકની ચિત્રા પૃથ્વીથી ૭૯૦ યોજન ઉપર જવાથી ત્યાં ૧૧૦ યોજન ઊંચાઈનો અસંખ્યાત દ્વીપ—સમુદ્ર જેટલી લંબાઈનો જ્યોતિષ—લોક છે. મધ્યલોકમાં ચૂડી આકારના એકબીજાથી ઘેરાયેલ અસંખ્યાત દ્વીપ—સમુદ્ર છે. તેમાં પહેલો દ્વીપ અને છેલ્લો સમુદ્ર છે.

તે રચનાના બહુમધ્યભાગમાં એક લાખ યોજન વ્યાસવાળો જમ્બૂદ્વીપ છે. તેને ઘેરીને બે લાખ યોજન પ્રમાણ લવણ સમુદ્ર, તેને ફરતો ચાર લાખ યોજન ધાતકીખંડ દ્વીપ—આ રીતે બમણા બમણા વિસ્તારવાળા દ્વીપ—સમુદ્ર છે. તેમાં જમ્બૂદ્વીપ—ધાતકીખંડ દ્વીપ અને અર્દ્ધ પુષ્કર દ્વીપના ભાગ સુધી જ મનુષ્યોનું વિચરણ હોવાથી તેને મનુષ્યલોક કહે છે—આ વિસ્તારનું પરિમાણ ૪૫ લાખ યોજન વ્યાસ હોવાથી તથા અહીંથી પુરુષ—મનુષ્ય જ સિદ્ધ થતા હોવાથી આ વિસ્તારના સમશ્રેણીમાં ઉપર લોકના ઉત્કૃષ્ટ ભાગમાં 'સિદ્ધ ભગવંત' બિરાજે છે.

ઉક્ત અઢી દ્વીપની મધ્યમાં જમ્બૂદ્વીપની જે રચના છે, એવી જ બમણી રચના ધાતકીખંડ દ્વીપ અને પુષ્કરવરદ્વીપના અર્ધ ભાગમાં છે. માટે જમ્બૂદ્વીપમાં એક મેરુ પર્વત અને ધાતકીખંડ દ્વીપ તથા પુષ્કરાર્દ્ધ દ્વીપમાં બબ્બે મેરુ પર્વત છે. આ પાંચેય મેરુ પ્રત્યેક ક્ષેત્રની મધ્યમાં પૂર્વ—પશ્ચિમ સ્થિત છે એ રીતે અઢી દ્વીપમાં પાંચ મેરુપર્વત છે. આ પ્રત્યેક મેરુની પૂર્વ—પશ્ચિમ દિશામાં વિદેહક્ષેત્ર છે. આ વિદેહક્ષેત્રમાં સીતા—સીતોદા નદી, વક્ષ્યાર પર્વત અને વિભંગા નદીઓ દ્વારા, ભદ્રસાલ વનની વેદીથી આગળ આ ક્ષેત્રના નદીના ઉત્તર—દક્ષિણ તટ પર પ્રત્યેક ક્ષેત્રના આઠ—આઠ ભાગ થઈ જાય છે. આ રીતે પ્રત્યેક મેરુ સંબંધિત ૩૨—૩૨ વિદેહ આ ક્ષેત્રમાં થઈ જાય છે. આ રીતે પાંચેય—મેરુ સંબંધી ૧૬૦ વિદેહ શાશ્વત છે. જેમ ભરત—ઐરાવત ક્ષેત્રમાં ઉત્સર્પિણી—

અવસર્પિણી કાળમાં ૧ થી ૬ પ્રકારનું કાળ–પરિવર્તન થાય છે, તેવું આ વિદેહોમાં થતું નથી. અહીંયા સદા અવસર્પિણીના ચતુર્થકાળ જેવી કર્મભૂમિની રચના હોય છે. અહીં હંમેશા ધર્મકાળ જ રહે છે, અર્થાત્ અહીંથી જીવ સદા પુરુષાર્થ કરીને તે જ ભવમાં મોક્ષ પ્રાપ્ત કરી શકે છે. અહીં સદા તીર્થંકર ભગવાન બિરાજમાન રહે છે. અહીં જઘન્યરૂપે પાંચ વિદેહમાં કુલ ૨૦ તીર્થંકર અને ઉત્કૃષ્ટરૂપે ૧૬૦ તીર્થંકર બિરાજમાન રહે છે. વર્તમાનમાં આ પાંચેય મેરુ સંબંધિત વિદેહક્ષેત્રમાં ૨૦ તીર્થંકર બિરાજમાન છે. તેમાં પ્રત્યેક મેરુના પૂર્વ–પશ્ચિમ વિદેહના બબ્બે તીર્થંકર શાશ્વત બિરાજમાન છે. આ તીર્થંકરોના સીમંધર આદિ● ૨૦ નામ શાશ્વત છે. અર્થાત્ ત્રિકાળ આ વીસ નામવાળા તીર્થંકર અહીં બિરાજે છે. જ્યારે તે સિદ્ધદશા પ્રાપ્ત કરે છે તે સમયે તે વિદેહોમાં તે જ નામવાળા અન્ય તીર્થંકરના જ્ઞાનકલ્યાણક થઈ જાય છે. માટે આ વીસ વિહરમાન તીર્થંકર ભગવંત શાશ્વત વિહરમાન જિનેન્દ્ર ભગવાન માનવામાં આવે છે.

ચતુર્નિકાયના દેવ અહીં ભગવાનના વંદન–પૂજન આદિ કરવા આવે છે. તદુપરાંત ભરત–ઐરાવતના સમર્થ ઋદ્ધિધારક આચાર્ય મુનિરાજ પણ ઋદ્ધિ દ્વારા અથવા પૂર્વના પુણ્યથી દેવો દ્વારા અહીંયા ભગવાનના દર્શન કરવા આવે છે. આ ભરતક્ષેત્રના ભગવાન શ્રી કુંદકુંદાચાર્યદેવે ચારણઋદ્ધિના બળથી અથવા દેવો દ્વારા ભગવાન શ્રી સીમંધરનાથના દર્શન કર્યા અને એક સપ્તાહ સુધી ભગવાનની દિવ્યધ્વનિનો, ગણધરો–કેવળી–શ્રુતકેવળીનો લાભ લીધો. (પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામી અને પૂજ્ય ભગવતી બહેનશ્રી ચંપાબેન પોતાના પૂર્વભવમાં તે સમયે ત્યાં વિદ્યમાન હતાં. અહીં આ વીસ વિહરમાન ભગવાનના દેવો દર્શન કરતાં દેખાઈ રહ્યા છે.


● સીમંધરાદિ વીસ તીર્થંકરોના નામ

| | | | |
|---|---|---|---|
| (૧) સીમંધરસ્વામી | (૨) યુગમંધરસ્વામી | (૩) બાહુસ્વામી | (૪) સુબાહુસ્વામી |
| (૫) સંજાતકસ્વામી | (૬) સ્વયંપ્રભસ્વામી | (૭) ઋષભાનનસ્વામી | (૮) અનંતવીર્યસ્વામી |
| (૯) સૂરીપ્રભસ્વામી | (૧૦) વિશાલપ્રભસ્વામી | (૧૧) વજ્રધરસ્વામી | (૧૨) ચંદ્રાનનસ્વામી |
| (૧૩) ચંદ્રબાહુસ્વામી | (૧૪) ભુજંગમસ્વામી | (૧૫) ઈશ્વરસ્વામી | (૧૬) નેમપ્રભસ્વામી |
| (૧૭) વીરસેનસ્વામી | (૧૮) મહાભદ્રસ્વામી | (૧૯) દેવયશસ્વામી | (૨૦) અજિતવીર્યસ્વામી |

# શ્રી અજિતનાથ ભગવાન–દીક્ષા કલ્યાણક

આ જમ્બૂદ્વીપના પૂર્વ વિદેહક્ષેત્રમાં સીતા નદીના દક્ષિણ કિનારા પર એક વત્સા નામનો દેશ છે. તેમાં ધન–ધાન્યથી સંપન્ન એક સુસીમા નગરી છે. ત્યાં કોઈવાર વિમલવાહન રાજા રાજ્ય કરતા હતા. રાજા વિમલવાહન સમસ્ત ગુણોંથી વિભૂષિત હતા. તે ઉત્સાહ, મંત્ર અને પ્રભાવ—આ ત્રણ શક્તિઓથી સતત ન્યાયપૂર્વક પ્રજાનું પાલન કરતા હતા. રાજકાર્ય કરતા થકા પણ તે આત્મ–ધર્મ, સંયમ, સામાયિક આદિને ભૂલતા ન હતા. તેઓ ઘણા મંદ–કષાયી હતા.

એક દિવસ રાજા વિમલવાહનને કોઈ કારણે વૈરાગ્ય થઈ ગયો. વિરક્ત થઈ તેઓ વિચારવા લાગ્યા–સંસારની અંદર કોઈ પદાર્થ સ્થિર નથી. આ મારો આત્મા પણ એક દિવસ શરીરને છોડી ચાલ્યો જશે, કેમ કે આત્મા અને શરીરનો સંબંધ ત્યાં સુધી જ રહેશે, જ્યાં સુધી આયુષ્ય હશે. આ આયુષ્ય પણ ધીરે ધીરે ઘટતું જાય છે. માટે આયુષ્ય પૂર્ણ થવા પહેલાં જ આત્મ કલ્યાણની પ્રવૃત્તિ કરવી જોઈએ.




આ રીતે વિચાર કરી તેઓ વનમાં ગયાં અને એક દિગંબર યતિના સાંનિધ્યમાં દીક્ષિત થઈ ગયાં. તેમની સાથે ઘણા રાજાઓ દીક્ષિત થયા. ગુરુનાં ચરણોમાં રહીને તેમણે ખૂબ વિદ્યાધ્યયન કર્યું, જેથી તેમને અગિયાર અંગનું જ્ઞાન થઈ ગયું. તે જ વખતે તેમણે દર્શનવિશુદ્ધિ આદિ સોળ ભાવનાઓનું ચિંતવન પણ કર્યું હતું જેનાથી તેમને 'તીર્થંકર' નામની મહાપુણ્ય–પ્રકૃતિનો બંધ થયો.

રાજા વિમલવાહન આયુષ્યના અંતમાં સન્યાસપૂર્વક દેહત્યાગ કરીને 'વિજય' વિમાનમાં અહમિંદ્ર થયા. ત્યાં તેમનું આયુષ્ય તેત્રીસ સાગરનું હતું. તેમનું શરીર જેવું શુક્લ હતું તેવું તેમનું હૃદય પણ શુક્લ હતું. તેમને ત્યાં સંકલ્પ માત્રથી જ બધા પદાર્થ પ્રાપ્ત થઈ જતા હતા. પહેલાંની જેમ તેમનું ચિત્ત વિષયોમાં ઉદાસીન રહેતું હતું. ત્યાં તેઓ વિષયાનંદને છોડીને આત્માનંદમાં જ લીન રહેતા હતા. તેત્રીસ હજાર વર્ષ વીતી ગયા પછી એકવાર આહારની ઈચ્છા થતી હતી. તેત્રીસ પક્ષ પછી એકવાર શ્વાસોચ્છ્વાસ લેતા હતા. ત્યાં તેમના શરીરની ઊંચાઈ એક હાથની હતી. અહમિંદ્ર (રાજા વિમલવાહન)ને વિજય વિમાનમાં પહોંચતા અવધિજ્ઞાન થઈ ગયું હતું. જેના કારણે ત્રસનાડીની અંદરના બધા જ (રૂપી) પરોક્ષ પદાર્થોને પ્રત્યક્ષની જેમ સ્પષ્ટ જોઈ શકતા હતા. આ જ અહમિંદ્ર આગળ જઈને ભગવાન અજિતનાથ થશે.

આ જ ભારત વસુંધરા પર અત્યંત શોભાયમાન એક સાકેતપુરી (અયોધ્યાપુરી) છે. તેમાં ક્યારેક ઈક્ષ્વાકુવંશી કાશ્યપ ગોત્રીય રાજા જિતશત્રુ રાજ્ય કરતા હતા. તેમની મહારાણીનું નામ વિજયસેના હતું. ઉપર જે અહમિંદ્રનું કથન કર્યું તેનું આયુષ્ય જ્યારે છ મહિના બાકી હતું ત્યારે અહીં (ભરતમાં) રાજા જિતશત્રુના ઘરે પ્રતિદિન ત્રણ–ત્રણ વાર સાડા ત્રણ કરોડ રત્નની વર્ષા થવા લાગી. ઈન્દ્રની આજ્ઞા પામી કુબેર રત્ન વર્ષાવતા હતા. આ અતિશય જોઈને રાજા જિતશત્રુ બહુ જ આનંદિત થતા હતા. ત્યારપછી જયેષ્ઠ મહિનાની અમાવસ્યાના દિને રાત્રિના પાછલા ભાગમાં જ્યારે રોહિણી નક્ષત્રનો ઉદય હતો ત્યારે બ્રહ્મ મુહૂર્તના થોડા સમય પહેલાં મહારાણી વિજયસેનાએ ઐરાવત આદિ સોળ સ્વપ્નો જોયાં ત્યારપછી પોતાના મુખમાં એક મત્ત હાથી પ્રવેશ કરતો જોયો.

સવાર થતાં જ મહારાણીએ સ્વપ્નોનું ફળ રાજા જિતશત્રુને પૂછ્યું. તેમણે દેશાવધિરૂપ લોચનથી જોઈને કહ્યું કે હે દેવી! તમને 'તીર્થંકર' પુત્ર થશે. તેના પુણ્યબળના કારણે છમાસ પહેલાંથી પ્રતિદિન આ રત્નો વરસી રહ્યાં છે અને આજે તમે આ સોળ સ્વપ્નો જોયાં. સ્વપ્નોનું ફળ સાંભળી વિજયસેના હર્ષવિભોર બની ગઈ. જે સમયે તેમણે સ્વપ્નમાં મુખમાં પ્રવેશ કરતો ગંધહસ્તી જોયો ત્યારે અહમિંદ્ર રાજા 'વિમલવાહન'નો જીવ વિજય વિમાનથી ચ્યવી તેમનાં ગર્ભમાં અવતીર્ણ થયો હતો. તે દિવસે દેવોએ આવી સાકેતપુરીમાં ખૂબ ઉત્સવ કર્યો.

ધીરે ધીરે ગર્ભ પુષ્ટ થતો ગયો. મહારાજ જિતશત્રુના ઘરે રત્નોની વર્ષા ગર્ભના દિવસોમાં પણ પહેલાંની જેમ જ થતી હતી. ભાવી પુત્રનાં અનુપમ અતિશયનું ધ્યાન કરી મહારાજ જિતશત્રુને બહુ જ આનંદ થતો હતો. જ્યારે ગર્ભનો સમય વ્યતીત થઈ ગયો, ત્યારે માઘ શુક્લા દશમીના દિવસે મહારાણી વિજયસેનાને પુત્રરત્નની પ્રાપ્તિ થઈ. તે પુત્ર જન્મથી જ મતિ, શ્રુત, અવધિ—આ ત્રણેય જ્ઞાનોથી શોભાયમાન હતા. તેમના જન્મ સમયે અનેક શુભ શુકન થયા. ત્યારે જ દેવોએ સુમેરુ પર્વત પર લઈ જઈને તેમનો જન્માભિષેક કર્યો અને 'અજિત' નામ રાખ્યું. ભગવાન શ્રી અજિતનાથ ધીરે ધીરે વધવા લાગ્યા. તે પોતાની બાળ–સુલભ ચેષ્ટાઓથી માતા–પિતા તથા બંધુવર્ગ આદિનું મન પ્રસન્ન કરતા હતા. સાથે–સાથેના રમત–ગમતમાં પણ તેમના ભાઈ તેનાથી પરાજિત થઈ જતા હતા, ત્યારે તેઓ તેમનું નામ 'અજિત' સાર્થક સમજવા લાગતા હતા.

ભગવાન આદિનાથને મુક્ત થવાને પચાસ લાખ કરોડ સાગર વીતી ગયા પછી શ્રી અજિતનાથ ભગવાનનો જન્મ થયો. ઉક્ત અંતરાળમાં લોકોના હૃદયમાં ધર્મના પ્રતિ જે કાંઈ શિથિલતા થઈ ગઈ હતી તેને તેઓએ દૂર કરી ધર્મનો પ્રદ્યોત કર્યો. તેમના શરીરનો વર્ણ તપાવેલ સુવર્ણ જેવો હતો. તે ઘણા વીર અને ક્રીડા કરવામાં ચતુર પુરુષ હતા. અનેક પ્રકારની ક્રીડા કરતાં તેમને અઢાર લાખ પૂર્વ વીતી ગયાં ત્યારે તેમણે યુવાવસ્થામાં પદાર્પણ કર્યું. તે સમયે તેમની શરીરની શોભા ઘણી વૃદ્ધિ પામી હતી. મહારાજા જિતશત્રુએ અનેક સુંદર કન્યાઓ સાથે તેમના વિવાહ કર્યાં અને શુભ મુહૂર્તમાં તેમણે રાજ્ય દઈને સ્વયં ધર્મ–સેવન કરતા થકા સદ્‌ગતિને પ્રાપ્ત થયા.


ભગવાન શ્રી અજિતનાથે રાજ્ય પામીને પ્રજાનું એવું પાલન કર્યું કે તેમનાં ગુણોથી મુગ્ધ થઈને તેમના મનમાં મહારાજા જિતશત્રુની સ્મૃતિ પણ ભૂલાઈ ગઈ. તેમણે સમયોપયોગી સુધાર કરતાં થકાં ત્રેપન લાખ પૂર્વ સુધી રાજ્ય–લક્ષ્મી ભોગવી.

એક દિવસ ભગવાન શ્રી અજિતનાથ મહેલની છત પર બેઠા હતા કે તેમણે ચમકતી વિજળીને અચાનક નીચે પડી નષ્ટ થતાં જોઈ. તે જોઈ તેમનું હૃદય વિષયોથી વિરક્ત થઈ ગયું. એ વિચારવા લાગ્યા કે 'સંસારનો દરેક પદાર્થ આ વિજળી જેવો ક્ષણભંગુર છે. મારું આ સુંદર શરીર અને આ મનુષ્ય પર્યાય પણ એક દિવસ આ રીતે


પોતાના મહેલની અગાસીમાંથી આકાશમાં ચમકતી વીજળી જોઈને વૈરાગ્ય પ્રાપ્ત થતા રાજા અજિતનાથ

નષ્ટ થઈ જશે. જે ઉદ્દેશ્ય માટે મારો જન્મ થયો છે તે માટે મેં હજી સુધી કાંઈ કર્યું નથી. ખેદ છે કે મેં સામાન્ય અજ્ઞ મનુષ્યોની જેમ મારા આયુષ્યનો બહુભાગ ગુમાવી દીધો. હવે આજથી હું સર્વથા વિરક્ત થઈને દિગંબર મુદ્રાને ધારણ કરી વનમાં રહીશ, કેમકે આ રંગ–બેરંગી મહેલોમાં રહેવાથી ચિત્તને શાંતિ મળી શકતી નથી.

આ બાજુ એમના ચિત્તમાં આવો વિચાર આવી રહ્યો હતો ત્યાં લોકાન્તિક દેવોનું આસન કંપવા લાગ્યું. આસન કંપાયમાન થવાથી તેમને નિશ્ચય થઈ ગયો હતો કે 'ભગવાન શ્રી અજિતનાથનું ચિત્ત વૈરાગ્ય બાજુ ઢળે છે.' નિશ્ચયાનુસાર તે શીઘ્ર જ તેમની પાસે આવ્યા અને અનેક પ્રકારના સુભાષણોથી એમની વૈરાગ્યધારાને અત્યધિક પ્રવર્દ્ધિત કરી પોત–પોતાના સ્થાને ચાલ્યા ગયા. તે જ સમયે તપકલ્યાણકનો ઉત્સવ ઉજવવા ત્યાં સમસ્ત દેવ આવીને ઉપસ્થિત થયા. સૌથી પહેલાં ભગવાને અભિષેકપૂર્વક 'અજિતસેન' નામના પુત્રને રાજ્યભાર સોંપી દીધો. પછી અનાકુળ બની જંગલમાં જવા તૈયાર થઈ ગયા.




ભગવાન અજિતનાથનું જંગલમાં પંચમુષ્ટિ કેશલોંચપૂર્વક દીક્ષા અને આ પવિત્ર કેશને ઇન્દ્ર દ્વારા પટારામાં લઈ તેનું ક્ષીર સમુદ્રમાં ક્ષેપણ

દેવોએ એમનો તીર્થજળથી અભિષેક કર્યો અને અનેક પ્રકારના મનોહર આભૂષણ પહેરાવ્યાં પરંતુ તેમની આ રાગવર્દ્ધક ક્રિયામાં ભગવાન અજિતનાથને જરા પણ આનંદ ન મળ્યો. તે 'સુપ્રભા' નામની પાલખી પર આરૂઢ થયા. પાલખીને મનુષ્ય, વિદ્યાધર, દેવો, ક્રમે–ક્રમે ઉપાડીને અયોધ્યાના સહેતુક વનમાં લઈ ગયા. ત્યાં તેઓ સપ્તવર્ણ વૃક્ષની નીચે એક સુંદર શિલા પર પાલખી પરથી ઊતર્યા. જે શિલા પર તેઓ ઉતર્યા તેની ઉપર દેવાંગનાઓએ રત્નોંના ચૂર્ણથી અનેકવિધ ચોક પૂર્યા હતા. સપ્તવર્ણ વૃક્ષની નીચે બિરાજમાન દ્વિતીય જિનેન્દ્ર અજીતનાથે પહેલાં બધાં તરફ વિરક્ત દૃષ્ટિ નાખી દીક્ષિત થવાની સમ્મતિ લીધી. પછી પૂર્વ તરફ મુખ કરીને 'ૐ नमः सिद्धेभ्यः' બોલતા થકા વસ્ત્રાભૂષણ ઉતાર્યા અને પંચ મુષ્ટીઓથી કેશ ઉખાડી નાખ્યા. ઈન્દ્રે કેશોને ઉપાડી લીધા અને રત્નનાં પટારામાં રાખી દીધા. ઉત્સવ સમાપ્ત થયા પછી ક્ષીર–સાગરમાં તે કેશોને ક્ષેપણ કરી દીધા. દીક્ષા લેવા સમયે તેમણે ષષ્ઠોપવાસ ધારણ કર્યા. જે દિવસે ભગવાન શ્રી અજિતનાથે દીક્ષા ધારણ કરી હતી તે દિવસ માઘ માસની શુક્લ પક્ષની નવમી હતી અને રોહિણી

નક્ષત્રનો ઉદય હતો. તેમણે દીક્ષા સાંજના સમયે લીધી હતી. તેમની સાથે એક હજાર બીજા રાજાઓએ દીક્ષા ધારણ કરી હતી. તે સમયે ભગવાન અજિતનાથની વિશુદ્ધતા એટલી બધી વધી હતી કે દીક્ષા લેતા જ, તે સમયે મનઃપર્યયજ્ઞાન પ્રાપ્ત થઈ ગયું.

જ્યારે પ્રથમ યોગ સમાપ્ત થયો ત્યારે તે આહાર માટે અયોધ્યાપુરીમાં આવ્યા. ત્યાં બ્રહ્મા નામના શ્રેષ્ઠીએ તેમને ઉત્તમ આહાર દીધો, જેથી તેના ઘરે દેવોએ પંચાશ્ચર્ય પ્રગટ કર્યાં. ભગવાન શ્રી અજિતનાથ તેમના ઘેર આહાર લઈને ચુપચાપ વનમાં ચાલ્યા ગયા અને ત્યાં આત્મધ્યાનમાં લીન થઈ ગયા. યોગ પૂરો થવાથી તે આહાર માટે નગરમાં જતાં અને આહાર લઈને પુનઃ વનમાં આવી જતાં હતા. આ રીતે બાર વર્ષ સુધી તેમણે કઠિન તપસ્યા કરી જેના ફળસ્વરૂપ તેમને પોષ માસના શુક્લપક્ષની એકાદશીના દિને સાયંકાળના સમયે રોહિણી નક્ષત્રના ઉદયમાં 'કેવળજ્ઞાન' પ્રાપ્ત થયું.



હવે ભગવાન શ્રી અજિતનાથ પોતાના દિવ્યજ્ઞાન (કેવળજ્ઞાન) દ્વારા ત્રણ લોકના બધા ચરાચર પદાર્થોને એકી સાથે જાણવા લાગ્યા. દેવોએ આવી જ્ઞાનકલ્યાણકનો ઉત્સવ ઉજવ્યો. ઈન્દ્રની આજ્ઞા પામીને ધનપતિ કુબેરે વિશાળ સમવસરણની રચના કરી. તેમાં ગંધકુટીના મધ્યભાગમાં ભગવાન શ્રી અજિતનાથ બિરાજીત થયા. તે સભા દેવ, મનુષ્ય, તિર્યંચ આદિથી ભરચક ભરાઈ ગઈ. ભગવાને પોતાની દિવ્ય–ધ્વનિ દ્વારા બધાને સત્ધર્મોપદેશ આપ્યો, જેનાથી પ્રભાવિત થઈ લોકો આત્મધર્મમાં પુનઃ દૃઢ થયા.

# પાવાપુરી તીર્થક્ષેત્ર—જલમંદિર



આ પાવાપુરી સિદ્ધક્ષેત્ર છે. અહીંથી અંતિમ તીર્થંકર શ્રી વર્દ્ધમાનસ્વામી નિર્વાણ પામ્યા. નિર્વાણકાંડ અને નિર્વાણભક્તિ આદિ અનેક શાસ્ત્રોમાં આ ક્ષેત્રને ભગવાન મહાવીરની નિર્વાણભૂમિ માનવામાં આવી છે.

આ વિષયમાં કથાનક આમ છે કે—ભગવાન શ્રી મહાવીર નિરંતર બધી બાજુના ભવ્યસમૂહને સંબોધિત કરી પાવાનગરી પહોંચ્યા અને ત્યાંના 'મનોહરોદ્યાન' નામના વનમાં બિરાજીત થઈ ગયા. જ્યારે ચતુર્થકાળના ત્રણ વર્ષ સાડા આઠ મહીના બાકી રહ્યા, ત્યારે સ્વાતિ નક્ષત્રમાં કાર્તિકી અમાવસ્યાના દિને પ્રાતઃકાળમાં સ્વભાવથી જ યોગનિરોધ કરી ઘાતીયા સમાન અઘાતીકર્મો પણ નષ્ટ કરીને, બંધન રહિત થઈને, સંસારના પ્રાણીઓને સુખ ઉપજાવતા થકા નિરંતરાય તથા વિશાળ સુખ સહિત નિર્બંધ મોક્ષસ્થાનને પામ્યા. ગર્ભાદિક પાંચ કલ્યાણકોના મહાન અધિપતિ, ભગવાન મહાવીરના નિર્વાણ મહોત્સવના સમયે ચાર નિકાયના દેવોએ વિધિપૂર્વક તેમના શરીરની પૂજા કરી. તે સમયે સુર અને અસુરો દ્વારા પ્રગટાવવામાં આવેલ દેદીપ્યમાન દીપકોની પંક્તિથી પાવાનગરીનું આકાશ બધી તરફ ઝગમગી ઊઠ્યું. તે સમયથી પ્રારંભ કરી ભગવાનના નિર્વાણ કલ્યાણકની ભક્તિથી યુક્ત સંસારના પ્રાણી આ ભરતક્ષેત્રમાં પ્રતિવર્ષ આદરપૂર્વક પ્રસિદ્ધ દીપમાલિકા દ્વારા ભગવાન શ્રી મહાવીરની પૂજા કરવા માટે ઉદ્યત રહેવા લાગ્યા, અર્થાત્ તેમની જ સ્મૃતિમાં દીપાવલીનો ઉત્સવ ઉજવવા લાગ્યા.

જે સ્થાન પર ભગવાન શ્રી મહાવીર નિર્વાણ પામ્યા હતાં, ત્યાં અત્યારે એક વિશાળ સરોવર બન્યું છે. આ તળાવના સંબંધમાં જનતામાં એક વિચિત્ર કિંવદન્તી પ્રચલિત છે. કહેવાય છે કે ભગવાનના નિર્વાણ સમયે અહીંયા દેવતાઓ તથા મોટો જનસમુદાય એકત્રિત થયો હતો. પ્રત્યેક વ્યક્તિએ આ પવિત્રભૂમિની એક એક ચપટી માટી લઈને પોતાના લલાટમાં શ્રદ્ધાપૂર્વક લગાડી હતી. ત્યારથી આ તળાવ બની ગયું છે. સાધારણ જનતા આ તળાવને પહેલાં 'નોખુર' સરોવર કહેતી હતી. જેનો અર્થ નખોંથી ખોદાયેલ એવો થાય છે.

એમ પણ કહેવાય છે કે આ સરોવર પહેલાં ૮૪ વિઘામાં ફેલાયેલ હતું. પરંતુ આજકાલ આ ૧/૪ માઈલ લાંબુ અને એટલું જ પહોળું છે. સરોવર અત્યંત પ્રાચીન લાગે છે. વિવિધ રંગોમાં ખીલેલ કમળ–પુષ્પના કારણે આ સરોવરની શોભા અદ્‌ભુત લાગે છે. પુષ્પો ઉપર સૌરભ અને રસના લોભી ભ્રમર ગુંજારવ કરતા રહે છે. તળાવમાં માછલીઓ અને સર્પ કિલ્લોલ કરે છે. આરતીના સમયે, ભક્તો દીપક લઈને આરતી ઉતારી પાણીમાં વહેવડાવે છે, તે દીપાવલી મનોરમ્ય હોય છે.

કૌતુકપ્રેમી લોકો માછલીઓને ભોજ્ય પદાર્થ અંદર નાખે ત્યારે તે માછલીઓની ક્રીડા જોવાલાયક હોય છે.

આ સરોવરના મધ્યમાં શ્વેત આરસથી નિર્મિત એક જૈનમંદિર છે. જેને જલમંદિર કહે છે. આ જલમંદિરમાં જવા માટે સડકના કિનારે લાલ પાષાણનું બનેલ એક પ્રવેશદ્વાર છે. આ દ્વારથી મંદિર સુધી લાલ પાષાણનો ૬૦૦ ફૂટ લાંબો પુલ બનાવેલ છે. રાત્રિમાં જ્યારે વિજળીનો પ્રકાશ થાય અને તેનું પ્રતિબિંબ જળમાં પડે છે ત્યારે ત્યાંનું દૃશ્ય બહુ જ ભવ્ય અને સોહામણું હોય છે. જ્યાં પુલ સમાપ્ત થાય ત્યાં આરસનું દ્વાર બનેલ છે. તેમાં પ્રવેશ કરતાં આરસનો વિશાળ ઓટલો મળે છે. તેના મધ્યમાં આરસનું ભવ્ય અને કલાપૂર્ણ જિનમંદિર બનેલ છે. જે ટાપુ પર મંદિર બનેલ છે તે ૧૦૪ વર્ગ વાર છે. કહેવાય છે–આ નિર્માણ નંદિવર્ધન નામના રાજાએ કરાવેલ છે અને વેદીના પાયામાં સોનાની ઈંટો ભરાવી હતી. પ્રારંભમાં આ મંદિર આરસનું નહોતું. પછી આરસ લગાડેલ છે. મૂળ મંદિર ઈંટોનું બનેલ છે. થોડા વર્ષ પહેલાં આ મંદિરનો જીર્ણોદ્ધાર થયેલ છે. ત્યારે તે સમયે પ્રાચીન મંદિર અને અંદર લાગેલી મોટી–મોટી ઈંટો હજારો વ્યક્તિઓએ જોઈ હતી. પુરાતત્ત્વવેત્તાઓના મતથી આ ઈંટો બે–અઢી હજાર વર્ષ જુની છે. આ મંદિર પોતાના મૂળરૂપમાં ઘણું પ્રાચીન છે.

મંદિરમાં માત્ર ગર્ભગૃહ છે અને તેની ચારે તરફ ઓસરી છે. મંદિરમાં ત્રણ દિવાલ–વેદી બનેલ છે. વચલી વેદીમાં શ્રી મહાવીર ભગવાનનાં ચરણ બિરાજમાન છે. એ જ રીતે ડાબી બાજુની વેદીમાં ભગવાનના મુખ્ય ગણધર શ્રી ગૌતમસ્વામીના તથા જમણી તરફ વેદીમાં શ્રી સુધર્માસ્વામીના ચરણ સ્થાપિત છે. મંદિરમાં કોઈ મૂર્તિ નથી. મંદિર શિખરબદ્ધ છે.

આ ક્ષેત્રમાં પહેલાં બે મંદિર હતાં અને એક ધર્મશાળામાં બન્ને સંપ્રદાયવાળાનો સરખો અધિકાર હતો. ત્યારપછી દિગંબર સમાજે પૃથક ધર્મશાળા અને મંદિરોનું નિર્માણ કર્યું. આજકાલ જલમંદિર અને સમવસરણ મંદિરમાં દર્શન–પૂજનની દૃષ્ટિએ બંને સંપ્રદાયોને સમાન અધિકાર છે. જલમંદિરની પાસે જ 'પાવાપુરી સિદ્ધક્ષેત્ર દિગંબર જૈન કાર્યાલય' છે. અહીં સાત દિગંબર જૈન મંદિરોનો સમૂહ છે. બધા મંદિર અતિ દર્શનીય છે. દિગંબર જૈનોએ બનાવેલી બે ધર્મશાળાઓ છે. અહીં બધી સુવિધા છે.

વર્તમાનમાં પાવા અને પુરી બે પૃથક ગ્રામ છે. વર્તમાન પાવાપુરી મંદિર ન પાવામાં છે ન પુરીમાં પણ પોખરપુર મૌજેમાં છે. પ્રાચીનકાળમાં આવી રીતે બે ગામ ન હતાં. એક જ ગામ હતું. એક સમય એવો આવ્યો કે નગરની આબાદીની વચ્ચે અંતરાલ પડી ગયો. ત્યારે એક તરફની આબાદીવાળા પાવામાં અને બીજી તરફની આબાદીવાળા પુરીના કહેવડાવવા લાગ્યા. ભગવાન શ્રી મહાવીરનું નિર્વાણ પાવાનગરથી બહારના ઉદ્યાનમાં થયું હતું તેમ શાસ્ત્રોક્ત છે. ભગવાનના નિર્વાણ પછી હવે તે જ સ્થાન પર સરોવર અર્થાત્ પોખર બની ગયેલ છે અને નિકટમાં વસતિ વસી હોવાથી તેને પોખરપુર તરીકે કહેવાય છે.

બૌદ્ધના શાસ્ત્રમાં પણ મહાવીર–નિર્વાણની ઘણી ચર્ચા મળે છે. 'પાવાપુરી' બિહાર પ્રાન્તના પટના જિલ્લામાં બિહાર શરીફ તરફ ૧૪ કિ.મી. દૂર આવેલ સિદ્ધક્ષેત્ર છે.

પૂજ્ય સદ્‌ગુરુદેવશ્રી કાનજીસ્વામીએ વિ.સં. ૨૦૧૩ (ઈ.સ. ૧૯૫૭) અને વિ.સં. ૨૦૨૩ (ઈ.સ. ૧૯૬૭)માં આ પાવન તીર્થની ભક્તિભાવ સાથે વંદના-યાત્રા કરી હતી.

# શ્રી સમ્મેદશિખર સિદ્ધક્ષેત્ર



શ્રી સમ્મેદશિખર બધા જ તીર્થક્ષેત્રમાં પ્રમુખ તીર્થક્ષેત્ર છે. માટે તેને તીર્થરાજ કહેવામાં આવે છે. તેની આત્મ આરાધનાપૂર્વક ભાવસહિત વંદના-યાત્રા કરવાથી કોટિ–કોટિ જન્મોથી સંચિત કર્મોનો નાશ થાય છે. નિર્વાણક્ષેત્ર પૂજામાં કવિવર દ્યાનતરાયજીએ સત્ય જ લખ્યું છે—'એક વાર વંદે જો કોઈ, તાહિ નરક પશુગતિ નહીં હોઈ. એક વાર અંતરંગ શુદ્ધિપૂર્વક સર્વ સમર્પણ ભાવમય ભક્તિપૂર્વક વંદના કરવાનું ફળ માત્ર નરક અને પશુગતિથી છૂટકારો એમ નહીં, પરંતુ પરંપરામાં સંસારથી પણ છૂટકારો છે. પરંતુ આ વંદના દ્રવ્યવંદના કે ક્ષેત્રવંદના નહીં પરંતુ ભાવવંદના સમજવી જોઈએ.

એવું પ્રસિદ્ધ છે કે શ્રી સમ્મેદશિખરજી અને અયોધ્યા આ બે તીર્થ અનાદિ નિધન શાશ્વત છે.

અયોધ્યામાં બધા તીર્થંકરોનો જન્મ થાય છે અને સમ્મેદશિખરથી બધા તીર્થંકરો નિર્વાણ પામે છે, પરંતુ હુંડાવસર્પિણીના કાળ–દોષથી આ શાશ્વત નિયમમાં વ્યતિક્રમ થઈ ગયો, માટે અયોધ્યામાં માત્ર પાંચ તીર્થંકરોનો જ જન્મ થયો અને સમ્મેદ–શિખરથી માત્ર વીસ તીર્થંકરો નિર્વાણ પામ્યા. તેના સિવાય અસંખ્ય મુનિઓ અહીં તપશ્ચરણ કરી મુક્તિ પામ્યા. સમ્મેદશિખરની ભાવવંદનાનું તાત્પર્ય આ છે કે, આ ક્ષેત્રથી જે તીર્થંકર અને અન્ય મુનિઓ મુક્તિ ગયા તેના ગુણો સમ્યક્ દર્શનપૂર્વક પોતાના હૃદયમાં ઉતારે અને તે પ્રમાણે પોતાના આત્માના શ્રદ્ધા-જ્ઞાન-ચારિત્ર ગુણોનો વિકાસ કરે. તેમ કરવાથી મુક્તિનો માર્ગ પ્રશસ્ત થશે તેમાં સંદેહ નથી.

અઢી દ્વીપમાં કુલ ૧૭૦ સમ્મેદશિખર હોય છે. તેમાં જંબૂદ્વીપના ભરતક્ષેત્રનું સમ્મેદશિખર તે જ છે જે પારસનાથ હિલના નામથી પ્રખ્યાત છે. પ્રાકૃત નિર્વાણકાંડમાં સમ્મેદશિખરથી વીસ તીર્થંકરોને નિર્વાણ પ્રાપ્તિનો ઉલ્લેખ કરતાં તેમને નમસ્કાર કરવામાં આવ્યા છે.

સગર ચક્રવર્તી અને તેમના ૬૦૦૦૦ પુત્રો આ ક્ષેત્રથી દીક્ષા લઈને નિર્વાણ પામ્યા.

દિગંબરધર્મમાં એવી માન્યતા પ્રચલિત છે કે તીર્થંકર ભગવાન જ્યાંથી મુક્તિ પામ્યા, તે સ્થાન પર સૌધર્મેન્દ્ર દ્વારા ચિહ્ન સ્વરૂપ સ્વસ્તિકની રચના કરવામાં આવે છે. આ માન્યતાના આધારથી કહેવામાં આવે છે કે ભક્ત શ્રાવકોએ તે સ્થાનો પર તીર્થંકરોના ચરણ સ્થાપિત કર્યા. માનસિંહના મંત્રી મહામાત્ય નાનૂએ જિનમંદિરોનું નિર્માણ કરાવ્યું. તે જૂના જીર્ણ મંદિરોના સ્થાન પર જ બનાવવામાં આવ્યા હતા. (અહીં મંદિરોનો અર્થ ટૂક છે).

(૧) આ ક્ષેત્ર પર એવું પણ કહેવાય છે કે આ ક્ષેત્ર ઉપર સૌધર્મ ઈન્દ્રે વીસ તીર્થંકરોની પ્રતિમા સ્થાપિત કરી હતી.

(૨) તે પ્રતિમાઓનું પ્રભામંડળ પ્રતિમાના આકારનું હતું. તેથી તેમની તરફ જોવામાં શ્રદ્ધાની આંખો જ સમર્થ થાય છે. જેના હૃદયમાં શ્રદ્ધા ન હોય તે પ્રભા પુંજસ્વરૂપ પ્રતિમાઓને જોઈ શકતા ન હતા.

(૩) શ્રી યતિજીના કાળસુધી આ અર્થાત્ ૧૩મી શતાબ્દી સુધી આ તીર્થરાજ પર દિગંબર સમાજનું આધિપત્ય હતું.

આ વર્ણનથી ફલિતાર્થ નીકળે છે કે પહેલાં સમ્મેદશિખર પર ૨૦ મંદિર બન્યાં હતાં અને તેમાં સૌધર્મ ઈન્દ્ર દ્વારા પ્રતિષ્ઠિત ૨૦ તીર્થંકરોની મૂર્તિઓ બિરાજમાન હતી. આ મંદિર કેટલાં મોટા હતાં અને તેનું શું થયું? તેની માહિતી નથી. પણ એવું લાગે છે કે આ મંદિર નહીં પણ ટોંકના રૂપમાં હતા અને પહેલાં આમાં જ મૂર્તિ બિરાજિત હશે. પશ્ચાત્ અસુરક્ષા આદિ કારણોથી આ મૂર્તિના સ્થાનમાં ચરણ બિરાજમાન કરી દીધા હશે અને જીર્ણ થવાથી મહામાત્ય નાનૂએ તેના સ્થાન પર વીસ ટૂક અને મંદિર બનાવી દીધા હશે. પ્રાચીનકાળમાં કેટલાક લોકો સસંઘ યાત્રા માટે આવતા, વૈરાગ્ય પામી મુનિદીક્ષા લેતા હતા. સમ્મેદશિખરનું માહાત્મ્ય પૂજા શાસ્ત્રાદિમાં ઘણી જગ્યાએ મળે છે.

માર્ગ : તીર્થરાજ સમ્મેદશિખરજી જેનું બીજું નામ પારસનાથ હિલ છે તે બિહાર પ્રદેશના હજારીબાગ જિલ્લામાં આવેલ છે. (વર્તમાનમાં ઝારખંડ રાજ્યમાં છે) ત્યાં પહોંચવા માટે રેલ્વેના ઘણા માર્ગ છે. (૧) ગયા–દિલ્હી અથવા કલકત્તા બાજુથી આવવાવાળા યાત્રિકોએ પારસનાથ સ્ટેશને ઉતરવું જોઈએ. (૨) કલકત્તા બાજુથી આવવાવાળા યાત્રીઓ ગિરીડીહ સ્ટેશને પણ ઉતરી શકે છે. (૩) પટનાથી રાંચી જવાવાળી ગાડીઓ દ્વારા પારસનાથ પણ ઉતરી શકાય છે. આ બધી પૂર્વ રેલ્વેની મુખ્ય લાઈનો છે.

સમ્મેદશિખરની યાત્રા માટે ઉપર જવાના બે માર્ગ છે. એક તો નિમીયા ઘાટ થઈને અને બીજો મધુવન બાજુથી. નિમીયા ઘાટ પર્વતની દક્ષિણ બાજુએ છે. અહીં એક ડાક બંગલો તથા જૈન ધર્મશાળા બનેલી છે. અહીંથી જતા પર્વતની વંદના ઉલટી પડે છે અને બધાથી પહેલા પારસનાથની ટૂક આવે છે.

નિમીયાઘાટની બાજુથી સમ્મેદશિખરની યાત્રા કરવામાં છ માઈલની ચઢાઈ થાય છે. તથા ઉપર ટૂકોની વંદના છ માઈલ (નવ કિ.મી.) અને પાછા ફરતા છ માઈલ. ચઢાણમાં એક માઈલ તો મોટરથી જવા યોગ્ય માર્ગ છે. અને બાકીના પાંચ માઈલ પગપાળા યાત્રા કરવાની હોય છે.

મધુવન બાજુથી બધી મળીને ૧૮ માઈલ (૨૭ કિ.મી.)ની યાત્રા કરવી પડે છે. પરંતુ ઘણા યાત્રીઓ મધુવન બાજુથી યાત્રા કરે છે. આ તરફથી યાત્રા કરવામાં ઘણી સુવિધાઓ છે. સૌથી મોટી સુવિધા તો એ છે કે અહીં અન્ય અનેક યાત્રીઓ

સાથે સંગાથ થાય છે અને આટલી લાંબી યાત્રા અન્ય સાથીઓના કારણે સુગમ બની જાય છે. જ્યારે નિમીયાઘાટ બાજુથી યાત્રા કરવાથી યાત્રીઓએ મુખ્યપણે એકલા જ ચઢવું, ઉતરવું પડે છે તેથી યાત્રા મુશ્કેલ લાગે છે.

અઢાર માઈલની આ લાંબી યાત્રા કિશોર, યુવકો, વૃદ્ધો, સ્ત્રી-પુરુષો દરેક કોઈ જગ્યાએ પગથિયા દ્વારા અને કોઈ જગ્યાએ પથરાળ રસ્તાથી તીર્થંકરોનો જયઘોષ કરતા સ્તુતિ, વિનતી વાંચતા આનંદપૂર્વક કરી લે છે. શ્વાસ ચડી જાય છે પરંતુ મનમાં ક્ષણભર પણ દુઃખનો ભાવ થતો નથી. પરંતુ પોતાની ધાર્મિક શ્રદ્ધા, ઉલ્લાસ, ઉત્સાહ અને પ્રકૃતિની અનિધ્ય સુષમાથી વિભોર થઈને યાત્રીઓ યાત્રા પૂર્ણ કરી પોતાના સ્થાને પાછા આવે છે ત્યારે તેમને અનુભવ થાય છે કે ભગવાનની ભક્તિમાં અદ્‌ભુત શક્તિ છે. તે સિવાય આટલી લાંબી યાત્રા સંભવિત ન થાય.

અહીં ઘણી ધર્મશાળાઓ, મંદિરો અને પ્રતિમાઓ દર્શનીય છે.


વીસ તીર્થંકરોએ આ જ પર્વત પર અંતિમ યોગનિરોધ કરી નિર્વાણની પ્રાપ્તિ કરી હતી. અહીંથી મુક્તિને પ્રાપ્ત થવાવાળા મુનિરાજોની સંખ્યા શાસ્ત્રમાં આપવામાં આવેલ છે. કૂલ ટૂકોની સંખ્યા વીસ છે. જે વીસ તીર્થંકરોનું નિર્વાણસ્થાન છે.

આ પ્રમાણે આપણે જોયું કે આ ક્ષેત્રથી અસંખ્ય મુનિવરો અનાદિકાળથી સમયે સમયે મુક્તિને પ્રાપ્ત થયા છે. તેથી આ ક્ષેત્ર પરમ પવિત્ર છે. તેનો કણ-કણ પવિત્ર છે. આ જ કારણ છે કે આ તીર્થ ઉપર સિંહ, વાઘ, હરણ વગેરે અનેક જાતિવિરોધી હિંસક પ્રાણીઓ વિચરતા જોવામાં આવે છે. પરંતુ ક્યારેય કોઈએ એકબીજા ઉપર આક્રમણ કર્યું હોય કે કોઈ યાત્રી સાથે કોઈ દુર્ઘટના ઘટી હોય એવું જાણવામાં આવ્યું નથી. એકવાર કોઈને સિંહ મળ્યો અને તે એક બાજુ ચાલ્યો ગયો. યાત્રી પોતાના રસ્તા ઉપર આગળ વધતો ગયો. આ બધો આ તીર્થરાજનો એક પ્રકારનો અતિશય જ કહેવાય છે.

અહીં  ટૂક પર જિર્ણોદ્ધારના સમયે પ્રાચીન ચરણચિહ્ન હટાવી નવા ચરણચિહ્ન બિરાજમાન કર્યા છે. જેથી આ ક્ષેત્રનું સાચો ઈતિહાસ અને પુરાતત્ત્વ સમાપ્ત થઈ ગયું છે.


અહીંની વંદના કરવાવાળાઓએ પાલગંજ અને ગિરીડિહનાં મંદિરોના દર્શન કરવા જોઈએ. પાલગંજ અહીંથી દસ માઈલ દૂર છે. ત્યાં કિલ્લામાં પ્રાચીન મંદિર છે. તેમાં ભૂગર્ભથી નીકળેલી ભગવાન મહાવીરની અત્યંત પ્રાચીન મૂર્તિ છે. આ પ્રમાણે ગિરીડિહમાં બે મંદિરો છે. એક તો વીસપંથી કોઠી મધુવન દ્વારા બનાવેલું છે અને બીજું તેરાપંથી પંચાયતી મંદિર પણ છે. મંદિરની પાસે ધર્મશાળાઓ પણ છે.

અહીં તળેટીમાં રોકાવા માટે ઘણી ધર્મશાળાઓ છે. તળેટીમાં ઘણા જિનમંદિરો છે. કે જે દર્શનીય છે.



ક્ષુલ્લક શ્રી ગણેશપ્રસાદ વર્ણીજી સાથે પ્રસન્નમુદ્રામાં પૂજ્ય ગુરુદેવશ્રી

પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામી વિ.સં. ૨૦૧૩ (ઈ.સ. ૧૯૫૭) તથા વિ.સં. ૨૦૨૩ (ઈ.સ. ૧૯૬૭)માં આ તીર્થની સસંઘ ભક્તિભાવ સહિત વંદના કરી હતી. આ સમયે સ્વામીજીની ક્ષુલ્લક ગણેશપ્રસાદ વર્ણીજી સાથે ઘણા વિદ્વાનોની ઉપસ્થિતિમાં સુંદર તાત્ત્વિક ચર્ચા થઈ હતી.



ભગવાન શ્રી સીમંધરનાથની સભામાં ભરતક્ષેત્રના સમર્થ આચાર્ય કુંદકુંદાચાર્યદેવ અને ફતેહચંદ રાજકુમાર

## સીમંધર ભગવાનની સભામાં

# ભગવાન શ્રી કુંદકુંદાચાર્યદેવ અને ગુણવાન રાજકુમાર

લગભગ આજથી ૨૦૦૦ વર્ષ પૂર્વે જંબૂદ્વીપના પૂર્વ વિદેહક્ષેત્રમાં પુષ્કલાવતી વિજયના પુંડરિકીણી નગરીના ભગવાન શ્રી સીમંધરનાથસ્વામી સમવસરણમાં શોભાયમાન છે. તે સમયે જંબૂદ્વીપના ભરતક્ષેત્રના અતિ શુદ્ધાત્મપરિણામી, ચારણઋદ્ધિધારી, પુણ્ય અને પવિત્રતામાં અજોડ ભગવત્ શ્રી કુંદકુંદાચાર્યદેવને ભગવાનનો અતિશય વિરહ લાગ્યો. જેથી ભગવાનના દર્શન અને રત્નત્રયની વિશેષ નિર્મળતા હેતુ ચારણઋદ્ધિના બળે અથવા દેવો દ્વારા તેઓ સદેહે સીમંધર ભગવાનના સમવસરણમાં પહોંચ્યા. તે સમયે ભગવાનની વાણીમાં 'सद्धर्मवृद्धिः रस्तुः' એવા મંગળ આશીર્વાદ આવવાથી ચક્રવર્તીએ પૂછેલું કે આ નાનકડા મુનિરાજ કોણ છે ? પ્રત્યુત્તરમાં તેમણે (ભગવાને) આ ભરતક્ષેત્રના સમર્થ આચાર્ય છે તેમ કહ્યું.


તે સમયે ત્યાં વિદેહક્ષેત્રની કુંડલપુર નગરીના ગુણવાન શ્રી ફતેહમંદ રાજકુમાર—ભગવાનના દર્શનાર્થે પધાર્યા હતાં. તેઓ (રાજકુમાર) ભગવાન કુંદકુંદાચાર્યને વંદન કરે છે.

તે દિવસોમાં ચક્રવર્તીએ પ્રશ્ન કર્યો અને ભગવાનની વાણીમાં આવ્યું કે—આ રાજકુમાર અહીંથી ભરતક્ષેત્રમાં જન્મશે અને ત્યાં શ્રી કુંદકુંદાચાર્યદેવનું ધર્મતીર્થ પ્રવર્તાવશે અને આગળ જતાં ચોથા ભવમાં ધાતકીખંડના પૂર્વ વિદેહમાં સૂર્યકીર્તિ અને સર્વાંગસ્વામી એવા બે નામના ધારક તીર્થંકર થશે. આ વાત સારાયે લોકસમુદાયમાં ફેલાયેલી હતી. બધે 'રાજકુમાર—રાજકુમાર' એમ મહિમા વર્તતી હતી.

આ ફતેહમંદ રાજકુમાર અન્ય કોઈ નહીં પણ આપણા પરમપૂજ્ય સદ્ગુરુદેવશ્રી કાનજીસ્વામી જ છે. આ બધી વાત પૂજ્ય બહેનશ્રી ચંપાબેનના જાતિસ્મરણજ્ઞાનથી વિશ્વના મુમુક્ષુ સમાજમાં પ્રસિદ્ધ થઈ અને આખો મુમુક્ષુ સમાજ હર્ષોલ્લાસિત થયો. આ ગુણવાન શ્રી રાજકુમાર અને ભગવત્ શ્રી કુંદકુંદાચાર્યદેવ ભગવાન સીમંધરસ્વામીના પ્રત્યક્ષ દર્શન ચિત્રમાં કરતાં દેખાઈ રહ્યાં છે.

# શ્રી ઋષભદેવ તીર્થંકર પૂર્વે પાંચમા ભવમાં
# શ્રીધર નામના દેવ

થોડાં વર્ષો પૂર્વે મુનિરાજને પ્રીતિથી આહારદાન દેવાના ફળરૂપે જે વજ્રજંઘ અને શ્રીમતિનો જીવ ભોગભૂમિમાં ઉત્પન્ન થયો. એકવાર આર્ય પોતાની સ્ત્રી સાથે શોભા નિહાળતા થકા ક્ષણવાર બેઠા હતા એટલામાં આકાશમાર્ગે જતા સૂર્યપ્રભદેવના વિમાનને જોઈ પોતાની સ્ત્રીની સાથે બન્નેને જાતિસ્મરણ થયું. અને તે જ ક્ષણે બન્નેને સંસારના સ્વરૂપનું યથાર્થ જ્ઞાન થઈ ગયું. તે જ સમયે વજ્રજંઘના જીવે દૂરથી આવતા બે ચારણમુનિરાજને જોયા. તે મુનિ પણ તેના પર અનુગ્રહ કરતાં થકા આકાશમાર્ગથી નીચે ઉતર્યા.





રાજા વજ્રજંઘ અને શ્રીમતીને(ભોગભૂમિના ભવમાં) સૂર્યપ્રભ વિમાન જોઈ જાતિસ્મરણ અને બે ચારણઋદ્ધિધારી મુનિઓના દર્શન

આર્ય (વજ્જંઘનો જીવ) તેમને આવતા જોઈ શીઘ્ર ઊભા થઈ ગયા. સત્ય જ છે પૂર્વ જન્મના સંસ્કાર જ જીવોને હિતકાર્ય માટે પ્રેરિત કરે છે. બન્ને મુનિઓની સમક્ષ પોતાની પત્ની સાથે ઊભેલા વજ્જંઘનો જીવ એવો શોભાયમાન હતો કે ઉદિત થતા સૂર્ય અને પ્રતિસૂર્યની સમક્ષ કમલિનીની સાથે જેમ દિવસ શોભાયમાન થાય છે.

વજ્જંઘના જીવે બન્ને મુનિઓના ચરણયુગલમાં અર્ઘ્ય ચડાવ્યો. અને નમસ્કાર કર્યાં. તે વખતે તેમના નેત્રોમાંથી હર્ષના આંસુ નીકળી મુનિરાજના ચરણો પર પડી રહ્યાં હતાં. જેનાથી એવું લાગતું હતું કે જાણે અશ્રુજલથી તે તેમના ચરણોનું પ્રક્ષાલન જ કરી રહ્યા હોય. તેઓએ બન્ને મુનિઓને પોતાની પત્ની સાથે પ્રણામ કર્યાં. તે મુનિઓ ભોગભૂમિના જીવને આશીર્વાદ દ્વારા આશ્વાસન આપી મુનિઓના યોગ્ય સ્થાનપર યથાક્રમ બિરાજી ગયા.

ત્યારબાદ સુખપૂર્વક બેઠેલા બન્ને ચારણ મુનિઓને વજ્જંઘનો જીવ નીચે




આર્ય (વજ્જંઘનો જીવ) અને આર્યા (શ્રીમતીનો જીવ) દ્વારા મુનિરાજના ઉપદેશનું શ્રવણ

પ્રમાણે પૂછવા લાગ્યા—પૂછતાં સમયે તેમના મુખથી દાંતોના કિરણોનો સમૂહ નીકળી રહ્યો હતો, જેનાથી એવું લાગતું હતું કે જાણે પુષ્પાંજલિ જ વેરાઈ રહી હોય. તે બોલ્યા—હે ભગવન્ ! આપ ક્યાંના રહેવાવાળા છો ? આપ ક્યાંથી આવ્યા છો ? અને આપને આવવાનું કારણ શું છે ? તે બધું આપ મને કહો. હે પ્રભુ ! આપના દર્શનથી મારા હૃદયમાં મિત્રતાનો ભાવ ઉછળી રહ્યો છે, ચિત્ત ખૂબ પ્રસન્ન થઈ રહ્યું છે અને મને એવું લાગે છે કે આપ મારા પરિચિત બંધુ છો.

આ રીતે વજ્રજંઘના જીવના પ્રશ્ન સમાપ્ત થતાં જ જ્યેષ્ઠ મુનિ નિમ્નાનુસાર ઉત્તર દેવા લાગ્યા. હે આર્ય ! તું મને સ્વયંબુદ્ધ મંત્રીનો જીવ જાણ. જેણે તને મહાબળના ભવમાં સાચું તત્ત્વજ્ઞાન પ્રાપ્ત કરાવી કર્મોનો ક્ષય કરનાર જૈનધર્મનું જ્ઞાન પ્રાપ્ત કરાવ્યું હતું. તે ભવમાં તારા વિયોગથી મેં દીક્ષા ગ્રહણ કરી હતી, અને આયુષ્યના અંતમાં સંન્યાસપૂર્વક શરીર છોડી સૌધર્મ સ્વર્ગમાં સ્વયંપ્રભ વિમાનમાં મણિચૂલ નામનો દેવ થયો હતો. ત્યાં મારું આયુષ્ય એક સાગરથી થોડું વધારે હતું. તત્પશ્ચાત્ ત્યાંથી ચ્યવીને જંબૂદ્વીપના પૂર્વવિદેહક્ષેત્રમાં સ્થિત પુષ્કલાવતી દેશસંબંધી પુંડરીકિણી નગરીમાં પ્રિયસેન રાજા અને તેમની મહારાણી સુંદરી દેવીનો પ્રીતિકર નામનો મોટો પુત્ર થયો છું. આ મહાતપસ્વી પ્રીતિદેવ મારો નાનો ભાઈ છે. અમે બન્ને ભાઈઓએ પણ સ્વયંપ્રભ શ્રી જિનેન્દ્ર સમીપ દીક્ષા લઈને તપોબલથી અવધિજ્ઞાન અને આકાશગામિની ચારણ ઋદ્ધિ પ્રાપ્ત કરી છે.

હે આર્ય ! અમે બન્નેએ પોતાના અવધિજ્ઞાનરૂપી નેત્રથી જાણ્યું કે આપ અહીં ઉત્પન્ન થયા છો. જો કે આપ અમારા પરમ મિત્ર હતા. તેથી આપને સમજાવવા માટે અમે અહીં આવ્યા છીએ. હે આર્ય ! તમે નિર્મળ સમ્યગ્દર્શન વિના કેવળ પાત્રદાનની વિશેષતાથી જ અહીં ઉત્પન્ન થયો છો, તે નિશ્ચયથી સમજો. મહાબલના ભવમાં તેં અમારી પાસેથી જ તત્ત્વજ્ઞાન પ્રાપ્ત કરી શરીર ત્યાગ કર્યો હતો. તે વખતે ભોગોની આકાંક્ષાના વશે તમે સમ્યગ્દર્શનની વિશુદ્ધતાને પ્રાપ્ત કરી શક્યા ન હતા. હવે અમે બન્ને સર્વશ્રેષ્ઠ તથા સ્વર્ગ અને મોક્ષસંબંધી સુખના પ્રધાન કારણરૂપ સમ્યગ્દર્શન આપવાની ઈચ્છાથી અહીં આવ્યા છીએ. માટે હે આર્ય ! આજે સમ્યગ્દર્શન ગ્રહણ કરો. સમ્યક્ત્વ ગ્રહણ કરવાનો આ સમય છે, કેમકે [1]કાળલબ્ધિ વિના આ સંસારમાં જીવોને સમ્યગ્દર્શનની ઉત્પત્તિ થતી નથી. જ્યારે દેશનાલબ્ધિ અને કાળલબ્ધિયુક્ત

૧—કાળલબ્ધિ—સ્વકાળની પ્રાપ્તિ, પુરુષાર્થ સહ ભવિતવ્યતા.

બહિરંગ કારણ અને પુરુષાર્થરૂપ અંતરંગકારણ—સામગ્રીની પ્રાપ્તિ થાય છે, ત્યારે આ ભવ્યપ્રાણી વિશુદ્ધ સમ્યગ્દર્શનનો ધારક બની શકે છે.

જે જીવનો આત્મા અનાદિકાળથી લાગેલા મિથ્યાત્વરૂપી કલંકથી દૂષિત થઈ રહ્યો છે, તે જીવને પહેલાં દર્શનમોહનીય કર્મનો ઉપશમ થવાથી ઔપશમિક સમ્યક્ત્વની પ્રાપ્તિ થાય છે. જેવી રીતે પિત્તના પ્રકોપથી ઉદ્ભ્રાન્ત થયેલ ચિત્તવૃત્તિનો અભાવ થવાથી, ક્ષીર આદિ પદાર્થોનું યથાર્થ સ્વરૂપનું પરિજ્ઞાન થવા લાગે છે, તેવી રીતે અંતરંગ કારણરૂપ મોહનીય કર્મનો ઉપશમ થવાથી જીવાદિ પદાર્થોના યથાર્થ સ્વરૂપનું પરિજ્ઞાન થવા લાગે છે. જેવી રીતે સૂર્ય, રાત્રિસંબંધી અંધકારને દૂર કર્યા વિના ઉદિત થતો નથી, તેવી રીતે સમ્યગ્દર્શન, પુરુષાર્થ દ્વારા મિથ્યાત્વનો અંધકાર દૂર કર્યા વિના પ્રગટ થતું નથી. આ ભવ્ય જીવ અધઃકરણ, અપૂર્વકરણ અને અનિવૃત્તિકરણ વગેરે ત્રણ કરણો દ્વારા મિથ્યાત્વપ્રકૃતિના મિથ્યાત્વ, સમ્યક્મિથ્યાત્વ અને સમ્યકપ્રકૃતિરૂપ ત્રણ ખંડ કરીને કર્મોની સ્થિતિ ઓછી કરતાં સમ્યગ્દૃષ્ટિ થાય છે.

વીતરાગ સર્વજ્ઞદેવ, આપ્તોપજ્ઞ આગમ અને જીવાદિ પદાર્થોનું ઘણી નિષ્ઠાપૂર્વક શ્રદ્ધાન કરવું તે સમ્યગ્દર્શન છે. આ સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન અને સમ્યક્ચારિત્રનું મૂળ કારણ છે. સમ્યગ્દર્શન વિના બીજા બે રહી શકતા નથી. જીવાદિ સાત તત્ત્વોનું, ત્રણ મૂઢતા રહિત અને આઠ અંગ સહિત, યથાર્થ શ્રદ્ધાન કરવું તે સમ્યગ્દર્શન છે. પ્રશમ, સંવેગ, આસ્તિક્ય અને અનુકંપા આ ચાર સમ્યગ્દર્શનના ગુણ છે. શ્રદ્ધા, રુચિ, સ્પર્શ તથા પ્રત્યય તે તેની પર્યાય છે. નિઃશંકિત, નિઃકાંક્ષિત, નિર્વિચિકિત્સા, અમૂઢદૃષ્ટિ, ઉપગૂહન, વાત્સલ્ય, સ્થિતિકરણ અને પ્રભાવના—આ સમ્યગ્દર્શનના આઠ અંગ છે. આ આઠ અંગરૂપી કિરણોથી સમ્યગ્દર્શનરૂપી રત્ન ઘણું જ શોભાયમાન થાય છે. એવા આ સમ્યગ્દર્શનરૂપી રત્નહારને હે ભવ્ય ! તું પોતાના હૃદયમાં ધારણ કર. જે પુરુષે અત્યંત દુર્લભ આ સમ્યગ્દર્શનરૂપી શ્રેષ્ઠ રત્નને પ્રાપ્ત કરી લીધું છે, તે શીઘ્ર મોક્ષ સુખને પામે છે. જુઓ ! આ પુરુષ એક મુહૂર્ત માટે પણ સમ્યગ્દર્શન પ્રાપ્ત કરી લે છે તે સંસારરૂપી વેલને કાપી ઘણી નાની કરી દે છે, અર્થાત્ તે અર્ધ પુદ્ગલપરાવર્તનથી અધિક સમય સુધી સંસારમાં રહેતો નથી. જેના હૃદયમાં સમ્યગ્દર્શન વિદ્યમાન છે તે ઉત્તમદેવ અને ઉત્તમ મનુષ્ય પર્યાયમાં જ ઉત્પન્ન થાય છે. તેમનો નારકી અને તિર્યંચોમાં જન્મ ક્યારે પણ નથી થતો. આ સમ્યગ્દર્શનના વિષયમાં વધારે કહેવાથી શું લાભ ! સમ્યગ્દર્શન પ્રાપ્ત થતાં અનંત સંસાર પણ સાંત (અંતસહિત) થઈ જાય છે.


આ રીતે તે મુનિરાજ આર્ય વજ્જંઘને સમજાવી આર્યા શ્રીમતીને કહેવા લાગ્યા કે માતા ! તું બહુ જ શીઘ્ર સંસારરૂપી સમુદ્રને પાર કરવા માટે નાવની જેમ આ સમ્યગ્દર્શનને ગ્રહણ કર. વૃથા સ્ત્રીપર્યાયમાં ખેદ–ખિન્ન શા માટે થાય છે ? હે માતા ! સમ્યગ્દષ્ટિ જીવોની ઉત્પત્તિ બધી સ્ત્રીઓમાં રત્નપ્રભા પૃથ્વીને છોડી નીચેની છ પૃથ્વીઓમાં, ભવનવાસી, વ્યંતર, જ્યોતિષીદેવોમાં તથા અન્ય નીચ પર્યાયોમાં થતી નથી. આ નિંદ્ય સ્ત્રીપર્યાયને ધિક્કાર છે. જે નિર્ગ્રંથ મુનિધર્મ પાલન કરવામાં બાધક છે અને જેમાં વિદ્વાનોએ કંડાની અગ્નિની જેમ કામનો સંતાપ કહ્યો છે. હે માતા ! હવે તું નિર્દોષ સમ્યગ્દર્શનની આરાધના કર અને આ સ્ત્રીપર્યાયને છોડી ક્રમથી સપ્ત પરમ સ્થાનને પ્રાપ્ત કર. આ સાત પરમસ્થાન–૧ સજ્જાતિ ૨. સદ્‌ગૃહસ્થતા શ્રાવકના વ્રત ૩. પારિવ્રજ્યા (મુનિઓના વ્રત) ૪. સુરેન્દ્રપદ, ૫. રાજ્યપદ ૬. અરિહન્તપદ ૭. સિદ્ધપદ (—આ સાત પરમ ઉત્કૃષ્ટ સ્થાન કહેવાય છે) સમ્યગ્દષ્ટિ જીવ ક્રમે ક્રમે આ પરમ સ્થાનોને પામે છે. તમે થોડા પુણ્ય ભવોને ધારણ કરી ધ્યાનરૂપી અગ્નિથી સમસ્ત કર્મોને ભસ્મ કરી પરમ પદને પ્રાપ્ત કરશો.

આ રીતે શ્રી પ્રીતિકર આચાર્યના વચનને પ્રમાણ માનતા થકા આર્ય વજ્જંઘના જીવે પોતાની સ્ત્રીની સાથે પ્રસન્નચિત્ત થઈ સમ્યગ્દર્શન ગ્રહણ કર્યું. આ વજ્જંઘનો જીવ પોતાની પ્રિયા સાથે સમ્યગ્દર્શન પામી ઘણો જ સંતુષ્ટ થયો. તે ઠીક જ છે. અપૂર્વ વસ્તુનો લાભ પ્રાણીઓના મહાન સંતોષને પુષ્ટ કરે છે. જેવી રીતે કોઈ રાજકુમાર સૂત્ર (દોરા)માં પરોવેલી મનોહરમાળા પ્રાપ્ત કરી, પોતાની રાજ્યલક્ષ્મીના યુવરાજ પદ પર સ્થિત થાય છે. તેવી જ રીતે આ વજ્જંઘનો જીવ પણ સૂત્રમાં પરોવેલી મનોહર સમ્યગ્દર્શનરૂપી કંઠમાળાને પ્રાપ્ત કરી મુક્તિરૂપી રાજ્યસંપદાના યુવરાજ પદ પર સ્થિત થયો હતો. વિશુદ્ધ પુરુષપર્યાયના સંયોગથી નિર્વાણપ્રાપ્ત કરવાની ઈચ્છા કરતી તે સતી આર્યા પણ સમ્યક્ત્વની પ્રાપ્તિથી અત્યંત સંતુષ્ટ થઈ હતી. જે પહેલાં ક્યારેય ન મળ્યું હોય એવા સમ્યગ્દર્શનરૂપી રસાયણનો આસ્વાદ લઈને તે દંપતી કર્મ નષ્ટ કરવાવાળા જૈનધર્મમાં ઘણી દઢતા પામ્યા.

આ રીતે પ્રીતિપૂર્વક ભોગ ભોગવતા થકા તે દંપતીનો ત્રણ પલ્ય પ્રમાણકાળ વ્યતીત થઈ ગયો અને બન્નેએ જીવનના અંતમાં સુખપૂર્વક પ્રાણ છોડી પુણ્યના પ્રભાવથી તે વજ્જંઘનો જીવ ભોગભૂમિથી નીકળી ઈશાન સ્વર્ગમાં હંમેશા પ્રકાશમાન રહેવાવાળા શ્રીપ્રભ વિમાનમાં દેદીપ્યમાન કાંતિના ધારક 'શ્રીધર' નામના ઋદ્ધિધારી

દેવ થયા, અને આર્યા શ્રીમતી પણ સમ્યગ્દર્શનના પ્રભાવથી સ્ત્રીલિંગથી છુટકારો પામી તે જ ઈશાન સ્વર્ગમાં સ્વયંપ્રભ વિમાનમાં સ્વયંપ્રભ નામનો ઉત્તમદેવ થઈ.

ત્યારબાદ એક દિવસ શ્રીધરદેવને અવધિજ્ઞાનના પ્રયોગ કરવાથી યથાર્થરૂપે



ઉપકારી ગુરુના કેવળજ્ઞાનની પૂજા કરતા શ્રીધરદેવ

સમજાયું કે અમારા ગુરુ શ્રીપ્રભ પર્વત પર બિરાજમાન છે, અને તેમને કેવળજ્ઞાન
૪(૨૯) પ્રાપ્ત થયું છે. સંસારમાં સમસ્ત પ્રાણીઓ પર પ્રીતિ રાખવાવાળા જે શ્રી પ્રીતિકર મુનિરાજ હતા તે જ તેમના ગુરુ હતા. તેમની પૂજા કરવા માટે સારી સારી સામગ્રી લઈને શ્રીધરદેવ તેમની સન્મુખ ગયા. જતાં જ તેમણે શ્રીપ્રભ પર્વત પર વિદ્યમાન સર્વજ્ઞ શ્રી પ્રીતિકર ભગવાનની પૂજા કરી, તેમને નમસ્કાર કર્યા, ધર્મનું સ્વરૂપ સાંભળ્યું અને પછી પોતાના મનની વાત પૂછી—હે પ્રભો ! મારા મહાબલ રાજાના ભવમાં જે મારા ત્રણ મિથ્યાદૃષ્ટિ મંત્રી હતા, તે આ સમયે ક્યાં ઉત્પન્ન થયા છે ? અને કઈ ગતિ તેમને પ્રાપ્ત થઈ છે ?

આ રીતે શ્રીધરદેવે પ્રશ્ન કર્યો ત્યારે સર્વજ્ઞદેવે પોતાના વચનરૂપી કિરણો દ્વારા એમના હૃદયગત સમસ્ત અજ્ઞાન અંધકારને નષ્ટ કરતાં કહેવા લાગ્યા કે હે ભવ્ય ! જ્યારે તું મહાબલનું શરીર ત્યાગીને સ્વર્ગમાં ગયો અને મેં રત્નત્રય પ્રાપ્ત કરી દીક્ષા લઈ લીધી ત્યારે ખેદ છે કે તે ત્રણ નિર્ભર ધીઠ મંત્રીઓ કુમરણ કરી, મરીને દુર્ગતિમાં ગયા. એ ત્રણમાંથી મહામતિ અને સંભિન્નમતિ આ બે તો નિગોદમાં ગયા, જ્યાં માત્ર સઘન અજ્ઞાન અંધકારનો જ અધિકાર છે, અને જ્યાં અત્યંત તપતા ઉકળતા જળમાં થતી ખળભળાટની જેમ અનેકવાર જન્મ—મરણ થયા કરે છે, અને શતમતિ મંત્રી પોતાના મિથ્યાત્વને કારણે નરકગતિમાં ગયા છે.

યથાર્થમાં ખોટા કર્મનું ફળ ભોગવવા માટે નરક જ મુખ્યક્ષેત્ર છે. જે જીવ મિથ્યાત્વરૂપી વિષથી મૂર્છિત થઈને સમીચીન જૈનમાર્ગનો વિરોધ કરે છે તે કુયોનિરૂપી વમળથી વ્યાપ્ત આ સંસારરૂપી માર્ગમાં દીર્ઘકાળ સુધી ભ્રમણ કર્યા કરે છે, કેમકે સમ્યગ્જ્ઞાનના વિરોધી જીવ અવશ્ય જ નરકરૂપી ગાઢ અંધકારમાં નિમગ્ન થાય છે, માટે વિદ્વાન પુરુષોએ આપ્તપ્રણીત સમ્યગ્જ્ઞાનનો જ નિરંતર અભ્યાસ કરવો જોઈએ. આ આત્મા ધર્મના પ્રભાવથી સ્વર્ગ-મોક્ષરૂપ ઉચ્ચ સ્થાન પામે છે અને અધર્મના પ્રભાવથી અધોગતિ એટલે નરકને પ્રાપ્ત કરે છે અને ધર્મ અધર્મ બન્નેના સંયોગથી મનુષ્ય પર્યાય પ્રાપ્ત કરે છે.

હે ભદ્ર ! તું આ વચનોનો નિશ્ચય કર. તે તારો શતમતિ મંત્રી મિથ્યાજ્ઞાનની દઢતાથી બીજી નરકમાં અત્યંત દુઃખ ભોગવે છે. પાપથી પરાજિત આત્માને સ્વયં કરેલા અનર્થનું ફળ આ છે કે જેનો ધર્મથી દ્વેષ અને અધર્મથી પ્રેમ હોય છે. 'ધર્મથી સુખ પ્રાપ્ત થાય છે અને અધર્મથી દુઃખ મળે છે આ વાત નિર્વિવાદ પ્રસિદ્ધ છે. માટે તો બુદ્ધિમાન પુરુષ અનર્થોને છોડવાની ઈચ્છાથી ધર્મમાં જ તત્પરતા ધારણ કરે છે. પ્રાણીઓ પર દયા કરવી, સાચું બોલવું, ક્ષમા ધારણ કરવી, લોભનો ત્યાગ કરવો, તૃષ્ણાનો અભાવ કરવો. સમ્યગ્જ્ઞાન અને વૈરાગ્યરૂપી સંપત્તિ ભેગી કરવી તે જ ધર્મ છે અને તેનાથી ઉંધું અદયા આદિ ભાવ અધર્મ છે. વિષયાસક્ત જીવોને ઈન્દ્રિયજન્ય સુખની તૃષ્ણા વધે છે, ઈન્દ્રિયજન્ય સુખની તૃષ્ણા પ્રજ્વલિત અગ્નિ જેવી ઘણો સંતાપ ઉત્પન્ન કરે છે. તૃષ્ણાથી સંતપ્ત થયેલ પ્રાણી તેને દૂર કરવાની ઈચ્છાથી પાપમાં અનુરક્ત થઈ જાય છે. પાપમાં અનુરાગ કરવાવાળા પ્રાણી ધર્મથી દ્વેષ કરવા લાગે છે અને ધર્મથી દ્વેષ કરવાવાળા જીવ અધર્મના કારણે અધોગતિ પ્રાપ્ત કરે છે.

આ રીતે ભગવાનની વાણી શ્રીધરદેવે અત્યંત વિનય અને સંવેગભાવ સાથે સાંભળી એવા એ પ્રીતિંકર જિનેન્દ્રના વચન સાંભળી પવિત્ર બુદ્ધિના ધારક શ્રીધરદેવ અતિશય ધર્મપ્રેમને પામ્યા.

## શ્રી ઋષભદેવ ભગવાનનો પ્રથમ પૂર્વભવ

# સર્વાર્થસિદ્ધિના અહમિંદ્ર

ભગવાન, શ્રી ઋષભદેવ પોતાના પૂર્વભવ (પ્રથમ)માં અહમિંદ્ર હતા. ત્યાં ઉપપાદ શય્યામાં બેસેલા દિવ્યહંસ (અહમિંદ્ર) એવા શોભાયમાન હતા જેવા કે ગંગાનદીના રેતીના ઢગલા પર એકલો બેસેલો તરુણ હંસ શોભાયમાન હોય છે. જન્મથી પછી તે અહમિંદ્ર નિકટવર્તી સિંહાસન પર આરૂઢ થયા. તે અહમિંદ્ર પોતાના પુણ્યરૂપી જળ દ્વારા કેવળ અભિષિક્ત જ ન થયા, પરંતુ શારીરિક ગુણોની જેમ અનેક અલંકારો દ્વારા અલંકૃત પણ થયા હતા. તેમણે પોતાના વક્ષઃસ્થલ ઉપર કેવળ ફૂલની માળા જ ધારણ કરી ન હતી પણ જીવનપર્યંત રહેવાવાળી, સાથે સાથે ઉત્પન્ન થયેલી સ્વર્ગની લક્ષ્મી પણ ધારણ કરી હતી. સ્નાન અને વિલેપન વિના જેમનું શરીર સદા દેદીપ્યમાન રહે છે અને જે સ્વયં સાથે સાથે ઉત્પન્ન થયેલ વસ્ત્ર અને આભૂષણોથી શોભાયમાન છે, એવા તે અહમિંદ્ર દેવોના મસ્તક પર એવા સુશોભિત થતા હતા કે જાણે સ્વર્ગલોકના એક જ શિખામણિ હોય અથવા સૂર્ય જ હોય, કેમકે શિખામણિ અથવા સૂર્ય પણ સ્નાન અને વિલેપન વિના જ દેદીપ્યમાન રહે છે અને સ્વભાવથી પોતાની પ્રભા દ્વારા આકાશને ભૂષિત કરતા રહે છે.



જિનેન્દ્ર પૂજા, દર્શન, અન્ય અહમિન્દ્રો સાથે ધર્મ સંભાષણ વગેરે ધર્મક્રિયા કરતા થકા ભગવાન ઋષભદેવનો જીવ (સર્વાર્થસિદ્ધિના ભવમાં)

જેમનું નિર્મળ અને ઉત્કૃષ્ટ શરીર શુદ્ધ સ્ફટિકની જેવું અત્યંત શોભાયમાન હતું તથા જેમના મસ્તક પર દેદીપ્યમાન મુગટ શોભાયમાન થઈ રહ્યો હતો એવા તે અહમિંદ્ર, જેની શિખા ઊંચી ઉઠેલી હતી એવી પુણ્યરાશિ સમાન સુશોભિત થતા હતા તે. અહમિંદ્ર, મુકુટ, બાજુબંધ અને કુંડલાદિ આભૂષણોથી સુશોભિત હતા. તેમણે સુંદર માળાઓ ધારણ કરી હતી. અને વસ્ત્રોથી યુક્ત હતા, સ્વયં શોભાથી સંપન્ન હતા. માટે અનેક આભૂષણવાળા અને વસ્ત્ર આદિને ધારણ કરવાવાળા કોઈ કલ્પવૃક્ષ સમાન લાગી રહ્યા હતા. અણિમા, મહિમા આદિ ગુણોથી પ્રશંસનીય વૈક્રિયિક શરીરને ધારણ કરવાવાળા પોતાના જ ક્ષેત્રમાં વિહાર કરતા હતા અને ઇચ્છામાત્રથી તૃપ્ત થયેલ મનોહર ગંધ, અક્ષત આદિ દ્વારા વિધિપૂર્વક પુણ્યના બંધ કરવાવાળી શ્રી જિનેન્દ્રદેવની પૂજા કરતા હતા. તે અહમિંદ્ર પુણ્યાત્મા જીવોમાં સૌથી પ્રધાન હતા, તેથી તે સર્વાર્થસિદ્ધિ વિમાનમાં સ્થિત રહીને સમસ્તલોકના મધ્યમાં વિદ્યમાન જિનપ્રતિમાઓની પૂજા કરતા હતા. તે પુણ્યાત્મા અહમિંદ્રે પોતાના વચનોની પ્રવૃત્તિ જિનપ્રતિમાઓનું સ્તવન કરવામાં લગાડી હતી. પોતાનું મન તેના ગુણ–ચિંતન કરવામાં લગાડ્યું હતું અને પોતાનું શરીર તેમને નમસ્કાર કરવામાં લગાડ્યું હતું.

ધર્મગોષ્ઠિમાં વગર બોલાવે સમ્મિલિત થવાવાળા પોતાની જ સમાન ઋદ્ધિઓને ધારણ કરવાવાળા અને શુભ ભાવોથી યુક્ત અન્ય અહમિંદ્રોની સાથે સંભાષણ કરવામાં તેમને ઘણો આનંદ થતો હતો. અતિશય શોભાના ધારક તે અહમિંદ્ર ક્યારેક તો પોતાના મંદહાસ્યના કિરણરૂપી જળના પુરોથી દિશારૂપી દિવાલોનું પ્રક્ષાલન કરતા થકા અહમિંદ્રો સાથે તત્ત્વચર્ચા કરતા હતા અને ક્યારેક પોતાના નિવાસસ્થાનના સમીપવર્તી ઉપવનના સરોવરના કિનારાની ભૂમિમાં રાજહંસ પક્ષીની જેમ, પોતાની ઇચ્છાનુસાર વિહાર કરતા થકા, ચિરકાળ સુધી ક્રીડા કરતા હતા. અહમિંદ્રોનો પરક્ષેત્રમાં વિહાર નથી થતો, કેમ કે શુક્લલેશ્યાના પ્રભાવથી પોતાના ભોગો દ્વારા સંતોષને પ્રાપ્ત થવાવાળા અહમિંદ્રોને પોતાના નિરુપદ્રવ સુખમય સ્થાનમાં જે ઉત્તમ–પ્રીતિ થાય છે તે તેમને અન્યત્ર ક્યાંય પ્રાપ્ત થતી નથી. આ જ કારણ છે કે એમની પરક્ષેત્રમાં ક્રીડા કરવાની ઇચ્છા થતી નથી. 'હું જ ઇન્દ્ર છું. મારા સિવાય કોઈ ઇન્દ્ર નથી' આ રીતે તે પોતે માનતા રહેતા હતા અને તેથી તે ઉત્તમદેવ, અહમિંદ્ર નામથી પ્રસિદ્ધિને પ્રાપ્ત થયેલ હતા. તે અહમિંદ્રને ન તો પરમાં અસૂયા છે, ન પરનિંદા છે, ન આત્મપ્રશંસા છે અને ન તો ઈર્ષ્યા જ છે. તે માત્ર સુખમય બનીને હર્ષયુક્ત થતા થકા નિરંતર ક્રીડા કરે છે.

# ભગવાન શ્રી ઋષભદેવનો વૈરાગ્ય

મહાદેદીપ્યમાન ભગવાન શ્રી ઋષભદેવે અયોધ્યાના રાજસિંહાસન પર આસીન થઈને પુણ્યોદયથી પ્રાપ્ત થયેલ રાજ્યલક્ષ્મીનો સુખેથી અનુભવ કર્યો હતો. આ રીતે સુર અને અસુરના ગુરુ તથા અચિંત્ય ધૈર્યને ધારણ કરવાવાળા ભગવાન શ્રી ઋષભદેવને ઇન્દ્ર તેમના વિશાળ પુણ્યના સંયોગથી ભોગોપભોગની સામગ્રી મોકલતા રહેતા હતા. જેનાથી તે સુખપૂર્વક સંતોષ પામતા હતા. માટે હે પંડિતજન ! પુણ્યોપાર્જન કરવામાં પ્રયત્ન કરો.

આ સંસારમાં પુણ્યથી જ સુખ પ્રાપ્ત થાય છે. જેવી રીતે બીજ વિના અંકુર ઉત્પન્ન નથી થતાં, એવી રીતે પુણ્ય વિના સુખ નથી. દાન દેવું, ઇન્દ્રિયોને વશ કરવી, સંયમ ધારણ કરવો, સત્યભાષણ કરવું, લોભનો ત્યાગ કરવો અને ક્ષમાભાવ ધારણ કરવો આદિ શુભચેષ્ટાઓથી અભિલષિત પુણ્યની પ્રાપ્તિ થાય છે. સુર, અસુર, મનુષ્ય, નાગેન્દ્ર આદિના ઉત્તમ ભોગ, લક્ષ્મી, દીર્ઘ આયુ, અનુપમરૂપ, સમૃદ્ધિ, ઉત્તમ વાણી, ચક્રવર્તીનું સામ્રાજ્ય, ઇન્દ્રપદ, અર્હન્તપદ અને અન્તર્હિત સમસ્ત સુખ દેવાવાળું શ્રેષ્ઠ નિર્વાણપદ તે બધાની પ્રાપ્તિ રત્નત્રય ધર્મયુક્ત પુણ્યથી જ થાય છે. માટે હે પંડિતજન ! જો સ્વર્ગ અને મોક્ષની અચિંત્ય મહિમાવાળા શ્રેષ્ઠ સુખ પ્રાપ્ત કરવા ઇચ્છતા હો તો ધર્મ કરો, કેમકે તે ધર્મ જ સ્વર્ગોના ભોગ અને મોક્ષના અવિનાશી, અનંત સુખની પ્રાપ્તિ કરાવે છે. વાસ્તવમાં સુખપ્રાપ્તિ થવી તે ધર્મનું જ ફળ છે. હે સુધીજન ! જો તમે સુખ પ્રાપ્ત કરવા ઇચ્છતા હો તો હર્ષિત થઈને શ્રેષ્ઠ મુનિઓને દાન આપો. તીર્થંકરોને નમસ્કાર કરી તેની પૂજા કરો. શીલવ્રતોનું પાલન કરો અને પર્વના દિવસોમાં ઉપવાસ કરવાનું ન ભૂલો.

આ રીતે ધર્મધારણ કરવાના કારણે જે પ્રશસ્ત લક્ષ્મીના સ્વામી હતા, સ્થિર રહેવાવાળા ભોગોનો અનુભવ કરતા હતા. સ્નેહ રાખવાવાળા પોતાના પુત્ર–પૌત્રો સાથે સંતોષ ધારણ કરતા હતા, ઇન્દ્ર, સૂર્ય, ચંદ્રમા આદિ ઉત્તમાત્તમદેવ જેની આજ્ઞા

ધારણ કરતા હતા અને જેના ઉપર કોઈની આજ્ઞા ચાલતી ન હતી એવા ભગવાન શ્રી ૠષભદેવ સિંહાસન પર આરૂઢ થઈને આ સમુદ્રાન્ત પૃથ્વીનું શાસન કરતા હતા.

ત્યારબાદ એક દિવસ સેંકડો રાજાઓથી ઘેરાયેલ ભગવાન શ્રી ૠષભદેવ વિશાળ સભામંડપના મધ્યભાગમાં સિંહાસન પર એવા બિરાજમાન હતા, જેમ નિષધપર્વતના તટભાગમાં સૂર્ય બિરાજમાન થાય છે, તે રીતે સિંહાસન ઉપર ભગવાનની સેવા કરવા માટે ઈન્દ્ર, અપ્સરાઓ અને દેવોની સાથે પૂજા કરવા સામગ્રી લઈને ત્યાં આવ્યા અને પોતાના તેજથી ઉદયાચલના મસ્તક પર સ્થિત સૂર્યને જીતતા થકા પોતાને યોગ્ય સિંહાસન પર બેઠા. ભક્તિવિભોર ઈન્દ્રે ભગવાનની આરાધના કરવાની ઈચ્છાથી તે સમયે અપ્સરાઓ અને ગંધર્વોનું નૃત્ય શરૂ કર્યું, તે નૃત્યએ ભગવાન શ્રી ૠષભદેવના મનને પણ અનુરક્ત કરી દીધું તે ઠીક જ છે, અત્યંત શુદ્ધ સ્ફટિકમણિ પણ અન્ય પદાર્થોના સંસર્ગથી રાગ અર્થાત્ લાલિમા ધારણ કરે છે. ભગવાન રાજ્ય અને ભોગોથી કઈ રીતે વિરક્ત થશે ? આ વિચારથી ઈન્દ્રે તે સમયે નૃત્ય કરવા માટે એક એવા પાત્રને નિયુક્ત કર્યું, જેની આયુ અત્યંત ક્ષીણ થઈ ગઈ હતી. ત્યારબાદ તે અત્યંત સુંદર નીલાંજના નામની દેવનર્તકી રસ, ભાવ અને લયસહિત ફુદડી ફરતી નૃત્ય કરતી હતી કે એટલામાં જ આયુષ્યરૂપી દીપકનો ક્ષય થવાથી ક્ષણભરમાં અદૃશ્ય થઈ ગઈ. જેવી રીતે વિજળી રૂપી લતા જોત જોતામાં ક્ષણભરમાં નષ્ટ થઈ જાય છે, તે રીતે પ્રભાથી ચંચળ વિજળી સમાન ઉજ્જવળ મૂર્તિને ધારણ કરવાવાળી તે દેવી જોતજોતામાં જ ક્ષણભરમાં નષ્ટ થઈ ગઈ હતી.

તેના નષ્ટ થતાં જ ઈન્દ્રે રસભંગના ભયથી તે સ્થાન પર તેના જેવી જ શરીરવાળી બીજી દેવી ઉભી કરી દીધી જેથી નૃત્ય જેમને તેમ જ ચાલતું રહ્યું. જો કે ઈન્દ્રે બીજી દેવી ઉભી કરવા પછી પણ તે સ્થાન મનોહર હતું, તે જ મનોહર ભૂમિ હતી અને તે જ નૃત્યનો પરિક્રમ હતો તોપણ ભગવાન શ્રી ૠષભદેવે તે જ સમયે તેના સ્વરૂપનું અંતર જાણી લીધું હતું. ત્યારબાદ ભોગોથી વિરક્ત થઈ તેઓને અત્યંત સંવેગ અને વૈરાગ્ય ભાવના પ્રાપ્ત થઈ.

ભગવાનના ચિત્તમાં આ રીતે ચિન્તા થઈ કે ઘણા આશ્ચર્યની વાત છે, આ જગત વિનશ્વર છે, લક્ષ્મી વિજળીરૂપી લતાની જેમ ચંચળ છે. યૌવન, શરીર,



રાજા ઋષભદેવની રાજ્યસભામાં અપ્સરાઓનું નૃત્ય અને રાજાને વૈરાગ્ય

આરોગ્ય અને ઐશ્વર્ય આદિ બધું ચંચળ છે. રૂપ, યૌવન અને સૌભાગ્યના મદથી ઉત્પન્ન થયેલ અજ્ઞ પુરુષ આ બધામાં સ્થિર બુદ્ધિ કરે છે. પરંતુ તેમાં કઈ વસ્તુ વિનશ્વર નથી ? બધી જ વસ્તુ વિનશ્વર છે. આ રૂપની શોભા સંધ્યાકાળની લાલીની જેમ ક્ષણભરમાં નષ્ટ થઈ જાય છે અને ઉજ્જ્વળ તરુણાવસ્થા અવસ્થા પલ્લવની કાંતિની જેમ શીઘ્ર જ મ્લાન થઈ જાય છે. વનમાં ઉત્પન્ન થયેલ લતાઓના પુષ્પો સમાન આ યૌવન શીઘ્ર નષ્ટ થવાવાળું છે. ભોગ સંપદાઓ વિષવેલ સમાન છે અને જીવન વિનશ્વર છે. આ આયુષ્યની સ્થિતિ ઘટીયન્ત્રના જળની ધારાની જેમ શીઘ્રતાની સાથે નાશ થતી જાય છે-ઓછી થતી જાય છે. આ શરીર અત્યંત દુર્ગન્ધિત અને ઘૃણા ઉત્પન્ન કરવાવાળું છે. નિશ્ચય છે કે આ અસાર સંસારમાં સુખ લેશમાત્ર પણ દુર્લભ છે અને દુઃખ ઘણું છે, તો પણ આશ્ચર્ય છે કે મંદબુદ્ધિ પુરુષ સુખની ઇચ્છા કરે છે.

આ જીવે નરકોમાં તો જે મહાન દુઃખ ભોગવ્યા છે તેનું જો સ્મરણ પણ થઈ જાય તો પછી એવો કોણ છે કે તે ભોગોની ઇચ્છા કરે? નિરંતર આર્તધ્યાન કરવાવાળા જીવ જેટલા કોઈ ભોગોનો અનુભવ કરે છે તે બધા તેમને અત્યન્ત અશાતાના ઉદયથી દુઃખરૂપ થઈને ઉદયમાં આવે છે, દુઃખોથી ભરેલા નરકોમાં ક્યારેય સ્વપ્નમાં પણ સુખ પ્રાપ્ત થતું નથી, કેમ કે ત્યાં રાત–દિવસ દુઃખ ને દુઃખ હોય છે, અને એવું દુઃખ જો કે દુઃખના કારણભૂત અશાતાકર્મનો બંધ કરવાવાળું છે. તે નરકોમાંથી કોઈ પ્રકારે નીકળીને આ મૂર્ખ જીવ અનેક યોનિઓમાં પરિભ્રમણ કરતા થકા તિર્યંચ ગતિનું ઘણું મોટું દુઃખ ભોગવે છે.

ઘણા દુઃખની વાત છે કે આ અજ્ઞાની જીવ પૃથ્વીકાયિક, જલકાયિક, અગ્નિકાયિક, વાયુકાયિક અને વનસ્પતિકાયિક જીવોમાં ઘણું દુઃખ ભોગવતા થકા નિરંતર ભ્રમણ કરતો રહે છે. આ જીવ તે પૃથ્વીકાયિક આદિ પર્યાયોમાં ખોદાવું, જલતી અગ્નિમાં તપાવવું, ઠારવું (બુઝાવવું) અનેક કઠોર વસ્તુઓ સાથે ભટકાઈ જવું, છેદાવું–ભેદાવું આદિના કારણે ખૂબ દુઃખ ભોગવે છે. આ જીવ ઘટીયંત્રની સ્થિતિને ધારણ કરતો થકો સૂક્ષ્મ બાદર પર્યાપ્તક અને અપર્યાપ્તક અવસ્થામાં અનેકવાર પરિભ્રમણ કર્યા કરે છે. ત્રસ પર્યાયમાં પણ આ પ્રાણી મરી જવું, બંધાવું અને રોકાવું આદિ દ્વારા જીવનપર્યંત અનેક દુઃખ પ્રાપ્ત કરતો રહે છે. સર્વપ્રથમ તેને જન્મ અર્થાત્ ઉત્પન્ન થવાનું દુઃખ ઉઠાવવું પડે છે, ત્યારપછી વૃદ્ધાવસ્થાનું દુઃખ અને ત્યારપછી તેનાથી અધિક મૃત્યનું દુઃખ ભોગવવું પડે છે. આ રીતે સેંકડો દુઃખરૂપી

વમળથી ભરેલ સંસારરૂપી સમુદ્રમાં આ જીવ સદા ડૂબેલો રહે છે. આ રીતે આ અજ્ઞાની જીવ તિર્યંચ યોનિમાં અનંતકાળ સુધી દુઃખ ભોગવતો રહે છે. આ જીવ ક્ષણભરમાં નષ્ટ થઈ જાય છે, ક્ષણભરમાં (વૃદ્ધ) જીર્ણ થઈ જાય છે જેમ તે કાદવમાં ફસાઈ જાય છે. આ રીતે આ અજ્ઞાની જીવ તિર્યંચ યોનિમાં અનંતકાળ સુધી દુઃખ ભોગવતો રહે છે, તે ઠીક જ છે, કેમ કે જિનેન્દ્રદેવ પણ એમ માને છે કે તિર્યંચયોનિ જ દુઃખોનું સૌથી મોટું સ્થાન છે.

ત્યારબાદ અશુભકર્મોના થોડા મંદ થવાથી આ જીવ તે તિર્યંચ યોનિમાંથી અતિ કઠિનતાથી બહાર આવે છે અને કર્મરૂપી સારથીથી પ્રેરિત થઈને મનુષ્યપર્યાય પ્રાપ્ત કરે છે, ત્યાં પણ આ જીવ જોકે દુઃખોની ઈચ્છા નથી કરતા, તો પણ તેને કર્મરૂપી શત્રુથી વિરુદ્ધ થઈને અનેક પ્રકારનાં શારીરિક અને માનસિક દુઃખ ભોગવવા પડે છે. બીજાની સેવા કરવી, દરિદ્રતા, ચિંતા અને શોક આદિથી મનુષ્યોને તે ઘણું બધું દુઃખ પ્રાપ્ત થાય છે, તે પ્રત્યક્ષ નરક જેવું જ લાગે છે. તેમાં કાંઈ જ સંશય નથી.


જો કે દેવપર્યાયમાં જીવોને કાંઈક સુખ પ્રાપ્ત થાય છે તોપણ જ્યારે સ્વર્ગથી તેનું પતન થાય છે ત્યારે તેને અધિક દુઃખ થાય છે. તે દેવપર્યાયમાં પણ ઈષ્ટનો વિયોગ થાય છે. કેટલાયે દેવ અલ્પવિભૂતિના ધારક હોય છે, જે પોતાનાથી અધિક વિભૂતિવાળાને જોઈને દુઃખી થયા કરે છે. માટે તેમને માનસિક દુઃખ હોય છે. આ રીતે વિચારી દીન પ્રાણી આ સંસારરૂપી ચક્રમાં પોતાના ખોટા કર્મોના ઉદયથી અનેક પરિવર્તન કરતા થકા દુઃખ પામતા રહે છે.

આ રીતે રાજા ઋષભદેવ વૈરાગ્ય અને સંવેગ ભાવથી નિજ આત્માની વર્તમાન દુઃખરૂપ દશા વિચારી તેનાથી મુક્ત થવાના હેતુથી અને તપ આરાધના માટે ભગવતી જિનદીક્ષા લેવા તૈયાર થાય છે. લૌકાન્તિક દેવોને જ્યારે આ ખબર પડે છે ત્યારે તે રાજા ઋષભદેવની ઉત્તમ ભાવના વિવિધ પ્રકારથી સ્તુતિ કરે છે, અને તેમની મુનિદીક્ષાના કાર્યની અનુમોદના કરે છે.

લૌકાન્તિક દેવોએ તપશ્ચરણ કરવા માટે જેમને પ્રાર્થના કરી છે, એવા બ્રહ્મા— ભગવાન શ્રી ઋષભદેવને તપશ્ચરણ કરવામાં દીક્ષા ધારણ કરવામાં જે પોતાની બુદ્ધિ દઢપણે લગાડી તે લૌકાન્તિક દેવ પોતાના આટલા જ નિયોગથી કૃતાર્થ થઈને હંસની જેમ શરીરની કાંતિથી આકાશમાર્ગને પ્રકાશિત કરતા થકા સ્વર્ગમાં ચાલ્યા ગયા.

તેટલામાં જ ઈન્દ્રોના આસનો કંપાયમાન થવાથી ભગવાનના તપ–કલ્યાણકનો નિશ્ચય કરી તેઓ પોત–પોતાના દેવો સાથે અનેક વિક્રિયા ધારણ કરી પ્રગટ થવા લાગ્યા.

ત્યારબાદ ઈન્દ્રાદિક દેવોએ ભગવાનના નિષ્ક્રમણ અર્થાત્ તપ કલ્યાણક કરવા માટે તેમનો ક્ષીરસાગરના જળથી મહાભિષેક કર્યો. અભિષેક કર્યા પછી દેવોએ આદર સાથે દિવ્ય આભૂષણ, વસ્ત્ર, માળાઓ અને મલયાગિરિ ચંદનથી ભગવાનને



પ્રજાની પ્રસન્નતા સાથે રાજા ઋષભદેવ દ્વારા રાજમુકુટ વડે ભરતનો રાજ્યાભિષેક

અલંકૃત કર્યા. ત્યારબાદ ભગવાન ઋષભદેવે સામ્રાજ્ય પદ પર પોતાના મોટા પુત્ર ભરતનો અભિષેક કરી આ ભારતવર્ષને સનાથ કર્યું અને યુવરાજ પદ પર બાહુબલીને સ્થાપિત કર્યા. આ રીતે તે સમય સુધી તે પૃથ્વી ઉક્ત બન્ને ભાઈઓથી અધિષ્ઠિત થવાથી રાજવંતી અર્થાત્ સુયોગ્ય રાજાથી સહિત બની. તે સમયે ભગવાન શ્રી ઋષભદેવને નિષ્ક્રમણકલ્યાણક અને ભરતનો રાજ્યાભિષેક થઈ રહ્યો હતો. આ બન્ને પ્રકારના ઉત્સવોના સમયે સ્વર્ગલોક અને પૃથ્વીલોક બન્ને હર્ષવિભોર બની

રહ્યા હતા. તે સમયે એક બાજુ મોટા વૈભવ સાથે ભગવાનનો નિઃક્રમણકલ્યાણક ઉત્સવ થઈ રહ્યો હતો અને બીજી બાજુ ભરત તથા બાહુબલી—આ બન્ને રાજકુમારો માટે પૃથ્વીનું રાજ્ય સમર્પણ કરવાનો ઉત્સવ કરવામાં આવી રહ્યો હતો. એક તરફ તો રાજર્ષિ—ભગવાન ઋષભદેવ તપરૂપી રાજ્ય માટે કમ્મર કસી તૈયાર થયા હતા અને બીજી બાજુ તરુણ રાજકુમારો રાજ્યલક્ષ્મી સાથે વિવાહ કરવા માટે ઉદ્યમ કરી રહ્યા હતા.

ભગવાને રાજ્યનો ભાર બન્ને રાજકુમારોને સમર્પિત કરી દીધો તેથી તેમનો તે સમયે દીક્ષા લેવાનો ઉદ્યોગ બિલકુલ નિરાકુળ બની ગયો હતો અને રાજ્યસંબંધી કોઈ પ્રકારની ચિન્તા ન રહી હતી. મોક્ષની ઈચ્છા કરવાવાળા ભગવાને આકુળતા, રહિત થઈને, પોતાના શેષ પુત્રોને માટે પણ આ પૃથ્વીના ભાગ કરી આપી દીધા હતા. ત્યારબાદ અક્ષય અવિનાશી ભગવાન, મહારાજા નાભિરાજ આદિ પરિવારના લોકોને પૂછીને ઈન્દ્ર દ્વારા બનાવેલી સુંદર સુદર્શન નામની પાલખીમાં બિરાજ્યા. ઘણા આદર સાથે ઈન્દ્રે જેમને પોતાના હાથનો સહારો આપ્યો હતો, એવા ભગવાન શ્રી ઋષભદેવ દીક્ષા લેવાની પ્રતિજ્ઞાની જેમ પાલખી પર બિરાજ્યા. દીક્ષારૂપી અંગના આલિંગન કરવા માટે જેનું કૌતુક વધી રહ્યું હતું, એવા ભગવાન શ્રી ઋષભદેવ તે પાલખી પર બિરાજીત એવા લાગતા હતા કે જાણે પાલખીના છળથી દીક્ષારૂપી અંગનાની શય્યા પર જ આરૂઢ થતા હોય. જે માળાઓ પહેરી હતી, જેનું દેદીપ્યમાન શરીર ચંદનના લેપથી લિપ્ત હતું અને અનેક પ્રકારના વસ્ત્ર આભૂષણોથી અલંકૃત હતું, એવા ભગવાન શ્રી ઋષભદેવ પાલખી પર આરૂઢ થઈ એવા સુશોભિત થઈ રહ્યાં હતાં, જાણે તપરૂપી લક્ષ્મીના ઉત્તમ વર જ હો. ભગવાનની પાલખી પ્રથમ જ રાજા લોકો સાત પગલા સુધી લઈ ગયા અને પછી વિદ્યાધર આકાશમાં સાત પગલાં સુધી લઈ ગયા. ત્યારબાદ ભવનત્રિક અને વૈમાનિક દેવો અત્યંત હર્ષિત થઈને તે પાલખી પોતાના ખંભા પર મૂકી અને શીઘ્ર આકાશમાં લઈ ગયા. ભગવાન શ્રી ઋષભદેવના માહાત્મ્યની પ્રશંસા કરવામાં આટલું જ પર્યાપ્ત છે કે તે સમયે દેવોના અધિપતિ ઈન્દ્ર પણ તેમની પાલખી ઉપાડતા હતા. તે સમયે યક્ષજાતિના દેવ ફૂલોની વર્ષા કરતાં હતાં અને ગંગાનદીના જળકણોને ધારણ કરવાવાળા શીતળ વાયુ વાઈ રહ્યો હતો તે સમયે દેવોના બંદીજન ઉચ્ચ સ્વરથી પ્રસ્થાન સમયે મંગળ પાઠ કરતા હતા અને દેવ—લોક ચારેય તરફ પ્રસ્થાનસૂચક ભેરી વગાડતા હતા.

જે સમયે યથાયોગ્યરૂપ અનેક વિશેષતાઓ થઈ રહી હતી તે સમયે અદ્‌ભુત વૈભવથી શોભાયમાન ભગવાન શ્રી ઋષભદેવ સમસ્ત સંસારને આનંદિત કરતા થકા અમૂલ્ય રત્નોની બનેલી પાલખી પર આરૂઢ થઈ અયોધ્યાપુરીથી બહાર નીકળ્યા, તે સમયે તે રત્નમયી પૃથ્વી પર સ્થિત મેરુ પર્વતની શોભાને પણ તિરસ્કૃત કરતા હતા. આ રીતે અતિ શોભાયમાન પાલખીમાં બેસી ભગવાન જંગલમાં આવ્યા. ત્યારે કોલાહલ શાંત થઈ ગયો. બધા દૂર પાછા ચાલ્યા ગયા, જેણે અંતરંગ અને બહિરંગ પરિગ્રહ છોડી દીધો છે અને પરિગ્રહ રહિત રહેવાની પ્રતિજ્ઞા કરી છે, જે સંસારની બધી વસ્તુઓમાં સમતાભાવનો વિચાર કરી રહ્યા છે અને જે શુભ ભાવનાઓથી સહિત છે એવા તે ભગવાન શ્રી ઋષભદેવે યવનિકાની અંદર મોહને નષ્ટ કરવા માટે વસ્ત્ર, આભૂષણ અને માળા વિગેરેનો ત્યાગ કર્યો. જે આભૂષણ ભગવાનના શરીર પર અતિ દૈદીપ્યમાન હતા તે જ આભૂષણોએ ભગવાનથી પૃથક થવાથી કાન્તિહીન અવસ્થાને પ્રાપ્ત કરી હતી. ભગવાન શ્રી ઋષભદેવે દાસ, દાસી, ગાય, બળદ, મણિ, મુક્તા, મુંગા આદિ જે અચેતન દ્રવ્ય હતું તે બધાની અપેક્ષારહિત થઈને, દેવોની અને સિદ્ધોની સાક્ષીપૂર્વક, પરિત્યાગ કરી દીધો. ત્યારબાદ ભગવાન પૂર્વદિશા તરફ મુખ કરીને પદ્માસનમાં બિરાજમાન થયા અને સિદ્ધ પરમેષ્ઠીને નમસ્કાર કરીને તેમણે પંચ મુષ્ઠીઓથી કેશલોચ કર્યો. ધીર વીર ભગવાન શ્રી ઋષભદેવે મોહનીય કર્મની જેમ ઘણી કેશરૂપી લતાઓનો લોચ કરી દિગંબરરૂપના ધારક બની જિનદીક્ષા ધારણ કરી. ભગવાન શ્રી ઋષભદેવે ચૈત્ર માસના કૃષ્ણ પક્ષની નવમીના દિવસે સાંજના સમયે દીક્ષા લીધી હતી. ભગવાનના મસ્તક પર ચિરકાળ સુધી નિવાસ કરવાથી પવિત્ર થયેલ કેશોને ઇન્દ્રે પ્રસન્નચિત્ત થઈને રત્નોના પટારામાં રાખી લીધા અને તે કેશોને આદરસહિત મોટી વિભૂતિ સાથે લઈ જઈને ક્ષીરસમુદ્રમાં પધરાવી દીધા.


ભગવાન ધ્યાનમાં મગ્ન થતાં જ તેમને ચતુર્થ મનઃપર્યયજ્ઞાન પ્રગટ થયું.

# ભગવાન શ્રી ઋષભદેવનું વનમાં ધ્યાન

વનમાં ભગવાન આદિનાથ છ મહિનાનું અનશન ધારણ કરી એક આસને બેઠા હતા. ગરમી, વર્ષા, શીત આદિની બાધાઓ તેમને જરાપણ વિચલિત કરી શકતી ન હતી. તેઓ મેરુ સમાન અચલ હતા, બાળક જેવા નિર્વિકાર હતા, નિર્મેઘ, આકાશ જેવા શુદ્ધ હતા. સાક્ષાત્ શરીરધારી 'શમ' જેવા લાગતા હતા. તેમની દૃષ્ટિ નાસાગ્ર હતી. હાથ નીચે લટકી રહ્યા હતા. મુખની અંદર અસ્પષ્ટરૂપથી કાંઈક મંત્રાક્ષરોનું ઉચ્ચારણ થઈ રહ્યું હતું. કહેવાનો અર્થ એ છે કે તે સમસ્ત ઈન્દ્રિયોને બાહ્ય વ્યાપારથી હટાવી અધ્યાત્મમાં લગાડી ચૂક્યા હતા પોતાની મેળે ઉત્પન્ન થયેલ અલૌકિક આત્માનંદનો અનુભવ કરી રહ્યા હતા ન તો તેમને ભૂખનું દુઃખ હતું કે ન તો તરસનું કષ્ટ હતું. ન તો રાજ્ય કાર્યની કોઈ ચિન્તા હતી.


આ બાજુ મુનિરાજ શ્રી વૃષભદેવ આત્મધ્યાનમાં લીન થઈ રહ્યાં હતાં, તો બીજી તરફ કચ્છ અને મહાકચ્છ આદિ ચાર હજાર રાજાઓ—જે દેખા–દેખીમાં જ મુનિ બની ગયા હતા–મુનિમાર્ગનું કાંઈ રહસ્ય સમજી ન શક્યા. થોડા સમયમાં તે ભૂખ–તરસની પીડાથી વ્યાકુળ થઈ ગયા. તે બધા આપસમાં સલાહ કરવા લાગ્યા– ભગવાન શ્રી ઋષભદેવ ન જાણે શું કામ નગ્ન-દિગંબર થઈને બેઠા છે, તે તો આપણને કાંઈ કહેતા જ નથી, ન તો તેમને ભૂખ–તરસની બાધા (અડચણ) સતાવે છે, ન તો તડકો, વર્ષા કે શીતથી દુઃખી થાય છે. પરંતુ અમારા લોકોના હાલ તો તેનાથી એકદમ વિપરીત જ છે. હવે અમારાથી ભૂખ તરસની બાધા સહન થતી નથી. અમે તો વિચાર્યું હતું કે તેમણે થોડા સમય માટે આ વેષ રચ્યો છે. પરંતુ હવે તો બે મહીના થઈ ગયા, તો પણ તેના રહસ્યનો તાગ મળતો નથી. જે પણ હોય, શરીરની રક્ષા તો અમારે અવશ્ય કરવી જોઈએ.

એવી સલાહ કરીને તે બધા મુનિ, મુનિનાથ ઋષભદેવ પાસે જઈને જુદા જુદા શબ્દોમાં તેમની સ્તુતિ કરવા લાગ્યા—તેમની ધીરતાની પ્રશંસા કરવા લાગ્યા. સ્તુતિ કર્યા બાદ તેમણે મુનિ–વેષ ધારણ કરવાનું કારણ પૂછ્યું, તેની અવધિ પૂછી, અને 'અમે ભૂખ–તરસનું દુઃખ સહન નહીં કરી શકીએ' એમ પ્રગટ કરી તે દૂર કરવાનો




ભગવાનની સાથે દીક્ષિત થયેલા અન્ય રાજાઓ ભૂખ–પ્યાસથી પરેશાન થઈ ધ્યાનસ્થ ઋષભમુનિને પૂછે છે પરંતુ તેઓ ધ્યાનમાં મગ્ન છે

ઉપાય પૂછ્યો. પરંતુ ભગવાને તો મૌનવ્રત લીધેલ હતું. આત્મધ્યાનમાં મસ્ત હતા. તેમની દૃષ્ટિ બાહ્ય પદાર્થો પરથી સર્વથા દૂર થઈ ગઈ હતી–તે કાંઈ પણ ન બોલ્યા. જ્યારે તેમને ભગવાન ઋષભદેવ તરફથી કોઈ જવાબ ન મળ્યો, જ્યારે ભગવાને તેમની તરફ આંખ ઊંચી કરીને પણ ન જોયું, તો તેઓ બહુ જ ગભરાઈ ગયા અને મુનિમાર્ગથી ભ્રષ્ટ થઈ જંગલમાં ચાલ્યા ગયા. તેમણે વિચાર્યું કે, જો અમે ઘરે જઈએ તો રાજા ભરત અમને દંડિત કરશે; માટે આ જ સઘન વનમાં રહેવું સારું છે. અહીં વૃક્ષોના કંદ–મૂળ–ફળ ખાઈને, નદી–તળાવનું મીઠું પાણી પીશું અને પર્વતોની ગુફામાં રહીશું. હવે આ સિંહ, ચિત્તા વગેરે અમારો પરિવાર હશે. એ રીતે ભ્રષ્ટ થઈને ચાર હજાર દ્રવ્યલિંગી મુનિ જ્યાં તળાવનું પાણી પીવા ઘૂસ્યા, ત્યાં વનદેવતાઓએ પ્રગટ થઈને કહ્યું કે જો તમે દિગંબર મુદ્રા ધારણ કરી આવો અન્યાય કરશો, તો અમે તમને દંડિત કરશું. આ સાંભળી કેટલા વૃક્ષના પાંદડા અને વલ્કલ પહેરી હાથમાં પલાશ વૃક્ષનો દંડ લીધો. કેટલાકે શરીરમાં ભસ્મ ચોપડી, કેટલાકે જટા વધારી. કહેવાનો અર્થ એ છે કે જેમાં તેમને સુવિધા દેખાણી, તે જ વેષ તેમણે ધારણ કરી લીધો. આટલું થવા છતાં પણ તે બધા ભગવાન શ્રી આદિનાથને જ પોતાના ઈષ્ટદેવ સમજતા




ભ્રષ્ટ મુનિઓ દ્વારા ભૂખ શાંત કરવા કંદમૂળ ખાવું, તરસ શાંત કરવા નદીનું પાણી પીવું ને ગુફા વગેરેમાં રહેવું જોઈ વનદેવતા દ્વારા ચેતાવણી


હતા. તેમને સિંહ અને પોતાને શિયાળ સમજતા હતા. તે લોકો પ્રતિદિન તળાવોમાંથી




શ્રી ઋષભ મુનિરાજની આત્મદશાની વિશુદ્ધતાના બળે સિંહ–હરણ, સાંપ–નોળિયો આદિ હિંસક જાતિવિરોધી પ્રાણી પોતાની હિંસાવૃત્તિ ભૂલી ક્રીડા કરે છે.

કમળના ફૂલ તોડીને લાવતા હતા અને ભગવાન શ્રી આદિનાથની પૂજા કરતા હતા.

ભગવાન શ્રી ઋષભદેવને બાહ્ય જગતનું કાંઈ પણ ધ્યાન નહોતું. તેઓ સમતાભાવથી ક્ષુધા-તૃષાની બાધા સહન કરતા થકા આત્મ ધ્યાનમાં લીન રહેતા હતા. જે વનમાં મહામુનિ ઋષભેશ્વર ધ્યાન કરતાં હતાં તે વનમાં જાતિ વિરોધી જીવોએ પણ પરસ્પર વિરોધ છોડી દીધો હતો—સિંહણ ગાયના બચ્ચાને પ્યારથી દૂધ પીવડાવતી હતી, અને ગાય સિંહણના બચ્ચાને પ્યારથી રમાડતી હતી. મૃગ અને સિંહ પરસ્પર રમતા હતા. સર્પ અને નોળિયો, મોર આદિ વિરોધી જીવ એકબીજા




સાથે ક્રીડા કરતા હતા. હાથીઓના બચ્ચાં, મોટા મૃગરાજોની કેશવાળી (અયાલ) ગર્દનના વાળો ખેંચતા હતા. જંગલના પ્રાણીઓ ભક્તિભાવથી ઋષભદેવ મુનિરાજને પુષ્પ—ફળાદિ ચઢાવી ભક્તિ કરતા હતા. સાચું છે—વિશુદ્ધ આત્માનો પ્રભાવ મૂક પ્રાણીઓ પર પણ પડી શકે છે.

# નમિ–વિનમિની ભગવાન શ્રી ઋષભદેવની પાસે યાચના




નમિ–વિનમિ રાજકુમાર દ્વારા ઋષભદેવ મુનિવરની વંદના અને વિનંતી

એક દિવસ કચ્છ અને મહાકચ્છ રાજાઓના પુત્રો નમિ અને વિનમિ ભગવાન શ્રી ઋષભદેવના ચરણકમળોની સમીપ આવી તેમને પ્રાર્થના કરવા લાગ્યા—હે ત્રિભુવન નાયક ! આપે આપના બધા પુત્રો તથા અન્ય રાજકુમારોને રાજ્ય આપી સુખી કર્યા, પરંતુ અમને બેને આપે કાંઈ પણ ન આપ્યું. ભગવન્ ! આપ ત્રણલોકના અધીશ્વર છો, સમર્થ છો, દયાળુ છો, માટે અમને પણ રાજ્ય આપી સુખી કરો. ભગવાન શ્રી ઋષભદેવ આત્મધ્યાનમાં લીન હતાં. તેથી નમિ–વિનમિને તેમના તરફથી કોઈ ઉત્તર ન મળ્યો, તો પણ તેઓ પોતાની પ્રાર્થનામાં સંલગ્ન રહ્યાં.



ધરણેન્દ્રનું આસન કંપાયમાન




નાગેન્દ્રનો વેષ બદલીને નમિ–વિનમિ સાથે વાર્તાલાપ

આ ઘટનાથી ધરણેન્દ્રનું આસન કંપાયમાન થયું. જેથી ભગવાન શ્રી ઋષભદેવના ધ્યાનમાં કાંઈ વિઘ્ન છે એવું વિચારી તે શીઘ્ર તેમની પાસે આવ્યા. આવીને જોવે છે કે બન્ને બાજુ ઊભેલા નમિ–વિનમિ ભગવાન ઋષભદેવ પાસે રાજ્યની યાચના કરે છે ત્યારે ધરણેંદ્રે પોતાનો વેષ બદલાવી બન્ને રાજકુમારોને કહ્યું કે તમે લોકો ભરત પાસે રાજ્યની યાચના કરો, જે આપની અભિલાષા પૂર્ણ કરવામાં સમર્થ છે. આમની પાસે શું છે ? જે આપી આપની રાજ્ય–લિપ્સા પૂરી કરે ! તમે લોકો રાજકુમાર થઈને એટલું પણ સમજી નથી શકતા કે જેની પાસે જે હોય, તે જ કોઈને કાંઈ આપી શકે છે. ધરણેંદ્રની વાતો સાંભળી તે બન્નેએ કહ્યું કે હે ભદ્ર તમે ઘણા બુદ્ધિમાન લાગો છો બોલવામાં આપ ઘણા ચતુર પ્રતીત થાઓ છો, આપ વિશ્વસનીય છો, પણ અમારી સમજમાં નથી આવતું કે આપ વગર પૂછ્યે અમારી વચ્ચે કેમ બોલો છો ? ત્રણલોકના એકમાત્ર અધીશ્વર ભગવાન શ્રી ઋષભદેવની ચરણછાયા છોડી રાજા ભરત પાસે રાજ્યની યાચના કરીએ ? જે બિચારા સ્વયં જ

સામાન્ય ભૂમિના રાજા છે? મહાશય! જે કમંડલુ મહાસાગરના જળથી ભરાયેલ નથી તે શું ગોપદના જળથી ભરાઈ જશે ? કેવો અનોખો આપનો ઉપદેશ છે? રાજકુમારોની યુક્તિ–પ્રયુક્તિથી પ્રસન્ન થઈને ધરણેંદ્રે પોતાનો કૃત્રિમ વેષ છોડી અને પ્રગટ થઈ નમિ–વિનમિને કહ્યું—રાજપુત્રો! રાજ્યના વિભાગ કરતી વખતે ભગવાન શ્રી ઋષભદેવ આપ લોકોના અંશનું રાજ્ય મને બતાવી ગયા છે. તેથી ચાલો, હું ચાલીને આપને આપનું રાજ્ય આપી દઉં. આ સમયે તેઓ (ભગવાન) ધ્યાનમાં લીન છે તેથી તેમના મુખેથી આપને કોઈ પણ ઉત્તર નહીં મળે.'' આ રીતે સમજાવીને તે ધરણેંદ્રે તેમને વિમાન પર બેસાડી વિજ્યાર્ધ પર્વત પર લઈ ગયા. પર્વતની અલૌકિક શોભા નિહાળી બંને રાજપુત્રો ઘણા જ પ્રસન્ન થયાં.

તે પર્વતની બે શ્રેણીઓ છે—એક દક્ષિણ શ્રેણી, બીજી ઉત્તર શ્રેણી. આ બન્ને શ્રેણીઓ પર સુંદર–સુંદર નગરોની રચના છે. જેમાં વિદ્યાધર લોકો રહે છે. ત્યાં પહોંચીને ધરણેંદ્રે કહ્યું કે, વૃષભેશ્વર આપ લોકો માટે અહીંનું રાજ્ય દેવાનું સ્વીકાર કરી ચૂક્યા છે. તેથી આપ અહીંનું રાજ્ય પ્રાપ્ત કરી દેવરાજની જેમ અનેક ભોગોને ભોગવો અને આ વિદ્યાધરોનું પાલન કરો. એમ કહીને તેમને દક્ષિણ શ્રેણીના સામ્રાજ્યમાં નમિના અને ઉત્તર શ્રેણીનાં સામ્રાજ્યમાં વિનમિનો અભિષેક કર્યો. તેમને કેટલાય પ્રકારની વિદ્યાઓ અર્પણ કરી અને જનતાને તેમનો પરિચય કરાવ્યો. નમિ–વિનમિ વિદ્યાધરોનું રાજ્ય પામી ઘણા પ્રસન્ન થયા. ધરણેંદ્ર પોતાનું કર્તવ્ય પુરું કરી પોતાના સ્થાને પાછા ચાલ્યા ગયા.



નાગેન્દ્રનું અસલીરૂપમાં આવીને નમિ–વિનમિને વિજયાર્ધ પર્વતની શ્રેણિમાં તેમને રાજ્ય આપવું

# શત્રુંજય સિદ્ધક્ષેત્ર




શત્રુંજયગિરિ નિર્વાણ ક્ષેત્ર છે. આ સ્થાનથી યુધિષ્ઠિર, ભીમ અને અર્જુન આ ત્રણ પાંડવ તથા આઠ કોડી દ્રવિડ રાજા અષ્ટકર્મો ક્ષય કરી મુક્તિ પામ્યા હતા. એવો નિર્વાણકાંડ, નિર્વાણભક્તિ, હરિવંશપુરાણ આદિ અનેક સ્થાનો પર સ્પષ્ટ ઉલ્લેખ મળે છે.

આ વિષયમાં કથાનક છે—પાંડવોએ ભગવાન શ્રી નેમિનાથ પાસેથી પોતાના ભવાંતર સાંભળી મુનિદીક્ષા ગ્રહણ કરી લીધી, અને કઠિન તપસ્યા કરવા લાગ્યા. તેમને અનેક પ્રકારની ઋદ્ધિઓ પ્રાપ્ત થઈ ગઈ પરંતુ તેમને ઋદ્ધિઓથી શું પ્રયોજન હતું ? તેમની દૃષ્ટિ બાહ્યથી હટી છે અને આત્મ કેન્દ્રિત થઈ ગઈ. તે અનેક વર્ષો સુધી ભગવાન શ્રી નેમિનાથ સાથે વિહાર કરતા હતા, અને અંતમાં તેઓ શત્રુંજય પર્વત પર જઈને આતાપન યોગ ધારણ કરી બિરાજમાન થઈ ગયા.

એક દિવસ કૌરવોનો ભાણેજ કુર્યુવર (યવવર્ધન) ભ્રમણ કરતાં કરતાં આ બાજુ આવી ચડ્યો. પાંડવોને દેખતાં જ તેને પોતાના મામાના વધ અને માતુલકુલના વિનાશનું સ્મરણ થઈ ગયું. સ્મરણ થતાં જ તેના મનમાં ભયાનક ક્રોધાગ્નિ

પ્રજ્વલિત થઈ ગઈ અને તેણે પાંડવોથી પ્રતિશોધ લેવાનો સંકલ્પ કર્યો. તે નગરમાં ગયો અને લુહાર પાસે લોઢાના મુગટ, કુંડલ, હાર, કેયુર આદિ બનાવીને લાવ્યો. તેણે તે અગ્નિમાં તપાવ્યા. તપ્ત આભૂષણો પાંડવોના અંગે પહેરાવી દીધા. પાંડવોના અંગ બળવા લાગ્યા, પરંતુ તેમને બહારની સુધ ન હતી. તેમનો ઉપયોગ તો



દુર્યોધનનો ભાણેજ કુર્યુવર દ્વારા પાંડવો ઉપર ભયંકર ઉપસર્ગ

આત્મામાં કેન્દ્રિત હતો, તે શુક્લધ્યાનમાં લીન થઈ કર્મશત્રુઓનો સંહાર કરી રહ્યા હતા. આ બાજુ કુર્યુવર તેમના જલતા અંગોને જોઈ મનમાં અત્યંત મુદિત થઈ રહ્યો હતો અને પોતાના પ્રતિશોધની સફળતા પર ગર્વ કરતો હતો. શુક્લધ્યાનના બળથી યુધિષ્ઠિર, ભીમ અને અર્જુને ઘાતીયા અને અઘાતીયા કર્મોનો નાશ કર્યો અને મુક્ત થઈ ગયા. તેમના જન્મ–મરણની શ્રૃંખલાનો અંત થઈ ગયો. નકુલ અને સહદેવ પૂર્ણતઃ આત્મવિજય ન કરી શક્યા. તે સર્વાર્થસિદ્ધિ વિમાનમાં અહમિન્દ્ર બન્યા. આ રીતે શત્રુંજય પર્વત પાંડવોની નિર્વાણભૂમિના રૂપમાં વિખ્યાત છે. અહીંથી પાંડવો તથા આઠ કરોડ દ્રવિડ રાજાઓએ મુક્તદશા પ્રાપ્ત કરી હતી.

આ પર્વતનું એક નામ 'શેત્રુંજય' છે અને બીજું નામ 'અરિંજય' પણ માનવામાં આવે છે.

આ ક્ષેત્ર પર ભગવાન શ્રી ઋષભદેવ બાવીસ વાર પધાર્યા હતા. અહીં લલિત સરોવર અને અક્ષય વડ છે. એવો એક સ્થાન પર ઉલ્લેખ છે.

આ સિદ્ધક્ષેત્ર પહાડ પર છે, ગામ પાલિતાણા છે. જેમાં રેલ્વે સ્ટેશન અને બસ સ્ટેન્ડ પાસે જ દિગમ્બર જૈન ધર્મશાળા છે. ધર્મશાળાથી દૂર એક દિગમ્બર જિનમંદિર છે. એક કિ.મી. દૂર તળેટી છે. અહીં ક્ષેત્ર પર પગથિયાં બનેલ છે. શ્વેતાંબરના ઘણા મોટા મંદિર છે. અહીં હિન્દુ કે બૌદ્ધનું કોઈ મંદિર નથી, માટે આ તીર્થ જૈનોના તીર્થ તરીકે સ્પષ્ટરૂપથી પ્રસિદ્ધ છે.


દિગંબર જૈનમંદિર શ્રી શાંતિનાથ ભગવાનનું છે. ચારે તરફ બીજા શ્વેતાંબર મંદિર છે.

આ શત્રુંજયગિરિ સોનગઢથી ૨૨ કિ.મી. દૂર છે અને ભાવનગરથી ૫૭ કિ.મી દૂર છે. અહીં અમદાવાદ અને સૌરાષ્ટ્રના લગભગ બધા ક્ષેત્રથી બસોની આવવા–જવાની સુવિધા છે.

પૂજ્ય ગુરુદેવશ્રી વિ.સં. ૧૯૯૫ (ઈ.સ. ૧૯૩૯) અને વિ.સં. ૨૦૦૬ (ઈ.સ. ૧૯૫૦)માં આ સિદ્ધક્ષેત્રની સસંઘ યાત્રા કરી હતી.

# પાવાગઢ સિદ્ધક્ષેત્ર





પાવાગઢનું પ્રાચીન નામ પાવાગિરિ હતું. પછીના કાળમાં પર્વત પર દુર્ગ બની જવાને કારણે તેનું નામ પાવાગઢ થઈ ગયું. આ સ્થાન સિદ્ધક્ષેત્ર અથવા નિર્વાણક્ષેત્ર છે. અહીં રામચંદ્રના બે પુત્રો અનંગલવણ અને મદનાંકુશે ઘોર તપ કરીને કર્મોનો નાશ કરીને નિર્વાણ પામ્યા. તે સિવાય લાટ દેશના પાંચ કોટિ નરેશોએ પણ અહીં તપસ્યા કરીને મુક્તિ પ્રાપ્ત કરી હતી.

પાવાગઢના વિષયમાં 'નિર્વાણકાંડ' આદિ કેટલીક જગ્યાએ ઉલ્લેખ મળે છે.

નિર્વાણકાંડમાં ત્રણ પાવાઓનો ઉલ્લેખ મળે છે. (૧) પ્રથમ પાવાના સંબંધમાં લખ્યું છે—पावाए णिब्बुदो महावीरो। અર્થાત્ એક પાવાપુરી હતી, જ્યાંથી ભગવાન શ્રી મહાવીર મુક્તિ પામ્યા. (૨) બીજી પાવાનું નામ પાવાગિરિ હતું. જ્યાંથી રામચંદ્રજીના બે પુત્ર અને પાંચ કોટિ લાટ નરેશ મુક્ત થયા હતા. (૩) ત્રીજી પાવા

પણ પાવાગિરિ કહેવાતી હતી ત્યાંથી સુવર્ણભદ્ર આદિ ચાર મુનિ મુક્ત થયા હતા. આ પાવાગિરિ ચેલના નદીના તટ પર અવસ્થિત હતી. તેનાથી સિદ્ધ થાય છે કે રામ–પુત્રોની નિર્વાણભૂમિ લાટ દેશમાં હતી. લાટદેશ સૌરાષ્ટ્રને કહેવામાં આવે છે અને ગુજ્જર ગુજરાતને પણ કહેવામાં આવે છે. બન્ને પ્રદેશ પ્રાયઃ સમ્મિલિત રહેલ છે અતઃ બન્ને એક માનવામાં આવે છે. એટલે પાવાગઢ લાટ દેશમાં છે કે ગુર્જર દેશમાં, એક જ વાત છે.

અતિ પ્રાચીન કાળથી પાવાગઢ તીર્થભૂમિ રહ્યું છે. પરંતુ આ સૈનિક સુરક્ષાની દૃષ્ટિથી પણ અત્યંત મહત્ત્વપૂર્ણ સ્થાન રહ્યું હોય તેમ લાગે છે. માટે તેની તળેટીમાં ચાંપાનેર શહેર વસાવી પર્વત ઉપર ગઢ બનાવ્યો છે. તે ગઢના કારણે જ ચાંપાનેર શતાબ્દીઓ સુધી સુરક્ષિત રહ્યું અને ધન–ધાન્યથી સંપન્ન રહ્યું. આ નગરની ચારે તરફ કોટ પણ બનેલ હતો. અત્યારે પણ નગરનો થોડો ભાગ કોટથી ઘેરાયેલ છે. આ કોટની પૂર્વ–પશ્ચિમ તરફ બે મોટા દરવાજા છે. જે પસાર કરવાથી નગરનું બજાર દેખાય છે. પ્રાચીનકાળમાં આ નગરની લંબાઈ બાર કોસ ગણાતી હતી. કહેવાય છે કે અહીં ૮૪ ચોટા (ચોક) હતા અને પર (બાવન) બજાર હતી. આ નગરમાં અને બહાર પ્રાચીન ભવનોનાં ખંડેર પડેલા છે. અહીં ઘણા કાળ સુધી જૈનોનું રાજ્ય હતું. તે કાળમાં કોઈ જૈન રાજાએ પર (બાવન) જિનાલય બનાવ્યા હતા. પર્વતની ઉપર પણ જૈન મંદિર અને ભવન બનાવેલ હતા. ચિમણા પંડિતે પાવાગઢ ઉપર જૈનમંદિર નિર્માણ કરવાનો ઉલ્લેખ 'તીર્થવંદના' નામની તેમની રચનામાં આ રીતે આપ્યો છે—

રામનંદન લહુ અંકુસ જાઆ, પાવાગિરિ ઉભય ગેલે નિર્વાના,
પાંચ કોડી મુનિ મુગતિ નિવાસી, ગંગાદાસે ચૈત્યાલિ કેલિ પુણ્યરાસિ.

આમાં બતાવ્યું છે કે ગંગાદાસે પાવાગિરિ પર ચૈત્યાલયનું નિર્માણ કરાવ્યું હતું. પર્વતના મધ્યમાં ખાપરા ઝવેરીનું સાત ખંડનું ભવન હજી સુધી વિદ્યમાન છે. આ ભવનના ચાર ખંડ પૃથ્વીની અંદર છે અને શેષ ત્રણ ખંડ પૃથ્વીની ઉપર છે. આ જોવા લોકો આવે છે.

જૈન રાજાઓ પછી અહીં તોમર વંશનું શાસન થઈ ગયું. સંવત ૧૪૮૪માં અમદાવાદના મહમદ બેગડાએ ફતઈ રાવલ રાજા જયસિંહને પરાજિત કરી આ

નગર પર અધિકાર જમાવ્યો. તેણે પર્વત અને નગરના મંદિરોને ક્રૂરતાપૂર્વક નષ્ટ કર્યા. જૈન મંદિરોનો વિનાશ પણ તેણે જ કર્યો, જેના ભગ્નાવશેષ અત્યાર સુધી મળે છે. અહીં કાલીદેવીનું મંદિર છે. કિવંદંતી અનુસાર કોઈ દેવીના શાપ અનુસાર મુસલમાનોએ આ નગરી, મંદિરો, દેવતાઓ અને દેવીઓનો બર્બરતાથી નાશ કર્યો.

કહેવામાં આવે છે કે પ્રાચીનકાળમાં વટ્ટગાંવ (વડોદરા)–પાવાગઢ સુધી ફેલાયેલ હતું. અહીં આ પહાડ પર આનતેન્દ્રે મંદિર બનાવ્યા હતાં. જેમાં ભગવાન શ્રી વીરસેનસ્વામીએ પ્રાચીન 'વ્યાખ્યાપ્રજ્ઞપ્તિ' જોઈ જેનાથી પ્રેરિત થઈને ગુરુ એલાચાર્યના આદેશાનુસાર ઈ.સ. ૮૦૦ (આસપાસ) ધવલા ટીકાની શરૂઆત આ જ મંદિરોમાં કરી હતી.

અહીં ધર્મશાળામાંથી નીકળતાં જ પર્વતનાં દર્શન થાય છે. પર્વતનું ચઢાણ સાડાત્રણ માઈલ છે. આ પર્વત પર પ્રાચીનકાળમાં ૧૭ ગઢ હતા. જેના સાત દરવાજા હતા. આ બધા દરવાજા ભગ્ન અવસ્થામાં હતા. અહીંના દિગંબર જિનમંદિર મહમદ બેગડાએ ઈ.સ. ૧૫મી શતાબ્દીમાં પ્રાયઃ નષ્ટ કરી દીધા હતા.

અહીંયા કાર દ્વારા, ટ્રોલી દ્વારા પહોંચાય છે. અહીં તળાવ પાસે ત્રણ જિનમંદિર છે. આગળ ચાર બીજા મંદિર થઈને કુલ ૭ મંદિર અત્યારે ઉપલબ્ધ છે. આ સિવાય કેટલાયે મોટા મોટા મંદિર અહીં રહ્યાં હશે—એમ અહીંના ભગ્નાવશેષમાં પડેલ મંદિરો પરથી પ્રતીત થાય છે.

તળેટીમાં બે મંદિર છે. અહીં એક માનસ્તંભ પણ છે. સુવર્ણપુરીનો માનસ્તંભ આ જ માનસ્તંભના આધારે નવીનરૂપથી બનાવ્યો છે.

વડોદરા–રતલામ લાઈન પર ચાંપાનેર રેલ્વે સ્ટેશન છે. ત્યાંથી નાની લાઈન પાવાગઢની છે. બાકી બસ સુવિધા આખા ગુજરાતની જેમ સુંદર છે.

પૂજ્ય ગુરુદેવશ્રીએ અનેક ભક્તો સાથે આ ક્ષેત્રની પણ યાત્રા કરી હતી.

# શ્રી ગજપંથા સિદ્ધક્ષેત્ર (મહારાષ્ટ્ર)




શ્રી ગજપંથા સિદ્ધક્ષેત્ર અથવા નિર્વાણક્ષેત્ર છે. અહીંથી સાત બળભદ્ર અને આઠ કોટિ યાદવ મુક્ત થયા હતા. એ નિર્વાણકાંડ આદિ પ્રાચીન ઉધ્ધહરણોથી સ્પષ્ટ છે.

નિર્વાણકાંડમાં આ પર્વત પરથી જે સાત બળભદ્રોની મુક્તિ પ્રાપ્તનો ઉલ્લેખ છે, તેના નામ ઉત્તરપુરાણ આદિ પુરાણોના આધારે આ રીતે છે—

(૧) વિજય (૨) અચલ (૩) સુધર્મ (૪) સુપ્રભ (૫) નન્દી (૬) નંદીમિત્ર અને (૭) સુદર્શન

કેટલાંક વિદ્વાન વર્તમાન ગજપંથ ક્ષેત્રને વાસ્તવિક ન માનીને આધુનિક શોધ માને છે. તેનો તર્ક છે કે આ ક્ષેત્ર પર ન તો કોઈ પ્રાચીન મંદિર છે અને ન તો પુરાતત્ત્વ. પરંતુ પ્રાચીન સાહિત્યમાં કેટલાંક પ્રસંગ અથવા સ્થળ એવા પ્રાપ્ત થાય છે જેનાથી આ વાતનો નિર્ણય થઈ જાય છે, કે આ ક્ષેત્ર અહીં અવસ્થિત હતું. અસગ કવિ કૃત શાંતિનાથ ચરિત્રમાં એક પ્રસંગ છે—અમિતેજ અને શ્રીવિજયાએ પોતાની વિશાળ વાહિનીને લઈને અશનિવેગ વિદ્યાધરનો પીછો કર્યો. ત્યારે તે પોતાની રક્ષાનો કોઈ ઉપાય ન જાણી ભાગી ગયો અને નાસિક નગરની બહાર ગજધ્વજ પર્વત પર




ગજપંથ પર્વત ઉપર સાત બળભદ્ર મુનિઓનું ધ્યાન
(ગજપંથ પર્વતનું માહાત્મ્ય બતાવવા ક્રમશઃ ધ્યાનમાં હોવા છતાં એક સાથે બતાવ્યા છે.)

પહોંચ્યો. પરંતુ શ્લોકમાં ગજપંથ શબ્દ ન આપી કવિએ પર્વતનું નામ ગજધ્વજ આપ્યું છે. ગજપંથ અને ગજધ્વજ એક જ પર્વતના નામ છે, અને પરસ્પર પર્યાયવાચી શબ્દ છે. આ વાતનું સમર્થન બોધપ્રાભૃત ગાથા ૨૭ની શ્રુતસાગરકૃત ટીકાથી થાય છે. તેમાં સમસ્ત તીર્થોના નામ પ્રમાણે છે—

उर्जयत–शत्रुंजय लाटदेश, पावागिरि–आमिरदेश तुंगिगिरि नासिदय नगर समीपवर्ती गजध्वज–गजपंथ–सिद्धकूट–तारापुर–कैलापद, चम्पापुरी–पावापुर–वाराणसीनगरक्षेत्र–हस्तिनागपत्तन–चलमैंढ्रगिरि–वैभारगिरि–रुप्यगिरि–सुवर्णगिरि रत्नगिरि–शौर्यपुर–चूलाचल–नर्मदातट–द्रोणगिरि कुंथुंगिरि–कोटिकशिलागिरि–जम्बुक वन चेलनानदीतट तीर्थंकर पंचककल्याणस्थानानि।''

ઉપયુક્ત ઉલ્લેખોમાં ''नासिक्यनगर समीपवर्ती गजध्वज–गजपंथ નામ આપીને બધી શંકાઓનું સમાધાન કરી દીધું છે. તેનો અર્થ એ છે કે ગજપન્થ નાસિક નગરની સમીપ હતું અને તેનું અપરનામ 'ગજધ્વજ' પણ હતું.

વર્તમાનમાં પણ ગજપંથ ક્ષેત્ર નાસિક શહેરથી કેવળ ૬ કિ.મી. દૂર છે. મ્હસરૂલ ગામમાં ધર્મશાળા છે. તે પર્વતની તળેટીમાં છે. અહીંથી પર્વત અર્થાત્ નિર્વાણ સ્થાન લગભગ બે કિ.મી. પડે છે. ઉપર જવા માટે પાષાણના ૪૩૫ પગથીયા બનેલ છે. નાસિક રોડ સ્ટેશનથી નાસિક થઈને મ્હસરૂલ (પગથિયા) ગામ ૧૬ કિ.મી. પડે છે. નાસિકથી મ્હસરૂલ માટે મોટર, ઘોડાગાડી મળે છે.

ક્ષેત્રની પાસે જ ધર્મશાળા છે.

પહાડ પર ચડતાં જ એક લઘુશિખર નીચે સુપ્રભ, સુધર્મ, ગજકુમાર અચલ અને વિજય બળભદ્રના ચરણ છે. આગળ નવનિર્મિત જિનાલય અને પાર્શ્વનાથ ગુફાના દર્શન થાય છે. આ ગુફા અને શ્રી પાર્શ્વનાથ પ્રતિમા અત્યંત પ્રાચીન છે.

આ મંદિરોની બાજુમાં અત્યંત પ્રાચીન બે ગુફામંદિર છે. આ ગુફાથી આગળ જવાથી એક બીજી ગુફા મળે છે. જે ઓરડાના આકારની બનેલી છે.

આ ક્ષેત્ર પર તેના નિકટસ્થ ૧૪–૧૫ માઈલના પ્રદેશમાં જૈન પુરાતત્ત્વ સામગ્રી મોટા પ્રમાણમાં મળે છે. ઈસાના ૯૦૦ વર્ષ પૂર્વ મૈસુરના ચામરાજ નરેશે અહીંની ગુફાઓમાં મૂર્તિની પ્રાણપ્રતિષ્ઠા કરાવી હતી. ત્યારથી તે ગુફાઓને ચામર જેવી (ચામર ગુફા) કહેવા લાગ્યા.

પાંડવ ગુફામાં (૧૧ નંબરની) શ્રી મહાવીર પ્રભુની પ્રતિમા છે. ગજપંથથી પશ્ચિમ તરફ લગભગ ૧૬ કિ.મી. દૂર ત્રંબક રોડ પર અજનેરી ક્ષેત્ર છે. અહીં પર્વત પર બે ગુફાઓ છે. તેમાં ભગવાનની પ્રતિમા છે. અહીં ભગ્નાવશેષમાં ઘણા મંદિરો છે. આ બધા પુરાતત્ત્વ અનુસાર ૪ થી ૮ શતાબ્દીના છે. આ ક્ષેત્ર નાસિક અન્તર્ગત છે.

# શ્રી ચંપાપુરી—મંદારગિરિ



શ્રી ચંપાપુરી અત્યંત પ્રાચીન તીર્થક્ષેત્ર છે. અહીં બારમા તીર્થંકર ભગવાન શ્રી વાસુપૂજ્યના ગર્ભ, જન્મ, દીક્ષા, કેવળજ્ઞાન અને નિર્વાણ—એમ પાંચ કલ્યાણકો થયાં હતાં. કેવળ આજ ક્ષેત્ર એવું છે, જ્યાં કોઈ તીર્થંકરના પાંચેય કલ્યાણકો એક જ સ્થાન પર થયાં હોય. એવું મહાન સૌભાગ્ય અન્ય કોઈ નગરને પ્રાપ્ત થયું નથી. એવી પુણ્ય નગરીઓ તો છે કે જ્યાં કોઈ એક તીર્થંકરના ગર્ભ, જન્મ, દીક્ષા અને કેવળજ્ઞાન—આ ચારેય કલ્યાણકો થયા હોય. પરંતુ પાંચેય કલ્યાણકો એક ચંપાપુરીમાં જ થયા છે. આ દૃષ્ટિથી નગરીને વિશેષ મહત્ત્વ પ્રાપ્ત થાય છે.

ચંપાનગરીની બહાર ઉદ્યાનમાં જે વર્તમાનમાં મંદારગિરિના નામે પ્રસિદ્ધ છે, ત્યાં ભગવાન શ્રી વાસુપૂજ્યસ્વામીના તપ અને જ્ઞાન કલ્યાણકો થયાં હતાં. નિર્વાણ કલ્યાણક ચંપાનગરીમાં થયું. કોઈ આચાર્ય નિર્વાણ કલ્યાણક મંદારગિરિમાં માને છે.

ભગવાન શ્રી વાસુપૂજ્ય જિનેન્દ્રનું સમોસરણ ચંપાનગરમાં આવ્યું હતું.

ભગવાન શ્રી વાસુપૂજ્ય સાથે ૯૪ મુનિરાજ મુક્તિ પધાર્યા હતા.

ચંપાનગરીનો વિસ્તાર ૪૮ કોસ બતાવવામાં આવે છે. ભગવાન શ્રી ઋષભદેવે જે ૫૯ જનપદોંની રચના કરી હતી. તેમાં આ ચંપાનગરી અંગદેશની રાજધાની માનવામાં આવી છે.

ભગવાન શ્રી વાસુપૂજ્ય અને ચંપાનગરીના સંબંધમાં કેટલાક કથાનક પુરાણોમાં મળે છે તે નિમ્નપ્રકારે છે—

(૧) મિથિલાનો રાજા પદ્મરથ એકવાર સૂર્યાભનગરમાં ગયો. ત્યાં સુધર્મા નામના ગણધર બિરાજીત હતા. રાજા તેમના દર્શનાર્થે ગયા. તેમણે ગણધરદેવના દર્શન કર્યાં અને તેમનો ઉપદેશ સાંભળ્યો. ઉપદેશ સાંભળી તેને ઘણો સંતોષ થયો અને આનંદ થયો. તેણે ઘણા વિનય સાથે કહ્યું—ભગવન્ ! શું ત્રણ લોકમાં એવી કોઈ વ્યક્તિ છે કે જે આપની સમાન ઉપદેશ આપી શકે ? શ્રી ગણધરદેવ બોલ્યા—હા, હા! મારી સમાન નહીં પણ મારાથી પણ પૂજ્ય જગતગુરુ ત્રિલોકપૂજ્ય ભગવાન શ્રી વાસુપૂજ્ય (મુજથી અધિક) ચંપાનગરમાં છે. રાજા બોલ્યા—જો તેઓ આપનાથી પણ મોટા છે, તો હું તેમના દર્શન અવશ્ય કરીશ. રાજા આમ કહીને ભોગોપભોગોનો ત્યાગ કરી ત્યાંથી ચાલી નીકળ્યા.

માર્ગમાં વિશ્વાનલ દેવે તેના પર મોટા ઉપસર્ગ કર્યો. પરંતુ વિરાગરંજિત રાજા રોકાણો નહીં અને ત્રિલોકનાથ શ્રી વાસુપૂજ્ય ભગવાનના ચરણોમાં પહોંચી ગયો. તેમને સંસાર, શરીર અને ભોગોની ક્ષણભંગુરતા જોઈને ઘણો વૈરાગ્ય ઉત્પન્ન થયો. તેણે ભગવાન પાસે જિનદીક્ષા લઈ લીધી અને શીઘ્ર જ તે દ્વાદશાંગનો વેત્તા બનીને ભગવાન શ્રી વાસુપૂજ્યના ગણધર બન્યા. અંતમાં શ્રી ગણધર પદ્મરથ કર્મોના નાશ કરી મુક્ત થયા.

(૨) ભગવાન શ્રી વાસુપૂજ્યના સમયમાં દ્વિતીય બળભદ્ર અચલ અને નારાયણ દ્વિપૃષ્ઠ થયા. જ્યારે દ્વિપૃષ્ઠે પોતાના શત્રુ પ્રતિનારાયણ તારકનો સંહાર કરીને ભરતક્ષેત્રના ત્રણ ખંડો પર અધિકાર કરી લીધો, તે પછી તે ભગવાન શ્રી વાસુપૂજ્યના સમવસરણમાં અનેક વાર આવ્યો. એટલું જ નહીં, તે ભગવાન શ્રી વાસુપૂજ્ય તીર્થંકરના મુખ્ય શ્રોતા મનાય છે. પોતાની અંતિમ અવસ્થામાં બળભદ્ર અચળે શ્રી વાસુપૂજ્યના ચરણોમાં દીક્ષા લીધી અને તપ કરી મુક્તિ પ્રાપ્ત કરી.


(૩) ચંપાનગરીનો રાજા મઘવા હતો. તેની રાણીનું નામ શ્રીમતી હતું. તેના ગુણવાન આઠ પુત્ર અને અત્યંત રૂપવતી રોહિણી નામની પુત્રી હતી. કાર્તિકની અષ્ટાહ્નિકામાં રોહિણી મંદિરમાં જઈને પ્રતિદિન પૂજા કરતી હતી. એક દિવસ રાજાએ તેને જોઈ અને અનુભવ થયો કે હવે તેની પુત્રી મોટી થઈ ગઈ છે. તેના




રાજા પદ્મરથ દ્વારા મુનિરાજનો ઉપદેશ શ્રવણ અને ત્યાંથી પગપાળા ચાલીને શ્રી વાસુપૂજ્ય ભગવાનના સમવસરણમાં આવીને દીક્ષા ગ્રહણ

વિવાહ કરી દેવા જોઈએ. આ સાંભળી રાજાએ પોતાના મંત્રીઓને બોલાવી સલાહ કરી. મંત્રીઓએ વિચાર કરી નિવેદન કર્યું કે મહારાજ ! રાજકુમારીનો સ્વયંવર કરવો જ ઉચિત થશે. રાજાએ બધા રાજાઓ પાસે દૂત અને પત્ર મોકલી સ્વયંવરના સમાચાર આપી દીધા. યથાસમય મોટા મોટા રાજા અને રાજકુમાર સજીધજીને સ્વયંવર મંડપમાં સમ્મિલિત થયા. રત્નાભરણોથી અલંકૃત અનિંદ્ય સુંદરી રોહિણી પોતાની ધાયની સાથે સ્વયંવરમંડપમાં આવી. તેની રૂપ છટા અને સૌંદર્ય જોઈને ઉપસ્થિત જન વિસ્મયવિસ્ફારિત નયનોથી તેને જોતાં રહી ગયા. ધાત્રી ક્રમક્રમથી રાજાઓનો પરિચય કરાવતી જઈ રહી હતી.

હસ્તિનાપુરના રાજા વીતશોકનો પુત્ર અશોક પણ પ્રત્યાશી રાજકુમારોમાં બેઠા હતા. તે રૂપમાં કામદેવ જેવા સુંદર હતા. જ્યારે ધાત્રીએ તેનો પરિચય કરાવ્યો તો રોહિણી તેની રૂપ–સુધાનું પાન કરીને જ ત્યાં ચિત્રલિખિતની જેમ ઊભી રહી ગઈ. ભાવાવેશમાં જ તેના હાથ ઊંચા થયા અને વરમાળા રાજકુમારના ગળામાં નાખી દીધી. બન્નેના વિવાહ થઈ ગયા. બન્નેનું જીવન આનંદ અને વિલાસમાં વીતવા



સ્વયંવર મંડપમાં રાજકુંવરી રોહિણી દ્વારા રાજા અશોકના ગળામાં વરમાળા

લાગ્યું. એક દિવસ ઉલ્કાપાત જોઈને મહારાજ મઘવાને સંસારની ક્ષણભંગુરતાનો બોધ થયો. તેને સંસારથી વૈરાગ્ય થઈ ગયો. રાજકુમારનો રાજ્યાભિષેક કરીને તેઓએ હસ્તિનાપુરના નિકટસ્થ અશોકવનમાં ગુણધર મુનિરાજ પાસે જઈને મુનિ–દીક્ષા લઈ લીધી અને ઘોર તપ કરવા લાગ્યા. અંતમાં સંપૂર્ણ કર્મોનો નાશ કરીને તે સંસારમાંથી મુક્ત થઈ ગયા.

રોહિણીને આઠ પુત્ર અને ચાર પુત્રીઓ થઈ. સૌથી અંતમાં પુત્ર થયો. જેનું નામ લોકપાલ રાખવામાં આવ્યું. એક દિવસ રાજપથ પર થોડી સ્ત્રીઓ રોતી અને છાતી કૂટતી આવી રહી હતી. અશોક અને રોહિણી મહેલોની છત પર બેસી પ્રકૃતિનું સૌંદર્ય નિહાળી રહ્યાં હતાં. એકાએક રોહિણીની દૃષ્ટિ શોકાકુલ તે સ્ત્રીઓ પ્રતિ ગઈ, જેને જોઈને રોહિણીને ઘણું જ કુતૂહલ થયું. તેણે પોતાની ધાય–માથી પૂછ્યું–માં ! આ સ્ત્રીઓ ક્યું નાટક કરી રહી છે ?


ધાયને આ સાંભળી ક્રોધ આવી ગયો. તે રૂઆબથી બોલી—પુત્રી ! શું દુ:ખીઓના દુ:ખનો ઉપહાસ કરવો તને યોગ્ય છે ? આ નાટક નથી. પોતાના કોઈ પ્રિયજનના વિયોગથી આ બધા શોકાકુલ છે તેઓ પોતાનું દુ:ખ પ્રગટ કરે છે.



દુ:ખનું સ્વરૂપ સમજાવવા માટે રાજા દ્વારા પુત્રને રાણીની ગોદીમાંથી લઈ અગાસીથી નીચે ફેકવો

આ અશ્રુતપૂર્વ વાત સાંભળી રોહિણી અધિક વિસ્મિત થઈ. તે કહેવા લાગી–ધાયમાં તમે રોષ કેમ કરો છો ? હું તો એ જ નથી સમજતી કે શોક અને દુ:ખ કોને કહે છે ?

મહારાજ અશોક આ વાર્તાલાપ સાંભળી રહ્યાં હતાં. તેમણે કહ્યું રોહિણી દુ:ખ અને શોક શું હોય છે, તે તું આ રીતે નહીં સમજી શકે. હું તને સમજાવું છું. એમ કહીને તેણે રોહિણીના ખોળામાંથી પુત્ર લોકપાલને લઈને નીચે ફેંકી દીધો. પરંતુ રોહિણીના મનમાં ન તો કોઈ ભયનો ભાવ હતો, ન



દેવો દ્વારા પુત્રને ઝીલી સિંહાસન ઉપર બેસાડવો

આતંકનો. જેની પાસે પુણ્યનો કોષ છે, તે શા માટે ભયભીત થાય ? બાળકને જ્યાં ફેંક્યું ત્યાં દેવતાઓએ તેને વચ્ચેથી જ પકડી લીધું અને અશોકવૃક્ષ અને તેના ઉપર સિંહાસન રચી બાળકને તેના ઉપર બેસાડી દીધું. અને તેનો અભિષેક કર્યો. દેવોએ ત્યાં જંગલમાં ચાર જિનાલય પણ બનાવી દીધા.

એક દિવસ બે ચારણમુનિ તે અશોકવનમાં પધાર્યા. રાજા તેમના દર્શન માટે ગયા. રાજાએ રૂપકુંભ નામના મુનિરાજને પૂછ્યું—"ભગવન્ ! રોહિણીએ એવું શું પુણ્ય કર્યું છે કે જેના કારણે તેને આટલું રૂપ અને સુખ મળ્યું છે ?" મુનિરાજે અવધિજ્ઞાનથી જાણીને ઉત્તર આપ્યો—પહેલાં એક ભવમાં 'પૂતિગંધા' નામની કન્યા હતી. તેના શરીરથી ભયાનક દુર્ગન્ધ આવતી હતી. એકવાર તેણે એક મુનિને ભયાનક કષ્ટ આપ્યું, જેનાથી અનેક દુર્ગતિઓમાં પડી આ પૂતિગંધા નામની કન્યા થઈ છે. ત્યારે એક મુનિરાજથી તેણે આ દુર્ગન્ધનું કારણ અને તેની નિવૃત્તિનો ઉપાય પૂછ્યો. મુનિરાજે તેને પૂર્વભવોની વાત કહીને ઉપાય બતાવ્યો કે તું રોહિણી વ્રત કર. તેના પ્રભાવથી તારું સંકટ દૂર થશે. તેણે રોહિણી વ્રત કર્યું, જેના કારણે તેને આટલું રૂપ અને સુખ મળ્યું.

એકવાર ભગવાન શ્રી વાસુપૂજ્યનું સમોસરણ ચંપાનગરીમાં આવ્યું. રાજા અને રાણી પણ તેમના દર્શનાર્થે ગયા. ભગવાનનો ઉપદેશ સાંભળી બન્નેને વૈરાગ્ય થઈ ગયો. અશોકે મુનિદીક્ષા લઈ લીધી અને રોહિણી અર્જિકા બની ગઈ. મુનિ અશોક ભગવાન શ્રી વાસુપૂજ્યના ગણધર બન્યા અને અંતમાં મોક્ષ પધાર્યા. રોહિણીએ કઠોર તપ કર્યું અને મરીને અચ્યુત સ્વર્ગમાં દેવ થઈ.

(—હરિષેણ કથાકોષ—કથા-૧૭)



રાજા અશોક વાસુપૂજ્ય ભગવાનના સમવસરણમાં દીક્ષિત અને રોહિણી દ્વારા આર્યિકા વ્રત ગ્રહણ



મુનિની ઠંડીથી રક્ષા માટે આગ તપાવતો ગોવાળ

(૪) ચંપાનગરીમાં દન્તિવાહન રાજા રહેતા હતા. તેની રાણીનું નામ અભયા હતું. તેમના રાજ્યશ્રેષ્ઠીનું નામ વૃષભદત્ત હતું. શ્રેષ્ઠીનો એક ગોવાળ હતો જેનું નામ 'સુભગ' હતું. એક દિવસ સુભગ આવી રહ્યો હતો. ઠંડીની ઋતુ હતી. જંગલમાં તેણે એક મુનિરાજ જોયા. તેમના ઉપર બહુ જ દયા આવી—એક પણ વસ્ત્ર નથી અને આટલી ભયાનક ઠંડી ! તે રાત આખી બેસી તેની વૈયાવૃત્ય કરતો રહ્યો. પ્રાતઃકાળ થતાં મુનિરાજે આંખો ખોલી, સુભગને આશીર્વાદ દીધા અને કહ્યું—પુત્ર ! હું તને णमोकार મંત્ર આપું છું. તેનું સદા સ્મરણ કરજે. તારું કલ્યાણ થશે.

સુભગને ણમોકાર મંત્ર પર ખૂબ શ્રદ્ધા થઈ ગઈ. તે ઊઠતાં બેસતાં સદા યાદ કરતો હતો. એક દિવસ નદીમાં તરીને આવી રહ્યો હતો કે એક લાકડીનું ઠુંઠુ તેના પેટમાં ઘુસી ગયું. તે મરી ગયો. મરતી વખતે તેના મુખેથી ણમોકાર મંત્ર નીકળી રહ્યો હતો. મરીને શેઠના ઘરે પુત્ર થયો. તેનું નામ 'સુદર્શન' રાખ્યું. વાસ્તવમાં તે તેવો જ સુદર્શન હતો જેવું તેનું નામ હતું.

એક દિવસ રાણી અભયાએ તેને જોઈ લીધો. જોતાં જ તેની પર મોહિત થઈ ગઈ. શેઠ સુદર્શનનો એવો નિયમ હતો કે અષ્ટમી–ચતુર્દશીની રાત્રિમાં સ્મશાનમાં જઈને ધ્યાન કરતા હતા, રાણીએ પોતાની એક વિશ્વાસુ દાસીને પોતાના મનની વાત કહી. દાસી બોલી—મહારાણીજી, આપ ચિંતા ન કરો. "હું સુદર્શન શેઠને કોઈને કોઈ પ્રકારે આપની પાસે લાવીશ." અને વાસ્તવમાં ધ્યાનસ્થ સુદર્શનને ઉઠાવી લાવી. કામાન્ધ અભયાએ નિર્લજ્જ બની પ્રણય–યાચના કરી. અનેક કુચેષ્ટાઓ કરી, પરંતુ દૃઢ શીલવ્રતી સુદર્શન શેઠ વિચલિત ન થયા. પછી થાકીને તે ધૂર્ત સ્ત્રીએ નખથી પોતાના શરીર પર ઘા કર્યા, કપડાં ફાડી નાખ્યા, વાળ વિખેરી નાખ્યા અને શોર (અવાજ) મચાવવા લાગી—"આ દુષ્ટ મારું સર્વનાશ કરવા ચાહે છે, મને બચાવો, દોડો.



સેઠના પુણ્યપ્રતાપથી તલવારનું ફૂલની માળા બની જવું

રાણીનું ક્રન્દન સાંભળી રક્ષક દોડ્યા અને સુદર્શનને બાંધીને રાજા સમક્ષ લઈ ગયા. રાજાએ સાંભળ્યું તો તેને ખૂબ ક્રોધ આવ્યો અને સુદર્શનને મારવાનો આદેશ આપ્યો. જલ્લાદ સુદર્શનને લઈને સ્મશાનમાં પહોંચ્યા અને ત્યાં તેને મારવાની તૈયારી કરી. પરંતુ આશ્ચર્ય કે જલ્લાદના તલવારના સ્થાને ફૂલની માળા બની ગઈ. દેવગણ સુદર્શન શેઠનો જયજયકાર કરવા લાગ્યા. આ આશ્ચર્યજનક સમાચાર રાજાની પાસે પહોંચ્યા. તે રાજા દોડીને આવ્યા અને શેઠ પાસે પોતાના અપરાધની માફી માગી.

સુદર્શને આ પ્રસંગને પોતાના કર્મોનો દોષ દેખાડ્યો. તેણે મુનિ શ્રી

વિમલવાહન પાસે મુનિદીક્ષા લઈ લીધી અને તપસ્યા કરવા લાગ્યા. અંતમાં પાટલીપુત્ર(પટના)માં જઈને સંપૂર્ણ કર્મોના નાશ કરી નિર્વાણ પામ્યા.


(—હરિષેણ કથાકોષ—કથા-૬૦)

(૫) ચંપાનગરીમાં શૂરસેન રાજા રાજ્ય કરતાં હતાં. ત્યાં ભાનુદત્ત નામના એક શેઠ રહેતા હતા. તેની સ્ત્રીનું નામ સુભદ્રા હતું. તેમનો ચારૂદત્ત નામનો એક જ પુત્ર હતો. જ્યારે તે વિવાહ યોગ્ય થયો તો માતા—પિતાએ તેના વિવાહ કરી દીધા, પરંતુ તે આ અવસ્થામાં પણ વિષયભોગથી અનભિજ્ઞ હતો. જ્યારે થોડા દિવસ એમને એમ જ વીતી ગયા પછી તેની માતાને ચિંતા થઈ. ત્યારે તેને વિષયો તરફ પ્રવૃત્ત કરવા માટે દુરાચારી પુરુષોની સંગતિમાં રાખી દીધો. પરિણામ એ આવ્યું કે તે વેશ્યાગામી બની ગયો. ધીરે ધીરે તેનો પ્રેમ એક વેશ્યા સાથે થઈ ગયો જેનું નામ હતું વસંતસેના.

હવે તે વેશ્યાને ત્યાં રહેવા લાગ્યો. જેને ધનની આવશ્યકતા હોય તે લખીને મોકલી દેતો અને ઘરેથી રૂપિયા આવી જતા. જ્યારે ઘરમાં રૂપિયા ખલાસ થઈ ગયા તો આભૂષણ માગવા લાગ્યો. સ્થિતિ આ થઈ કે ઘરમાં ન તો પૈસા રહ્યા કે ન આભૂષણ. તેના પિતા શોકમાં મરી ગયા. મા અને પત્ની ભૂખે મરવા લાગ્યા. ધન બંધ થઈ જવાથી વેશ્યાએ તેને પોતાના ઘરેથી કાઢી મૂક્યા. અપમાનિત ચારૂદત્ત ઘરે આવ્યા. તેણે ઘરની દુર્દશા જોઈ તો તેને બહુ જ શોક થયો, અને પોતાની માતા અને સ્ત્રીને આશ્વાસન આપી વ્યાપાર માટે પરદેશ ચાલ્યા ગયા. કોઈ વાર તેને દુર્ભાગ્યનો સામનો કરવો પડ્યો. તે એક વાર વ્યાપાર માટે કપાસ લઈને જઈ રહ્યો હતો. જંગલમાં પહોંચતા તેણે જોયું કે દાવાગ્નિ લાગી છે. તેટલામાં એક ચિનગારી કપાસમાં લાગી. જોતજોતામાં કપાસ ભસ્મ થઈ ગયું.

એ જ રીતે એક વાર ચારૂદત્ત ઘણું ધન કમાઈને વહાણમાં સામાન ભરી ઘર તરફ આવ્યા. રસ્તામાં વહાણ કિનારે ભટકાઈને ડૂબી ગયું. પરંતુ આવી આપત્તિઓથી તે ગભરાઈ ન ગયા અને ઉદ્યમ ચાલુ રાખ્યો, તેમાં સફળ થયો અને પ્રચુર ધન કમાઈને ઘરે આવ્યો. પોતાની માતા તથા સ્ત્રીની સાથે આનંદપૂર્વક રહેવા લાગ્યો. અંતમાં મુનિદીક્ષા લઈને તપસ્યા કરવા લાગ્યો. તેના પ્રભાવથી તેને સ્વર્ગનું સુખ પ્રાપ્ત થયું. (—હરિષેણ કથાકોષ—કથા-૯૩)

(૬) ચંપાનગરના ધર્મઘોષ નામના એક શ્રેષ્ઠીએ મુનિદીક્ષા લઈ લીધી. તે માસોપવાસી હતા. એક દિવસ તે પારણા માટે નગરની બાજુ જઈ રહ્યાં હતાં, પરંતુ માર્ગમાં ઘાસ ઊગી ગયું હતું. તેથી તે ગંગાકિનારે એક વડના વૃક્ષ નીચે બેસી ગયા. તેમની તપસ્યાથી પ્રભાવિત થઈ ત્યાં ગંગાની અધિષ્ઠાત્રી દેવી આવી. તેણે મુનિને નમસ્કાર કર્યા તથા એમ જાણીને કે આ સમયે મુનિને પ્યાસ (તરસ)ની બાધા છે. ભક્તિથી એક જળનો ભરેલ કળશ લાવીને બોલી—મુનિરાજ ! તમે આ કળશનું પાણી પીને તમારી તૃષા શાંત કરો. મુનિરાજે કહ્યું—દેવી ! આ અમારે માટે અયોગ્ય છે.



બધી બાજુ હરિયાળી જોઈ ચાલવું છોડી દેતા તૃષાની બાધા દૂર કરવા દેવ જળવૃષ્ટિ કરે છે અને મુનિરાજને કેવળજ્ઞાની પ્રાપ્તિ

દેવીને આ સાંભળી કુતૂહલ થયું—ભયંકર તરસની બાધા, છતાં મુનિ મારા હાથનું જળ કેમ ન પીવે ? તે પૂર્વવિદેહના તીર્થંકર પ્રભુ પાસે ગઈ અને તેમને પ્રશ્ન કર્યો, ભગવાનની વાણીમાં આવ્યું—મુનિજન દેવ–દેવીઓના લાવેલ આહાર જળ ગ્રહણ કરતા નથી કરતાં દેવ–દેવીઓ તો મુનિની પૂજા, પ્રાતિહાર્ય આદિ કાર્ય કરી શકે છે પરંતુ નવધાભક્તિપૂર્વક પડગાહન કરે તો જ આહાર–જળ ગ્રહણ કરે છે.

તીર્થંકરની અમૃતવાણી સાંભળી ગંગાદેવી ગંગાતટ પર આવી. તેણે ભક્તિપૂર્વક મુનિ ઉપર શીતળ જળની વર્ષા કરી. મુનિ શુક્લધ્યાનમાં સ્થિત હતા. તેમણે ઘાતીયા કર્મોનો નાશ કરી

કેવળજ્ઞાન પ્રાપ્ત કર્યું અને આયુષ્યના અંતે અઘાતીયા કર્મોનો નાશ કરીને તેઓ સિદ્ધાલયમાં જઈને બિરાજ્યા. (–હરિષેણ કથાકોષ–કથા-૧૩૩)

(૭) સુભદ્રા સતીના શીલની પરીક્ષા ચંપાપુરીમાં જ થઈ હતી. કોટિભટ શ્રીપાળ અહીંયાનો જ રાજા હતો. પુરાણપ્રસિદ્ધ અનંતમતી અહીંયા જ થઈ હતી. શ્રી મહાવીર પ્રભુના સમકાલીન ધર્મરૂચિ કેવળી ગૃહસ્થદશામાં અહીંના શાસક હતા.

(૮) પાંડવોની માતા કુન્તી જ્યારે કુમારી હતી, ત્યારે પાંડુ એકવાર દ્વારકા ગયા. ત્યાં રાજકુમારી કુન્તીને જોતાં જ મોહિત થઈ ગયા. કુન્તીની દશા પણ એવી જ હતી. બન્નેએ ગાંધર્વ–વિવાહ કરી લીધા અને છુપાઈ છુપાઈને મળતાં હતાં. પરિણામ એ આવ્યું કે કુન્તીને ગર્ભ રહ્યો. ગર્ભ ધીરે ધીરે વધી રહ્યો હતો. જ્યારે બાળક ઉત્પન્ન થયું તો લોકલાજના કારણે કુંતીએ બાળકને કંબલમાં લપેટીને એકાન્તમાં મૂકી દીધું. મોટા થઈને તે મહારથી કર્ણના નામે પ્રસિદ્ધ થયો અને અંગદેશને જીતીને ચંપાનગરને પોતાની રાજધાની બનાવી હતી.

(–હરિવંશપુરાણ ૫૫મો સર્ગ, શ્લોક ૮૭-૯૫)

આ રીતે ન જાણે કેટલીયે ઘટનાઓ ચંપાનગરી સાથે વણાયેલી છે. જેનું વર્ણન વિભિન્ન પુરાણો અને કથાગ્રંથોમાં મળે છે.

● ભગવાન શ્રી પાર્શ્વનાથનો વિહાર અને ધર્મદેશના આ અંગદેશમાં થઈ હતી.

● શ્રી સુધર્માસ્વામી કેવળજ્ઞાન અવસ્થામાં અહીં પધાર્યા હતા.

● શ્રી જમ્બૂસ્વામી કેવળજ્ઞાન સહિત અહીં પધાર્યા હતા.

● અહીંયા મૂર્તિઓ અને મંદિરો પ્રાચીન સમયથી છે.

● ચંપાપુર ક્ષેત્ર નાથનગરમાં છે. તે ભાગલપુરના બાહ્ય આંચલમાં છે.

અહીંયા ધર્મશાળા અને મંદિર છે. અહીં સ્તૂપનુમા અથવા મીનારનુમા ૫૦ ફીટ ઊંચા બે માનસ્તંભ છે. તે ૨૨૦૦ વર્ષ જુના માનવામાં આવે છે. પહેલાં ચારે દિશામાં ચાર માનસ્તંભ હતા. ભયાનક ભૂકંપમાં બે નષ્ટ થઈ ગયા. વર્તમાનમાં જે માનસ્તંભ છે તે ફાટી રહ્યા છે. જેનો જીર્ણોદ્ધાર કરવામાં આવેલ છે, તેમાંથી પૂર્વ તરફના માનસ્તંભમાં એક સુરંગ ૧૮૦ માઈલ લાંબી સમ્મેદશિખર મંદિરના ચંદ્રપ્રભ ટૂકમાં નીકળતી હતી. તે ભૂકંપમાં બંધ થઈ ગઈ.

● આ મંદિરની પાછળ બીજું એક મંદિર છે તેમાં એક પ્રતિમા ઈ.સ. કે પૂર્વે ૫૪૧ વર્ષની છે.

● સરકારી દફ્તરમાં આ મંદિર રાધૌપુર ટેકરામાં ૯૦૦ વર્ષ પ્રાચીનના રૂપમાં લખાયેલ છે.

● ચમ્પાનાલાનું પ્રાચીન મંદિર હતું. તે ભૂકંપમાં નષ્ટ થઈ જવાથી ત્યાં દોઢ માઈલ દૂરી પર આ મૂર્તિઓ નાથનગરમાં બિરાજમાન કરી દેવામાં આવી છે.

● અહીંથી જુંગીરા પહાડી પર પ્રાચીન શિલાલેખ અને જૈન તીર્થંકરોના ચિહ્ન મળે છે.

● અહીં ભાગલપુરમાં પણ એક જિનમંદિર છે.

● ભાગલપુરથી ૪૯ કિ.મી. દૂર મંદારગિરિ પર્વત છે. તે ૭૦૦' ઉંચી નાની પહાડી પર છે. કહેવામાં આવે છે કે ભાગલપુર અહીં સુધી ફેલાયેલ હતું. આ મન્દારગિરિ ભાગલપુરના આંગણાનો બગીચો હતો.

● ભગવાન શ્રી વાસુપૂજ્યના એક ગણધર 'મંદર'નો આ મંદારગિરિ પર નિર્વાણ થયેલ છે.

અહીં તળેટીમાં ધર્મશાળા અને મંદિર છે. આગળ જતાં એક પાપહારિણી તળાવ છે. પહાડી ઉપર પ્રાકૃતિક કુંડ છે. પહાડીના શિખર પર દિગમ્બર જિનમંદિર છે. ત્યાં શ્રી વાસુપૂજ્ય ભગવાનના ચરણ પણ છે. મંદિર ૧૦૦૦ વર્ષ અથવા તેનાથી પણ પ્રાચીન છે.

અહીં મંદિરમાં એક પીપળનું વૃક્ષ છે. પૂજ્ય ગુરુદેવશ્રીએ પીપરમાં રહેલી ચોસઠ પહોરી તીખાશ દ્વારા આત્માની શક્તિનો પરિચય કરાવ્યો હતો. પૂજ્ય ગુરુદેવશ્રીએ પ્રથમવાર અહીં શ્રી વાસુપૂજ્ય ભગવાનનો અભિષેક કર્યો હતો. પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામીએ આ તીર્થની વિ.સં. ૨૦૧૩ (ઈ.સ. ૧૯૫૭) તથા વિ.સં. ૨૦૨૩ (ઈ.સ. ૧૯૩૭)માં સસંઘ યાત્રા કરી હતી.


# શ્રી સોનાગિરિજી તીર્થક્ષેત્ર



શ્રી સોનાગિરિ જેને સ્વર્ણગિરિ, શ્રમણગિરિ વગેરે પણ કહેવામાં આવે છે તે પરમપાવન સિદ્ધક્ષેત્ર છે. આ મધ્યપ્રદેશના દતિયા જિલ્લામાં દતિયાથી રેલમાર્ગ દ્વારા અગિયાર કિ.મી. દૂર અવસ્થિત છે. પહાડીની તળેટીમાં સનાવલ નામનું એક ગ્રામ છે. અહીં સોનાગિરિ ક્ષેત્રનું કાર્યાલય અને ધર્મશાળા છે. સેન્ટ્રલ રેલ્વેથી ગ્વાલિયર ઝાંસી લાઈન પર ગ્વાલિયરથી ૬૧ કિ.મી. આગળ સોનાગિરિ સ્ટેશન છે, ત્યાંથી આ ક્ષેત્ર પાંચ કિ.મી. દૂર છે. સ્ટેશનથી ક્ષેત્ર સુધી પાકી સડક છે.

આ સોનાગિરિ સિદ્ધક્ષેત્રથી અંગકુમાર અપરનામ નંગકુમાર, અનંગકુમાર વગેરે સાડા પાંચ ક્રોડ મુનિ મોક્ષ પધાર્યા છે.

યૌધેય દેશમાં શ્રીપુર નગરના નરેશ અરિંજય અને તેની રાણી વિશાલાના બે પુત્ર હતા—નંગ અને અનંગ. બન્ને કુમાર રૂપ, કુલ, ગુણ, વિદ્યા અને બુદ્ધિમાં અનુપમ હતા. તેમણે ગુરુ સમીપ થોડા સમયમાં જ વિવિધ વિદ્યાઓ અને કળાઓમાં નિપુણતા પ્રાપ્ત કરી લીધી. એક વાર માલવદેશના અરિષ્ટપુર નગરના નરેશ ધનંજયના ઉપર તિલિંગદેશના નરેશ અમૃતવિજયે આક્રમણ કર્યું. ધનંજય મહામાંડલિક રાજા હતા. તેમને આધીન અનેક રાજાઓ હતા. ધનંજયને અમૃતવિજયની યોજનાઓની જ્યારે ખબર પડી તો તેણે પોતાના મિત્ર રાજાઓને સેનાસહિત શીઘ્ર પધારવા માટે વિશેષ દૂતો દ્વારા આમંત્રણ–પત્ર મોકલી દીધા.





નંગ–અનંગ પુત્રો દ્વારા યુદ્ધમાં જતા રાજા અરિંજયને રોકીને પોતે યુદ્ધમાં જવાનો પ્રસ્તાવ કહે છે

રાજા અરિંજય પાસે પણ નિમંત્રણ પત્ર આવ્યું. પત્ર પ્રાપ્ત થતાં જ અરિંજય સેના લઈને પ્રસ્થાનની તૈયારી કરવા લાગ્યા. જેવું નંગ–અનંગ બન્ને કુમારોએ પોતાના પિતાને યુદ્ધ કરવા માટે પ્રસ્થાન કરતાં જોયા, તે બોલ્યા પિતાજી ! આપ ક્યાં જઈ રહ્યા છો ? પિતાએ ઉત્તર આપ્યો—મને આજ ધનંજયે યુદ્ધમાં સહાયતા દેવા માટે બોલાવ્યો છે, ત્યાં જઈ રહ્યો છું. કુમારે કીધું—પિતાજી ! અમારા હોવા છતાં યુદ્ધ માટે આપને જવું તે અમારી માટે લજ્જાની વાત છે. આપ અહીંયા જ રહીને રાજ્ય કાર્ય સંભાળો. અમે યુદ્ધ માટે જશું. પિતાએ તેમને ખૂબ સમજાવ્યા, પરંતુ તેના આગ્રહ–અનુરોધ આગળ પિતાને તેમની વાત સ્વીકારવી પડી અને તે બન્ને કુમાર સેના–સહિત રવાના થયા. જ્યારે તે અરિષ્ટપુર પહોંચી મહારાજ ધનંજયને મળ્યા તો દેવકુમાર જેવા રૂપવાન અને બળવાન તે કુમારોને જોઈ ખૂબ પ્રસન્ન થયા અને તેમનો યથોચિત સત્કાર કર્યો.

બીજે દિવસે બન્ને સેનાઓમાં ભયાનક યુદ્ધ થયું. જ્યારે તિલિંગરાજે

ધનંજયની સેનાને કચડવાનું શરૂ કર્યું, ત્યારે તે બન્ને કુમાર આયુધ લઈને રણ–ભૂમિમાં કુદી પડ્યા. કુમાર નંગ તિલિંગરાજની સામે થયો અને અનંગકુમારે તેના સામન્તોનો પ્રતિરોધ શરૂ કરી દીધો. તિલિંગરાજ અને સામન્તોનું તે કુમાર સમક્ષ કાંઈ ન ચાલ્યું. તેણે તિલિંગરાજની ધ્વજા, છત્ર, મુગટ, ઘોડો, સારથી બધાને મારી નાખ્યા અને સ્ફૂર્તિથી પોતાના હાથીએ પ્રતિપક્ષીના રથ પર કૂદીને શત્રુને બંદી બનાવી દીધો. શત્રુ બંદી બનતાં જ શત્રુસેના ભાગી ગઈ. યુદ્ધ બંધ થઈ ગયું. મહારાજ ધનંજયે નંગ અને અનંગનો ખૂબ સત્કાર કર્યો અને શત્રુની સાથે પણ સહૃદયતાનો વ્યવહાર કર્યો. પરંતુ તિલિંગરાજને પોતાનો પરાજય અને પરાભવના કારણે મનમાં વૈરાગ્ય ઉત્પન્ન થઈ ગયો.

જ્યારે અરિષ્ટપુરમાં વિજયોત્સવ મનાવવામાં આવી રહ્યો હતો, ત્યારે આઠમા તીર્થંકર ભગવાન શ્રી ચંદ્રપ્રભનું સમવસરણ નગરની બહાર આવ્યું. વનપાલે આવી મહારાજ ધનંજયને ભગવાન શ્રી ચંદ્રપ્રભના પધારવાના શુભ સમાચાર આપ્યા.




શ્રી ચન્દ્રપ્રભુ ભગવાનના સમવસરણમાં રાજા, બે પુત્ર અને ૧૫૦૦ અન્ય રાજાઓ સાથે દીક્ષા ગ્રહણ

સમાચાર મળતાં જ બધા રાજા અને પ્રજા ભક્તિભાવથી સમવસરણમાં ગયા અને ભગવાનની પ્રદક્ષિણા કરી તેમના ચરણોની પૂજા કરી પછી ભગવાનનો હિતકારી ઉપદેશ સાંભળ્યો, જે સાંભળી ધનંજય અમૃતવિજય, નંગ, અનંગ આદિ ૧૫૦૦ રાજાઓને વૈરાગ્ય થઈ ગયો. તેઓ ભગવાનના સમવસરણમાં જ સંયમ ધારીને મુનિ બની ગયા.

(૨) એકવાર મુનિ નંગ–અનંગ કુમાર અનેક મુનિઓ સાથે વિહાર કરતાં પુનઃ સ્વર્ણગિરિ પધાર્યા. બધા મુનિ ત્યાં જ ઉગ્ર તપ કરવા લાગ્યા. તપ કરતાં ત્યાં મુનિ નંગસેન, મુનિ અનંગસેન આદિ અનેક મુનિઓને કેવળજ્ઞાન ઉત્પન્ન થયું અને થોડા સમય પછી આ પવિત્ર પર્વત પરથી નંગ અને અનંગ મુનિવરો સહિત અનેક મુનિઓ નિર્વાણ પામ્યા.


(૩) ઉજ્જયિની નરેશ શ્રીદત્તની રાણી વિજ્યાને કોઈ સંતાન ન હતું. એક દિવસ પુત્ર ન હોવાના કારણે રાણી અત્યંત દુઃખી થઈ રહી હતી, ત્યારે બે ચારણઋદ્ધિધારી મુનિ ત્યાં પધાર્યા. રાજદંપતિએ સંતાન ન હોવાના વિષયમાં પૂછ્યું,




બે ચારણ ઋદ્ધિધારી મુનિરાજ દ્વારા રાજા અને રાણીને ઉપદેશ

તો મુનિઓએ કહ્યું—તમે યાત્રાસંઘ કાઢી સ્વર્ણગિરિની યાત્રા કરો, તે ક્ષેત્રની પૂજા કરો તમારે સંતાન થશે. રાજાએ પત્ર મોકલી અનેક મિત્ર રાજાઓને સ્વર્ણગિરિની યાત્રામાં સમ્મિલિત થવાનું આમંત્રણ આપ્યું. યથાસંભવ વિશાળ યાત્રાસંઘ લઈને રાજા શ્રીદત્ત ત્યાં ગયા.

જ્યારે યાત્રાસંઘ સ્વર્ણગિરિ પહોંચ્યો, ત્યારે ભગવાન શ્રી ચંદ્રપ્રભનું સમવસરણ ત્યાં જ બિરાજમાન હતું. રાજા શ્રીદત્ત અને અન્ય યાત્રીઓને ભગવાનના દર્શનથી અત્યંત હર્ષ થયો. બધાએ ભગવાનના દર્શન કર્યા, પૂજન–સ્તુતિ કરી અને તેનો દિવ્ય ઉપદેશ સાંભળ્યો. ઉપદેશ સાંભળી અનેક લોકોએ ત્યાં મુનિદીક્ષા ગ્રહણ કરી લીધી.



સોનાગિરિ પર ચંદ્રપ્રભ ભગવાનના સમવસરણમાં યાત્રાસંઘના ઘણા લોકો દીક્ષા લેતા

(૪) શ્રીદત્ત રાજાના સંઘના મુનિઓના નિર્વાણના સમાચાર સાંભળી શ્રીદત્તના પુત્ર સુવર્ણભદ્રે પણ પોતાના પિતાની જેમ એક વિશાળ યાત્રાસંઘ સ્વર્ણગિરિની યાત્રા માટે કાઢ્યો. આ યાત્રામાં મુનિ, અર્જિકા, શ્રાવક, શ્રાવિકા હતાં.

અનેક દેશોના રાજા હતા. હજારો ધાર્મિક સ્ત્રી–પુરુષ સમ્મિલિત હતા. આ યાત્રાસંઘ સાનંદ યાત્રા કરી પાછો આવ્યો. થોડા સમય પછી સુવર્ણભદ્રને સંસારથી વૈરાગ્ય આવી ગયો. તેણે મુનિવ્રત અંગીકાર કરી લીધું. તેણે સ્વર્ણગિરિ પર તપસ્યા કરીને પાંચ હજાર મુનિઓ સાથે મુક્તિ પ્રાપ્ત કરી.

આ રીતે નંગ–અનંગ, ચિન્તાગતિ, પૂર્ણચંદ્ર, અશોકસેન, શ્રીદત્ત, સુવર્ણસેન આદિ અનેક મુનિઓની નિર્વાણભૂમિ હોવાના કારણે આ ક્ષેત્ર નિર્વાણક્ષેત્ર માનવામાં આવે છે.

● ગ્વાલિયરથી બસ વ્યવહાર ઘણો છે. તળેટીમાં ઘણા મંદિરો અને ધર્મશાળાઓ છે. પહાડ પર શિખરબદ્ધ ૭૭ મંદિર, તેર છતરી અને પાંચ ક્ષેત્રપાળના સ્થાન છે.


અહીં માત્ર દિગંબર જૈનોના જ મંદિર છે. બધા મંદિરોમાં ક્રમ નંબર લગાડેલ છે. અહીંનું મંદિર નં. ૫૭ શ્રી ચંદ્રપ્રભનું મુખ્ય મંદિર છે. અહીં ચંદ્રપ્રભ ભગવાનનું સમસરણ આવ્યું હતું. આ મંદિરની નિકટ જ એક છત્રીમાં મુનિ નંગકુમાર અને મુનિ અનંગકુમારના ચરણ છે. આ ચરણ સાડા પાંચ ક્રોડ મુનીન્દ્રના પ્રતીક છે. જે અહીંથી નિર્વાણ પામ્યા છે.

● અહીં ભટ્ટારકોની ચાર ગાદી છે.

● આ શિખર પર ચારે તરફ પ્રાચીન ધ્વસાંવશેષ વિખરાયેલ પડ્યા છે, પરંતુ મૂર્તિ શિલાલેખ પરથી અનુમાન થાય છે કે અગિયારમી શતાબ્દીથી આ નિર્માણ શરૂ થયેલ છે.

● આ ક્ષેત્રને સોનાગિરિ, શ્રમણગિરિ, સવણાગિરિ, શવણાગિરિ, સિવણાગિરિ, સુવર્ણગિરિ આદિ શબ્દોથી પ્રયુક્ત કરવામાં આવે છે.

# માંગી–તુંગીગિરિ તીર્થક્ષેત્ર




માંગી-તુંગીથી રામ, હનુમાન, સુગ્રીવ, ગવય, ગવાક્ષ, નીલ, મહાનીલ આદિ ૯૯ ક્રોડ મુનિઓ નિર્વાણ પામ્યા. નિર્વાણભક્તિ, નિર્વાણકાંડ આદિ કોઈ કોઈ સ્થાનો પર આવો ઉલ્લેખ છે.

અહીં એક મહત્ત્વપૂર્ણ વાતનો ઉલ્લેખ કરવો આવશ્યક છે. આચાર્યોએ રામ આદિની નિર્વાણભૂમિનું નામ તુંગીગિરિ આપ્યું છે, ક્યાંય માંગી–તુંગી નામ નથી આપ્યું. તેનાથી પ્રતીત થાય છે કે પ્રાચીનકાળમાં આ પર્વતનું નામ તુંગીગિરિ જ હતું. પરંતુ તેનાથી એ ન સમજી લેવું જોઈએ કે માંગી અને તુંગી બે જુદા પર્વત છે અને માંગી શિખર સિદ્ધક્ષેત્ર નથી.

વસ્તુતઃ માંગી અને તુંગી એક જ પર્વતના બે શિખર છે અને બન્ને એકબીજાને મળેલ છે. આ શિખરોના પૃષ્ઠ ભાગમાં મંગન અને તુંગમ બે ગામ વસેલા છે.

● બળદેવ દ્વારા શ્રીકૃષ્ણના મૃત્યુના છ માસ પછી તેમનો દાહ સંસ્કાર આ જ તુંગીગિરિ પર કરવામાં આવ્યો હતો.




માંગીતુંગી સિદ્ધક્ષેત્ર ઉપર રાજા કૃષ્ણનો અગ્નિસંસ્કાર, બળદેવ દ્વારા આત્મધ્યાન ને સ્વર્ગગમન

● બળદેવના અનુજ ભાઈ કૃષ્ણના પ્રતિ આંતરિક પ્રેમ હોવાના કારણે તે તેના વિયોગથી વૈરાગ્યવંત બની મુનિદીક્ષા લઈને ઘોર તપ કરવા લાગ્યા, તો પણ આંતરિક અનુજભાઈનો પ્રેમ તેમને શ્રેણીદશારૂપ શુદ્ધતા પ્રાપ્ત કરવામાં બાધક બનીને, આ જ તુંગીગિરિથી તે પંચમસ્વર્ગમાં ઋદ્ધિધારી દેવ બન્યા.

● અન્તિમ શ્રુતકેવળી શ્રી ભદ્રબાહુસ્વામી મુનિ અવસ્થામાં આ જ વનમાં પધાર્યા હોવાથી તેમની એક મૂર્તિ અહીં માંગીગિરિની એક ગુફામાં છે.

● ક્ષેત્રના નિકટ પ્રાચીનકાળમાં એક બહુ જ વિશાળ અને સંપન્ન 'મુલ્હેડ' નગર હતું. જ્યાં જૈનોની ઘણી વસતિ હતી. જૈનપુરા નામનો એક મોહલ્લો પણ હતો. તેમાં ત્રણસો દશા હુમડના ઘર હતા. આ નગરમાં જૈન સાહિત્યકાર પણ ઘણા થયા હતા. માટે લગભગ બે શતાબ્દી પૂર્વે આ દસા હુમડોનું મોટું નગર હતું.

● મુલ્હેડમાં જૈનોનો અભાવ થઈ જવાથી ભટ્ટારકો દ્વારા તળેટીમાં દર્શન–પૂજન હેતુ એક જૈન મંદિર બનાવ્યું.

● તળેટીમાં મંદિરની પાછળના ભાગથી સીડી દ્વારા પહાડ ઉપરના દર્શન થાય છે.

● પહાડ ઉપર લગભગ પ્રતિમાઓ ઉત્કીર્ણ છે. જે પોતાની પ્રાચીનતાથી દર્શકોને મોહિત કરે છે. અહીં બલરામ મુનિની પીઠ જ તેમના વૈરાગ્યની અતિશયતા સૂચિત કરે છે, કેમ કે અનુજ ભાઈની વિદાયથી તેમણે સમગ્ર સંસારના બધાથી મોઢું ફેરવી લીધું હતું.

● પહાડી તુંગીગિરિની ગુફાઓની મૂર્તિઓ પાંચમી, છઠ્ઠી શતાબ્દીની હોય, એમ લાગે છે. મૂર્તિઓ બેડોળ શિલ્પકારિતાની છે તેનાથી આવું પ્રતીત થાય છે કે ગુપ્તકાળના પૂર્વની આ મૂર્તિ હોય.

● તળેટીમાં બે–ત્રણ મંદિર છે.

● કહેવામાં આવે છે કે દેવો દ્વારા આ તીર્થ પૂજ્ય હોવાથી તુંગી શિખર ઉપર અશ્રુતપૂર્વ વાદ્યોની તુમુલ સુમધુર ધ્વનિ કેટલીકવાર કેટલાય દિવસ સુધી સાંભળવામાં આવી હતી.

● ઉપર જે માંગી અને તુંગી શિખરોનું વર્ણન છે, વાસ્તવમાં ત્યાં ગુફાઓ અને મૂર્તિઓ પર્વતના શિખર પર નથી. (ચોટી) શિખર ત્યાંથી સંભવતઃ બસ્સો–અઢીસો ફૂટ ઉપર હશે. તે (ચોટી) શિખર પર જવાનો કોઈ સુગમ માર્ગ નથી. કદાચ તે શિખર પર જવાનો કોઈએ પ્રયત્ન પણ ન કર્યો હોય. એવી દશામાં આ જિજ્ઞાસા અને કુતૂહલ થવું સ્વાભાવિક હતું કે આ દુર્ગમ શિખરો પર શું છે ? સંભવતઃ આ જિજ્ઞાસાવશ થોડા વર્ષ પૂર્વ કાર્તિક સુદી ૧૫ના ક્ષેત્રના મેળા સમયે એક સાહસી આદિવાસી યુવક માંગી શિખરની ચોટી સુધી પહોંચી ગયો. તેણે વિવિધ રંગના પુષ્પ તોડીને વર્ષાવ્યા. થોડી વાર બાદ તે ત્યાંથી ઉતરી નીચે આવ્યો. આવીને એણે અદ્ભુત વાત કરી કે ચોટી ઉપર અનેક વૃક્ષ અને પુષ્પવાળા છોડ છે. ત્યાં ગુફાઓ છે, નિર્મળ જળના કુંડ બનેલ છે અને ચરણ બનેલ છે. તેને ચોટી ઉપર અધિક શોધ–ખોળ કરવાનો આગ્રહ કરવામાં આવ્યો તો તેણે પંચમીના સવારે ચોટી ઉપર ચડીને ત્યાં ધ્વજા ફરકાવવાનું વચન આપ્યું. તે પ્રમાણે તે ચતુર્થીને દિવસે આવી, પંચમીના પ્રાતઃકાળે ચોટી ઉપર ચડ્યો. પોતાની સાથે જૈનધ્વજ, રસ્સી, ઈંચ ટેપ લઈને ગયો હતો. ઉપર જઈને તેણે પોતાની રસ્સી દ્વારા જાડી રસ્સીને ખેંચી ત્યારે તે જાડી રસ્સી દ્વારા એક અન્ય યુવકની સહાયતાથી (જે પછી ચડ્યો હતો)

૨૨ ફૂટ લાંબા લોઢાના પાઈપને ખેંચ્યો. તેણે પાઈપને રસ્સી દ્વારા એક ઊંચા વૃક્ષથી બાંધીને તેની ઉપર જૈનધ્વજ ફરકાવ્યો. તે સમયે પર્વત પર અને તલેટીમાં સેંકડો લોકો હાજર હતા. પછી તેમણે માંગી શિખરનું માપ કાઢ્યું? તેણે નીચે આવીને કહ્યું કે માંગીની ચોટી ઉત્તરથી દક્ષિણ સુધી ૩૦૦ ફૂટ લાંબી અને પૂર્વથી પશ્ચિમ ૭૫ ફૂટ પહોળી છે.

ત્યારબાદ ઢીંગડા ગામવાસી પવલ્યા નામનો એક આદિવાસી યુવક ઘણા વર્ષ સુધી મેળાના સમયે માંગી અને તુંગીની ચોટી પર ચડતો હતો. તે લગભગ રાત્રિના ચડી જતો હતો. તે કાર્તિક સુદ ૧૪ના ઉપર ચડતો હતો. પોતાની સાથે ૧૦–૧૫ કિલો ઘી, રૂ અને સાત મોટા દીપક લઈને જતો હતો. માંગીની ચોટી પર દીપક પ્રગટાવતો હતો. તુંગીની ચોટી પર ધજા ફરકાવતો હતો. ક્યારેક ક્યારેક આ ચોટીઓ પર આઠ–આઠ દિવસ રહેતો હતો. તેને ઘણીવાર આગ્રહ કરવામાં આવ્યો કે તુંગીની ચોટીથી શોધ–ખોળ કરીને કહે કે ચોટી પર શું છે ? પરંતુ તે સદા રહસ્યપૂર્ણ ઉત્તર આપતો હતો કે અત્યારે મને કહેવાનો આદેશ નથી, જ્યારે આદેશ મળશે તો હું સ્વયં કહી દઈશ. પરંતુ આ અવસર ક્યારેય ન આવ્યો, કેમ કે જે ત્રણ યુવક ડોંગરિયા દેવની ગુફામાં જઈને પાછા ક્યારેય ન આવ્યા, તેમાં આ પવલ્યા પણ હતો.

ત્યારપછી ફરીને અન્ય એક આદિવાસી યુવકે માંગીની ચોટી ઉપર ચડવાનું સાહસ કર્યું. તે યુવક પ્રતિવર્ષ કાર્તિક સુદ ૧૪ના માંગીની ચોટી પર ચડે છે અને નવી ધ્વજા ફરકાવે છે. ત્રણવર્ષથી આ રીતે ધ્વજારોહણ કરે છે.

ઉલ્લેખનીય યોગ્ય વાત એ છે કે આ બન્ને ચોટીઓ પર જવાનો કોઈ માર્ગ નથી. અહીં અણઘડ શિલાઓ દ્વારા જ જવાય છે. જરાક ચૂક પ્રાણઘાતક સિદ્ધ થઈ શકે છે. એમાં તુંગીની ચોટી તો એકદમ સપાટ સીધી છે. કહેવાય છે કે આની ઉપર વાંદરા પણ ચડી નથી શકતા. થોડા આદિવાસીઓની સૂચનાને આધારે આ પણ જણાયું છે કે માંગી અને તુંગી શિખરોના પૃષ્ઠભાગમાં જંગલમાં થોડી જૈન મૂર્તિઓ પડી છે. આ શિખરોને ચારે તરફ પર્વતો અને જંગલોમાં શોધ–ખોળની આવશ્યકતા છે. સંભવ છે કે અહીંયા થોડા પુરાતત્ત્વ અને નવીન રહસ્યો પર પ્રકાશ પડે.

માંગી–તુંગી જવા માટે નાસિકથી સટાણા, તારાબાદ થઈને ક્ષેત્ર પર જવાય છે. ગુજરાતથી જવાવાળા નવાપુરથી ધૂલિયા, પીપલનેર થઈને તારાબાદ થઈને ક્ષેત્ર સુધી જાય છે.

# મુક્તાગિરિ (મેંઢાગિરિ) સિદ્ધક્ષેત્ર



મુક્તાગિરિ નિર્વાણક્ષેત્ર અથવા સિદ્ધક્ષેત્ર છે. ગ્રંથોમાં આ ક્ષેત્રના કેટલાંક નામ મળે છે. સંસ્કૃત ગ્રંથોમાં મેંઢકગિરિ નામ આપવામાં આવ્યું છે. સંસ્કૃત નિર્વાણભક્તિની સિદ્ધક્ષેત્રોમાં આની ગણના કરતાં 'द्रोणीमति प्रबलकुण्डलमेढ्रके च' આમ પદ આપ્યું છે. બોધપાહુડની ૨૭મી ગાથાની શ્રુતસાગરી ટીકામાં પણ આનું નામ મેંઢ્રગિરિ આપવામાં આવ્યું છે. પ્રાકૃત નિર્વાણભક્તિમાં મેંઢાગિરિ નામ મળે છે. ભટ્ટારક ગુણકીર્તિએ મરાઠી ભાષાની તીર્થવંદનામાં मेढगिरि आहूढ़ कोडि मुनि सिद्धि पावले त्यां सिद्धासि नमस्कारू माझा દ્વારા મેઢગિરિ પરના સાડા ત્રણ ક્રોડ મુનિઓ સિદ્ધિપ્રાપ્ત થયા છે તે મુનિઓને નમસ્કાર કર્યા છે. પરંતુ જ્ઞાનસાગર, સુમતિસાગર, ચીમણા પંડિત, સોમસેન, જયસાગરાદિએ ભાષાગ્રંથોમાં આ ક્ષેત્રનું નામ મુક્તાગિરિ દીધું છે. તેથી લાગે છે કે આ ક્ષેત્રનું પ્રાચીન નામ મેંઢ્રગિરિ હશે પછી તેને મુક્તાગિરિ કહેવા લાગ્યા.

આ નામોના સંબંધમાં એક કિંવદન્તી બહુ પ્રચલિત છે. પ્રાચીનકાળમાં એક મુનિ મુક્તાગિરિ પર્વતના ધોધ પાસે તપસ્યા કરતા હતા. ધોધ ઉપર એક ઘેંટુ ચરતું જોવામાં આવ્યું અને પગ લપસવાથી મુનિની નિકટ આવીને પડ્યું. મુનિએ મરણાસન્ન ઘેંટાને નમોકાર મંત્ર સંભળાવ્યો. તે શાંત ભાવોથી મરીને દેવ થયો. તે દેવે આ પર્વત પર મોતીની વર્ષા કરી. વર્ષા સ્થળ ૪૦મા મંદિરની નિકટ કહેવામાં

આવે છે. માટે તે મંદિરને મેંઢકગિરિ કહે છે. અથવા મુક્તાઓની વર્ષા થઈ હતી માટે આ ક્ષેત્રને ‘મુક્તાગિરિ’ કહે છે.

અહીંથી ત્રણ કરોડ મુનિઓ મોક્ષ ગયા છે. આ અચલપુરના ઈશાન ખૂણામાં તેર કિ.મી. દૂરી પર છે.

- મુક્તાગિરિ પર જિનાલયોની બે પંક્તિ છે.
- અહીંથી મેંઢા (ઘેટા)નો ઉદ્ધાર થયો હતો.
- અહીંની અતિશયતાની કેટલીક અનુશ્રુતિઓ પ્રચલિત છે.
- અહીં શ્રેણિક બિંબિસારે ગુફા–મંદિરનું નિર્માણ કરાવ્યું હતું.
- આ ક્ષેત્ર પૂર્ણતઃ દિગંબર જૈન સમાજની અધીનતામાં છે.

● એકવાર ઐલ (રાજા) પોતાની ધર્મસભામાં બેઠા હતા. આ સભામાં દૂર દૂરથી વિભિન્ન ધર્મોના પ્રતિનિધિ ભાગ લેવા આવ્યા હતા. રાજાએ વાદ–વિવાદમાં ફકીરને પરાજિત કરી દીધા. ફકીરે પોતાના પરાજયથી ક્ષુબ્ધ થઈને આ સમાચાર ગજનીના તત્કાલીન બાદશાહ રહમાન પાસે પહોંચાડી દીધા. તે સમયે રહમાનનો નિકાહ થઈ રહ્યો હતો. તે દુલ્હાના વેષમાં હતો. તે ફૌજ લઈને તુરંત ચાલ્યો અને ઐલિચપુર ઉપર છાપો માર્યો. રાજા ઐલને તેના અભિયાનના સમાચાર પહેલાં જ મળી ગયા હતા. અતઃ તે પહેલાંથી જ સાવધાન હતો. તેણે બહુમૂલ્ય હીરા, ઝવેરાત અને જૈન મંદિરોની મૂલ્યવાન મૂર્તિઓ રાજધાનીથી ખસેડી મુક્તાગિરિ ક્ષેત્રમાં છુપાવી દીધી. બન્ને સેનાઓ અને બન્ને વીરોમાં ભયાનક યુદ્ધ થયું. હજારો શત્રુ માર્યા ગયા. અંતે લડતાં લડતાં બન્ને વીર પણ વીરગતિને પ્રાપ્ત થયા. રહમાન લગ્ન મૂકીને વરરાજા (દુલ્હા)ના વેશમાં લડવા આવેલ તેથી તેનું નામ દુલ્હા રહમાન પડી ગયું. જે સ્થાન પર શત્રુ સેના મરાઈ ગઈ તે સ્થાનનું નામ ગંજ શહીદ પડી ગયું, જે ઐલિચપુરમાં અત્યારે પણ છે. જ્યાં ઐલે શ્રીપાલ અને અબ્દુલ રહેમાન મર્યા તે સ્થાન ‘બહરમ’ છે તે ખરપીથી ૨ માઈલ દૂર છે.

રાજા ઐલે કેટલાંક સ્થાને જૈનમંદિરો અને ગુફા–મંદિરોનું નિર્માણ કરાવ્યું હતું. અન્તરીક્ષ પાર્શ્વનાથ, મુક્તાગિરિ આદિ ક્ષેત્રો પર મંદિરોનું નિર્માણ કરાવ્યું.

એલોરાની ગુફાઓનું નિર્માણ કરાવી અત્યંત કલાત્મક રૂપથી જિનમૂર્તિઓ ઉત્કીર્ણ કરાવી.

મુક્તાગિરિમાં રાજા ઐલે મૂલ્યવાન હીરા–ઝવેરાત અને મૂર્તિઓ ક્યાં છુપાવી તે આજ સુધી જણાયું નથી. મંદિર ક્રમાંક ૨૦ પશ્ચિમી પહાડી પર છે. આ અન્ય મંદિર કરતાં પ્રાચીન છે. આને જુનું મુક્તાગિરિ કહે છે. સો ફૂટ ઊંચો ધોધ આ મંદિરના એકદમ બાજુમાં જ પડે છે. આ મંદિરના સભામંડપ વચ્ચે એક પાષાણ ઉપર શતરંજ બનેલી છે. સંભવતઃ બીજા સ્થાને પણ આવી શતરંજ બનાવી છે. લોકોને વિશ્વાસ છે કે રાજા ઐલે છૂપાવેલ ધનનો સંકેત ચિહ્નોનાં રૂપમાં શતરંજ બનાવી હશે.

પર્વત પર ચડવા ઉતરવા માટે અલગ–અલગ માર્ગ છે. પહાડ પર સાતમી–નવમી શતાબ્દીની શ્રી પાર્શ્વનાથ ભગવાનની પ્રતિમા છે. કુલ બાવન મંદિર છે. તળેટીમાં બે મંદિર અને કેટલીક ધર્મશાળા છે.

આ ક્ષેત્ર મધ્યપ્રદેશના વૈતુલ જિલ્લામાં છે. અમરાવતીથી પખવાડા (ખરપીથી ત્રણ કિ.મી. દૂર છે. આ ક્ષેત્રનું સરનામું—

પો. પરતગાંવ, જિ. અમરાવતી (મહારાષ્ટ્ર) ગણાય છે.

સહજ ચિદાનંદ

# ચૂલગિરિ-સિદ્ધક્ષેત્ર




ચૂલગિરિ સિદ્ધક્ષેત્રથી ઇન્દ્રજીત, કુંભકર્ણ તથા અનેક મુનિ મુક્ત થયા છે.


અહીં ભગવાન શ્રી આદિનાથની બાવન હાથ ઊંચી મૂર્તિ છે. આને 'વૃટદેવ' કહેવામાં આવે છે. તેને બાવનગજાજી (અર્થાત્ ૮૮ ફૂટ) પણ કહે છે. આ મૂર્તિને અર્કકીર્તિ રાજાએ એક જ પાષાણમાંથી ઉત્કીર્ણ કરાવી હતી. સંવત ૧૩૮૦માં બાવન સંઘપતિઓએ અહીં અનેક બિમ્બોની પ્રતિષ્ઠાઓ કરાવી હતી.

આચાર્ય રવિષેણકૃત 'પદ્મપુરાણ'માં રાવણના મૃત્યુ પછીની એક મહત્ત્વપૂર્ણ ઘટનાનું વર્ણન આવે છે. એકવાર છપ્પન હજાર આકાશચારી મુનિરાજના સંઘની સાથે શ્રી અનંતવીર્ય મુનિરાજ પધાર્યા. તે જ દિવસે રાત્રિના સમયે તેમને કેવળજ્ઞાન થઈ ગયું. દેવોએ આવી કેવળજ્ઞાનની પૂજા કરી અને ગંધકૂટિની રચના કરી. સમાચાર મળતાં જ રામચંદ્ર, લક્ષ્મણ, વાનરવંશી, ઋક્ષવંશી, રાક્ષસવંશી બધા તેમના દર્શનાર્થે આવ્યા. ભગવાન શ્રી અનંતવીર્ય કેવળીનો ઉપદેશ સાંભળી ઇન્દ્રજીત, મેઘનાદ, કુંભકર્ણ, મારીચ આદિએ લંકાના 'કુસુમાયુધ' નામના ઉદ્યાનમાં કેવળીની સમીપે મુનિદીક્ષા લઈ લીધી. થોડા સમય પશ્ચાત્ તે સર્વે વિભિન્ન દેશોમાં વિહાર કરવા લાગ્યા.

પરંતુ ઇન્દ્રજીત, કુંભકર્ણ વગેરેને ક્યા સ્થાનથી મોક્ષની પ્રાપ્તિ થઈ તેનો કોઈ ઉલ્લેખ પદ્મપુરાણકારે કર્યો નથી. સાધારણ સંકેત આપ્યો છે કે વિધ્યવનની મહાભૂમિમાં




ભગવાન પાસે ઈન્દ્રજીત વગેરેનું દીક્ષા ગ્રહણ



ચૂલગિરિ ઉપર આકાશમાર્ગે ૫૬૦૦૦ મુનિઓનું સંઘ સાથે
અનંતવીર્ય મુનિરાજનું આગમન

જ્યાં ઈન્દ્રજીતની સાથે મેઘવાહન મુનિરાજ બિરાજમાન રહ્યા ત્યાં 'મેઘરથ' નામનું તીર્થ બની ગયું તથા રજોગુણ અને તમોગુણથી રહિત મહામુનિ કુંભકર્ણ યોગી નર્મદાના જે તટ પર નિર્વાણ પામ્યા, ત્યાં 'પિટરક્ષત' નામનું તીર્થ પ્રસિદ્ધ થયું.

ચૂલગિરિ સતપુડા શૈલ માળાઓનો સૌથી ઊંચો શૈલ છે. અહીંયા ભારતની સૌથી વિશાળમૂર્તિ બિરાજમાન છે. પ્રાચીનકાળમાં એક હાથને જ કાચું ગજ માનવાની પરંપરા હતી. તેથી આ પ્રતિમા બાવન હાથ અથવા બાવન ગજ અથવા બાવનગજા કહેવામાં આવે છે. આ પ્રતિમા માટે કોઈ લેખ, પ્રતિષ્ઠાકારક અથવા શિલ્પકારનું ક્યાંય નામોનિશાન નથી. આ પ્રતિમાની પ્રાચીનતા તેના વિષે લખાયેલ ઉલ્લેખોના આધારે સ્પષ્ટ થાય છે કે આ પ્રતિમા ૧૩મી શતાબ્દી અથવા તેના પૂર્વની હશે, કેમકે સર્વપ્રથમ તેનો ઉલ્લેખ ૧૩મી શતાબ્દીના મદનકીર્તિ ઉલ્લેખમાં છે. તેના પહેલાં કોઈ ઉલ્લેખ મળતો નથી.

ચૂલગિરિ બડવાની નગરમાં પડે છે. તેથી તેને 'બડવાનીજી' પણ કહેવાય છે. અહીં વિશાળ જિનમંદિર, ધર્મશાળા આદિ પણ છે. આ રાણાપુરા મોહલ્લાની ખાઈની પશ્ચિમ તરફ છે. તેના સિવાય અન્ય વિશાળ જિનમંદિર છે, છાત્રાવાસ આદિ છે.

સુવર્ણપુરીમાં સમવસરણની રચનાના સમયે પૂજ્ય બહેનશ્રી ચંપાબેનના જાતિસ્મૃતિ જ્ઞાનાનુસાર ભગવત્ કુંદકુંદાચાર્યદદેવ ભાવવાહી મુદ્રામાં સીમંધર ભગવાનને વંદન કરતાં, બિરાજીત કર્યા છે. એવી જ આબેહૂબ પ્રતિમા અહીં પહાડ પર ઉપરના જિનમંદિરમાં બિરાજમાન કરવામાં આવી છે. આ પ્રાચીન પ્રમાણ છે કે કુંદકુંદાચાર્યદેવની પ્રતિમા બિરાજીત થાય છે.

બડવાનીથી ચૂલગિરિ સાત કિ.મી. છે. તળેટીમાં ધર્મશાળા અને જિનમંદિર છે. પહાડ પર શ્રી આદિનાથ ભગવાનની વિશાળ પ્રતિમા ઉપરાંત પહાડી પર બીજા મંદિરો છે. ઉપર ચડવા માટે સીડીઓ છે. પહાડની ચોટી ઉપર ચૂલગિરિ મંદિર છે. આ જ સિદ્ધભૂમિ છે. અહીંથી ઈંદ્રજીત મુનિ કુંભકર્ણ આદિ અનેક મુનિ મુક્ત થયા છે. તળેટીમાં ઓગણીસ મંદિર, એક માનસ્તંભ તથા એક છતરી છે.

અહીંથી બડવાની સાત કિ.મી. છે. ઈંદોર, મઉ, ખંડવા, સનાવદ, ધૂલિયા, દાહોદ આદિથી બસ ચાલે છે. અહીં નજીકમાં કુક્ષીથી તાલનપુર તીર્થ દર્શનીય છે.

## ચોથા ભવે પૂર્વ દૃઢ પ્રતિજ્ઞક

# ભગવાન શ્રી નેમિનાથનો જીવ

આ જંબૂદ્વીપના પશ્ચિમ વિદેહક્ષેત્રમાં સીતોદા નદીના ઉત્તર તટ ઉપર સુગંધિલા નામના દેશમાં એક સિંહપુર નામનું નગર છે. ત્યાં અર્હદાસ નામના રાજા રાજ્ય કરતા હતા. તેમની સ્ત્રીનું નામ જિનદત્તા હતું. બન્ને પૂર્વભવમાં સંચિત પુણ્યકર્મના ઉદયથી ઉત્પન્ન થયેલાં કામભોગોથી સંતુષ્ટ રહેતા હતા. આ પ્રકારે બન્નેનો સમય સુખથી વ્યતીત થઈ રહ્યો હતો. કોઈ એક દિવસે રાણી જિનદત્તાએ શ્રી જિનેન્દ્રભગવાનની અષ્ટાહ્નિકા સંબંધી મહાપૂજા કર્યા બાદ આશા પ્રગટ કરી કે હું કુળનાં તિલકભૂત પુત્રને પ્રાપ્ત કરું. આવી આશા કરીને તે ઘણી પ્રસન્નતાથી રાત્રિમાં સુખથી સુતી.


તે જ રાત્રિએ સુંદર વ્રત ધારણ કરવાવાળી રાણીએ સિંહ, હાથી, ચંદ્રમા અને લક્ષ્મીનો અભિષેક—આ પ્રકારે શુભ સ્વપ્નો જોયાં. સ્વપ્ન જોયા બાદ જ કોઈ પુણ્યાત્મા



રાણીને શુભ સ્વપ્ન અને નવ માસ પછી બળવાન પુત્રનો જન્મ

તેમના ગર્ભમાં અવતીર્ણ થયો અને નવ મહિના વીત્યા બાદ રાણીએ બળવાન પુત્રને જન્મ આપ્યો. તે પુત્રના જન્મ સમયથી લઈને તેમના પિતા શત્રુઓથી અજેય થઈ ગયા હતા. તેથી ભાઈ–બાંધવોએ તેનું નામ અપરાજિત રાખ્યું. તે યૌવન અવસ્થા સુધી રૂપ આદિ ગુણરૂપી સંપદાની સાથે સાથે વધતો ગયો અને દેવોમાં ઈન્દ્રસમાન સુંદર દેખાવા લાગ્યો.

તદનંતર કોઈ એક દિવસે રાજાએ વનપાલનાં મુખથી સાંભળ્યું કે મનોહર નામના ઉદ્યાનમાં શ્રી વિમલવાહન નામના તીર્થંકર પધાર્યા છે. સાંભળતાં જ તેઓ




વિમલવાહન તીર્થંકરના સમવસરણમાં રાજા અપરાજિતનું જવું અને પૂજા કરવી

અપરાજિત રાજાનું દીક્ષા ગ્રહણ

ભક્તિથી પ્રેરિત થઈ પોતાની રાણીઓ તથા પરિવારના સદસ્યો સાથે ત્યાં ગયા. ત્યાં જઈને તેમણે વારંવાર પ્રદક્ષિણા કરી. હાથ જોડ્યા. પ્રણામ કર્યા. ગંધ, પુષ્પ, અક્ષત આદિથી સારી રીતે પૂજા કરી અને ધર્મરૂપી અમૃતનું પાન કર્યું. આ બધું કરતાં જ અચાનક તેની ભોગોની ઈચ્છા શાંત થઈ ગઈ. તેથી રાજાએ અપરાજિત પુત્ર માટે સાત પ્રકારની વિભૂતિ પ્રદાન કરી પાંચસૌ રાજાઓની સાથે શ્રેષ્ઠ તપ ધારણ કરી લીધું.

કુમાર અપરાજિતે પણ શુદ્ધ સમ્યગ્દૃષ્ટિ થઈને અણુવ્રત આદિ શ્રાવકનાં વ્રત ગ્રહણ કર્યાં અને પછી જેવી રીતે અમરાવતીમાં પ્રવેશ કરે છે તેવી રીતે લક્ષ્મીથી યુક્ત થઈ પોતાની રાજધાનીમાં પ્રવેશ કર્યો. તેમણે સ્વરાષ્ટ્ર તથા પરરાષ્ટ્ર સંબંધી ચિંતા તો પોતાનાં મંત્રીઓ પર છોડી દીધી અને પોતે શાસ્ત્રોક્ત માર્ગથી ધર્મ અને કામમાં લીન થઈ ગયા.

કોઈ એક સમયે તેમણે સાંભળ્યું કે મારા પિતાની સાથે શ્રી વિમલવાહન ભગવાન ગંધમાદન પર્વતથી મોક્ષને પ્રાપ્ત થયા છે. આ સાંભળતાં જ તેમણે પ્રતિજ્ઞા કરી કે હું શ્રી વિમલવાહન ભગવાનનાં દર્શન કર્યા વગર ભોજન નહીં કરું. આ પ્રતિજ્ઞાથી તેમને આઠ દિવસના ઉપવાસ થઈ ગયા. તદનંતર ઈન્દ્રની આજ્ઞાથી યક્ષપતિએ આવીને સમોસરણ સ્થિત શ્રી વિમલવાહન તીર્થંકરનું તાદૃશ સ્વરૂપ બનાવ્યું. જેનાં દર્શન પૂજન કરી બાદમાં રાજાએ ભોજન ગ્રહણ કર્યું.



વિમલવાહન તીર્થંકરનો મોક્ષ થયો જાણી રાજા અપરાજિતે તેમના દર્શન કરી પછી ભોજનગ્રહણની પ્રતિજ્ઞા. આઠ દિવસ વીતી ગયા ત્યારે યક્ષ દ્વારા વિમલવાહનનું સમવસરણ દેખાડવું, રાજા દ્વારા દર્શન


ત્યારબાદ અપરાજિત રાજાએ ધર્મધ્યાન, સંયમ અને તપમાં જીવન વ્યતીત કરી ચતુર્થ ભવમાં શ્રી નેમિનાથ તીર્થંકર બનીને પંચકલ્યાણક સહિત ગિરનારની પાંચમી ટૂકથી મોક્ષ પધાર્યા.

# ભગવાન શ્રી નેમિનાથના જીવ દ્વારા પૂર્વે ચોથા ભવમાં સમાધિમરણ

ભગવાન શ્રી નેમિનાથના પૂર્વ ભવ
૪ અપરાજીત રાજા
૩ અચ્યુતેન્દ્ર
૨ સુપ્રતિષ્ઠિતરાજા (તીર્થંકર પ્રકૃતિનો બંધ)
૧ અહમિન્દ્ર
ભગવાન નેમિનાથ

કોઈ એક દિવસે વસંત ઋતુની અષ્ટાહ્નિકાનાં સમયે બુદ્ધિમાન રાજા અપરાજિત જિન પ્રતિમાઓની પૂજા કરી તેમની સ્તુતિ કરી ત્યાં જ બેઠેલા હતા અને ધર્મોપદેશ આપતા હતા.



રાજા અપરાજિત દ્વારા જિનમંદિરમાં પૂજા




તે જ સમયે આકાશથી બે ચારણઋદ્ધિધારી મુનિરાજ આવી ત્યાં જ બિરાજમાન થયા. જિનેન્દ્ર ભગવાનની સ્તુતિ સમાપ્ત થતાં રાજાએ ઘણા વિનય સાથે તેમની સામે જઈને તેમનાં ચરણોમાં નમસ્કાર કર્યાં. ધર્મોપદેશ સાંભળ્યો અને તદનંતર કહ્યું કે હે પૂજ્ય ! મેં પહેલાં આપને ક્યાંક જોયા છે.

તે બન્ને મુનિઓમાં જે જ્યેષ્ઠ મુનિ હતાં તે કહેવા લાગ્યા કે હે રાજન્ ! તમે ઠીક કહો છો. અમે બન્નેએ તમને જોયા છે. પરંતુ ક્યાં જોયા છે તે સ્થાન હું કહું છું તે સાંભળો. પુષ્કરાર્ધ દ્વીપનાં પશ્ચિમ સુમેરુની પશ્ચિમ દિશામાં જે મહાનદી છે તેનાં ઉત્તર તટ પર એક ગન્ધિલ નામનો મહાદેશ છે. ત્યાં વિજ્યાર્ધ પર્વતની ઉત્તર શ્રેણીમાં સૂર્યપ્રભ નગરનો સ્વામી રાજા સૂર્યપ્રભ રાજ્ય કરતો હતો. તેની સ્ત્રીનું નામ ધારિણી હતું. તે બન્નેનો મોટો પુત્ર ચિન્તાગતિ, બીજો મનોગતિ અને ત્રીજો ચપલગતિ એમ ત્રણ પુત્ર થયા હતા. ધર્મ, અર્થ અને કામની જેમ આ ત્રણેય પુત્રોથી તે બન્ને માતા–પિતા સદા પ્રસન્ન રહેતા હતા. તે ઠીક જ છે, કેમકે ઉત્તમ પુત્રોથી કોણ સંતુષ્ટ ન થાય ?

તે જ વિજ્યાર્ધ પર્વતની ઉત્તર શ્રેણીમાં અરિન્દમપુર નગરના રાજા અરિંજય રહેતા હતા. તેમની અજિતસેના નામની રાણી હતી અને તેમને પ્રીતીમતી નામની સતી પુત્રી હતી. જેણે પોતાની વિદ્યાથી ચિંતાગતિને છોડીને બધા જ વિદ્યાધરોને મેરુ પર્વતની ત્રણ પ્રદક્ષિણા દેવામાં જીતી લીધા હતા. ત્યારબાદ ચિન્તાગતિ તેને પોતાનાં વેગથી જીતીને કહેવા લાગ્યો કે તું રત્નોની માળાથી મારા નાના ભાઈનો સ્વીકાર કર. ચિન્તાગતિનાં વચન સાંભળી પ્રીતિમતિએ કહ્યું કે જેણે મને જીતી છે તે સિવાય બીજાના ગળામાં હું આ માળા નહીં નાખું. આનાં જવાબમાં ચિન્તાગતિએ કહ્યું કે તે પહેલાં તેને પ્રાપ્ત કરવાની ઈચ્છાથી મારા નાના ભાઈઓ સાથે ગતિયુદ્ધ કર્યું હતું તેથી તું મારા માટે ત્યાજ્ય છો. ચિન્તાગતિનાં આ વચન સાંભળતાં જ તે સંસારથી વિરક્ત થઈ ગઈ અને તેણે શ્રી વિવૃતા નામની અર્જિકા પાસે જઈને ઉત્કૃષ્ટ તપ ધારણ કરી લીધું. આ જોઈ ઘણા લોકોએ વિરક્ત થઈ દીક્ષા ધારણ કરી લીધી.




ચિન્તાગતિ વિદ્યાધર ને પ્રીતિમતી વિદ્યાધરની પુત્રીની મેરુ પ્રદક્ષિણા સમયે વાર્તાલાપ અને પ્રીતિમતીનું આર્યિકા વ્રત ગ્રહણ




પ્રીતિમતીનું આર્યિકાવ્રત ધારણ કરતા જોઈ ચિન્તાગતિ વિદ્યાધર બંને ભાઈઓ સાથે દીક્ષિત

કન્યાનું આ સાહસ જોઈ જેને વૈરાગ્ય ઉત્પન્ન થયો છે એવા ચિન્તાગતિએ પણ પોતાના બન્ને નાના ભાઈઓની સાથે શ્રી દમવર નામના ગુરુ પાસે જઈને સંયમ ધારણ કરી લીધો અને આઠેય શુદ્ધિને પામી ત્રણેય ભાઈ ચોથા સ્વર્ગમાં સામાનિક જાતિના દેવ થયા. ત્યાં સાત સાગરની ઉત્કૃષ્ટ આયુ પર્યન્ત અનેક ભોગોનો અનુભવ કરી ત્યાંથી ચ્યુત થયા. બન્ને નાના ભાઈઓના જીવ જંબૂદ્વીપના પૂર્વ વિદેહક્ષેત્ર સંબંધી પુષ્કલાવતી દેશમાં જે વિજ્યાર્ધ પર્વત છે તેની ઉત્તર શ્રેણીમાં ગગન વલ્લભ નગરના રાજા ગગનચંદ્ર અને તેની રાણી ગગન સુંદરીના અમે બન્ને અમિતગતિ અને અમિતતેજ નામના પુત્ર ઉત્પન્ન થયા છીએ. અમે બન્ને ત્રણેય પ્રકારની વિદ્યાથી સંયુક્ત હતા. કોઈ એક દિવસે અમે બન્ને પુણ્ડરીકિણી નગરીમાં ગયા. ત્યાં શ્રી સ્વયંપ્રભ તીર્થંકર પાસે અમે બન્નેએ પોતાના પાછલા જન્મનું વૃત્તાંત પૂછ્યું ત્યારે શ્રી સ્વયંપ્રભ ભગવાને બધું વૃત્તાંત જેમ હતું તેમ કહ્યું. તદનંતર અમે બન્નેએ પૂછ્યું કે અમારા મોટા ભાઈ આ સમયે ક્યાં ઉત્પન્ન થયા છે ? આના ઉત્તરમાં ભગવાને કહ્યું કે તે સિંહપુર નગરમાં ઉત્પન્ન થયા છે. અપરાજિત તેમનું નામ છે અને સ્વયં રાજ્ય કરતા શોભાયમાન છે.

આ સાંભળી અમે બન્નેએ તે શ્રી સ્વયંપ્રભ ભગવાનની સમીપ સંયમ ધારણ કરી લીધો અને તને જોવા માટે તારા પ્રત્યેના જન્માન્તરના સ્નેહથી અમે બન્ને અહીં આવ્યા છીએ. હે ભાઈ ! હવે તમે પુણ્યકર્મના ઉદયથી પ્રાપ્ત થયેલા બધા પ્રકારના ભોગોનો ઉપભોગ કરી ચુક્યા છો. હવે તમારી આયુ ફક્ત એક મહિનાની બાકી રહી છે તેથી શીઘ્ર જ આત્મકલ્યાણનો વિચાર કરો. રાજા અપરાજિતે આ વાત સાંભળી બન્ને મુનિરાજોની વંદના કરી અને કહ્યું કે તમે જો કે નિર્ગ્રંથ અવસ્થાને પ્રાપ્ત થયા છો તો પણ જન્માંતરના સ્નેહથી તમે મારા પર ઘણો ઉપકાર કર્યો છે. ખરેખર તમે જ મારા હિતેચ્છુ છો. ત્યારબાદ બન્ને મુનિરાજ પ્રસન્ન થઈ પોતાના સ્થાને ચાલ્યા ગયા. આ બાજુ રાજા અપરાજિતે પોતાનું રાજ્ય વિધિપૂર્વક પ્રીતિકર કુમારને આપ્યું. અષ્ટાહ્નિક પૂજા કરી ભાઈઓને વિદાય કર્યા અને પોતે સ્વયં



રાજા અપરાજિત દ્વારા સંન્યાસ ગ્રહણ

પ્રાયોપગમન નામનો સન્યાસ ધારણ કરી લીધો. સંન્યાસના પ્રભાવથી તેઓ સોળમાં સ્વર્ગનાં 'સાતંકર' નામના વિમાનમાં બાવીસ સાગરની આયુષ્યવાળા મોટી મોટી ઋદ્ધિઓના ધારક અચ્યુતેન્દ્ર થયા. બાદમાં ત્યાંથી ચ્યવી ત્રીજા ભવમાં જંબૂદ્વીપનાં ભરતક્ષેત્રના બાવીસમા તીર્થંકર ભગવાન શ્રી નેમિનાથ થઈ ગિરનારની પાંચમી ટૂંકથી મોક્ષે જશે.

# ભગવાન શ્રી નેમિનાથનો વૈરાગ્ય

જંબૂદ્વીપ ભરતક્ષેત્રના કુશાર્થ દેશમાં 'શૌર્યપુર' નામનું એક નગર છે. તેમાં કોઈ સમયે શૂરસેન નામના રાજા રાજ્ય કરતા હતા. તે રાજા હરિવંશરૂપી આકાશમાં સૂર્યની જેમ ચમકતા હતા. થોડા સમય પછી શૂરસેનને શૂરવીર નામનો પુત્ર થયો; જે ખરેખર શૂરવીર હતો. તેમણે સમસ્ત શત્રુઓ પર વિજય પ્રાપ્ત કર્યો હતો. તે વીરની સ્ત્રીનું નામ ધારિણી હતું. ધારિણીના ગર્ભથી અંધકવૃષ્ટિ અને નરવૃષ્ટિ નામના બે પુત્ર થયા. અંધકવૃષ્ટિની રાણીનું નામ સુભદ્રા હતું. કાળક્રમથી તેણે સમુદ્રવિજય, સ્તિમિત સાગર, હિમવાન, વિજય, વિદ્વાન, અચલ, ધારણ, પૂરણ, પૂરિતાર્થ્છીચ્છ અભિનંદન અને વાસુદેવ. એ દસ પુત્ર અને કુન્તી તથા માદ્રી નામની બે કન્યા થઈ. સમુદ્રવિજય આદિ દસ ભાઈઓને ક્રમથી શિવાદેવી, ધૃતીશ્વરા, સ્વયંપ્રભા, સુનીતા, સીતા, પ્રિયવાક, પ્રભાવતી, કલિંગી અને સુપ્રભા નામની નવસુંદર સ્ત્રી હતી. વસુદેવે અનેક દેશોમાં વિહાર કર્યો હતો તેથી તેમને અનેક ભૂમિગોચરી તથા વિદ્યાધર રાજાઓએ પોતપોતાની કન્યાની ભેંટ આપી હતી, તેથી તેમને ઘણી સ્ત્રી હતી. તે સર્વમાં દેવકી મુખ્ય હતી.

અંધકવૃષ્ટિની પુત્રી કુંતી અને માદ્રીના વિવાહ હસ્તિનાપુરના કૌરવવંશી રાજા પાણ્ડુ સાથે થયા હતા. રાજા પાણ્ડુના, કુંતીદેવીના ગર્ભથી યુધિષ્ઠિર, ભીમ અને અર્જુન તથા માદ્રીદેવીના ગર્ભથી નકુલ અને સહદેવ—એમ પાંચ પુત્ર થયા હતા. તેઓ રાજા પાણ્ડુની સંતાન હોવાને લીધે 'પાણ્ડવ' નામથી પ્રસિદ્ધ થયા. સમુદ્રવિજય આદિ દસ ભાઈ અને પાણ્ડુ આદિમાં ઘણો સ્નેહ હતો.

થોડા વખત પછી નાનાભાઈ વસુદેવને બલરામ તથા શ્રીકૃષ્ણ નામના બે પુત્ર થયા. જે ઘણા જ પરાક્રમી હતાં. શ્રીકૃષ્ણે મલ્લયુદ્ધમાં મથુરાનાં દુષ્ટ રાજા કંસને મારી નાખ્યા. જેથી તેમની સ્ત્રી જીવંદ્યશા વિધવા થઈ, તે રોતી રોતી પોતાના પિતા જરાસંઘ પાસે રાજગૃહી નગરી ચાલી ગઈ. તે સમયે જરાસંઘ ત્રણખંડનો રાજા અને અર્ધચક્રી




(૧) શ્રીકૃષ્ણ દ્વારા કંસને મલ્લયુદ્ધમાં હરાવ્યો. (૨) કંસની પત્નીએ પિતા જરાસંઘને કૃષ્ણની ફરિયાદ કરી.
(૩) શ્રીકૃષ્ણે જરાસંઘના પુત્ર અપરાજિતને પણ મલ્લયુદ્ધમાં હરાવ્યો.

હતો. પુત્રીની દયનીય અવસ્થા જોઈ તેણે શ્રીકૃષ્ણ આદિને મારવા માટે પોતાના પુત્ર અપરાજિતને મોકલ્યો, પરંતુ વાસુદેવ શ્રીકૃષ્ણે અપરાજિતને યુદ્ધમાં ૩૪૬ વાર હરાવ્યો. અંતમાં અપરાજિત હારીને પાછો ચાલ્યો ગયો. ફરી થોડા વખત પછી જરાસંઘનો બીજો દીકરો કાલયવન શ્રીકૃષ્ણને મારવા માટે આવ્યો. ત્યારે સમુદ્રવિજય વગેરેએ મળીને પરામર્શ કર્યો કે હજી શ્રીકૃષ્ણ ઉંમરમાં નાના છે. તેથી સમર્થ શત્રુથી યુદ્ધ ન કરવું હિતાવહ છે. એમ વિચારી શૌરીપુરથી વિન્ધ્યવટી પાર કરી સમુદ્ર તરફ આગળ વધ્યા. આ બાજુ કાલયવન પણ તેમનો પીછો કરતો વિન્ધ્યવટી પહોંચ્યો.

ત્યારે ત્યાં સમુદ્રવિજય આદિની કુળદેવી એક વૃદ્ધાનું રૂપ બનાવીને બેસી ગઈ અને વિદ્યાબળથી આગ જલાવી હા સમુદ્રવિજય ! હા વસુદેવ ! હા શ્રીકૃષ્ણ ! એમ વિલાપ કરવા લાગી. જ્યારે કાલયવને રોવાનું કારણ પૂછ્યું ત્યારે તેણે કહ્યું કે હું વૃદ્ધધાય છું. શ્રીકૃષ્ણ આદિ પુત્ર સ્ત્રીઓની સાથે શત્રુના ભયથી ભાગી રહ્યા હતાં. અચાનક પ્રચણ્ડ આગમાં પડીને તેઓ અસમયમાં ભસ્મ થઈ ગયા. વૃદ્ધાનાં વચનો સાંભળી કાલયવન શત્રુને મરેલા જાણી હર્ષિત થતો પાછો ચાલ્યો ગયો.

આ બાજુ રાજા સમુદ્રવિજય વગેરે સમુદ્રનાં કિનારે પહોંચ્યા ત્યારે તેમની




સમુદ્રમાં ઘોડા ઉપર બેસી કૃષ્ણ દ્વારા ૧૨ યોજન જવું અને ત્યાં સુદર નગરીની રચના

પાસે રહેવા માટે કોઈ ભવન વગેરે ન હતું. આ સંકટથી મુક્ત થવા માટે શ્રીકૃષ્ણે આઠ દિવસ ઉપવાસ કર્યા અને સિદ્ધાત્માનું ધ્યાન કર્યું. શ્રીકૃષ્ણની આરાધનાથી પ્રસન્ન થઈ નૈગમ નામના દેવે પ્રગટ થઈ કહ્યું—હમણાં તમારી પાસે એક ઘોડો આવશે. તમે તેના પર સવાર થઈ સમુદ્રમાં બાર યોજન સુધી ચાલ્યા જજો. ત્યાં તમારા માટે એક મનોહર નગર બની જાશે આમ કહીને દેવ ચાલ્યો ગયો અને તેનાં સ્થાન પર સુંદર ઘોડો ઉભો થઈ ગયો. શ્રીકૃષ્ણ તેનાં પર સવાર થઈ સમુદ્રમાં બાર યોજન સુધી ચાલ્યા ગયા. પુણ્યનાં પ્રતાપથી સમુદ્રનો તે ભાગ સ્થલમય થઈ ગયો. ઈન્દ્રની આજ્ઞાથી તે સ્થલમાં કુબેરે એક મનોહર નગરીની રચના કરી દીધી. તેનાં મોટાં મોટાં ગોપુર જોઈ સમુદ્રવિજય આદિએ તેનું નામ દ્વારાવતી (દ્વારિકા) રાખી દીધું. રાજા સમુદ્રવિજય પોતાના નાનાભાઈઓ તથા શ્રીકૃષ્ણ આદિ પુત્રોની સાથે દ્વારિકામાં સુખપૂર્વક રહેવા લાગ્યા.

ભગવાન શ્રી નેમિનાથ પૂર્વ ભવમાં અહમિન્દ્ર હતા. ત્યાં તેમનું આયુષ્ય છ મહિનાનું બાકી રહ્યું, ત્યારથી દ્વારિકાપુરીમાં રાજા સમુદ્રવિજય અને મહારાની શિવાદેવીનાં ઘરમાં દેવોએ રત્નોની વર્ષા કરવાની શરૂઆત કરી દીધી. ઈન્દ્રની આજ્ઞા મેળવી અનેક દેવકુમારી આવી શિવાદેવીની સેવા કરવા લાગી. આ બધી વાતોથી પોતાનાં ઘરમાં તીર્થંકરના જન્મનો નિશ્ચય કરી સમસ્ત હરિવંશીઓનો હર્ષ માતો નહોતો.

તદનંતર અહમિન્દ્રનો સ્વર્ગથી ચ્યવીને અહીં રાજા સમુદ્રવિજય અને શિવાદેવીને ત્યાં નેમિનાથના રૂપમાં જન્મ થયો. કુટુંબીજનો અને નગરજનોને આનંદ દેનાર કામદેવની જેમ શ્રી નેમિનાથ ભગવાન યુવાન થયા.

એક વખત શરદ્ ઋતુમાં મહારાજ શ્રીકૃષ્ણ પોતાનાં સમસ્ત અન્તઃપુરવાસીઓની સાથે વનમાં જળ–ક્રીડા કરવા ગયા હતા. ભગવાન શ્રી નેમિનાથ પણ તેમની સાથે હતા. શ્રીકૃષ્ણની સત્યભામા વગેરે સ્ત્રીઓ સરોવર તરફ નેમિનાથની ઉપર જળ ઊછાળતી તેમને અનેક શ્રૃંગારમય વચન કહેવા લાગી. નેમિનાથે ચતુરતાપૂર્વક તેમનાં વ્યંગભરેલાં વચનોના યથોચિત જવાબ આપ્યા. જળક્રીડા પૂરી થતાં ભગવાન નેમિનાથે સત્યભામાને કહ્યું—'તમે મારી આ ભીની ધોતીને ધોઈ દ્યો' ત્યારે સત્યભામા ક્રોધથી ભ્રૌંહ ચડાવીને બોલી—તમે શ્રીકૃષ્ણ નથી, જેમણે નાગશૈય્યા પર ચડીને લીલામાત્રમાં શારંગ નામનાં ધનુષને ચડાવ્યો

હતો અને દશે દિશાઓ ગુંજી ઊઠતાં પાંચજન્ય શંખને વગાડ્યો હતો. તમને ધોતી ધોવડાવવાનો શોખ હોય તો કોઈ રાજકુમારીને કેમ નથી લઈ આવતા ?



સત્યભામાનાં મહેણાં ભરેલાં વચનો સાંભળી નેમિનાથને થોડો ક્રોધ આવી ગયો. તેઓ ત્યાંથી પાછાં આવીને આયુધશાળામાં ગયા અને સૌથી પહેલાં નાગ–શૈય્યા પર ચડી શારંગ ધનુષની પ્રત્યંચા ચડાવી. પછી દસો દિશાઓને ગુંજાવી દેનાર શંખ વગાડ્યો. શ્રીકૃષ્ણ રાજ્યસંબંધી થોડા કામોનાં કારણે આ બધાંની પહેલાં જ નગરીમાં પાછા આવી ગયા હતા. જે વખતે નેમિનાથે ધનુષ ચડાવી શંખ વગાડ્યો તે સમયે તેઓ 'કુસુમચિત્રા' નામની સભામાં બેઠાં થોડાંક આવશ્યક કાર્ય કરી રહ્યા હતા. જેવી તેમનાં કાનોમાં શંખની ગંભીર ધ્વનિ પહોંચી, તેઓ ચકિત થઈ તુરત જ આયુધશાળા તરફ દોડ્યા.

ત્યાં તેઓએ શ્રી નેમિનાથને ક્રોધયુક્ત જોઈ મધુર શબ્દોમાં તેમને શાંત કર્યાં અને પાસમાં જ ઊભેલા કોઈ પુરુષથી તેમનાં ક્રોધનું કારણ પૂછ્યું. તેણે સત્યભામા વગેરેની સાથે નેમિનાથની જળક્રીડા સંબંધી વાદ વિવાદનું વૃત્તાંત કહ્યું તથા છેલ્લે નેમિનાથ પ્રતિ સત્યભામાના મર્મભેદી વચન પણ સંભળાવ્યા. આ સાંભળી શ્રીકૃષ્ણ થોડા મલકાણા. તેમણે સત્યભામાનાં અભિમાન ઉપર ઘણો રોષ પ્રગટ કર્યો અને પોતાનાં ગુરુજન સમુદ્રવિજય, વસુદેવ વગેરેની સામે નેમિનાથનાં વિવાહનો પ્રસ્તાવ રાખ્યો. જ્યારે સમુદ્રવિજય વગેરેએ હર્ષ સહિત પોતપોતાની સમ્મતિ આપી ત્યારે શ્રીકૃષ્ણે જૂનાગઢ જઈ ઉગ્રવંશી રાજા ઉગ્રસેનની રાણી જયાવતીનાં ગર્ભથી ઉત્પન્ન થયેલી કન્યા રાજમતીના વિવાહ કુમાર નેમિનાથની સાથે કરવા માટે પ્રાર્થના કરી. રાજા ઉગ્રસેને તેનો સહર્ષ સ્વીકાર કર્યો. જેથી બન્ને બાજુ વિવાહની તૈયારી થવા લાગી.

આ દિવસોમાં શ્રીકૃષ્ણનાં હૃદયમાં ફરી શંકા ઉત્પન્ન થઈ કે નેમિનાથ ઘણા જ બળવાન છે. તે દિવસે એમનાથી મારે હાર માનવી પડી'તી અને જેનાં પર મારા

વિના અન્ય કોઈ ચડવાનું સાહસ નથી કરતું તે નાગશૈય્યા પર ચઢી ધનુષ પર પ્રત્યંચા ચડાવીને તેમણે અસંભવને તો સંભવ કરી દીધું. હવે આમાં કોઈ સંદેહ નથી કે થોડા દિવસોમાં તે મારાં રાજ્ય પર જરૂર જ અધિકાર કરી લેશે. આમ લોભરૂપી પિશાચના ફંદામાં પડી શ્રીકૃષ્ણનાં મનમાં ઉથલ–પાથલ મચી ગઈ. એમણે વિચાર્યું—'નેમિનાથ સ્વભાવથી જ વિરક્ત પુરુષ છે'—વિષય વાસનાઓથી તેમનું મન હંમેશાં દૂર જ રહે છે. ન જાણે કેમ તેઓએ વિવાહ કરવાનું સ્વીકાર કરી લીધું ? હજી પણ જો વૈરાગ્યનું કોઈ કારણ ઉત્પન્ન થઈ જાય તો તેઓ વિરક્ત થઈ જશે. તેથી એવો કોઈ ઉપાય કરવો જોઈએ જેથી તે ગૃહત્યાગ કરી દિગંબર મુનિ થઈ જાય. એમ વિચારીને શ્રીકૃષ્ણે એક ગુપ્ત ષડયંત્ર રચ્યું.

શ્રીકૃષ્ણે કુમાર નેમિનાથની જાન જે રસ્તેથી નીકળવાની હતી ત્યાં માયાવી વાડામાં માયાવી પશુઓને બંધ કર્યાં. બંધનમાં પડેલાં પશુઓ કરુણ ચિત્કાર કરવા લાગ્યા. લગ્ન માટે રથમાં બેસીને જતાં આજન્મ વૈરાગી કુમાર નેમિનાથે આ




જૂનાગઢ આવતી શ્રી નેમિકુમારની જાન અને રસ્તામાં પશુનો કરુણ ચિત્કાર સાંભળીને સારથીને તે વિષયમાં પૂછતા શ્રી નેમિકુમાર

પશુઓનો કરુણ ચિત્કાર સાંભળી સારથીને કહ્યું—સારથી રથ રોકો. અરે આ ભયંકર ભવાર્ણવથી છુટવા મારો જન્મ છે. તેમાં આ અપશુકન કેવા ? હું પંથ ભૂલ્યો. અરે આ નશ્વર સંસારમાં અનંત દુઃખનો અંત કરવો તે જ મારા જીવનનું ધ્યેય હતું. હું કેમ ભટકી ગયો ? આ વિશ્વમાં કોઈ પણ મારો શત્રુ કે મિત્ર નથી. મારું તો સર્વસ્વ મારો આત્મા જ છે. હું તો હમણાં જ આ સમયે જ શૂરવીર સાધકોનાં અંતરપંથને સાધવા વન જંગલમાં જઈશ.

કુમાર નેમિનાથનાં આ વિચારોએ લગ્નનું સારું વાતાવરણ શોક અને વૈરાગ્યમાં પલટાવી નાખ્યું. સગા સંબંધીઓએ ઘણું સમજાવ્યું, પરંતુ અટલ નિશ્ચયી કુમાર વૈરાગ્યના સમુદ્રમાં ડૂબી ગયા અને બાર ભાવના ભાવવા લાગ્યા.

તે સમયે લૌકાન્તિક દેવોએ આવીને તેમની સ્તુતિ કરી અને તેમના દીક્ષા લેવાના વિચારોનું સમર્થન કર્યું. આનાથી વધારે શું ? જાનનો તો વચમાં જ ભંગ પડી ગયો. સમુદ્રવિજય, વસુદેવ, બલરામ શ્રીકૃષ્ણ વગેરે કોઈ પણ તેમને પોતાનાં દૃઢ નિશ્ચયથી વિચલિત ન કરી શક્યા. દેવોએ આવીને ત્યાં જ તેમનો દીક્ષા અભિષેક કર્યો અને મહા મનોહર 'દેવકુરુ' નામની પાલખી બનાવી. ભગવાન શ્રી નેમિનાથ તે પાલકીમાં સવાર થઈ રેવતક (ગિરનાર) પર્વત પર પહોંચ્યા અને ત્યાં સહસ્રામ્રવનમાં એક હજાર રાજાઓની સાથે—શ્રાવણ શુક્લ ષષ્ઠીના દિવસે ચિત્રા નક્ષત્રમાં સંધ્યાસમયે દીક્ષિત થઈ ગયા. તેમને દીક્ષા લેતાં જ મનઃપર્યયજ્ઞાન પ્રગટ થયું. દીક્ષા લેતી વખતે ભગવાન નેમિનાથની ઉમ્ર ત્રણસો વર્ષની હતી.


આ બાજુ જ્યારે રાજા ઉગ્રસેનના ઘરે નેમિનાથના દીક્ષા લેવાના સમાચાર પહોંચ્યા ત્યારે તેઓ ઘણા જ દુઃખી થયા. રાજકુમારી રાજમતીની જે અવસ્થા હતી તેનું વર્ણન આ તુચ્છ લેખનીથી થઈ શકે એમ નથી. માતાપિતાએ ઘણું સમજાવવા છતાં પણ તેણે કોઈ બીજા વરથી લગ્ન કરવાનો સ્વીકાર ના કર્યો. તેઓ શોકથી વ્યાકુલ થઈ ગિરનાર પર્વત પર મુનિરાજ નેમિનાથ પાસે પહોંચ્યા અને અનેક મધુર વચનોથી તેમનું ચિત્ત વિચલિત કરવા માટે ઉદ્યમ કર્યો. પરંતુ જેમ પ્રલયકારી પવનથી મેરુ પર્વત વિચલિત ન થાય તેમ રાજમતીનાં વચનોથી નેમિનાથનું મન વિચલિત ન થયું. અંતમાં તેમના વૈરાગ્યમય ઉપદેશથી તેઓ પણ આર્યિકા થઈ ગયાં.

# શ્રી નેમિનાથ ભગવાનનું અન્ય રાજાઓની સાથે ધ્યાન

ભગવાન નેમિનાથે જે તપને ધારણ કર્યું હતું, તે જ તપને એક હજાર રાજાઓએ પણ ભગવાન શ્રી નેમિનાથની સાથે ધારણ કર્યું હતું. તે સમયે માનરહિત ભગવાનને સૂર્યનો આતાપ સંતપ્ત કરી શક્યો ન હતો. તે સમયે ક્રોધરહિત ઈન્દ્રિય–દમનથી યુક્ત, પોતે પોતાથી પોતાનાં શિર પર બદ્ધ કુટિલ કેશોને ઉખાડતા રાજાઓનો સમૂહ એવો સુશોભિત થઈ રહ્યો હતો. જાણે ચિરકાળથી સાથે લાગેલી કુટીલ શલ્યોની પરંપરાને જ ઉખાડીને ફેંકી રહ્યો હોય.

ત્યારબાદ સુર અને અસુર, ભગવાનની આ પ્રકારે સ્તુતિ કરવા લાગ્યા કે ભગવાન તમે કામદેવને પરાજય કરવા સમર્થ છો. હિતકારી ચેષ્ટાઓથી યુક્ત સંસારી પ્રાણીઓને શરણભૂત છો–રક્ષક છો. કોધથી રહિત છો, તૃષ્ણાથી રહિત છો. ઉત્તમનયોમાં સ્થિત છો–નયોનું પાલન કરવાવાળા મુનિ છો–મનનશીલ છો, તેથી આપને અમારા નમસ્કાર છે. આ પ્રમાણે સ્તુતિ કરી અને ચારેય બાજુથી નમસ્કાર કરી પોતાના હૃદયોમાં તપસ્વી શ્રી નેમિનાથ ભગવાનને ધારણ કરવાવાળા અને ચક્રમાં સ્થિત નેમિચક્રધારાની સમાન પ્રવર્તક વસુદેવ બળદેવ આદિ રાજા તથા સુર અસુર પોત પોતાનાં સ્થાન પર ચાલ્યા ગયા.

ત્યારબાદ ત્રણ દિવસ પછી જ્યારે ભગવાન આહાર લેવા માટે દ્વારિકાપુરીમાં આવ્યા ત્યારે ઉત્તમ તેજનાં ધારક શ્રી પ્રવરદત્તે તેમને ઉત્તમ ખીરનો આહાર દઈને દેવસમૂહ દ્વારા મહિમાથી યુક્ત હિતકારી અદ્‌ભુત મહિમા પ્રાપ્ત કર્યો. ભગવાન નેમિનાથ તે હિતકારી માર્ગમાં તપસ્યા કરવા લાગ્યા. તે ભગવાનની સાથે ૧૦૦૦ રાજાગણ પણ ધ્યાન કરતા હતા. તેમની ધ્યાનસ્થ શાંતમુદ્રા જોઈ સિંહ, મૃગ, હાથી,




તીર્થંકર મુનિરાજ શ્રી નેમિનાથનું નવધાભક્તિ સાથે આહારદાન આપતા રાજા પ્રવરદત્ત

મોર, સર્પ પણ તેમની શાંતમુદ્રાનાં શાંતરસને પીવા લાગ્યા. જાણે તેઓ પણ, અનેક મુનીન્દ્રોને એકસાથે ધ્યાન કરતાં જોઈ, દેહથી ભિન્ન આત્માને ઓળખી આત્માનું ધ્યાન કરવા લાગ્યા ન હોય ! આ પ્રકારે વેરભાવ ભૂલીને શાંતચિત્તથી તેમના ચરણો પાસે બેસી ગયા.

વ્રત, ગુપ્તિ અને સમિતિની ઉત્કૃષ્ટતાને પ્રાપ્ત અને પરિષહોને સહન કરવાવાળા મુનિરાજ નેમિનાથ રત્નત્રય અને તપરૂપી લક્ષ્મીથી સુશોભિત થવા લાગ્યા. ઉજ્જ્વલ બુદ્ધિના ધારક ભગવાન આર્ત અને રૌદ્ર નામના અપ્રશસ્ત ધ્યાનને છોડીને ધર્મધ્યાન અને શુક્લધ્યાન નામના પ્રશસ્તધ્યાનો માટે ઉદ્યત થયા.

ભગવાન શ્રી નેમિનાથે ધર્મધ્યાનના દસ ભેદોનું યથાયોગ્ય ધ્યાન કરી છદ્મસ્થ અવસ્થાના છપ્પન દિવસ સમીચીન તપશ્ચરણમાં વ્યતીત કર્યાં. એના પછી અશ્વિન શુક્લ પ્રતિપદાના દિવસે પ્રાતઃકાળનાં સમયે ભગવાને શુક્લધ્યાનરૂપી અગ્નિથી ચાર ઘાતીયારૂપી મહાવનને જલાવી ત્રણલોકનાં ઇંદ્રોના આસન કંપિત કરનારા અને અન્ય



ભગવાન શ્રી નેમિનાથનું હજારો મુનિઓ સાથે સહસ્રામ્રવનમાં ધ્યાન.
જંગલી પશુઓ વેર-વિરોધ ભૂલી ભગવાનના ચરણમાં શાંતભાવે નિરખી રહ્યા છે.

જનદુર્લભ કેવળજ્ઞાન—કેવળદર્શન આદિ અનંત ચતુષ્ટય પ્રાપ્ત કર્યા.

અર્જિકા રાજમતી પણ અન્ય અર્જિકાઓની સાથે ગિરનારની ગુફામાં તપ કરવા લાગ્યા અને અંતમાં સ્વર્ગલોકમાં ગયા.

# ભગવાન શ્રી ધર્મનાથની પૂર્વે બીજા ભવમાં દીક્ષા

પૂર્વ ધાતકીખંડમાં પૂર્વ દિશા તરફ સીતા નદીના જમણા કિનારે એક સુસીમા નામનું નગર છે. ત્યાં કોઈ સમયે દશરથ નામના રાજા (ભગવાન ધર્મનાથનો પૂર્વ બીજો ભવ) રાજ્ય કરતા હતા. તે ઘણા જ બળવાન હતા. તેમણે સમસ્ત શત્રુઓને જીતીને પોતાના રાજ્યને ઘણું જ મજબૂત કરી દીધું હતું. તેમનો પ્રતાપ અને યશ સમગ્ર સંસારમાં ફેલાઈ રહ્યો હતો.

એક વખત ચૈત્ર શુક્લ પૂર્ણિમાને દિવસે નગરનાં સમસ્ત જનો વસંતનો ઉત્સવ મનાવી રહ્યા હતાં. રાજા પણ તે ઉત્સવથી વંચિત ન રહ્યા. પરંતુ ચંદ્રગ્રહણ



રાજા દશરથનું વસંતોત્સવમાં ચન્દ્રગ્રહણ જોવું


જોઈ તેમનું હૃદય વિષયોથી વિરક્ત થઈ ગયું. તે વિચારવા લાગ્યા કે જ્યારે ચંદ્રમા પર પણ આવી વિપત્તિ આવી શકે છે ત્યારે મારા જેવા ક્ષુદ્ર નર પર વિપત્તિ પડવી અસંભવ નથી. હું આજ સુધી પોતાના શુદ્ધ સ્વભાવને છોડીને વ્યર્થ જ વિષયોમાં ઉલઝી રહ્યો. હા ! હન્ત ! હવે શીઘ્ર જ વૃદ્ધાવસ્થા આવતાં પહેલાં જ હું આત્મકલ્યાણ કરવાનો યત્ન કરીશ. વનમાં જઈ જિનદીક્ષા ધારણ કરીશ.

આવું વિચારી મહારાજ દશરથે જ્યારે પોતાનો વિચાર રાજ્યસભામાં પ્રગટ કર્યો ત્યારે એક મિથ્યાદષ્ટિ મંત્રીએ કહ્યું—નાથ ! ભૂત ચતુષ્ટય (પૃથ્વી, અગ્નિ, જળ, વાયુ)થી બનેલ આ શરીરને છોડીને આત્મા નામનો કોઈ પદાર્થ નથી. જો એમ હોત તો જન્મથી પહેલાં અને મૃત્યુની પછી તે દેખાતો કેમ નથી ? તેથી આપ ઢોંગીઓનાં પ્રપંચમાં પડીને વર્તમાન સુખ છોડી વ્યર્થ જ જંગલમાં કષ્ટ ન ઉઠાવો.

એવો કોણ મૂર્ખ હશે જે ગાયોનાં સ્તનોને છોડી તેનાં શીંગોથી દૂધ દોહવાનો પ્રયત્ન કરશે ?

મંત્રીના વચન સાંભળીને રાજાએ કહ્યું—સચિવ ! તું સમીચીન જ્ઞાનથી સર્વથા રહિત લાગે છે. અમારાં અને તમારા શરીરમાં જે અહં (હું)નું જ્ઞાન થાય છે તે જ આત્મપદાર્થની સત્તાની સિદ્ધિ કરી દ્યે છે. પછી કરણ-ઇંદ્રિયોમાં વ્યાપાર જોઈને કર્તા (આત્મા)નું અનુમાન પણ કરી શકાય છે. તેથી આત્મા–પદાર્થ, પ્રમાણ અને અનુભવથી સિદ્ધ છે. તેનો વિરોધ કરી શકાય નહીં. તો જે ભૂત ચતુષ્ટયથી જીવની ઉત્પત્તિ થવી બતાવી છે તે વ્યભિચરિત છે, કેમ કે જ્યાં ખુલ્લી હવા વહી રહી છે એવા ક્ષેત્રમાં અગ્નિ ઉપર રાખેલી જળપૂર્ણ વટલોઈ (વાસણ)માં કોઈ પણ જીવની ઉત્પત્તિ જોવામાં આવતી નથી. ત્યાં ચારેય ભૂત (પદાર્થો) છે. જેનાં હાજર રહેવાથી કાર્ય થાય અને જેના અભાવમાં કાર્ય ન થાય તે જ સાચો સમ્યક્ હેતુ કહેવાય છે. પરંતુ અહીંયા તો બીજી જ વાત છે. જો જન્મનાં પહેલાં અને મૃત્યુ પછી જીવાત્માની સિદ્ધિ ન માની જાય તો સદ્યઃપ્રસૂત (તત્કાળ ઉત્પન્ન થયેલ) બાળકને દૂધ પીવાના સંસ્કાર ક્યાંથી આવ્યા ? જાતિ–સ્મરણ અને અવધિજ્ઞાનથી મનુષ્ય પોતાનાં કેટલાય પૂર્વભવ સ્પષ્ટ જોઈ લ્યે છે તે શું છે ? હવે જોવાની વાત રહી તો અમૂર્તિક ઇન્દ્રિયોથી તેનું અવલોકન થઈ નથી શકતું. શું ક્યારેય તીક્ષ્ણ તલવારોની ધારથી આકાશ ભેદન જોવામાં આવ્યું ? આ પ્રકારે મંત્રીને નાસ્તિક વિચારોથી દૂર કરાવી તેને જૈન તત્ત્વોનું રહસ્ય સમજાવ્યું અને પુત્ર મહારથને રાજ્ય દઈ રાજા દશરથ

વનમાં જઈ શ્રી વિમલવાહન મુનિરાજની પાસે દીક્ષિત થઈ ગયા. ત્યાં તેમણે ઘણું



વસંતોત્સવમાં રાજા દશરથનું ચન્દ્રગ્રહણ જોઈ વૈરાગ્યવંત રાજાની
મંત્રીઓ સાથે દીક્ષા માટે ચર્ચા અને દીક્ષાગ્રહણ

તપશ્ચરણ કર્યું તથા સતત અભ્યાસથી અગિયાર અંગોનું જ્ઞાન પ્રાપ્ત કરી લીધું. મુનિરાજ દશરથે વિશુદ્ધ હૃદયથી દર્શન વિશુદ્ધિ આદિ સોલહ કારણ ભાવનાઓનું ચિંતવન કર્યું. જેથી તેમને તીર્થંકર નામની મહાપુણ્યપ્રકૃતિનો બંધ થઈ ગયો. તે આયુના અંતમાં સંન્યાસપૂર્વક શરીરને છોડીને 'સર્વાર્થસિદ્ધિ' વિમાનમાં અહમિંદ્ર થયા. ત્યાં તેમનું આયુષ્ય તેત્રીસ સાગરનું હતું. એક હાથ ઊંચું સફેદ રંગનું શરીર હતું. તે તેત્રીસ હજાર વર્ષ પછી માનસિક આહાર લેતા હતાં અને તેત્રીસ પક્ષ પછી શ્વાસોચ્છ્વાસ ગ્રહણ કરતાં હતાં. તેમને જન્મથી જ અવધિજ્ઞાન હતું જેથી તેઓ સાતમી નરક સુધીનાં રૂપી પદાર્થોને સ્પષ્ટરૂપથી જાણતા દેખતા હતા. તેઓ હંમેશા તત્ત્વચર્ચાઓમાં જ પોતાનો સમય વીતાવતા હતા. કષાયોના મંદ હોવાથી તેમની પ્રવૃત્તિ વિષયો તરફ ઝુકતી જ ન હતી. તેઓ તે આત્મીય આનંદનો ઉપભોગ કરતા હતા કે જે અસંખ્ય વિષયભોગોથી પણ પ્રાપ્ત ન થઈ શકે.

આ અહમિંદ્ર આગળના ભવમાં ધર્મનાથ તીર્થંકર થશે અને પોતાના દિવ્ય ઉપદેશથી સંસારનું કલ્યાણ કરશે.

# શ્રી શ્રેયાંસનાથનો દીક્ષા કલ્યાણક

જ્યારે પુષ્પોત્તર વિમાનમાં ઈંદ્રનું આયુષ્ય ફક્ત છ મહિનાનું બાકી રહ્યું અને પૃથ્વી પર જન્મ લેવા માટે તેઓ પ્રસ્તુત થયા તે સમયે આ જંબૂદ્વીપના ભરતક્ષેત્રનાં સિંહપુર નગરમાં ઈક્ષ્વાકુવંશીય રાજા વિષ્ણુ રાજ્ય કરતા હતા. તેમની મહાદેવીનું નામ સુનંદા હતું. ઉપર કહેલા ઈંદ્રે જ્યેષ્ઠ કૃષ્ણ ષષ્ઠીના દિવસે શ્રવણ નક્ષત્રમાં રાત્રિનાં અંતિમ ભાગમાં સ્વર્ગભૂમિને છોડી સુનંદા મહારાણીના ગર્ભમાં પ્રવેશ કર્યો. તે સમયે રાણી સુનંદાએ હાથી, બળદ વગેરે સોળ સ્વપ્ન જોયાં હતાં. સવાર થતાં જ તેણે પ્રાણનાથ વિષ્ણુ મહારાજથી સ્વપ્નનાં ફળ સાંભળ્યાં જેથી તે બહુ જ પ્રસન્ન થયાં. તે જ સમયે દેવોએ આવીને રાજ દંપતિનો ઘણો સત્કાર કર્યો અને ગર્ભકલ્યાણકનો ઉત્સવ મનાવ્યો. તે ગર્ભસ્થ બાળકનો જ પ્રભાવ હતો કે જે તેમનાં ગર્ભમાં આવ્યા પહેલાંનાં છ મહિનાથી શરૂ કરી પંદર માસ સુધી મહારાજા વિષ્ણુના ઘરમાં પ્રતિદિન રત્નોની વર્ષા થતી રહી, અને દેવ કુમારિકાઓ મહારાણી સુનંદાની સુશ્રૂષા કરતી રહી.

ધીરે ધીરે ગર્ભનો સમય વ્યતીત થતાં ફાલ્ગુન કૃષ્ણ એકાદશીનાં દિવસે શ્રવણ નક્ષત્રમાં સુનંદાદેવીએ પુત્રરત્ન પ્રાપ્ત કર્યો. તે સમયે અનેક શુભ શુકન થયા. દેવોએ બાળ તીર્થંકરને મેરુ પર્વત પર લઈ જઈને કળશાભિષેક કર્યો પછી સિંહપુર પ્રત્યાવર્તન કરી અનેક પ્રકારથી જન્મ મહોત્સવ મનાવ્યો. ઈંદ્રે બાળકમાં શ્રેયોમાર્ગ (મોક્ષમાર્ગ)માં પ્રવૃત્ત કરવાવાળો થશે તેથી તે બાળકનું 'શ્રેયાંસનાથ' નામ રાખ્યું. જન્મોત્સવ સમાપ્ત કરી દેવ પોત પોતાના સ્થાને ચાલ્યા ગયા. પરંતુ જતી વખતે ઈંદ્ર અનેક દેવકુમારોને ત્યાં મુકતા ગયા. જેઓ પોતાની લીલાઓથી બાળક શ્રેયાંસનાથને સતત પ્રસન્ન રાખતા હતા. રાજ્ય પરિવારમાં ઘણાં પ્રેમથી તેમનું લાલન પાલન થવા લાગ્યું.

ઈંદ્ર સ્વર્ગથી તેમની માટે સારાં સારાં વસ્ત્ર આભૂષણ અને રમકડાં વિગેરે મોકલ્યા કરતાં હતાં. શ્રી શીતલનાથ સ્વામીના મોક્ષ ગયા બાદ, સો સાગર છ્યાસઠ


લાખ છવ્વીસ હજાર વર્ષના અંતરાળ પછી શ્રી શ્રેયાંસનાથનો જન્મ થયો. તેમનાં જન્મ પહેલાં ભારતવર્ષમાં અર્ધા પલ્ય સુધી ધર્મનો વિચ્છેદ થયો હતો. પરંતુ શ્રેયાંસનાથનો જન્મ થતાં જ ધર્મનો ઉત્થાન પુનઃ થવા લાગ્યો એમનું આયુષ્ય ચોર્યાસી લાખ વર્ષનું હતું. શરીરની ઊંચાઈ એંસી ધનુષની હતી અને રંગ સુવર્ણ જેવો ઉજ્જ્વળ પીતવર્ણ હતો.

જ્યારે એમના કુમારકાળનાં એકવીસ લાખ વર્ષ વીતી ગયાં, ત્યારે તેમને રાજ્ય પ્રાપ્ત થયું. રાજ્ય પામીને તેમણે સુચારુરૂપથી પ્રજાનું પાલન કર્યું. તેઓ પોતાનાં બળથી નિરંતર દુષ્ટોનો નિગ્રહ કરતા અને સજ્જનો પર અનુગ્રહ કરતા હતા. યોગ્ય કુલીન કન્યાઓ સાથે તેમના વિવાહ થયા હતા. જેથી તેમનો રાજ્યકાળ સુખથી વ્યતીત થતો હતો. વચ્ચે વચ્ચે દેવો અનેક પ્રકારનાં વિનોદોથી તેમને પ્રસન્ન કરતા રહેતા હતા. આવી રીતે તેમણે બેંતાલીસ લાખ વર્ષ સુધી રાજ્ય કર્યું.

ત્યારબાદ એકવાર વસંતઋતુનું પરિવર્તન જોઈ તેઓ વિચારવા લાગ્યા કે જ્યારે આ કાળે સંસારને ગ્રસ્ત કરી રાખ્યો છે ત્યારે આ કાળ પણ જ્યારે ક્ષણ, ઘડી, કલાક આદિના પરિવર્તનથી નષ્ટ થઈ જાય છે તો પછી અન્ય પદાર્થમાં સ્થિરતા કઈ રીતે હોઈ શકે? વાસ્તવમાં આ સમસ્ત સંસાર વિનશ્વર છે જ્યાંસુધી શાશ્વત અવિનાશી એવું મોક્ષપદ પ્રાપ્ત ન કરવામાં આવે ત્યાં સુધી એક જગ્યાએ સુખથી કઈ રીતે રહેવાય? ભગવાન એવો વિચાર કરતા હતા તેવામાં જ સારસ્વત વિગેરે લૌકાંતિક દેવોઓ આવી તેમની સ્તુતિ કરી. ભગવાને શ્રેયસ્કર પુત્રને



વૈરાગ્યના કારણે પુત્રને રાજ્ય આપતા રાજા શ્રેયાંસનાથ



શ્રી શ્રેયાંસનાથ ભગવાનનું દીક્ષા માટે વનગમન

રાજ્ય આપ્યું અને ઈન્દ્રો દ્વારા દીક્ષા કલ્યાણકના સમયે થવાવાળો મહાભિષેક કરીને દેવો દ્વારા ઉઠાવવામાં આવેલી વિમલપ્રભ નામની પાલખી ઉપર સવાર થઈને ભગવાને મનોહર નામના ઉદ્યાન તરફ પ્રસ્થાન કર્યું. ત્યાં પહોંચી તેઓએ બે દિવસ માટે આહારનો ત્યાગ કર્યો અને મહાવદ-૧૧ના દિવસે સવારના સમયે શ્રવણ નક્ષત્રમાં એક હજાર રાજાઓ સાથે સંયમ ધારણ કર્યો. તે જ સમયે ભગવાનને ચોથું મનઃપર્યયજ્ઞાન ઉત્પન્ન થઈ ગયું.

બીજા દિવસે તેઓએ આહાર માટે સિદ્ધાર્થનગરમાં પ્રવેશ કર્યો. ત્યાં તેમને સુવર્ણ સમાન કાંતિવાળા નંદ રાજાએ ભક્તિપૂર્વક આહારદાન કર્યું જેથી ઉત્તમબુદ્ધિવાળા તે શ્રેષ્ઠ રાજાએ પુણ્ય અને પંચાશ્ચર્ય પ્રાપ્ત કર્યા. આ પ્રમાણે છદ્મસ્થ અવસ્થામાં બે વર્ષ વીતી જતા એક દિવસે મહામુનિ શ્રેયાંસનાથ મનોહર નામના ઉદ્યાનમાં બે દિવસના ઉપવાસનો નિયમ લઈ તુંબુર વૃક્ષની નીચે બેઠા અને ત્યાં જ પોષ વદ અમાસના દિવસે શ્રવણ નક્ષત્રમાં સાંજના સમયે તેમને કેવળજ્ઞાન ઉત્પન્ન થયું તે જ સમયે અનેક ઋદ્ધિઓ સહિત ચાર પ્રકારના દેવોએ તેમના કેવળ કલ્યાણકની પૂજા કરી.

ભગવાન શ્રી શ્રેયાંસનાથ, કુંથુ વગેરે ૭૭ ગણધરોના સમૂહથી ઘેરાયેલા હતા. ૧૩૦૦ પૂર્વધારીઓ હતા. ૪૮૨૦૦ ઉત્તમ શિક્ષક મુનિઓથી ભગવાન પૂજિત હતા.



૬૦૦૦ અવધિજ્ઞાનીઓથી સન્માનિત હતા. ૬૫૦૦ કેવળજ્ઞાનરૂપી સૂર્યો સહિત હતા. ૧૧૦૦૦ વિક્રિયા ઋદ્ધિઓના ધારકોથી સુશોભિત હતા. ૬૦૦૦ મનઃપર્યય જ્ઞાનીઓથી સંયુક્ત હતા અને ૫૦૦૦ મુખ્ય વાદીઓ તેમની સેવા કરતા હતા. આ પ્રમાણે બધા મળીને ૮૪૦૦૦ મુનિઓ તેમની સભામાં હતા. તેના સિવાય ૧૨૦૦૦૦ ધારણા વગેરે આર્જિકાઓ તેમની પૂજા કરતી હતી. ૨૦૦૦૦૦ શ્રાવક અને ૪૦૦૦૦૦ શ્રાવિકાઓ તેમની સાથે હતી. આગળ કહ્યા અનુસાર અસંખ્યાત દેવ-દેવીઓ અને અસંખ્યાત તિર્યંચો તેમની સાથે હતા. આ પ્રમાણે વિહાર કરતા અને ધર્મનો ઉપદેશ આપતા થકા તેઓ સમ્મેદશિખર ઉપર જઈ પહોંચ્યા. ત્યાં એક મહિના સુધી યોગનિરોધ કરી ૧૦૦૦ મુનિઓ સાથે તેઓએ પ્રતિમાયોગ ધારણ કર્યો. શ્રાવણ સુદ પૂર્ણિમાના દિવસે સાંજના સમયે ઘનિષ્ઠા નક્ષત્રમાં વિદ્યમાન કર્મોની અસંખ્યાતગુણી નિર્જરા કરી અને અ ઈ ઉ ઋ લૃ આ પાંચ લઘુ અક્ષરોના ઉચ્ચારણમાં જેટલો સમય લાગે છે તેટલા સમયમાં અંતિમ બે શુક્લધ્યાનોથી સમસ્ત કર્મોને નષ્ટ કરી પંચમગતિમાં સ્થિર થઈ ભગવાન શ્રેયાંસનાથ સિદ્ધ થઈ ગયા. તેમના ચરણકમળમાં કોટિ કોટિ વંદન

## જૈન પૌરાણિક લઘુકથા ભાગ-૫ (ગુજરાતી)

### પ્રસ્તુત આવૃત્તિના પ્રકાશનાર્થ પ્રાપ્ત દાનરાશી

**રૂા. ૩૦૦૩=૦૦**
શ્રી વિમળાબેન સારાભાઈ શાહ

**રૂા. ૨૫૦૦=૦૦**
શ્રી વંદનાબેન પ્રવીણભાઈ શાહ
શ્રી મંજુલાબેન દિનેશભાઈ મહેતા
શ્રી પ્રતિમા કિશોર મામણિયા
શ્રી વસુધારા જગદીશ મામણિયા
શ્રી સરોજબેન લલિતભાઈ તલાટી

**રૂા. ૨૧૧૧=૦૦**
શ્રી વાસંતીબેન ગુણવંતરાય ભાયાણી

**રૂા. ૨૧૦૦=૦૦**
શ્રી લલિતાબેન વ્રજલાલ શાહ, જલગાંવ

**રૂા. ૨૦૦૮=૦૦**
શ્રી ઉષાબેન હર્ષદભાઈ કામદાર

**રૂા. ૨૦૦૦=૦૦**
શ્રી શાંતાબેન પ્રભુલાલ ઘીયા
શ્રી શાંતાબેન માંગીલાલ જૈન

**રૂા. ૧૧૭૫=૦૦**
શ્રી કિશોરભાઈ જોબાલિયા

**રૂા. ૧૧૨૫=૦૦**
શ્રી કાંતાબેન છોટાલાલ ખંધાર
શ્રી જયેશભાઈ નંદલાલ મહેતા

**રૂા. ૧૧૧૧=૦૦**
શ્રી દિગંત અમિતકુમાર શાહ
હ. જિતેન્દ્ર, અમદાવાદ

**રૂા. ૧૦૦૫=૦૦**
શ્રી પાનાચંદ ભાઈલાલ ડેલીવાળા

**રૂા. ૧૦૧૧=૦૦**
શ્રી સ્નેહાબેન રમેશભાઈ શાહ
શ્રી કિરીટભાઈ બાબુભાઈ ઝવેરી

**રૂા. ૧૦૦૮=૦૦**
શ્રી પારસ શાહ, રાજકોટ
શ્રી દિનેશભાઈ અમૃતલાલ મેઘાણી

**રૂા. ૧૦૦૦=૦૦**
શ્રી યશવંતરાય ચંદુલાલ પારેખ
શ્રી રાજેશભાઈ હિંમતલાલ મધીયા
શ્રી દક્ષાબેન કિરીટભાઈ શાહ
શ્રી અપૂર્વ અમરચંદ જૈન
શ્રી તનીશા નિશાંતભાઈ મોદી
શ્રી અનુપમ વિપુલ મોદી
શ્રી આગમ હિતેશભાઈ શાહ, દાદર
શ્રી નીલ, સુહાની, શુભ, શ્રેયા
શ્રી સુજય શાહ અને ડૉ. રીતુ શાહ
એક મુમુક્ષુ
શ્રી પ્રશમ મિરલ શાહ, રાજકોટ
શ્રી મંજુલાબેન રસિકલાલ શાહ
શ્રી હિંમતલાલ ડી. ગાંધી, આણંદ
શ્રી શારદાબેન હિંમતલાલ ગાંધી
શ્રી નરેશભાઈ ચુનિલાલ શાહ, મલાડ
શ્રી રૂપલબેન રાજેશભાઈ જસાણી
શ્રી લાભકુંવરબેન હિંમતલાલ જોબાલિયા
શ્રી રાજેન્દ્રભાઈ સર્રાફ
શ્રી ધનલક્ષ્મીબેન મનસુખલાલ દેસાઈ
શ્રી વીનિત શેઠ
શ્રી સોનમ વિનીત શેઠ
શ્રી રિદ્ધિબેન અંકિતકુમાર શાહ
શ્રી દિલીપભાઈ મનસુખલાલ કામદાર
શ્રી નિર્જરા હિમાંશુ ધોળકિયા
શ્રી વીણાબેન ભદ્રેશભાઈ તલાટી




website :www.kanjiswami.org
Email : contact@kanjiswami.org